# સુરસુંદરી ચરિત્ર



પ. આચાર્ય શ્રીમદ
અજીતસાગર સૂરીશ્વરજી મહારાજ સાહેબ

# Sursundri Charitra

## PART-1

Achārya
**Ajit Sagar Suri**

By Acharya Ajit Sagar Suri

(C) 1000

Price Rs.
20-00

Prakashak.
Shree Mahudi Swetamber Murtipujak
Trust
Mahudi

Printed By
Navprabhat Printing Press
Gheekanta Road
AHMEDABAD : 380001

યોગનિષ્ઠ આચાર્યશ્રીમદ્
બુદ્ધિસાગર સૂરીશ્વરેભ્યો નમઃ

શ્રીમાન્ ધનેશ્વરમુનિ વિરચિત

# શ્રી સુરસુંદરી ચરિત્ર

ભાગ – ૧

卐

પ્રસિદ્ધ વક્તા :
આચાર્યશ્રીમદ્ અજિતસાગર
સૂરીશ્વરજી મ.

પ્રકાશક તથા પ્રાપ્તિસ્થાન :

શ્રી મહુડી (મધુપુરી) જૈન શ્વે. મૂ. પૂ.
ટ્રસ્ટ મહુડી
તા. વિજાપુર (ઉ. ગુ.)

© સર્વહક્ક પ્રકાશકને સ્વાધીન.

દ્વિતીય આવૃત્તિ
વીર સંવત ૨૫૧૩
વિ. સં. ૨૦૪૩
સને ૧૯૮૬

કિંમત :

૨૦–૦૦

મુદ્રક સહકાર :

નવનીતભાઈ જે. મહેતા

સાગર પ્રીન્ટર્સ
પાદશાહની પોળ મોદીનું ડેલું,
રીલીફરોડ, અમદાવાદ–૧

મુદ્રક :

નવપ્રભાત પ્રીન્ટીંગ પ્રેસ
ઘીકાંટા રોડ નોવેલ્ટી સીનેમા પાસે
અમદાવાદ–૩૮૦૦૦૧



પૂ.આ. શ્રીમદ્ અજીતસાગર સૂરિશ્વરજી મ.સા.

## પ્રકાશકીય

પ. પૂ. પ્રસિદ્ધ વક્તા આચાર્ય ભગવન્ત શ્રીમદ્ અજિત સાગર સૂરીશ્વરજી મ. સા. અનુવાદિત 'સુરસુંદરી' ચરિત્રગ્રન્થની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન વિ. સં. ૧૯૮૧માં થયું. ૬૨ વર્ષ પછી આ દ્વિતીય આવૃત્તિ આમજનતાને ઉપહારરૂપે અર્પણ કરતા અમો નિરવધિ આનન્દ અનુભવીએ છીએ.

તેમજ આબાલ વૃદ્ધ સર્વ જનોએ હૃદયના ઉમંગ ભર્યા ભાવે આવકાર આપી અમોને ઉત્સાહિત કર્યા છે. તે માટે અમો ધન્યતા અનુભવીએ છીએ.

પરોપકારી, પરમ શાસન પ્રભાવક, યોગનિષ્ટ આચાર્ય ભગવંત શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજી મ. સા. ના પટ્ટધર પ. પૂ. પ્રસિદ્ધ વક્તા આચાર્ય ભગવંત શ્રીમદ્ અજિત સાગર સૂરીશ્વરજી મ. સા.ની અનેક સાહિત્યીક–પ્રસાદીમાં સર્વાધિક રસમય આ ગ્રન્થનો અતિ અદ્ભૂત આસ્વાદ વારંવાર આસ્વાદીએ, છતાં પુનઃ પુનઃ આસ્વાદ લેવા મન અસંતુષ્ટ જ રહે છે.

પૂજ્યપાદ પ્રસિદ્ધ વક્તા આચાર્ય ભગવંત શ્રીમદ્ અજિત સાગર સૂરીશ્વરજી મહારાજે અમારા ઉપર જે અવર્ણનીય ઉપકાર પ્રસાદીત કર્યો છે, તેનું વર્ણન કરવા અમારી પાસે શબ્દો જ નથી, એટલું નહિ પરંતુ અમારી બુદ્ધિ પણ ત્યાં કુંઠીત થઈ જાય છે.

પરમોપકારી, પૂજ્યપાદશ્રીના સાહિત્યનો અમુલ્ય ખજાનો આપણી પાસે જે વિદ્યમાન છે, તેનો મહાન લાભ સહુને પ્રાપ્ત થાય, તેનું જ એક લક્ષ રાખીને અમો તેઓ પૂજ્યપાદશ્રીનું ઋણ અદા કરવા પુણ્યવંત બન્યા

છીએ, તે અમારા માટે અવર્ણનીય ગૌરવનો અદ્વિતીય અવસર છે.

પૂજ્યપાદ યોગનિષ્ટ આચાર્ય ભગવંત શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજી મ. સા.ના પટ્ટધર પ. પૂ પ્રશાન્ત મૂર્તિ આચાર્ય ભગવંત શ્રીમદ્ કીર્તિસાગર સૂરીશ્વરજી મ. સા. ના પટ્ટધર મહાન શાસન પ્રભાવક આચાર્ય ભગવંત શ્રી સુબોધસાગર સૂરીશ્વરજી મ. સાહેબે અમોને પૂજ્યપાદ પરમ ઉપકારી આચાર્ય ભગવન્ત શ્રીમદ્ અજિતસાગર સૂરીશ્વરજી મ. સા. નું સાહિત્ય પ્રકાશીત કરવા માટે સહૃદય પ્રેરણા આપીને અમોને ઉત્સાહિત કર્યા છે, તે માટે અમો તેઓ પૂજ્યપાદશ્રીના અત્યંત ઋણિ છીએ.

આ પ્રકાશનની સાથે સાથે જ અજિતસેન–શીલવતી-ચરિત્ર (સંસ્કૃત-પ્રત)નું પ્રકાશન કાર્ય ચાલુ છે, તેમજ આ સર્વ પ્રકાશન કાર્યનું સફળ સંચાલન કરવાની તમામ જવાબદારી પૂજ્ય પાદ્ પ્રશાન્તમૂર્તિ આચાર્ય ભગવંત શ્રીમદ્ મનોહરકીર્તિ સાગરસૂરીશ્વરજી મ. શ્રીએ સંભાળીને અમારા કાર્યને સફળ બનાવી અમોને ઉપકૃત કર્યા છે, તે માટે અમો તેઓ પૂજ્યપાદશ્રીનો જેટલો પણ આભાર માનીએ તેટલો અલ્પ જ છે.

પ્રસ્તુત ગ્રન્થના પ્રકાશન કાર્યમાં પ્રેસના માલિક શ્રીયુત જયંતિલાલ મ. શાહનો અમો આ તકે આભાર માનીએ છીએ.

અન્તે આ ગ્રન્થનું વાંચન, મનન અને વારંવાર પુનઃ પુનઃ પરિશીલન કરી ગ્રન્થસ્થ ભાવોને હૃદયસ્થ કરી પરમાત્મ ભાવની પ્રાપ્તિ અર્થે આત્મભાવે સ્થિર બનીએ એ જ શુભાભિલાષા.

## પરમોચ્ચ પ્રકાશના પંથે

અનન્તાનન્ત પરમ તારક દેવાધિદેવ શ્રી તીર્થંકર પરમાત્માએ સમવસરણની અનુત્તર ધર્મ-સભામાં દેવો, દાનવો અને માનવોની પર્ષદા સમક્ષ ચાર અનુયોગથી સમ્યગ્ ગુમ્ફીત યોજન ભૂમિ પ્રસરતી ધર્મ દેશના આપી મોક્ષ માર્ગને પ્રકાશીત કરી વચનાતીત ઉપકાર કર્યો છે.

દ્રવ્યાનુયોગ, ચરણ કરણાનુયોગ, ગણિતાનુયોગ અને ધર્મકથાનુયોગથી સમ્યગ્ ગુમ્ફીત, સ્વયંભૂ-રમણ-સમુદ્ર સમ ગહન શ્રુત જ્ઞાનમાં બાળ-અજ્ઞાની જીવોને ધર્મ-કથાનુયોગ દ્વારા સવિશેષ સુગમ ઉપકાર કરી શકાય છે, એમ કહીએ તો અંશ-માત્ર પણ અતિશયોક્તિનો સંભવ નથી.

ધર્મકથાનુયોગ સહજ ભાવે સુગમ્ય સુ-બોધ કારક હોવાથી આબાલ વૃદ્ધજનો અસાધારણ ઉત્કંઠ સહ તેમાં રસીયા બને છે. અને તેમાં વીર-રસ, કરૂણા-રસ, શાંત-રસ વગેરે હરેકે હરેક રસોનું સુંદર સુ-વિસ્તૃત ભાવાત્મક હૃદય સ્પર્શી વિવેચન હોવાથી સર્વ સાધારણ ઉપયોગી બને છે.

સર્વ જન ઉપકાર આ ધર્મ-કથાનું શ્રદ્ધા ભાવ સહિત શ્રવણ કરવાથી હિંસા, અસત્ય, ચોરી વગેરે શાસ્ત્રોક્ત અઢાર અસદ્ પાપાત્મક આચરણોના ફળ રૂપે અનન્ત અનન્ત મહાદુઃખપ્રદ માઠા પરિણામોની અને અહિંસા

સત્ય, અચૌર્ય વગેરે શાસ્ત્રોક્ત અનેક સદાચારના ફળરૂપે એકાંતે આત્મ હિતકારક કલ્યાણકારી પરિણામોની તાદૃશ્ય ઝાંખી થાય છે.

અસત્ તત્ત્વો અને સત્ તત્ત્વો ઉપર સમ્યગ્ શ્રદ્ધા પ્રગટે છે, ત્યારે તે અસત્ તત્ત્વોથી પકડમાંથી મુક્ત થવા આતમ-પંખી તીવ્ર ઝંખના સેવે છે અને સત્-તત્ત્વોની પ્રાપ્તિ માટે ભવ્યાત્માઓની આંતર ભાવના સવિશેષ જાગૃત બને છે. જયારે આંતર ભાવના પૂર્ણ સ્વરૂપે વિકસે છે, ત્યારે જીવ શીવનો સિદ્ધિપદનો કામી બને છે.

મુક્તિ-પદનો કામુક ભવ્યાત્મા જીવ તત્ત્વ, અજીવ તત્ત્વાદિ તત્ત્વોના સમ્યગ્-જ્ઞાનની પ્રાપ્તિ દ્વારા જીવ માત્ર પર અનન્તાનન્ત ઉપકાર કરવા સમર્થ બને છે. અને અન્ય અનેક જીવોને પણ સમ્યક્-જ્ઞાનનું પ્રદાન કરી અનન્તાન્ત ઉપકાર કરવા સમર્થીત કરે છે.

આ પ્રમાણે ઉપકારરૂપ વેલની જડ જો કોઇપણ હોય તો તે પરમતારક દેવાધિદેવ શ્રીતીર્થંકર પરમાત્મા જ છે.

પ્રસ્તુત 'સુરસુંદરી-ચરિત્ર' ગ્રન્થ ષટ્રસથી પરિપૂર્ણ ઉત્તમચરિત્ર ગ્રન્થ છે, એટલું જ નહિ, પરંતુ આત્મતત્ત્વની પ્રાપ્તિ અર્થે ભવ નિર્વેદકારક અનેક આત્મગુણ પોષક અને દુર્ગુણશોષક ભાવ પ્રચુર ગ્રન્થ છે.

આ ગ્રન્થના પૃષ્ટે પૃષ્ટે અને પંક્તિએ પંક્તિએ નીતિ, ન્યાય, પરોપકાર, સેવા, સદાચાર, ક્ષમા, તપ,

તિતિક્ષા, કર્મ, ઉદ્યમ, સત્ય, શીલ, શ્રદ્ધા, સમભાવ વગેરે સાર્વજનીન સિદ્ધાંતોનું પરિશીલન છે.

ગ્રન્થ નિર્દિષ્ટ પરમ ઉપકારક સિદ્ધાંતનું વિસ્તૃત વિવેચન કરી જિજ્ઞાસુ વર્ગને અહીંજ સ્થિર કરી તેમની ગ્રન્થ વાંચનની અભિલાષારૂપ રસની ક્ષતિ કરવી ઉચિત નહિ માનતા અહિં વિરમું છું.

અન્તે, સહુ કોઈ ભવ્ય પ્રાણી આ ગ્રન્થનું પુનઃ પુનઃ વાચન કરી અસત્ તત્ત્વોથી વિરામ પામે, કર્મ મલથી અશુદ્ધ બનેલાં સ્વત્ત્વને સદાચારથી સવિશુદ્ધ બનાવી, અક્ષય પદના સ્વામી બનવા, સંસારના ઊંડા અંધારેથી મુક્તિના પરમ પ્રકાશને પ્રાપ્ત કરે, એજ શુભાભિલાષા.

—મનોહરકીર્તિ સાગર સૂરિ

માગશર સુદ ૬
૨૦૪૩
શ્રી સ્ફુલિંગ પાર્શ્વનાથ જૈન તીર્થ
વિજાપુર.

## શાસન પ્રભાવક
## પ્રસિદ્ધ વક્તા
## આચાર્ય શ્રીમદ્ અજિત સાગર સૂરિશ્વરજી
## મ. સા. નું જીવન

જનની જણે તો જણજે, ભક્ત કાં શૂર;
નહિ તો રહેજે વાંઝણી, મત ગુમાવીશ નૂર.

આ પૃથ્વી પર અગણિત સંખ્યામાં માનવો જન્મે છે અને મૃત્યુને આધીન થાય છે, તેમાંથી આતમ કાજે જેઓએ આ જનમને સફળ કર્યો, સંયમી બની સાધના દ્વારા સિદ્ધિને વર્યા, તેઓનો જ એક જન્મ પ્રસંશનીય છે,

ગુજરાત રાજ્યના ખેડા જિલ્લામાં પેટલાદ ગામની નજીક નાર નામે ગામ, લલ્લુભાઈ નામે અગ્રગણ્ય નાગરીક. પટેલ જ્ઞાતિમાં અગ્રેસર. તેમના પત્ની સતીત્વશીલ સંપન્ના સન્નારી સોનબાઈ એ વિ. સં. ૧૯૪૨ પોષ સુદ પંચમી દિને ભાવીનો તેજસ્વી સીતારો જન્મ પામ્યો બાળકનું નામ અંબાલાલ.

સાત વર્ષની વયે અક્ષર જ્ઞાન અક્ષર–ધામ મેળવવાં સત્સંસ્કાર સમ્પન્ન પ્રાધ્યાપક પાસે સરસ્વતી સાધનાનો પ્રારંભ કર્યો. બુદ્ધિનો તીવ્ર ક્ષયોપશમ અને તેજસ્વીતા જોઈને માતાપિતા અને પ્રાધ્યાપકને સંપૂર્ણ સંતોષ થયો.

સાધુ સંતોની વાણી સાંભળીને બાળક અંબાલાલ ભાવવિભોર બની જતો. ધાર્મિક અધ્યયન શરૂ કર્યું. સાધુ સંતોની સાથે ધર્મ ચર્ચા, ધર્મ ગોષ્ઠી કરી જિજ્ઞાસા સંતોષવા હંમેશાં તત્પર બનતો.

પારસમણીનો સંગ લોખંડને સુવર્ણ બનાવે, જ્યારે સાધુ સંતનો સંગ આત્માને પરમાત્મા બનાવે.

૧૪ વર્ષની નાની વયમાં જ અંબાલાલ અમીઋષિ બન્યા. વિ સં. ૧૯૫૬ શ્રાવણ સુદ પંચમીનો એ દિવસ હતો.

ગુરુના ચરણોમાં જીવન સમર્પિત કર્યું જૈન-આગમોનું અધ્યયન, સિદ્ધાંત અને દર્શન-શાસ્ત્રોનું પરિશીલન કર્યું. ભવોદધિ તારક, જિનબિંબોની અનન્ય ઉપકારિતા ઉપર દિલ ઓવરી ગયું. અન્તરના અનાદિના તિમિર ઉલેચી જિનેશ્વર પરમાત્માના ચરણોમાં મન અને આત્માને સ્થિર કર્યા. સાંપ્રદાયિકતાનો વ્યામોહ એક જ ઝાટકે ત્યજી દીધો. અનેક વિરોધો અને અવરોધોનો સિંહ સમાન બની સામનો કર્યો.

વિ. સં. ૧૯૬૫ જેઠ સુદ ૧૩ દિને યોગનિષ્ઠ મુનિરાજ શ્રીમદ્ બુદ્ધિસાગરજી મ. સા. ના ચરણે અમદાવાદ આબલીપોળ જૈન ઉપાશ્રયે સમર્પિત બન્યા. પૂ. ગુરૂદેવ શ્રીના ચરણે જિનાગમોનું યોગોદ્વહન પૂર્વક અધ્યયન કર્યું. પ્રખર વ્યાખ્યતા બન્યા. મેઘની ગંભીર ગર્જના સાંભળીને મયુર સમૂહ જેમ મધુર કેકારવ કરે અને નાચી ઉઠે, તેમ પ્રખર વ્યાખ્યાન મુનિવરની વૈરાગ્ય રસ ભરપૂર જિન વાણીનું શ્રવણ કરીને શ્રોતા સમૂહ સંસારના ક્ષણ ભંગુર ભોગો ત્યજી વૈરાગ્ય વાસિત બને છે.

વિ. સં. ૧૯૭૨ માગશર સુદ ૫ દિને સાણંદ મુકામે પન્યાસપદે અલંકૃત થયા. વિદ્વાન મુનિવરે સંસ્કૃત ભાષામાં વૈરાગ્ય રસ ભરપુર ભીમસેન-ચરિત્ર, ચંદ્રરાજ-ચરિત્ર અજિતસેન શીલવતી ચરિત્ર, તરંગવતી ચરિત્ર, કલ્પ-સૂત્ર સુખોદધિ વૃત્તિ, શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિ-

ચરિત્ર, શોભન–સ્તુતિ–ટીકા વગેરે તેમજ અનેક પ્રાચીન સંસ્કૃત પ્રાકૃત ચરિત્ર ગ્રન્થોનું ગુર્જર ભાષામાં ભાષાંતર કર્યું. કુમારપાલ ભૂપાલ–ચરિત્ર, સુરસુંદરી ચરિત્ર, સુપાર્શ્વ-નાથ–ચરિત્ર ભીમસેન–ચરિત્ર તેમજ ગીતા પ્રભાકર, ગીતરત્નાકર, કાવ્ય–સુધાકર વગેરે ગ્રન્થો તેમજ સંવેધ–છત્રીસી તાત્ત્વિક આગમ દોહન ગ્રન્થનું આલેખન કરી મહાન જિન–શાસન પ્રભાવના અને સેવા કરી.

અમદાવાદ, સુરત, મુંબઈ, પાટણ, રાધનપુર, વિજા-પુર, સાણંદ, પ્રાંતિજ, વડાલી, ઈડર, પાલનપુર, મહેસાણા ઊંઝા, પાલીતાણા, જામનગર, પેથાપુર, માણસા વગેરે અનેક શહેરો અને ગામોમાં પ્રાભાવિક ચાતુર્માસ કરી અનેક ભવ્ય જીવોને ધર્મ સન્મુખ કર્યા.

વિ. સં. ૧૯૮૦ મહા સુદ ૧૫ ના શુભ દિને પ્રાંતિજ મુકામે મહાન શાસન પ્રભાવના પૂર્વક વિદ્વદ્વર્ય પન્યાસ પ્રવર શ્રી અજિતસાગરજી ગણિવર શ્રી પૂજ્યપાદ યોગ-નિષ્ઠ ધુરંધર આચાર્ય ભગવંત શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરી-શ્વરજી મ. સા. ના શુભ હસ્તે પંચપરમેષ્ઠીના તૃતીયપદે બીરાજમાન થયા. આચાર્ય પદે અલંકૃત થયા.

વિ. સં. ૧૯૮૫ આસો સુદ ૩ ના દિને એકાએક મહાન શાસન પ્રભાવક આચાર્ય શ્રીમદ્ અજિતસાગર સૂરીશ્વરજી મ. સા. કાળધર્મ પામ્યા. આતમ–પંખી નશ્વર દેહ–પીંજરને છોડીને અનન્તની મુસાફરીએ ઉડી ગયું.

સુમન મુરઝાઈ ગયું, સૌરભ પ્રસરી રહી.

શાસન પ્રભાવક સુરીશ્વરજી મહારાજના ચરણ કમલમાં કોટી કોટી વંદનાવલી. ચરણરજ સુમન

## લેખકશ્રીના પૂ. ગુરૂદેવશ્રીનું સંક્ષિપ્ત જીવન-

ખેડુત બાળ. બહેચર તેનું નામ. વિજાપુર એનું ગામ. શિવાભાઈ પટેલનો કુલદિકપક. માતા અંબાબેનનું અમૂલ્ય રતન.

ખેતરમાં આંબા ડાળે ઝોળીમાં બાળક સુતું છે. મસ્તક ઉપર ફણા પ્રસરાવીને કાળો ભયંકર સર્પ ડાળ ઉપર બેઠો છે.

આ ભયંકર દશ્ય જોઈને માતા પિતા ભયભીત અને ચિંતાતુર બની ગયા. લાડકડા લાલની ક્ષેમકુશળતા માટે પરમકૃપાળુ પરમાત્માને અન્તરના ખરા ભાવપૂર્વક પ્રાર્થના કરી. પ્રાર્થનાનો ચમત્કાર થયો. સર્પ ત્યાંથી સરકી ગયો.

માતાએ વ્હાલભર્યું ચુંબન કર્યું. હૈયાસરસો ચાંપ્યો અને લાડલા લાલને હૈયાના વહાલથી નવરાવી દીધો.

ખેતરો અને કોતરોને ખુંદતો, વૃક્ષોની ઝાડીઓમાં વનરાજની જેમ ઘૂમતો એ નિડરતા અને શૌર્યના પાઠ ભણ્યો.

તે સમયની ધૂળીયા નિશાળમાં વડલાના વૃક્ષના પ્રાકૃતિક વાતવરણમાં પાટી, પોથી અને પેન વગર સંસ્કાર-મૂર્તિ શિક્ષક પાસે સદાચારના લેશન ભણી સંસ્કારી બન્યો.

ત્યાગમૂર્તિ પૂ. ગુરુદેવ શ્રી રવિસાગરજી મ. સા. અને પૂ. શ્રી સુખસાગરજી મ. સા. નગરની બહાર ભૂમિ નીસર્યા છે. યમના દૂતો જેવી બે ભેંસો મહાભારત શા યુદ્ધે ચડી. સહુના મુખમાંથી હૃદય ભેદક કારમી ચીસો નીકળી પડી. જીવ દરેકના અદ્ધર થઇ ગયા.

નરબંકોવીર બહેચર વીજળીવગે દોડયો. એક ઝપાટે લાકડી ઉછાળીને બન્ને ભેંસોને દૂર દૂર ભગાડી દીધી.

"શાબાશ બહેચર શાબાશ !" "ધન્ય છે તને અને તારી જનેતાને !" સંત અને સંસ્કૃતિના રક્ષણ માટે પ્રાણને હોડમાં મૂકે, તે વીર–પુરુષને શતશઃ ધન્યવાદ !

સંતના મુખેથી વાણીની સરવાણી ફુટી. 'હે મુગ્ધ ભોળા બાળ ! મુંગા અબોલા નિરધાર જીવને પીડા કરીશ મા ! આ ધરતીમાતા કંપી ઉઠે. પ્રકૃતિ સમૂહ વિમુખ બને ! મેઘ અને વાયરાના પ્રચંડ તાંડવની તો વાત જ શી ?

ઓ માનવ ! તું જીવ સૃષ્ટિનો પાલનહાર. સચરાચર સૃષ્ટિમાં સુખ શાંતિનો આધાર, એક માત્ર જીવ રક્ષા અને જીવ દયા ! ! જીવમાત્રની રક્ષામાંજ સહુનું અખંડ અક્ષય કલ્યાણ ! ! !

સંતનો સમાગમ થયો અને બહેચરના અન્તઃસ્થલમાં માનવતાની અમૃત સરવાણીઓનો શ્રોત વહેતો થયો.

સંતપુરુષના પ્રથમ જ સમાગમે બાળક બહેચરના હૃદયમાં સંતના મહાન આદર્શનું બીજારોપણ કરી દીધું.

સંતનો સથવારો મળી ગયો અને જીવનનો રાહ પલટાઈ ગયો. સંત બનવાના કોડ જાગી ગયા.

સહાધ્યાયી મિત્રોની સત્પ્રેરણા મળી. પાઠશાળા ગમન શરૂ થયું. જૈનતત્વના સત્સંસ્કારોનું સિંચન થયું. અધ્યયનથી જિજ્ઞાસા જાગી. એક પણ તક ગુમાવ્યા વિના દિલની ખંતથી પ્રચંડ પુરુષાર્થ પ્રારંભી દીધો.

શ્રુત શારદાની સહાય માગી. પ્રાર્થના ફળી. અધ્યયન કાજે મહેસાણા ગયા. શ્રી યશોવિજયજી જૈન સંસ્કૃત

પાઠશાળામાં ટુંક સમયમાં જ પ્રચંડ અધ્યયન પુરુષાર્થથી અભ્યાસ પૂરો કર્યો. અધ્યાપનનું કાર્ય શરૂ કર્યું. જે પ્રાપ્ત કર્યું, તે સર્વ અન્યને અર્પણ કર્યું.

કથીરને કંચન, પત્થરને પારસ, જડને જીવંત કરનારા પરમ ઉપકારી મહાન સંત પુરુષ પૂ. શ્રી રવિસાગરજી મ.સા. ની અન્તિમ સમયની સેવાનો અપ્રાપ્ય લાભ લઈ ઋણ–મુક્તિનો આધ્યાત્મિક સહજ આનન્દ મેળવ્યો.

અધ્યયન અને અધ્યાપન ચાલુ હોવા છતાં અગમ્ય ભોમમાં વિહરનારો હંસલો અતૃપ્તિ અનુભવે છે. મોતીના ચારા ચરનાર હંસલાને બાકશ–બુકશ ભોજન કેમ રુચે. યોગની પેલી પારની ભોમકામાં વિહરવાના કોડ જાગ્યા. દૂર દૂર ગિરિકંદરાઓમાં જવાની તૈયારી કરે, તે પહેલાં તો સિદ્ધિઓ સ્વયં સામે ચાલીને વરી.

આજોલ ગામની નજીકમાં જ યોગાભ્યાસી સ્વામી મળી ગયા. શિષ્યભાવે જીવન સમર્પણ કર્યું. અષ્ટાંગ યોગની સાધનામાં પારંગત બન્યા.

યોગીના આત્માને સંસારની મૃગજળ સમાન માયાજાળ શેં ગમે ? યોગીનો આત્મા સંસારને છેલ્લી સલામ કરે, તેમાં કંઈ જ આશ્ચર્ય નથી !

વિ. સં. ૧૯૫૭ માગશર સુદ ૬ ના દિને પૂ. પરમ ઉપકારી ગુરુદેવશ્રી સુખસાગરજી ગુરુ મહારાજના ચરણ સેવક બન્યા. પાલનપુર મુકામે મુમુક્ષુ આત્મા બહેચરે સંસારનો ત્યાગ કર્યો. સાધુ બન્યા. સાધુતા અંગીકાર કરી. મુનિ બુદ્ધિસાગર નામાભિધાન કર્યું.

ગામે ગામ પગપાળા જાય, આમ જનતાને પ્રતિબોધ કરે. મુસલમાનોને તેમનો ધર્મગ્રન્થ 'કુરાને શરીફ'ની કલમાઓ દ્વારા માનવજીવનની મહત્તા સમજાવે. જીવદયાનો ઉપદેશ આપે. માછીમાર, કોળી, ભીલ ઠાકોરો અને આદિવાસી જન સમુદાયને અહિંસા, દયા, સત્ય, અચૌર્ય અને પરોપકારનો મહિમા સમજાવે. આલોક અને પરલોકમાં પુણ્ય પાપના પ્રત્યક્ષ પરિણામોને દૃષ્ટાન્તો દ્વારા સમજાવે. હિંસા, જૂઠ, ચોરી, માંસ, દારૂ અને શિકાર વગેરે વ્યસનોનો ત્યાગ કરાવે.

આર્યસમાજીઓ, ખ્રીસ્તીઓ, વેદાન્તી વિદ્વાનો અને સાક્ષરોની સાથે સનાતન ધર્મના સિદ્ધાન્તોની તાત્ત્વિક ચર્ચા કરી નિષ્કર્ષ કરે છે.

સાબરમતી નદીના કિનારે સત્યાગ્રહ આશ્રમમાં મહાત્મા ગાંધીજીની સાથે દેશોન્નતિ, સમાજોન્નતિ અંગે વિચારણાઓ કરતાં જણાવે છે.

'સદાચાર, સચ્ચાઈ, પરોપકાર અને પ્રામાણિકતાના પ્રચાર અને નક્કર આદર્શરૂપ આચાર વિના ભારત દેશની પ્રજા સ્વતંત્રતાના સુંદર ફળોને યત્ કિંચિત્ પણ ભોગવી શકશે નહિ.'

પૂ. શ્રીની વિદ્વતાથી આકર્ષાયેલા વડોદરા નરેશશ્રી સયાજીરાવ ગાયકવાડ પોતાના લક્ષ્મી વિલાસ પેલેસમાં પધારવા આમન્ત્રણ આપે છે. હજારોની મેદની સમક્ષ 'આત્મોન્નતિ' વિષય ઉપર એક કલાક પ્રાભાવિક પ્રવચન શ્રવણ કરતાં વડોદરા નરેશ હૃદયના ઉદ્ગારો કાઢે છે,

આવા નિસ્પૃહી આધ્યાત્મિક વિદ્વાન સંતોથી ભારત જ દેશનો જરૂર ઉદ્ધાર થશે.

અનેક રાજ રાજેશ્વર રજવાડાઓના નરેશો તેમના ચરણારવિંદમાં આવી સત્સમાગમનો મહામૂલો પામી સ્વ-જીવન ધન્ય અને કૃત્ય બનાવવા ભાગ્યશાળી થતા.

યોગી મહાપુરુષના સમાગમમાં આવેલા લાલા લજપતરાય જણાવે છે કે, 'જૈનોની અહિંસા એ કાયર કે નામર્દની અહિંસા નથી, પરંતુ વીર્યવાન શુરવીર પુરુષોની અહિંસા છે.' અહિંસાનું પાલન વીરપુરુષ જ કરી શકે.

સમ્રાટ અશોક, સમ્રાટ ખારવેલ, પરમાર્હત કુમારપાલ વગેરે મહાપરાક્રમી ગણનાતીત રાજ રાજેશ્વરોએ અહિંસા મહા ધર્મનો દિગ્-વિજયી વિજયવંત ધ્વજ લહેરાવ્યો હતો.

જનતા સમુદાયના ઉપરના સ્તરથી માંડીને ઠેઠ નીચલા સ્તર સુધી અત્ર-તત્ર-સર્વત્ર ઘર કરી ગયેલા વહેમ, અજ્ઞાન, શંકા-કુશંકા અને ભૂત પ્રેત-પિશાચ વગેરે અશુભ અમંગલ તત્ત્વોના સંકજામાં ફસાયેલી પ્રજાને મુક્ત કરવા સમગ્ર માનવ સમાજના હિતની એક જ કામનાપૂર્વક સાબરમતી નદીના કાંઠે સુરમ્ય નૈસર્ગિક પ્રદેશમાં વિજાપુર નજીક મહુડી ગામમાં શાસન રક્ષક સમ્યગદૃષ્ટિ શ્રી ઘંટાકર્ણ મહાવીર દેવની મૂર્તિની સ્થાપના કરી. સાત્ત્વિક આચાર વિચાર યુકત પૂજા-પૂજન વિધિની સમાજ સમક્ષ નિડરતાપૂર્વક પ્રતિષ્ઠા કરી, શ્રી જૈન શાસન ઉપર મહત્તમ ઉપકાર કર્યો.

એકસો પચ્ચીશથી અધિક આધ્યાત્મિક જ્ઞાન ભરપુર ગ્રન્થોની રચના કરી. યોગી પુરુષ શ્રીમદ્ આનન્દઘનજી

મહારાજા વિરચિત ૧૦૮ પદો ઉપર વિસ્તૃત વિવેચના કરી અધ્યાત્મ જ્ઞાનનો અપૂર્વ ખજાનો–ભંડાર ખૂલ્લો મૂકયો.

'કર્મયોગ' ગ્રન્થની રચના કરીને જગત ઉપર વિક્રમ ઉપકાર કર્યો લોકમાન્ય તિલક મહારાજા અભિપ્રાય આપતા જણાવે છે. Had I known that you are writting your 'KARMA YOGA' I might had written mine (Karama yoga)

વિ. સં. ૧૯૭૦ માગશર સુદ ૧૫ પેથાપુર મુકામે હજારો માનવોની ઉપસ્થિતિમાં અનેક ગામોના જૈન સંઘો સમક્ષ આચાર્ય પદે અલંકૃત થયા.

જીવનના છેલ્લા શ્વાસ સુધી સાહિત્ય ક્ષેત્રની સેવા કરતા જીવનનું મિશન સિદ્ધ કર્યું. ફક્ત ચારિત્ર પર્યાયના ફક્ત ૨૪ વર્ષના અતિ અલ્પ સમયમાં જેમણે ૨૫ હજાર પુસ્તકોનું વાચન કરી શ્રી જિનાગમના નિષ્કર્ષરૂપ નવનીત સમાન ૧૨૫ ગ્રન્થોની અતિ અદ્ભુત રચના કરી સ્વ. જીવનને સિદ્ધિના શિખરે પ્રસ્થાપિત કર્યું.

વિ. સં. ૧૯૮૧ જેઠ વદ ૩ મંગળવાર સવારે ૮–૩૦ કલાકે સ્વ જન્મ–ભૂમિ વિજાપુરમાં પાર્થિવ–દેહનું વિસર્જન કરી અન્ય વિશ્વની સેવા અર્થે તેમનો અમર આત્મા અનન્તની મુસાફરીએ પ્રયાણ કરી ગયો.

કોટી કોટી વન્દન...... ગુરુ ચરણે...... ફૂલ ખરી ગયું...ફોરમ પ્રસરી રહી, દીપક બૂઝાયો, દિવ્ય–પ્રભા પ્રસરાવી ગઈ...

પૂ. મનોહર કીર્તિસાગર સૂરિ.

# નિવેદન.

## મુખ્ય ફરજ

સ્થાવર અને જંગમાત્મક બંને પ્રકારની સૃષ્ટિમાં રહેલા સમસ્ત પદાર્થોનું વસ્તુ સ્વરૂપ જાણવું એજ માનવની મુખ્ય ફરજ છે.

હવે તે દ્રવ્યાદિક પદાર્થોની પરિસ્થિતિ સમજવા માટે ભિન્નભિન્ન દર્શનકારોએ ન્યૂનાધિક સાધનો બતાવેલાં છે, તેઓમાંથી આપણે અહીંયાં સામાન્ય રીતે પ્રમાણોની અવગાહના કરવી ઉચિત છે.

નૈયાયિકમતાનુસારે પ્રમાણ ચતુષ્ટયનું સ્વરૂપ સમજવાથી અન્ય પદાર્થો તેઓ વડે અવલોકી શકાય છે.

વળી તે પ્રમાણે—પ્રત્યક્ષ, અનુમાન, ઉપમાન અને શાબ્દ એમ ચાર પ્રકારનું કહેલું છે. "इन्द्रियजन्यं ज्ञानं प्रत्यक्षम्" ઇંદ્રિયજન્ય જે જ્ઞાન તેને પ્રત્યક્ષ જ્ઞાન સમજવું, જેમકે શીત, ઉષ્ણ, તીખું, ખારૂં, શ્વેત રક્ત વિગેરેનું જે પરિશીલન તેનો પ્રત્યક્ષમાં સમાવેશ થાય છે.

"अनुमितिकरणमनुमानम्" અનુમિતિ જ્ઞાનનું જે અસાધારણ કરણ તે અનુમાન કહેવાય. જેમકે ધૂમ ઉપરથી અગ્નિની સાબીતિ કરવી, જ્યાં ધૂમ હોય ત્યાં અગ્નિ હોવો જ જોઇએ. તે જ્ઞાન અનુમાન સિદ્ધ ગણાય.

"उपमितकरणमुपमानम्," ઉપમિતિ (સાદૃશ્ય) જ્ઞાનનું જે કારણ તે ઉપમાન કહેવાય. અર્થાત્ પ્રત્યક્ષ કિંવા

આનુમાનિક પદાર્થની સાથે સાદૃશ્ય વડે જે ઓળખાવવામાં આવે તે ઔપમાનિક જ્ઞાન કહેવાય. જેમકે "गोसदृशोऽयं गवयः ।" આકૃતિમાં ગાયના સરખો જે હોય તેને ગવય કહેવામાં આવે છે માટે આ ગવય છે. એમ જે ગાયની સરખામણીથી ગવય (રોઝ)નું જ્ઞાન થયું તે ઉપમાન કહેવાય.

आप्तोच्चारितवाक्यं शाब्दज्ञानम् ।" આપ્ત (યથાર્થવક્તા) પુરૂષોએ ઉચ્ચારેલું જે વાક્ય તે શાબ્દજ્ઞાન (આગમજ્ઞાન) કહેવાય. તે આગમોક્તજ્ઞાન ગુર્વાદિકથી મેળવી શકાય છે.

પૂર્વોક્ત ચારે પ્રકારના પ્રમાણદ્વારાએ તેમજ જૈનમતની અપેક્ષાએ પ્રત્યક્ષાદિ પ્રમાણ વડે બંધ અને મોક્ષનું સ્વરૂપ જાણી શકાય છે.

હવે દરેક તત્ત્વોનો વિચાર કરવા સાથે 'આત્મા' એટલે શું? તેનો પ્રથમ વિચાર કરવો જોઈએ.

શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ પાંચ વિષયગ્રાહક એવી ઇંદ્રિયોથી પણ તે આત્માને અગોચર કહેવામાં આવે છે.

આત્મા અનાદિઅનંત છે. આત્માની શક્તિ અપાર છે. પરંતુ જ્યાં સુધી તે શારીરિક બંધનથી બંધાયેલો હોય છે, ત્યાં સુધી દૈહિક સુખદુઃખોનો અનુભવ કરે છે. એટલું જ નહીં પણ પ્રત્યક્ષ પ્રમાણ વડે નાના પ્રકારના વિચારાદિકમાં અનુસ્યૂત થઇ, શારીરિક જે જે ચેષ્ટાઓ થાય છે, તે સર્વનો કારણભૂત તે આત્મા થઈ પડે છે.

તેમજ વિચાર, સ્મરણ, બુદ્ધિ કે જ્ઞાન વડે વિચાર આદિ સ્વરૂપે તે પ્રગટ થાય છે. સંસારના સ્વાભાવિક નિયમાનુસાર જન્માંતરીય પુણ્ય અથવા પાપના ફલરૂપ કર્મને ભોગવતો આત્મા હર્ષ કે શોક, સુખ અથવા દુઃખ, શાંતિ અથવા અશાંતિ, આનંદ અથવા ઉદ્વેગ, ભય અથવા ધૈર્ય વિગેરે શીતોષ્ણાદિક દ્વંદ્વનો અનુભવ કરતો છતો ચારે ગતિમાં વારંવાર ગમનાગમન કર્યા કરે છે. આત્મા પોતે જ સ્વોપાર્જીત યોગ્યાયોગ્ય કર્મો વડે સંસારને વધારે છે.

આત્મા જ પોતે પોતાનો મિત્ર અને શત્રુ બને છે. જેમકે—

**उद्धरेदात्मनाऽऽत्मनं, नात्मानमवसादयेत् ।**
**आत्मैव ह्यात्मनो बन्धु-रात्मैव रिपुरात्मनः ॥१॥**

આત્મજ્ઞાન વડે આત્માનો ઉદ્ધાર કરવો, અજ્ઞાન-દશામાં દોરાઇને સર્વથા આત્માનો અધઃપાત કરવો નહીં. કારણકે આત્માનો બંધુ પણ આત્મા જ છે અને તેનો શત્રુ પણ અજ્ઞાનને લીધે તે પોતે જ થાય છે.

માટે દરેક મનુષ્યોએ અજ્ઞાનને દૂર કરીને અને જ્ઞાનમાં લક્ષ રાખતાં શીખવું. વળી અજ્ઞાની જીવો મોહે કરી સંસારમાં મન, વચન અને કાયા વડે લુબ્ધ થવાથી કર્મ બંધનમાં આવી પડે છે. પરંતુ મોહથી મુક્ત થઈ જેઓ સંસારમાં રહે છે, તે પુરૂષો પદ્મદલની માફક કર્મથી લેપાતા નથી અને અંતમાં મોક્ષપદને પામે છે. જેમકે :—

निर्मानमोहा जितसङ्गदोषा-
अध्यात्मनित्या विनिवृत्तकामः ।
द्वन्द्वैर्विमुक्ताः सुखदुःख संज्ञै-
र्गच्छन्त्यमूढाः पदमव्ययं तत् ॥१॥

માન અને મોહના ત્યાગી તેમજ સંગદોષના પરિહારી, હંમેશાં અધ્યાત્મસુખમાં લીનવૃત્તિવાળા, કામ-વિલાસથી આત્મવૃત્તિને વારનારા અને સુખદુઃખાદિક દ્વંદ્વોથી વિમુક્ત એવા અમૂઢ પુરૂષો પ્રસિદ્ધ એવા સિદ્ધ સ્થાનને પ્રાપ્ત થાય છે.

તેમજ શ્રીતીર્થંકરોએ આગમાદિક સિદ્ધાંતોમાં તે સંબંધી બંધ અને મોક્ષનો ઉપદેશ વિસ્તારપૂર્વક જણાવ્યો છે.

વળી આ આત્મા એક તરફ અમુક અંશે નિષ્કર્મ થાય છે અને બીજી બાજુથી અમુક કર્મોનો બંધ ઉપાર્જન કરે છે.

એ પ્રમાણે સંસારચક્રમાં ઘટમાળની પેઠે પરાધીન દશાને ભોગવતો જીવાત્મા પરિભ્રમણ કર્યા કરે છે.

વળી ઉત્કૃષ્ટ શુભ કર્મોના યોગથી દેવયોનિમાં જાય છે, મધ્યમ કર્મના પ્રભાવથી માનવજન્મ પ્રાપ્ત થાય છે. અધમ કર્મના યોગે તિર્યંચ જાતિમાં જન્મે છે અને અતિનીચ કર્મોપાર્જનથી નરક સ્થાનમાં ઉત્પન્ન થાય છે.

સારા અથવા નરસા એવા કર્મોનું કારણ, તે રાગદ્વેષ

જ ગણાય છે. માટે તે રાગદ્વેષને જો પ્રથમથી દબાવી ન શકે તો તે જીવ કર્મબંધનમાં પડ્યા સિવાય રહેતો નથી.

વળી પ્રાણાતિપાત, મૃષાવાદ, અદત્તાદાન, અબ્રહ્મ, પરિગ્રહ, તેમજ ક્રોધ, માન, માયા અને લોભ એ કષાય ચતુષ્ટય તેમજ ભય, તરંગ, કૌટિલ્ય અને અપ્રામાણ્ય આદિ સમસ્ત દુર્ગુણો જ્યારે અજ્ઞાનતાની સાથે હૃદયમાં સ્થિર થાય છે, ત્યારે કર્મબંધનની ગ્રંથી દૃઢરૂપમાં આવી જાય છે.

એમ તાત્ત્વિક સ્વરૂપ જણાવતાં શ્રીતીર્થંકરોએ કહ્યું છે કે–તેલ ચોળેલા મસ્તક ઉપર જેમ ધૂળ ચોટતાં વાર લાગતી નથી, તેમ રાગદ્વેષના વિચારોથી મલીન થયેલા આત્માને કર્મો ચાંટી જાય છે.

બાદ તે અધમ કર્મોના પ્રભાવથી પૃથિવ્યાદિક અતિ સૂક્ષ્મ જીવયોનિઓમાં નિરંતર ગમનાગમન વડે વ્યાકુલ થયેલો આત્મા વારંવાર ત્યાંને ત્યાં જ પરિભ્રમણ કર્યા કરે છે.

સામાન્ય રીતે કર્મના આઠ ભેદ કહેલા છે. જ્ઞાનાવરણીય કર્મ ૧, દર્શનાવરણીય કર્મ ૨, વેદનીય કર્મ ૩, મોહનીય કર્મ ૪, આયુષ કર્મ ૫, નામ કર્મ ૬, ગોત્ર કર્મ ૭ અને અંતરાય કર્મ ૮.

વિવિધ જાતિનાં બીજ પૃથ્વીમાં વાવવાથી પોતપોતાના સ્વભાવ પ્રમાણે વૃક્ષલતાદિકના સ્વરૂપે પ્રગટ થઈ

જેમ ભિન્નભિન્ન ફલ અને પુષ્પાદિક સંપદાઓને આપે છે, તેમ નાના પ્રકારનાં ઉપાર્જન કરેલાં કર્મો પોતપોતાની પ્રકૃતિના અનુસારે શુભ અશુભ ફલદાયક થાય છે.

વળી તે કર્મજન્ય ફલોદયનું સ્વરૂપ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને ભવને આશ્રયે જાણવામાં આવી શકે છે.

દ્રવ્યનો પર્યાય આત્મા છે, ત્રણે લોકમાં નિર્ણયાત્મક જે સ્થાન તેને ક્ષેત્ર કહેલું છે. તે કર્મફલને અનુસરી જન્માંતરના ફેરાઓ જેથી કળી શકાય, તે કાળસ્વરૂપ કહેવાય છે. જેથી કર્મને સ્વાધીન થયેલા જીવ સ્થિત્યંતરને પ્રાપ્ત થાય છે.

પ્રાચીન કર્મોના યોગથી વિવિધ પ્રકારના જીવનને ધારણ કરે છે. આત્માના સામાયિક શરીરને ધારણ કરતી સ્થિતિ ઉપર શારીરિક આધાર રહ્યો છે. માનસિક કર્મનો આધાર શરીર ઉપર રહેલો છે. તેમજ માનસિક કર્મ ઉપર અંતઃકરણનો આધાર છે.

અંતઃકરણ ઉપર તદ્રૂપતા (ભાવ તથા વસ્તુની એકતા)નો આધાર રહે છે. તાદ્રૂપ્ય ઉપર પરિણામિક આધાર રહ્યો છે. પરિણામ ઉપર આત્મિક બાહ્ય અને આંતરિક દુઃખોનો આધાર રહ્યો છે.

આ દુઃખોને દૂર કરવા માટે માણસો અનેક પ્રકારના પ્રયત્નો કરી આનંદસુખની ઈચ્છાઓ કરે છે, પરંતુ ત્યાં તેઓ બહુ પાપ ઉપાર્જન કરી ભવિષ્યમાં બહુ

દુઃખી થાય છે. એ તરફ બિલકુલ તેઓનું લક્ષ્ય હોતું નથી. વળી આવા પાપનું પ્રાયશ્ચિત કરવા માટે જન્મમરણરૂપ ઘટમાળના ચક્રે ચઢે છે.

આ પ્રમાણે અજ્ઞ માણસ પોતાના કર્મને અનુસારે નરક, તિર્યંચ, માનવ કે દેવ યોનિમાં પુનઃ પુનઃ જન્મ ધરીને સુખદુઃખાદિકનો અનુભવ લીધા કરે છે.

વળી કર્મયંત્રને સ્વાધીન થયેલો મનુષ્ય જન્માંતરમાં ચંડાલ, અંત્યજ, ભિલ્લ, પારધિ, ધીવર, યવન અને વનેચર આદિકને ત્યાં પણ જન્મ ધારણ કરે છે.

જો કે અવતાર તો માનવજાતિનો આવ્યો, પરંતુ પોતાનાં દુષ્કર્મને લીધે અનંત દુઃખો વેઠવાં પડે છે. તદુ-પરાંત નવીન પાપકર્મ પણ બહુ ઉપાર્જન કરે છે. આ માત્ર દુષ્કર્મનો જ વિપાક છે,

એક માણસ ચાકર થઇ પરની તાબેદારી ઉઠાવવામાં બહુ દુઃખ ભોગવે છે અને એક માણસ સત્તાધીશ સ્વામી બની બહુ સુખ ભોગવે છે. એનું કારણ પણ કર્મ-વિપાક જ છે.

વળી શરીર અને બુદ્ધિના પ્રભાવવડે માણસો ભૃત્ય તથા સ્વામીભાવને ધારણ કરી દુઃખસુખના ભોક્તા બને છે.

ઇષ્ટનો સંયોગ અને વિયોગ કુલીન અથવા અકુલી-નને ઘેર જન્મ, જીવનબળને અવલંબી ભોગવિલાસમાં મુખ્ય અથવા ગૌણ ભાવ ધારણ કરવો અને લાભ અથવા

અલાભનું સેવન કરવું, આ સમસ્ત સુખાભાસ અકિંચિત્કર છે, એમ સમજી સુખાર્થી મનુષ્યોએ મુદ્દામાં એટલું ધ્યાનમાં રાખવાનું છે કે, માનવભવ પામીને જ આત્મા સર્વ દુઃખોના ક્ષયકારક એવા અક્ષયસ્થાનને પામે છે.

તે મોક્ષસ્થાનનો માર્ગ સાંસારિક અજ્ઞાનરૂપ ઝાંખરાઓથી આચ્છાદિત થયેલો છે, જેથી તે માર્ગ તરફ મૂઢજનોની દૃષ્ટિ થતી નથી.

પરંતુ પરોપકારમાં રસિક એવા શ્રી તીર્થંકરોએ સમ્યક્જ્ઞાન તથા શુદ્ધ જીવનના ઉપદેશરૂપ સાધન વડે આદ્યથી આરંભીને મોક્ષ પર્યંતનો માર્ગ વિશુદ્ધ કહેલો છે.

વળી પ્રાચીનકાળથી જીવની સાથે સંબંધ ધરાવતાં કર્મોને આત્મસંયમના બળ વડે જે દબાવે છે અને શેષકર્મને સંયમ વડે નિર્મૂલ કરે છે. એમ અનુક્રમે જ્યારે તે પોતાનાં સર્વ કર્મોને નિર્મૂલ કરે છે, ત્યારે તે કર્મથી મુક્ત થઇ વિશુદ્ધ સ્વરૂપધારી બને છે.

પશ્ચાત તે જીવ સમયમાત્રમાં ઉત્તમોત્તમ સ્થાનનો અધિકારી થાય છે, ફરીથી જન્મમરણના દુઃખની ચિંતા તેને રહેતી નથી અને નિરંતર નિશ્ચલ પવિત્રતાનો ભોગી થાય છે.

નાના પ્રકારની યોનિઓમાં દુઃખનો પરિચય કરાવનાર માત્ર કર્મબંધ જ રહેલો છે. તે કર્મબંધનથી જો આત્મા મુક્ત થાય, તો તે પોતે પોતાની મેળે જ નિર્લેપ દશામાં રહીને ઉચ્ચસ્થાનનો આરોહક થાય છે.

સર્વોત્કૃષ્ટ એવું તે પવિત્ર સ્થાન સર્વોત્તમ એવા દેવતાઓના ઉપર રહેલું છે. વળી તે સ્થાન પ્રભાતકાળની કાંતિસમાન પ્રકાશ આપે છે અને સ્વચ્છતામાં સુવર્ણ તથા શંખસમાન દીપે છે.

ત્રૈલોકયના અગ્રભાગમાં જેની સ્થિતિ રહેલી છે અને આકૃતિમાં રત્નનિર્મિતછત્રને અનુસરે છે; એવા તે પવિત્ર સ્થાનને સિદ્ધક્ષેત્ર, પરમપદ, અનુત્તરસ્થાન, બ્રહ્મલોક અને અક્ષરધામ, એમ ભિન્ન ભિન્ન નામોથી પોતપોતાની બુધ્યનુસાર લોકો સ્વીકારેલ છે.

સમસ્તભુવનોના ઉપરિ ભાગમાં રહેલા તે સ્થાનની ઉપર અખિલ કર્મથો વિમુક્ત થયેલા સિદ્ધાત્માઓ નિરંતર નિવાસ કરે છે. જેને શાશ્વતનિવાસ કહેવામાં આવે છે.

સિદ્ધાત્માઓને કોઈ પણ કર્મનો સંબંધ હોતો નથી. તેમજ તેઓ રાગદ્વેષના સંસ્કારોથી લેપાતા નથી. પુણ્ય અને પાપ જેમને અવલોકી શકતાં નથી. સુખદુઃખના વિકારો જેમને સ્પર્શ કરી શકતાં નથી.

જેમની જ્ઞાનશક્તિ અનંત હોય છે, એવા સિદ્ધાત્માઓ કોઈપણ સમયે લૌકિક સ્થિતિમાં આવતાં નથી. વળી એક આત્મપ્રભામાં અનેક આત્મપ્રભાઓ એકત્વભાવ પામે છે. પરંતુ તેમના સ્વરૂપમાં કંઇપણ ફેરફાર થતો નથી. અર્થાત્ રૂપાંતર ધરતું નથી.

આવા અજરામર સુખથી વિમુખ રહી કેટલાક અજ્ઞાત જીવો અજ્ઞાનદશાને લીધે રેશમનો કીડો પોતાના

ઉપભોગ માટે પોતે બનાવેલા કોકડામાં જેમ ગુંથાઇ જાય છે, તેમ ઉપભોગની લાલસા વડે સ્ત્રીપુત્રાદિકના કારણે માયા-પાશમાં પડે છે અને તેથી તેઓ ઉત્તરોત્તર અનેક દારૂણ દુઃખોને અનુભવે છે.

શુક્તિરજતની માફક અસત્યમાં સત્ય બુદ્ધિવાળા, મોહથી ભ્રમિત થયેલા બાલજીવો વિચિત્ર વસ્તુરૂપ કંટકથી વ્યાપ્ત એવી ભવાટવીની જાળમાં મુંઝાઈ મરે છે.

વળી સ્ત્રી પુત્રાદિકના સંયોગથી જેટલું જીવાત્માને સુખ મળે છે, તે કરતાં અનંતગણું તેમના વિયોગથી તે દુઃખ ભોગવે છે.

તેમજ આ દુનિયામાં લોકો ધનની બહુ જ ઇચ્છા રાખે છે. પરંતુ તેમાં બહુ દુઃખ રહેલું છે. કારણ કે પ્રથમ તો તેને મેળવવામાં બહુ કષ્ટ સહન કરવાં પડે છે. પશ્ચાત તેના રક્ષણ માટે અસાધારણ કાળજી રાખવી પડે છે. તેમ છતાં જો કદાચિત્ તેનો વિનાશ થાય તો અનેક દુઃખો આવી પડે છે.

વળી માતા, પિતા, સ્ત્રી અને પુત્રઆદિક સર્વે સગા-સંબંધીઓ તો મોક્ષમાર્ગમાં લોઢાની સાંકળની માફક બંધનકારક થાય છે.

જેમ સંઘમાં એકત્ર થયેલા લોકો પરસ્પરની સહાયને લીધે સાથે ગમન કરે છે, પરંતુ જયારે અરણ્યની અંદર અકસ્માત ભય આવી પડે છે, ત્યારે ભિન્ન ભિન્ન દિશાઓમાં પોતપોતાની અનુકૂળતા પ્રમાણે તેઓ વિખ-

રાઈ જાય છે, અને તે સમયે કોઈ કોઈની શોધ લેવા ઉભા રહેતા નથી.

સગાસંબંધીઓ સંસારયાત્રામાં સ્નેહસંબંધ વડે સુખદુઃખ ભોગવતાં છતાં પરસ્પરની મદદ માટે એકઠાં થયેલાં છે. પરંતુ મરણાંત સમયે જ્યારે તેઓ છુટાં પડે છે ત્યારે પોતપોતાના કર્માનુસાર ભિન્ન ભિન્ન ગતિમાં ચાલ્યાં જાય છે.

માટે પોતાના સંબંધીઓથી અથવા અન્ય પ્રતીતિથી નિરપેક્ષ થઇ મુમુક્ષુજનોએ મોહદશાનો ત્યાગ કરી સમજવું જોઈએ કે, સંસારજાળમાંથી મુક્ત થયા સિવાય મોક્ષનગરનો માર્ગ દુર્લભ છે.

વળી આ સંસારવાસ તો અનિત્ય છે, જીવનની સ્થિરતા કેટલી છે ? તે જ્ઞાની સિવાય અન્ય કોઇ જાણી શકતા નથી અને પ્રાપ્ત થયેલા મરણને હઠાવવાને કોઇ શક્તિમાન નથી.

માટે જ્યાં સુધી આત્મસત્તા સંબંધિત હોય, તેટલામાં ધર્મસાધન કરી લેવા ચૂકવું નહીં કારણ કેઃ—

**अद्य वाब्दशतान्ते वा, मृत्युर्वै प्राणिनां ध्रुवम् ।**
**गृहीतइव केशेषु, मृत्युना धर्ममाचरेत् ॥ १ ॥**

જો કે આ જગતની અંદર જન્મેલા પ્રાણીઓનું મરણ તો અવશ્ય થવાનું છે, પરંતુ આજે અથવા સો વર્ષ પુરાં થએ અથવા કોઇ પણ મધ્ય સમયમાં તે વાત

ચોક્કસ જાણવામાં આવતી નથી. માટે નજીકમાં રહેલા મૃત્યુને સમજીને મનુષ્યોએ ધર્મનું આચરણ કરવુ.

મનુષ્યોના હૃદયને આકર્ષવાની શક્તિ માનવજાતિમાં જ રહેલી હોય છે. મનુષ્યોના જીવિત સંબંધી જે કંઇ વિશેષ અનુભવ, આનંદ, પ્રેમ શોક, શૌર્ય કે ચાતુર્યાદિકના પ્રસંગને લઈને મનુષ્યોનાં હૃદય અન્ય કરતાં અધિક ખેંચાય છે. કારણ કે કોઇ પણ ગુણપેક્ષી માનવોનાં હૃદય તેવા પુરુષોના ગુણાવલોકનમાં વિશેષ આનંદ માને છે.

તેમજ દરેકનું લક્ષ્ય ન્યૂનાધિક અંશે અન્ય માણસોના આચાર તરફ દોરાયેલું હોય છે. તેથીજ અધિકાધિક પુસ્તકોના વાચન દ્વારા મનુષ્યોનાં મન વિશેષ અનુભવના પ્રસંગમાં આવે છે.

એટલે ઉત્તરોત્તર વિશેષ પ્રમાણમાં મનુષ્યોનો સંબંધ જેમ જેમ અન્યની સાથે વધતો જાય છે, તેમ તેમ તેમના હૃદયની ઉદારતા બહુ ખીલતી જાય છે અને કરૂણા, મૈત્રી અને પ્રેમભાવ વિગેરે ગુણોની ખીલવણી વસંતની માફક મનોહારી નીવડે છે.

આવાં આંતરિક કારણોની અપેક્ષાથી જીવનચરિત્રો વાંચવામાં મનુષ્યોની ઉત્કંઠા વિશેષતાએ રહે છે અને તે કારણને લીધે જ કથાવાર્તાઓની ચોપડીઓના ગ્રાહકો વિશેષ પ્રમાણમાં જોવામાં આવે છે.

વાર્તાઓ એ પણ પ્રાયે કેટલીક તો કલ્પિત જીવન-ચરિત્ર તરીકે ગણાય છે. વળી પ્રત્યક્ષ જીવનચરિત્રના આદર્શરૂપ નાટકો જોવામાં મનુષ્યોને જે આનંદ મળે છે અને તે તરફ જે હૃદય આકર્ષાય છે, એનું પણ કારણ તો તે જ છે.

વળી જીવનચરિત્રો અનેક પ્રકારનાં લખાયેલાં છે. તેઓમાં ત્રેસઠશલાકા પુરૂષોની કથા સમાન અન્ય જીવન-ચરિત્ર ગુણગ્રાહી પુરૂષોને સંતોષદાયક કોઈપણ છે નહીં.

આપણા પ્રાચીન સાહિત્યમાં ઘણાં ચરિત્રો લખાયેલાં છે. અદ્યાપિ કેટલાંક ચરિત્રો વાચકોને નવીન જેવાં માલુમ પડે છે, પરંતુ ત્રિષષ્ટિશલાકા પુરૂષ કથાના વાચન અથવા શ્રવણથી હૃદયની જે નિર્મલતા થાય છે, તેમ જ ચમત્કારિક, અલૌકિક અને હંમેશાં અવલોકવામાં આવતા એવા તાત્ત્વિક પ્રસંગોના વર્ણન દ્વારા મહાન્ પુરૂષોના મહિમાપૂર્વક નિયમોનું જે જ્ઞાન મળે છે.

તેમજ પારિણામિક ઉચ્ચકોટીના વિશુદ્ધ જ્ઞાનનો જે બોધ મળે છે, તેવો લાભ કોઇપણ કથા કે કોઇપણ ગ્રંથમાંથી મળી શકવો દુર્લભ છે.

યદ્યપિ મહાપ્રભુનું જીવન યથાગ્રાહી વાચકોને અપૂર્વ લાભદાયક છે. તથાપિ તેમણે પ્રરૂપેલાં સત્શાસ્ત્રો આ દુનિયાની અંદર અનંતજ્ઞાન અને શાસ્ત્રનીતિનો એક અપ્રતિમ નમૂનો છે.

તેમ જ મહાત્માઓ અને મહાસતીઓને તેમના જીવનવૃતાંત દ્વારા હાલમાં આપણે પ્રત્યક્ષ જોઈ શકીએ છીએ અને તે ઉપરથી આપણને પ્રતિ સમયે પ્રસંગોપાત્ત સદ્બોધ મળે જાય છે. સત્પુરૂષોનાં ઉત્તમ જીવનચરિત્રો લોકોની અંદર બહુ જ ફાયદાકારક થઈ પડે છે.

આપણા દેશમાં આપણા પ્રભાવિક શાસ્રકારક મહાત્માઓ અથવા દેવતાઓના ચરિત્રવર્ણનથી, પ્રભુકથાના રસથી અને સિદ્ધાંતોના સર્વસ્વ ઉપદેશથી અનેક મહાપુરૂષો અને પવિત્રનારીઓનાં જેમ જીવનવૃત્તાંત રચાયેલાં જોવામાં આવે છે, તેમ યુરોપ વિગેરે દેશોમાં પણ બાયબલથી બીજે નંબર પ્લુટાર્કનો રચેલો જીવનચરિત્રમાલાનો ગ્રંથ અખિલ ચરિત્રોના જીવનભૂત થઇ પડેલો છે.

આવાં પ્રભાવશાલી ચરિત્રોના વિજ્ઞાનથી લોકોમાં ઉત્તમ પ્રકારની આત્મિક જાગૃતી થાય એવા ઉદ્દેશથી જીવનચરિત્ર લખવાની પ્રણાલિકા પ્રથમથી જ ચાલી આવેલી છે. છતાં હાલમાં તે સંબંધી ઘણો વ્યુતક્રમ જોવામાં આવે છે. તેને સુધારવાની બહુજ જરૂર છે.

કોઈપણ વર્ણનીય વ્યક્તિના ગુણ માત્ર પ્રશંસા તરીકે જાહેરમાં મૂકવા અને અવગુણોને આચ્છાદિત કરવામાં આવે અથવા મૂળ ગુણોનો અભાવ હોય છતાં પણ ગુણાનુવાદ કરવામાં બાકી ન રાખે, તેવા લુબ્ધકોએ માત્ર મહિમા વધારવાના આશયથી લખેલાં ચરિત્રો કયાંથી

સારાં લખાઇ શકે ? અને તેવા અસત્ય લેખો ઉપરથી જનસમાજને ફાયદો પણ ક્યાંથી થઈ શકે ?

એક વિદ્વાન્ જણાવે છે કે, સંભાવિત સત્યપુરૂષોનું વર્ણન કરતાં કરતાં એટલા સુધી પહોંચી જાય છે કે, તેમને સાક્ષાત્ દેવ બનાવી દે છે. આવા અસંભવિત વર્ણન ઉપરથી લાભને બદલે ઉલટી હાનિ થાય છે.

કારણ કે અશક્ય ગુણોનું અનુકરણ કરવા કોઈપણ રૂચિ કરી શકે નહીં. સ્વસમાનગુણોને અનુસરવા પ્રાયે દરેક સુજ્ઞજનોનું લક્ષ્ય રહ્યા કરે છે.

આપણે દૃષ્ટાંત તરીકે જે પ્રસંગ ચર્ચીએ છીએ, તે પણ સંભાવિત અને ઘટતો હોય તોજ તે સફલ થઈ શકે છે, તો જીવનચરિત્રમાં આડેધડ વાર્તાઓ લખવી, તે માત્ર ભાટવિદ્યા જ ગણાય.

એથી જનસમાજને કોઈપણ લાભ થતો નથી. આ વાત સત્ય છે. કારણકે ગુણોએ કરી કોઈપણ મહાપુરૂષ ભલે ઉચ્ચકોટીએ ગયેલો હોય પણ વસ્તુગતિએ તે મનુષ્યત્વને છોડતો નથી, તો તેના સ્વાભાવિક ગુણોને દબાવી દઈ કેવળ દૈવિકગુણોને જ પ્રગટ કરવા પ્રયત્ન કરવો; તે વાસ્તવિક જીવનચરિત્ર કદાપિ કહી શકાય નહીં.

જીવનચરિત્રનો અર્થ એ છે કે, વર્ણનીય મનુષ્યના નાના કે મોટા, લઘુ કે ગુરૂ એવા દરેક આચાર વિચારની ઓળખાણ આપવી જોઈએ. તેમજ તેની આકૃતિ ગતિ અને ચેષ્ટા વિગેરે દરેક હકીકત બહુ સૂક્ષ્મ રીતે લખવી

જોઇએ. તેમજ તેના ગુણદોષનું વર્ણન પણ યથાર્થ રીતે આપવું જોઈએ.

સત્પુરૂષોના જીવનચરિત્ર ઉપરથી માનવસ્વરૂપ તેમજ તેને અંગે યોજના કરતું તેના સંબંધોનું સ્વરૂપ અને તેના નિયમોના અભ્યાસક્રમ વડે પોતાનું જીવન સુધારવાનો અપૂર્વમાર્ગ છે.

વળી શરીરની એકાદ ખોડથી અથવા સ્વભાવના એકાદ વલણથી આખા જીવિત ઉપર તેમજ તે જીવિતદ્વારા પ્રગટ થયેલા વેગના પ્રભાવથી આખા દેશ કે સમસ્ત પૃથ્વી ઉપર બહુ વિલક્ષણ અસર થયેલી છે અને હાલમાં પણ થાય છે, એવી સમસ્ત વાર્તાઓનો જેમાં સમાવેશ થતો હોય તેજ તાદૃશ જીવનચરિત્ર કહી શકાય. બાકીના બાહ્ય આડંબરથી શણગારેલાં નાટકીય પાત્રોની માફક હાલમાં લખાતાં કેટલાંક જીવનચરિત્રો દૃષ્ટિગોચર થાય છે.

જો કે તેવાં અસદ્ અર્થબોધક જીવનચરિત્રો ક્ષણમાત્ર અવલોકન બુદ્ધિથી દૃષ્ટિને લુબ્ધ કરે છે. પરંતુ સ્વાભાવિક રીતે આપણે જાણીએ છીએ કે અંદરથી તો તેઓ અસાર વસ્તુથી જ બનેલાં છે. તેથી તેવાં ચરિત્રોના નાયક ઉપર તેમજ તેમના પ્રરૂપક ઉપર વાચકોને બીલકુલ માન કે ભક્તિની અસર થતી નથી. ઉલટી તિરસ્કારની લાગણી અથવા ઉપેક્ષા જ પ્રગટ થાય છે.

વળી સત્પુરૂષોનાં જીવનચરિત્રોની જેટલે અંશે અસર થાય છે, તેટલી અન્ય વાર્તાઓના કોઈપણ પ્રબંધથી થઈ

શકતી નથી. માટે આબાલવૃદ્ધોએ જીવનચરિત્રો વાંચવા તરફ લક્ષ યોગ બહુ વધારવો જોઇએ.

તેમાં ખાસ ધ્યાનમાં રાખવાનું એ છે કે, આપણા દેશમાં આધુનિક જીવનચરિત્રો કેટલાંક એવી ઢબથી લખાયાં છે કે જેના વાચનથી અસ્તોવ્યસ્ત દશા ઉપસ્થિત થવાનો સંભવ રહે છે. તો તેવાં પુસ્તકોનો વિવેક સમજ્યા બાદ પોતાની રૂચિને અનુસારે સદ્બોધદાયક પુસ્તકના વાચન તથા શ્રવણમાં ઉદ્યુકત થવું ઉચિત છે.

તેમજ બાલકોની અપરિપકવ બુદ્ધિ હોવાથી તેમની ઇચ્છાનુસાર તેમના માતાપિતાએ યોગ્ય પુસ્તકોની ગોઠવણ કરી આપવી જોઈએ. કારણકે પુસ્તકની યોગ્યતા પ્રમાણે વાચકની યોગ્યતા ન હોય તો તે નિરર્થક થઈ પડે છે.

વળી જો પુસ્તક અને વાચક એ બંનેની સમાન યોગ્યતા હોય તો તેમાંથી કોઈ અપૂર્વ આનંદરસ પ્રગટ થાય છે. પુસ્તકનું તાત્પર્ય વાચકના હૃદયમાં પ્રતિબિંબિત થતાની સાથે જ તેના હૃદયમાં રહેલા નિધાનનું આવરણ છુટી જાય છે અને આંતરિક ખજાનો એટલો બધો દીપી નીકળે છે કે, જેથી પોતાને તેમજ અખિલ જનસમાજને અપૂર્વ આનંદ મળે છે. આવા અનુભવો પ્રતિક્ષણે બુદ્ધિમાન્ પુરૂષોને થયા વગર રહેતા નથી.

વળી હું નથી ધારતો કે, કોઈ લેખક અથવા વાચક વિદ્વાન્‌ને પોતાના હૃદયમાં કોઇ નવીન ગ્રંથનો અથવા

નવીન તર્કવિતર્કનો સાકાર સંકલ્પ તાદૃશ એક જ ગ્રંથના અવલોકનથી જાગૃત્ થવાનો અનુભવ ન હોય. એમ જો યોગ્ય વિવેકસર પુસ્તકોનો પરિચય કરવામાં આવે, તો અનેક પ્રકારે પુરતો લાભ મળી શકે એ નિર્વિવાદ વાત છે.

પરિચયમાં પણ ભિન્ન ભિન્ન વ્યકિતની અપેક્ષાએ ઘણો મતભેદ હોય છે. કેટલાકને એવો પ્રેમ હોય છે કે, દરેક પુસ્તકોનો સંગ્રહ કરવો, પરંતુ તે પુસ્તકોનો સ્વ અથવા પરને વાચનદ્વારા લાભ મળવાનો અસંભવ હોય તો તેથી પણ ફલિતાર્થ શો ? વળી આપણા આર્ય દેશમાં પ્રથમ તો પુસ્તક સંગ્રહનો જ ઘણો અપરિચય હોય છે. ત્યાં આ બાબતની વાત જ શી ?

નવીન લેખકો યુરોપ અને અમેરિકા દેશની અંદર કેટલા વધી ગયા છે. જેમણે તે પુસ્તકોના આધારે પુષ્કળ સંપત્તિઓ પ્રાપ્ત કરી દેશનો અભ્યુદય કર્યો અને આપણા દેશોદ્ધારક વિક્રમ, અકબર, શિવાજી વગેરે સ્મરણ માત્ર રહ્યા છે. પરંતુ જે કંઈ ગૌણ તરીકે હાલમાં વ્યાસંગ રહેલો છે, તેને એવી રીતે સાર્થક કરવો કે, દરેક પુસ્તક-માંથી તાત્પર્યાર્થ ખેંચવો જોઇએ અને કંઈપણ નવીન અજવાળું વાચકના હૃદયમંદિરમાં થવું જોઈએ.

અન્યથા પુસ્તકના સહવાસનું સાર્થક પણું ગણાય નહીં. માત્ર કાલક્ષેપ જ થયો ગણાય.

પુસ્તકોના સંઘટનથી જો તત્ત્વાર્થબોધ થતો હોય તો પુસ્તકોના વિક્રેતાઓ અર્થજ્ઞ રહી શકે નહીં અને મહા-પંડિત કે મહાજ્ઞાનીની આટલી ખામી રહેત નહીં.

વિવેકપૂર્વક પુસ્તકોના પરિશીલનથી અપરિમેય લાભ મેળવી શકાય છે. વળી તેમનો પરિચય કરવાથી ઉત્તમોત્તમ સિદ્ધગતિ તેમજ કેવલજ્ઞાનાદિક સદ્ગુણોની પરંપરા પ્રગટ થાય છે, તે તો દૂર રહ્યું પરંતુ અન્ય સહવાસોની અપેક્ષાએ પુસ્તકોનો સામાન્ય સહવાસ પણ લાભકારી લેખાય છે. ઉબલક દૃષ્ટિ કરવાથી પણ તેમાંથી બે અક્ષરનું જ્ઞાન થાય, તે તો લાભમાં લેખાય; તદુપરાંત અસદ્વિચારો અને અસત્સંગતથી પોતાનો બચાવ થાય એ મોટો લાભ માનવા જેવો છે.

વળી તે પુસ્તકોના ઉત્પાદક વિદ્વાનો વિજય મેળવનાર સુભટો કરતાં પણ અધિક પ્રશંસનીય ગણાય છે. કારણકે પંચત્વ (મરણ) પામ્યા બાદ પણ તેઓ પોતાના લેખદ્વારા વિદ્યમાનની માફક કાર્ય કરી રહ્યા છે અને દેશ વિજેતા સુભટો તો મરણાંત પછી ભસ્માવશેષ થાય છે. તે ભસ્મ પણ વાયુદેવને સ્વાધીન થઇ ક્યાંય ચાલી જાય છે.

દરેક વિચારોની અંદર જે કંઈ આકર્ષણ શક્તિ રહેલી છે, તે વિચાર અને કાર્યસંબંધી આકર્ષણ કરતાં દૃઢતર સારૂપ્યવાળું અને અભિન્ન સ્વરૂપમય ગણાય છે.

જેમ દીપકથી દીપક પ્રગટાય છે, તેમ વિચારથી વિચારાંતરની વિશાલતા થાય છે. મૃતસુભટોને ઉદ્દેશી જે સ્તુતિરૂપ નિવાપાંજલિ આપવામાં આવે છે તે તો માત્ર આરસના પાષાણથી બંધાવેલા મનોહર મંદિરમાં સળગાવેલા ધૂપની તુલનાને વહન કરે છે.

સમયના પરિવર્તનને લીધે વિચાર, શબ્દ અને સંજ્ઞાઓ ઉત્તરોત્તર દૃઢ બની પદાર્થ સ્વરૂપમાં પરિણમે છે. બાહ્ય પદાર્થ, શરીર કે કર્મ પુદ્ગલો ઘસાઇને વિનાશભાવમાં આવી જાય છે. વસ્તુતઃ તે શબ્દમાત્ર જ થઈ જાય છે, અને તે પવનમાર્ગે વિચરે છે.

અમરતા માત્ર મનુષ્યોની બુદ્ધિમાં રહેલી છે, કારણકે પાશ્ચાત્ય પ્રજાને બૌદ્ધ વિચારો તેના તેજ સ્વરૂપમાં સ્ફુરી આવે છે. શબ્દ એ એક એવો અપૂર્વ ગુણ છે, કે જેનો સદાકાલ સદ્‌ભાવ રહ્યા કરે છે. માટે સમદૃષ્ટિધારક લેખકોના વિચાર તરફ હંમેશાં લક્ષ્ય રાખી તે પ્રમાણે પોતાની પ્રવૃત્તિ સુધારવા પ્રયત્ન કરવો, જેથી પોતાનું સદ્વર્તન અતિ ઉચ્ચકોટીને પ્રાપ્ત થાય છે, તેમજ તે તાત્વિક અને રસિક ભાવમાં નિમગ્ન થઈ બહુ વિનીત ભાવનો પ્રવર્ત્તક બને છે, એ મંત્ર હંમેશાં ભૂલવા જેવો નથી. "सुज्ञेषु किं बहुना" સુજ્ઞપુરૂષોને બહુ શું કહેવું ?

**શ્રી વીર સં. ૨૪૫૧** — **શ્રી વિક્રમ સં. ૧૯૮૧**

**શ્રી બુદ્ધિ સં. ૧** — ઇસ્વીસન. ૧૯૨૫

વૈશાખ સુદિ ત્રીજ [અક્ષયતૃતિયા] ને રવિવાર.

**સ્થાન રાજનગર**—હઠીભાઈની બહારની વાડીમાં. | લી○ **આચાર્ય અજીતસાગર.**

ॐ श्री केशरीयानाथाय नमः ॐ अर्हं महावीर

ॐ शान्तिः शान्तिः शान्तिः

# પ્રસ્તાવના

**ધર્મનો પ્રભાવ !**

અનાદિ અનંત એવી આ ભવાટવીમાં પરિભ્રમણ કરતા પ્રાણીઓના ઉદ્ધાર માટે રાગદ્વેષથી વિમુક્ત એવા સર્વજ્ઞ ભગવાને પ્રરૂપેલો માત્ર એક ધર્મ જ છે.

**ધર્મનાપ્રકાર !**

વળી તે ધર્મ દાન, શીલ, તપ અને ભાવ વિગેરે ભેદો વડે વિવિધ પ્રકારે વિસ્તારવામાં આવ્યો છે. જેનું સ્વરૂપ એટલું બધું ગહન છે કે જેની ઓળખાણ માટે આગમ સૂત્ર, અંગ ઉપાંગ અને મહાપ્રભાવશાલી ઉત્તમ ચરિત્રો વિગેરે ઘણા સિદ્ધાંતો રચવામાં આવ્યા છે, છતાં પણ ઉત્પથગામી, બુદ્ધિના મંદ, શારીરિક ભોગવિલાસમાં લુબ્ધ અને સ્વેચ્છાચારમાં પ્રવીણ એવા કેટલાક પ્રાણીઓ દુર્લભ એવા આ માનભવને નિરર્થક ગુમાવે છે, એ માત્ર પોતાનો પ્રમાદ જ ગણાય છે.

વળી માનવભવની સાર્થકતાને તેઓ માત્ર આ દુનિયાદારીના એશઆરામથી જ માને છે. વિશેષમાં એમ પણ તેઓ કહે છે કે સૂત્ર સિદ્ધાંત કે ચરિત્રો એવાં કયાં છે ? કે જેમને વાંચી આપણે બે ઘડી આનંદ મેળવીએ ?

જો કે ચરિત્ર વિગેરે ઘણા ગ્રંથો મહાપુરૂષોએ રચેલા છે. પરંતુ તેઓ ઘણાખરા પ્રાકૃત (માગધી) ભાષામાં અને કેટલાક સંસ્કૃત ભાષામાં કરેલા છે. માટે તેવા ગ્રંથો અમને વાંચવા બહુ અઘરા પડે છે.

એમ ભાષાની અજ્ઞાનતાને લીધે માતૃભાષા ઉપર ઘણાખરા લોકોનો પ્રેમ આજકાલ વધી પડેલો જોવામાં આવે છે. વળી હાલમાં પણ ધર્મની ભાવના કેટલાક લોકોના હૃદયમાં સામાન્યપણે ઠીક જોવામાં આવે છે. જેથી માતૃભાષામાં લખાતાં પુસ્તકોનું વાંચન હાલમાં બહુ વધી પડ્યું છે.

વળી આધુનિક નવીન વાર્તારૂપમાં લખાતાં પુસ્તકો કેટલાંક એવાં પણ હોય છે, કે જેમના વાંચનથી અનધિકારી બાળજીવો ઉલટે રસ્તે દોરાઈ જાય છે એટલું જ નહી, પરંતુ પોતાના સહચારીઓને પણ માર્ગથી વિમુખ કર્યા સિવાય રહેતા નથી.

એવા કેટલાક કારણોને તેમજ કેટલાક વાચક સુજ્ઞજનોની પ્રેરણાને લીધે શ્રીમાન્ **ધનેશ્વરમુનિએ** પ્રાકૃત (માગધી) ભાષામાં પદ્યબંધ રચેલા સુરસુંદરી ચરિત્રનો માતૃભાષામાં અનુવાદ કરવો મેં ઉચિત ધાર્યો. કારણ કે જેની રસિકતા એટલી બધી સુંદર અને સચોટ છે કે વાચકોના હૃદયમાં ધર્મની સંસ્કૃતિ સ્થિર થયા સિવાય રહે તેમ નથી, એ આ ગ્રંથના વાચન ઉપરથી જ પુરવાર થઈ આવે છે.

વળી આ ગ્રંથનો મુખ્ય ઉદ્દેશ રાગદ્વેષનો ત્યાગ કરવામાં રહેલો છે, એમ ગ્રંથકર્ત્તા મુનિશ્રીએ પોતે પણ દરેક પરિચ્છેદની સમાપ્તિમાં જણાવ્યું છે.

"साहुधणेसरविरइय,–सुबोहगाहासमूहरम्माए ।
रागग्गिदोससविसहर–पसमणजलमंतभूयाए ॥९॥

આ સુરસુંદરી કથા શ્રીમાન્ **ધનેશ્વર** મુનિએ રચેલી છે. જેની અંદર સુગમ અર્થવાળી અને મનોહર બોધદાયક ગાથાઓ રહેલી છે, તેમજ રાગરૂપ અગ્નિ અને દ્વેષરૂપ ભુજંગને શાંત કરવામાં આ સુરસુંદરી કથાને જળ અને મંત્રની ઉપમા આપવામાં આવી છે.

તે ઉપરથી આ કથાનકની લોકોમાં કેટલી ઉપયોગિતા છે, તે વાચકોએ સ્વયમેવ વિચાર કરી લેવો.

વળી જ્યાં સુધી રાગદ્વેષરૂપ મહાસુભટોનું બળ જાગૃત્ રહે છે, ત્યાં સુધી પુરૂષ પ્રયત્ન સફલ થતો નથી. માટે રાગ દ્વેષનો અવશ્ય ત્યાગ કરવો ઉચિત છે, શાસ્ત્રમાં કહ્યું છે કે—

**रागद्वेषौ यदि स्यातां, तपसा किं प्रयोजनम् ।**
**तावेव यदि न स्यातां, तपसा किं प्रयोजनम् ॥१॥**

હે મુમુક્ષુજનો ! કદાચિત્ હૃદયાવાસમાં રાગ અને દ્વેષ રહેલા હોય તો તપશ્ચર્યા કરવાથી શું ફલ થાય ? અર્થાત્ તેમની આગળ તપનો પ્રભાવ ટકી શકતો નથી.

વળી જો તે રાગદ્વેષનો અભાવ થયો હોય તો પછી તપશ્ચર્યા કરવાનું કંઇપણ પ્રયોજન રહેતું નથી, કારણ કે જેણે રાગદ્વેષનો જય કર્યો હોય તેને કોઇ પ્રકારની અપૂર્ણતા રહેતી નથી.

વળી રાગને લીધે મોટા વિદ્વાનો પણ સ્ત્રી, પુત્ર ધન અને દેશાદિકના અભિમાનમાં ફસાઈને જન્માંતરમાં અનેક દુઃખોના ભોગી થાય છે. મોહદશાને આધીન થયેલા કેટલાક જીવો તિર્યંચયોનિમાં ઉત્પન્ન થઇ અનેક દુઃખો પોતે ભોગવે છે અને દ્વેષબુદ્ધિને લીધે અન્ય જીવોના પણ પ્રાણઘાતક થાય છે. પુનઃ મરણ પામી તેઓ વૈરના સંબંધને લઈને અતિ દારૂણ એવાં નારકીના દુઃખોને સહન કરે છે, એમ વારંવાર જન્મમરણને સ્વાધીન થઇ પારાવાર સંસારસાગરની સીમા તેઓને દૃષ્ટિગોચર થતી નથી.

તેના પ્રત્યક્ષ દાખલા આ ચરિત્રની અંદર શ્રીમાન કેવલી ભગવાને ભવ્ય જીવોના કલ્યાણ માટે સારી રીતે બતાવ્યા છે, એટલે તે સંબંધી વિશેષ ઉલ્લેખ આપવો અહીં જરૂર તો નથી. કારણ કે તે લખવા જતાં મોટો એક પ્રબંધ થઈ જાય, છતાં પણ તેનો એક નમુનો દર્શાવવો ઘણો અગત્યનો છે.

સજ્જનો! આ ચરિત્રના ચૌદમા પરિચ્છેદમાં વિશુદ્ધ જ્ઞાનધારી કૃપાલુશ્રી સુપ્રતિષ્ઠત કેવલીએ ઉપદેશ આપતાં જણાવ્યું છે કે

અવરકંકા નગરીનો રહીશ **અંબડ** નામે એક વણિક હતો, તેના **મંડણ**, મલ્હણ અને ચંદણ નામે ત્રણ પુત્ર હતા. જેમની અનુક્રમે લક્ષ્મી, સરસ્વતી અને

સંપદા એ ત્રણે સ્ત્રીઓ ઉચિત શીલગુણ પાલવામાં બહુ જ અગ્રસ્થાને ગણાતી હતી.

પરંતુ પૂર્વાર્જીત દોષને લીધે દુરાચારીઓમાં મુખ્ય સ્થાન ભોગવતો **નિન્નક**નામે એક વંઠ હતો. તેનું દૃષ્ટિ વિષ લાગવાથી લક્ષ્મી શેઠાણી બહુ દારૂણ દુઃખમાં આવી પડી અને તે દુષ્ટ પણ પોતાના અનાચારને લીધે આ જન્મે પણ દારૂણ દુઃખથી દેહાંત કરી તિર્યંચાદિકના ભવોમાં અવાચ્ય કષ્ટનું સેવન કરતો ચિરકાલ પરિભ્રમણ કરશે. વિગેરે અનેક દૃષ્ટાંતો આપીને પૂર્વોક્ત કેવલી ભગવાને અપૂર્વ બોધ આપેલો છે.

જેના શ્રવણ માત્રથી હજારો રાજામહારાજાઓ રાજ્ય સંપત્તિઓને તૃણસમાન માની વૈરાગ્યરસમાં જ કેવલ લુબ્ધ થયા છે.

આ ઉપરથી અહીં એટલો સાર લેવાનો છે કે દુઃશીલરૂપી દુરાચારસમાન આ દુનિયામાં અન્ય કોઇપણ વૈરી નથી. મોટામાં મોટો આ વૈરી કહેલો છે. કારણકે જન્માંતરમાં પણ આ વૈરી વેર છોડતો નથી.

આવાં ઉભયલોકનાં દારૂણ દુઃખોને ઉપશમન કરનાર માત્ર આ અપૂર્વ ચરિત્રનું જ્ઞાન વિલસી રહ્યું છે.

અહો! આવા પ્રસાદીકૃત ગ્રંથોના ઉત્પાદક મહાત્માઓની કેટલી ઉદારતા!! કેટલી દયાલુતા! કેટલી વિજ્ઞાનતા!! અને કેટલી ઉપકારિતા! પ્રાચીન કાળમાં જે સત્પુરૂષો પોતાની હયાતીમાં જ્ઞાનદીપક દ્વારા લોકોના

મોહતિમિરને દૂર કરી અગમ્યવસ્તુનું ભાન કરાવતા હતા, એટલુંજ નહીં, પરંતુ હાલમાં પણ અલૌકિક રસમય એવી કથાસરિત્‌ના પ્રવાહવડે જ્ઞાનાંકુરાઓની પુષ્ટિ કરતા તેઓ તેવાને તેવાજ પોતાની વિદ્યમાનતા ભોગવી રહ્યા છે.

અહો! આવા સત્પુરૂષોનું જીવન એ જ જીવન ગણાય. પોતાના અસ્તિત્વમાં લોકોપકારની જેમણે સીમા રાખી નથી. તેમજ વર્તમાનમાં પણ જેમના ઉપકારની સીમા ટાંકી શકાતી નથી.

સજ્જનો! આવા જ્ઞાનીમહાત્માઓ સદાને માટે અપૂર્વ પરોપકાર કરી રહ્યા છે. જેમણે પોતાના શરીર ઉપર મમત્વભાવ રાખ્યો નથી. માત્ર પરોપકૃતિને જ મુખ્યસ્થાને ગણેલી છે, એવા સજ્જન પુરૂષો બહુ વિરલા હોય છે. જેમકે—

**विद्वांसः कति योगिनः कति गुणैर्वैदग्ध्यभाजः कति,**
**प्रौढा मत्तकरीन्द्रकुम्भदलने वीराः प्रसिद्धाः कति ।**
**स्वाचाराः कति सुन्दराः कति कति प्राज्यप्रतिष्ठावराः,**
**किन्त्वेको विरलः परोपकरणे यस्याऽस्ति शक्तिःसदा ॥१॥**

—આ દુનિયામાં પરોપકારને માટે કેટલાક વિદ્વાન્ પુરૂષો પોતાની શક્તિ મુજબ ઉપદેશ આપતા પોતાને કૃતાર્થ માને છે. તેમજ કેટલાક યોગી મહાત્માઓ યોગમાર્ગનું અવલંબન આપી આહારવિહારાદિક ક્રિયાઓને ટકાવી રહ્યા છે.

કેટલાક મહાશયો પોતાના દયાદાક્ષિણ્યાદિક સદ્-ગુણો વડે લોકોમાં પ્રૌઢતર ઓજસ વિસ્તારી રહ્યા છે.

કેટલાક વીરપુરૂષો મદોન્મત્ત ગજેંદ્રોનાં કુંભસ્થલોને વિદારવામાં પ્રચંડ શક્તિમાન હોય છે,

કેટલાક મહાત્માઓ તપશ્ચર્યાદિક પોતાનાસ દાચા-રોમાં પ્રસિદ્ધિ મેળવીને લોકોમાં સદાચારની જાગૃતી ફેલાવે છે.

કેટલાક સૌમ્યભાવમાં રહ્યા છતા દુર્જનોના દુર્ભાવને હઠાવવામાં એક દ્દષ્ટાંત તરીકે લેખાય છે.

કેટલાક સજ્જનો ઉત્તમ પ્રકારની પ્રતિષ્ઠા મેળવીને નીતિમાર્ગનો પ્રસાર કરે છે.

એમ ભિન્નભિન્ન પ્રકારના ઉપકારો હોઇ શકે છે, પરંતુ હમેશાં પરોપકાર કરવામાં જેમની શક્તિ હોય તેવા જ્ઞાની પુરૂષ તો આ દુનિયામાં કોઈક વિરલા હોય છે કે જેમના અબાધિત વચનામૃતનું પાન કરી ત્રણે કાલમાં ભવ્યપ્રાણીઓની આબાદી અક્ષયપણે દીપી રહે છે.

આવા પરોપકારી આચાર્યો આ દુનિયામાં અમર જ ગણાય છે. અહો ! લોકોપકારી અને નિઃસ્વાર્થવૃત્તિ-વાળા સત્પુરૂષોનો આવો સ્વભાવ જ હોય છે કે—

मूले भुजङ्गैः शिखरे विहङ्गैः,<br>
शाखा प्लवङ्गैः कुसुमानि भृङ्गैः ।<br>
आश्चर्यमेतत्खलु चन्दनस्य,<br>
परोपकाराय सतां विभूतयः ॥१॥'

અહો ! ચંદનવૃક્ષની સ્થિતિ જોતાં કોઈપણ માનવના હૃદયમાં આશ્ચર્ય થયા વિના રહે તેમ નથી. કારણ ?

તેના મૂળભાગમાં ઠંડકને લીધે ભુજંગો વીંટાઈ વળેલા હોય છે.

તેમજ ઉપરના ભાગમાં પક્ષીઓના સમુદાય કોલાહલ કરી મૂકે છે.

શાખાઓમાં વાનરાઓને વિશ્રાંતિ મળે છે અને ગુંજારવ કરતાં ભ્રમરાઓનાં ટોળાં જેના કુસુમોનો આસ્વાદ લઈ સંતોષ માને છે. એટલું જ નહીં પરંતુ એના કાષ્ઠનો કેટલો સદુપયોગ થાય છે તે ભાગ્યે જ કોઈને અવિદિત હશે ? બલ્કે સજ્જનોની સંપદાઓ હંમેશાં પરોપકારને માટે જ નિર્માયેલી હોય છે એ નિર્વિવાદ છે. વળી આવા જનોપકારી મહાત્માઓ તો ત્રણેકાળમાં વંદનીય છે.–જેમકે—

**दानाय लक्ष्मीः सुकृताय विद्या,**
**चिन्ता परब्रह्मविनिश्चयाय ।**
**परोपकाराय वचांसि यस्य,**
**वन्द्यस्त्रिलोकीतिलकःस एव ॥१॥**

જે પુરૂષની લક્ષ્મી હંમેશાં દાનને માટે કલ્પાયેલી હોય,

સદ્વિદ્યાનો અભ્યાસ સુકૃતને માટે હોય પણ વાદ-વિવાદને માટે ન હોય.

પરબ્રહ્મ એટલે આત્મતત્ત્વના નિશ્ચયમાં જ જેની પ્રતિભાનો સદુપયોગ થતો હોય અને જેનો વાગ્વિલાસ બુદ્ધિ પરોપકારને માટે જ હંમેશાં વર્ત્તતો હોય, તે પુરૂષ જ ત્રણે લોકમાં તિલકસમાન ગણાય છે અને વંદનીય પણ તેજ મહાત્મા ગણાય છે.

જેમની અવિચલ વાણીવડે ભવ્યપ્રાણીઓ દુરંત સંસારનાં દારૂણ દુઃખોને તરી જાય છે. એવા નિષ્કામ માર્ગમાં વર્તનાર મહાત્માઓનું અનુકરણ કરવા કોઇ મહાત્મા કટીબદ્ધ થાય તો તે અસ્થાને ગણાય નહીં. કારણકે જ્ઞાનશક્તિને અનુસારે પોતાના ઉદ્ગારો જાહેરમાં મૂકવા. જેથી તે વિચારો લોકોમાં ઉત્તરોત્તર મહાન્ ઉપકારક થઈ પડે છે.

માટે સજ્જનોએ ઉપકાર કરવાની વૃત્તિને કોઇપણ સમયે વિસ્મરવી જોઇતી નથી. જેમકે—

रत्नाकरः किं कुरुते स्वरत्नै-
विंन्ध्याचलः किं करिभिः करोति ।
श्रीखण्डखण्डैर्मलयाचलः किं,
परोपकाराय सतां विभूतयः ॥१॥
पिबन्ति नद्यः स्वयमेव नाम्भः,
स्वयं न खादन्ति फलानि वृक्षाः ।
पयोमुचाम्भः क्वचिदस्ति पास्यं,
परोपकाराय सतां विभूतवः ॥२॥

આ જગત્‌ની અંદર અનેક રત્નોનો આધાર સમુદ્ર ગણાય છે, છતાં તે પોતાનાં રત્નોનો પોતે કંઇ પણ ઉપભોગ કરતો નથી. માત્ર પોતાની સમૃદ્ધિ વડે અન્યજનોને સંતુષ્ટ કરે છે.

તેમજ વિંધ્યાચલમાં અનેક પ્રકારના અમૂલ્ય હાથીઓ રહેલા છે. તેમાં પોતાનો કોઈપણ સ્વાર્થ તેને રહેલો નથી.

શ્રીખંડચંદનના કાષ્ટો વડે મલયાચલને કોઈપણ સ્વાર્થ નથી. માત્ર પરોપકારને માટે જ તેઓ રહેલા છે.

વળી સ્વાદિષ્ટ જલપ્રવાહને વહન કરતી નદીઓ પોતે કોઇપણ સમયે તેનું પાન કરતી નથી,

તેમજ છેદન ભેદન અને આતપાદિક દુઃખોને સહન કરતાં વૃક્ષો સ્વાદિષ્ટ એવાં ફલોનો પોતે સ્વાદ લેતા નથી, તેમજ પરોપકારમાં રસિક એવો મેઘરાજા અનર્ગલ જળ વરસાવે છે, છતાં કોઈ પણ સમયે પોતે તેનું પાન કરતો નથી, માત્ર આ એક તેમના પરોપકારની જ નિશાની છે.

સજ્જનો ! આવા અજ્ઞાત સરખા પ્રાણીઓ પણ કેવો ઉપકાર કરી રહ્યા છે ? તો ઉત્તમ માનવભવ તેમજ જ્ઞાનશક્તિ પામીને તે માર્ગને આપણે કેમ ભૂલવો જોઇએ !

વળી જેમની કૃતિરૂપ નૌકાનો આશ્રય લઈ ભવ્ય-પ્રાણીઓ સંસારસમુદ્રને ગોષ્પદસમાન તરી જાય છે એવા પૂર્વાચાર્યોનું જીવનવૃત્તાંત આદર્શભૂત ગણાય છે.

હવે આ સૃષ્ટિનો સર્વ ક્રમ શાસ્ત્રસિદ્ધાન્ત ઉપર રહેલો છે. જેમના ઉત્પાદક આપણા પૂર્વાચાર્યો મહા જ્ઞાન ધારક હતા અને હાલમાં પણ પોતાની કૃતિ દ્વારા તેઓ અમર જ ગણાય છે.

વળી તે શાસ્ત્રસિદ્ધાંત કે સૂત્રચરિત્ર વિગેરે ઘણા ગ્રંથો પ્રાકૃત (માગધી) ભાષામાં રચાયેલા છે. જેથી જંબૂદ્વીપ ભરતક્ષેત્ર અથવા આર્યાવર્ત્ત એવા નામથી જૈન તથા બૌદ્ધોના સિદ્ધાંતોમાં પ્રતિપાદન કરેલાં, તેમજ સર્વત્ર પ્રસિદ્ધ થયેલા આ ભારત વર્ષની પ્રાચીન ભાષાઓમાં પ્રાકૃત ભાષા પણ એક હયાતી ધરાવે છે. એ વાત પ્રમાણ સિદ્ધ છે અને તે હકીકત ઇતિહાસશાસ્ત્રમાં કુશલ એવા સર્વ બુદ્ધિમાન્ પુરૂષોને જાણવા બહાર નથી.

જો કે સંસ્કૃત, પ્રાકૃત, પાલી અને પૈશાચી વિગેરે ઘણી ભાષાઓમાં લખાયેલા પ્રાચીન અર્વાચીન અનેક પ્રકારના સાહિત્યગ્રંથો ઉપલબ્ધ થાય છે. તેમાં અતિશય પ્રાચીન અથવા પ્રાચીનતમ કઈ ભાષા સમજવી ! એનો નિર્ણય કરવો બહુ જ અશકય છે. અથવા તેમાં અનેક પ્રકારના મતભેદ રહેલા છે.

કેટલાક સંસ્કૃતને પ્રાચીનતમ માને છે, તો કેટલાક પ્રાકૃતને અને કેટલાક તો પાલીભાષાને, એમ મતભેદ રહેલા છે.

વળી પિટક ગ્રંથના નામથી પ્રસિદ્ધ એવા 'मज्झिमनिकाय' આદિક બૌદ્ધોનાં મૂળ ધર્મશાસ્ત્ર તેમજ તેમના

અંગભૂત સૌગતોએ રચેલા સંખ્યાબંધ બીજા વ્યાકરણ ન્યાયઆદિક વિવિધ પ્રકારના ગ્રંથોનું 'પાલી' ભાષાના નામથી પ્રસિદ્ધપણું છે.

તેમજ પ્રાચીન વ્યવહાર પણ પાલીભાષાનો ચાલ્યો આવ્યો છે. છતાં પણ જો પ્રાકૃત ભાષાની સાથે તેનો મુકાબલો કરવા ધારીએ છીએ, તો માગધી, શૌરસેની પૈશાચી વગેરે ભાષાઓની માફક પાલીભાષામાં પણ કંઇ વાસ્તવિક ભેદ જોવામાં આવતો નથી.

વસ્તુતઃ દેશ, કાલ અને વક્તા આદિક સામગ્રીના ભેદને લીધે કંઈક ભેદ જોવામાં આવે છે. માગધી શારસેની આદિકની અપેક્ષાએ પ્રાકૃતભાષા જેમ નામાંતર ધારણ કરે છે, તેમ પાલીભાષા પણ નામ માત્રથી ભિન્નપણું વહન કરે છે. કારણકે શ્રીમાન્ મહાવીરસ્વામી અને બુદ્ધ દેવનો સમાન દેશકાલમાં પ્રાદુર્ભાવ થયેલો છે. તો તેમની ભાષામાં સર્વથા ભેદ સંભવતો નથી.

વળી જો ભેદ માનીએ તો તેમાં કોઇ સબલ પ્રમાણ નથી. તેમજ બંનેના ધાર્મિક ગ્રંથોની ભાષા પણ એકસરખી મળતી આવે છે. તે તેમના ગ્રંથો ઉપરથી પ્રત્યક્ષ થઈ આવે છે.

વળી સંસ્કૃત, પ્રાકૃત અને પાલીભાષામાં પ્રાચીન પંડિતોએ રચેલા વિવિધ પ્રકારના વિષયોથી ભરપૂર ઘણા સાહિત્ય ગ્રંથો ઉપલબ્ધ થાય છે.

તેમજ સાંપ્રતકાલમાં પણ પ્રાયે સર્વમતાનુયાયી અને સર્વદેશવાસીઓના વિદ્વાનો થોડા ઘણા પ્રમાણમાં સંસ્કૃત ભાષાનું સાહિત્ય પ્રગટ કરે છે.

તેમજ પાલીભાષાનું સાહિત્ય પણ સિંહલદ્વીપ તથા બ્રહ્મદેશમાં રહેનાર બૌદ્ધમતાનુસારી વિદ્વાનો નવીન રચીને જાહેરમાં મૂકે છે. જેથી પોતાની ભાષાનું જીવન તેઓ સારી રીતે મજબુત કરી રહ્યા છે. પરંતુ હાલમાં કેવલ પ્રાકૃત (માગધી) ભાષાનું જ દુર્ભાગ્ય આવી પડયું છે.

વળી જે ભાષાનું ગૌરવપણું પ્રથમ સમગ્ર દર્શનાનુયાયી એવા સમસ્ત દેશવાસી પંડિતોએ વિવિધ પ્રકારે એટલું બધું સંપાદન કર્યું હતું કે, જેની આબાદી સર્વોપરિ ગણાતી હતી.

તેમજ જૈન વિદ્વાનોએ ઉત્તરોત્તર તેટલા અધિક પ્રમાણમાં તેનો સ્વીકાર કર્યો હતો, કે જે પ્રાકૃતભાષા જૈનોની જ ખાસ પોતાની ભાષા લેખાતી હતી, એમ સર્વત્ર પ્રસિદ્ધિ હતી.

તેમ છતાં હાલમાં જૈન પંડિતો પણ અન્ય ભાષામાં સાહિત્ય રચવાનો પ્રયાસ યથાશક્તિ કરી રહ્યા છે અને પોતાની ભાષા તરફ બીલકુલ લક્ષ્ય આપતા નથી.

એ કારણને લીધે જ હવે પ્રાકૃત ભાષાનું સાહિત્ય નવીન થતું અટકી પડયું છે અને પ્રાચીન સાહિત્ય પણ દિવસે દિવસે ક્ષીણદશામાં આવતું જાય છે. જેથી આ

બીચારી પ્રાકૃતભાષા અતિદીન અવસ્થાને આધીન થઈ પડી છે. અર્હંત ભગવાનની વાણીના ઉપાસક થઈને આપણને આ ઓછું શરમાવા જેવું નથી.

વળી આ ભાષાઓમાં કઈ ભાષા પ્રથમ રચાયેલી હશે, તેનો નિર્ણય કરતાં ઘણો વિષય લંબાઈ જાય. જેથી અહીં તેની ઉપેક્ષા કરવી અનુચિત ગણાશે નહીં, એમ છતાં પણ સામાન્ય રીતે કહીએ તો પ્રાકૃત ભાષાનું અસ્તિત્વ અઢી હજાર વર્ષથી ઓછું નથી. એમ કોઇ પ્રકારે પંડિતોનો મતભેદ છે નહીં એ નિર્વિવાદ છે, એટલું જ નહીં પરંતુ આ પ્રાકૃત ભાષામાં જે અર્થ વડે તીર્થંકરોએ અને શબ્દો વડે ગણધરોએ દ્વાદશાંગી રચેલી છે–તદ્યથા–

"आचाराङ्गं सूत्रकृतं, स्थानाङ्गं समवाययुक् ।
पञ्चमं भगवत्यङ्गं, ज्ञाताधर्मकथापि च ॥१॥
उपासकान्तकृदनु–त्तरोपपतिकात् दशाः ।
प्रश्नव्याकरणं चैव, विपाकश्रुतमेव च ॥२॥
इत्येकादशसोपाङ्गा–न्यङ्गानि द्वादशः पुनः ।
दृष्टिवादोद्वदशाङ्गी, स्याद्गणिपिटकाह्वया ॥३॥

આચારાંગ, સૂત્રકૃતાં, સ્થાનાંગ, સમવાયાંગ, ભગવતી, જ્ઞાતાસુત્ર, ઉપાસક, અંતકૃત, અનુત્તરોપપાતિક, પ્રશ્નવ્યાકરણ અને વિપાકસૂત્ર એ અગીયાર અંગસહિત બારમું દૃષ્ટિવાદ-અંગ એમ સર્વ મળી ગણિપિટક નામની દ્વાદશાંગી કહેવામાં આવી છે.

આ બારે સિદ્ધાંતગ્રંથોમાં પ્રથમનાં અગીયાર અંગ પ્રાકૃતભાષામાં રચેલાં છે. કારણકે બાલ, સ્ત્રી અને મૂઢાદિક અલ્પબુદ્ધિવાળા પ્રાણીઓનો અધિકાર પ્રાકૃતમાં જ રહેલો છે અને બારમો દૃષ્ટિવાદ ગ્રંથ સંસ્કૃત ભાષામાં રચેલો છે. કારણ કે અતિશય વ્યુત્પન્ન બુદ્ધિવાળા અધિકારી પુરૂષોની અપેક્ષાએ તેની રચના કરવામાં આવી છે.

આ પ્રમાણે રચેલાં અંગ સૂત્રાદિકના પર્યાયવાચક સિદ્ધાંતોમાં સૂત્ર પ્રયોજનના પ્રતિપાદન પ્રકરણમાં કલિકાલ સર્વજ્ઞ શ્રીમાન્ હેમચંદ્રાચાર્ય પ્રમુખ અથવા તેમનાથી પણ પ્રાચીન પ્રાજ્ઞવર્યોએ કહ્યું છે કે,

**"बालस्त्रीमूढमूर्खाणां, नृणां चारित्रकांक्षिणाम् ।**
**अनुग्रहार्थं तत्त्वज्ञैः, सिद्धान्तः प्राकृतः कृतः ॥१॥**

ચારિત્ર [મુક્તિ]ની આકાંક્ષાવાળા બાલ, સ્ત્રી, મૂઢ અને મૂર્ખ એવા મનુષ્યોના અનુગ્રહને માટે તત્ત્વજ્ઞ પુરૂષોએ પ્રાકૃત ભાષામાં સિદ્ધાંત રચેલાં છે. વિગેરે બહુ પ્રકારના ઉલ્લેખવડે વારંવાર તે તે ગ્રંથોમાં જૈન સિદ્ધાંતોનો પ્રાકૃત ભાષામાંજ નિરૂપણ કરાયેલો અસાધારણ ઉપકારે સર્વ જનોને કરેલો છે.

જૈનેતર એવા દંડી, ભામહ, વરરૂચિ અને વાક્પતિ વિગેરે કેટલાક પ્રાચીન પ્રસિદ્ધ પંડિતોએ પણ રચેલા મૃચ્છકટિક, ગઉડવહ અને પ્રાકૃત મંજરી આદિક નાટક ગ્રંથોમાં પણ તેવા પ્રકારનાં અનધિકારી પાત્રાદિકની પ્રાકૃત

ભાષામાં વચન રચના હોય છે અને તેવી પદ્ધતિમાંજ તેમની પ્રવૃત્તિ હોય છે.

વળી નાટકાદિક ગ્રંથોમાં સ્ત્રીઓ અને વિદૂષક પ્રમુખ કેટલાંક પાત્રોની પ્રાકૃત ભાષા હોય છે, પરંતુ તે ભાષા શ્રીમાન્ હેમચંદ્ર, ચંડ અને વરરૂચિ પ્રમુખ પંડિતોએ રચેલા પ્રાકૃત વ્યાકરણના નિયમોને પ્રાયે અનુસરતી નથી, અર્થાત્ વ્યાકરણના નિયમોથી બહિર્મુખ છે.

તેમજ પ્રાકૃત ભાષાથી વિરૂદ્ધ અને શૌરસેની, માગધી, પૈશાચી તથા પાલી વગેરે ભાષાઓથી વિચિત્ર પ્રકારના પ્રયોગો તેમાં રહેલા હોય છે. જેથી તે નાટકાદિકની ભાષા પ્રાકૃત ભાષાથી વિલક્ષણ દેખાય છે.

પરંતુ સૂક્ષ્મ દૃષ્ટિએ વિચાર કરીએ તો તેઓમાં કંઈપણ પૃથક્પણું લાગતું નથી. કારણકે દેશ કાલાદિકના પરિવર્તનને લીધે દરેક પદાર્થોમાં ન્યૂનાધિક ફેરફાર થાય છે, પણ મૂળ સ્વરૂપને તેઓ છોડતા નથી.

તેવી જ રીતે કોઇપણ કારણની અપેક્ષાએ સર્વ ભાષાઓમાં પણ થોડો ઘણો ફેરફાર થયા કરે છે. તો તેવા વિભેદને લીધે તેઓ સંજ્ઞાંતરને પ્રાપ્ત થતી નથી.

દેશ વિભેદને લઇને ભિન્ન ભિન્ન નામાંતરને પ્રાપ્ત થયેલી પ્રાકૃતાદિક ભાષાઓ વસ્તુતઃ સમાન જ ગણાય છે. વળી હેમચંદ્રાચાર્ય કરતાં પ્રાચીન જૈન તથા જૈનેતર ઘણા પંડિતોએ પ્રાકૃત ભાષામાં નાટક, ચરિત્ર, સ્તોત્ર અને સાહિત્ય વિગેરેના ઘણા ગ્રંથો રચેલા છે.

તેમાં દરેક સ્થલે વિવિધ પ્રકારના પ્રયોગો જોવામાં આવે છે, તે પણ "शेषं प्राकृतवत्" शेषं शौरसेनीवत" "व्यत्ययश्च" ઈત્યાદિક નિયમોને લીધે તેઓમાં કેટલોક પરસ્પર ભેદ જોવામાં આવે છે. વિગેરે ચર્ચનીય વિષય અહીં નહીં લંબાવતા હવે અન્ય તરફ દૃષ્ટિ કરીએ છીએ.

જે સમયે પ્રાકૃત ભાષામાં સિદ્ધાંતાદિક ગ્રંથો રચાયા હતા, તે સમયે આબાલગોપાલ સુધીના સર્વ લોકોમાં આ ભાષાનો જ અનન્ય પ્રચાર હોવો જોઈએ, એમાં કોઈ પ્રકારનો સંદેહ માનવા જેવું નથી. અન્યથા તે ભાષાનો તેવો જો પ્રચાર ન હોય તો પૂર્વોક્ત સિદ્ધાંતાદિક ગ્રંથોથી જનસમાજને જોઇએ તેટલો ઉપકાર થઇ શકે નહીં અને અને આચાર્યોએ તો લોકોપકારને માટે સરલતાથી સામાન્યપણે સર્વ લોકો સમજી શકે તેવા હેતુથી તે ભાષાની પ્રવૃત્તિ કરી હતી.

હવે જો તે ભાષા લોકમાં પ્રચલિત ન હોય તો આચાર્યોનો મૂળ હેતુ સિદ્ધ થાય નહી. આપણે આ ભાષાને દેશભાષા માનવી ઉચિત છે. વળી મગધ દેશમાં ઉત્પન્ન થયેલી અથવા તે દેશનો સંબંધ ધરાવતી હતી, તેથી તે ભાષા માગધી કહેવામાં આવી.

આ કારણને લીધે જ તેનું નામાંતર થયું. વસ્તુતઃ તે પ્રાકૃત ભાષા જ છે. જેમકે મગધ દેશમાં વ્યવહાર કરવાથી તે માગધી બોલવામાં આવી. તેમ શૌરસેની વિગેરેના વિભેદો પણ તત્ તત્ દેશ પરત્વે સમજવા.

આ પ્રમાણે જે કલ્પના કરવામાં આવી છે, તે માત્ર વાક્ચાતુર્યની રચના સમજવી નહીં. કારણકે હાલમાં પણ આંગ્લભાષાનું સામ્રાજ્ય હોવા છતાં પણ અમેરિકા જેવા સુપ્રસિદ્ધ દેશોમાં જેમ તે ભાષાનો વ્યવહાર થાય છે. પરંતુ તે તે સંબંધને દેશોના લઇને નામાંતર તરીકે તે ભાષાનો વ્યવહાર કરવામાં આવે છે.

તેમજ તે મગધ દેશની અંદર લોકપ્રસિદ્ધ અને મહા વૈભવશાળી શ્રેણીક રાજા તથા અશોકાદિક અનેક મહારાજાઓના ચરિત્રો થયેલા છે. તેમજ સુપ્રસિદ્ધ પાટલીપુત્ર (પટણા) રાજગૃહી વિગેરે અનેક રાજધાનીઓ રહેલી છે.

વળી જે દેશને જગદુદ્ધારક શ્રીમાન્ ચરમ તીર્થંકર મહાવીર ભગવાન્ તથા બુદ્ધભગવાન અને મંખલીપુત્રાદિક મોટા ધર્મ પ્રવર્ત્તકો પોતાના જન્મ વડે પવિત્ર કરી ગયા છે, એવા તે મગધ દેશનું અતિ ગૌરવપણું ગણવામાં આવેલું છે.

તેથી આ પ્રાકૃત ભાષા પણ ભારત વર્ષના સર્વ દેશોમાં જનભાષા તરીકે પ્રચલિત થયેલી છે. એમ અનુમાન કરવામાં કોઇપણ પ્રકારનો કિંચિત્ માત્ર પણ બાધ આવતો નથી.

ઉલટો આપણને હસ્તાવલંબનદાયક એક સંવાદ ઉપસ્થિત થાય છે કે, હાલમાં પણ આ ભારતવર્ષમાં જનભાષા રૂપે ચાલતી નાગરી, ગૌર્જરી આદિક પ્રાયે સમસ્ત આ દેશભાષાઓનું વ્યાકરણાદિકથી પ્રતિપાદન કરેલું પ્રાથમિક સ્વરૂપ પ્રાકૃત ભાષાને જ ઘટે છે. એમ પૂર્વોક્ત વૃત્તાંત ઉપરથી સિદ્ધ થાય છે.

વળી કેટલાક ભાષાશાસ્ત્રીઓનું મંતવ્ય એવું છે કે ભારતવર્ષની સમગ્ર ભાષાઓનું મૂલ કારણ સંસ્કૃત ભાષા છે અને પ્રાકૃત ભાષાને સંસ્કૃત જન્ય હોવાથી દ્વિતીય સ્વરૂપમાં માને છે.

વળી તેઓ તેમાં પ્રમાણ આપે છે કે, "प्रकृतिः संस्कृतम्, तत्र भवं तत आगतं वा प्राकृतम्" મૂળ સ્વરૂપ સંસ્કૃત છે, તજજન્ય અથવા તેથી પ્રાપ્ત થયેલું જે વાગ્જાલ તે પ્રાકૃત કહેવામાં આવે છે. એમ સપ્રમાણ તેઓ પોતાનો અભિપ્રાય જાહેર કરે છે.

પરંતુ સૂક્ષ્મ દૃષ્ટિએ વિચાર કરતાં તેમનું તે મંતવ્ય અવ્યવસ્થિત છે. કારણકે પ્રાકૃત વ્યાકરણના નિયમોથી પ્રાકૃત ભાષાના ત્રણ ભેદ કલ્પવામાં આવ્યા છે.

જેમ કે સામાન્ય, વિશેષ અને મિશ્ર. એમાં પ્રાકૃત વિશેષને સંસ્કૃત જન્ય ગણવામાં આવી શકે, પરંતુ પ્રાકૃત તો મૂળ સ્વરૂપમાં જ ગણાય છે.

અન્યથા હેમચંદ્રાચાર્યને જ તીર્થંકરોની સામાન્ય ઉપદેશ ભાષાના વિવેચન પ્રસંગે વચન વિરોધ આવી જાય છે.

જેમકે તીર્થંકર ભગવાનની અર્ધ માગધી ભાષા સ્વરૂપથી એક છે, છતાં પણ તે વરસાદના જળની માફક આશ્રયના ગુણને અનુસરે છે. જેમકે—

"देवा दैवीं नरा नारीं, शवराश्चाऽपि शावरीम् ।
तिर्यञ्चोऽपि हि तैरश्चीं, मेनिरे भगवद्गिरम् ॥१॥

ભગવાન્ તીર્થંકરો જ્યારે સમવસરણમાં બેસી શુદ્ધ માગધી ભાષા વડે ઉપદેશ આપે છે, ત્યારે દેવતાઓ દેવવાણીને, મનુષ્યો માનવાણીને, શબર લોકો પણ શાબરી ભાષાને અને તિર્યંચો પણ પોતાની ભાષામાં સારી રીતે સમજી જાય છે.

એનું કારણ માત્ર ભગવાનનો અદ્‌ભુત અતિશય છે. જો એમ ન હોય તો એક સાથે અનેક ભિન્ન જાતિના પ્રાણીઓનો ઉપકાર કરવો બહુ અશકય છે.

આ વચનનો પૂર્વની સાથે વિરોધ આવે છે. કારણ કે અનાદિ સંસારના પ્રવાહ વડે ઉત્પન્ન થતા તીર્થંકરો અનાદિ ગણાય છે, તેમજ તેમણે ઉપદેશ દ્વારાએ ઉચ્ચારેલી પ્રાકૃત વાણી પણ અનાદિ ગણાય. જો તેની ઉત્પત્તિ માનીયે તો વિરોધ આવી પડે. માટે સંસ્કૃત જન્ય પ્રાકૃતનો સ્વીકાર કરીએ તો તેનામાં અવશ્ય સાદિત્વ દોષ આવે છે, અને પ્રાકૃત ભાષા તો વસ્તુતઃ અનાદિ છે, એ વિરોધને દૂર કરવા માટે અને મૂળરૂપ માગધી ભાષા ગણવામાં આવી છે.

વળી તે સમયના જૈન મતાનુયાયી તેમજ જૈનેતર મહાન્ વિદ્વાનોએ પોતપોતાના મતાગ્રહને દૂર કરી પરસ્પર હરીફાઇમાં આવીને આ ભાષાનો સાહિત્યભંડાર બહુ જ વિશાલ કર્યો હતો અને એટલો બધો વિસ્તારમાં વધી પડયો હતો કે,

અનેક અનાર્ય દુષ્ટ રાજાઓ જેના અપહારને માટે વિવિધ પ્રકારના ઉપદ્રવો કરી ચૂકયા અને હાલમાં પણ કરતા હશે તેમજ દુર્દૈવાદિકના સંયોગને લીધે પ્રતિદિવસ પ્રાપ્ત થતી નાના પ્રકારની આપત્તિઓ વડે બહુ જ ક્ષીણ દશામાં આવી પડયો છે.

છતાં પણ જે જ્ઞાન ભંડાર વર્તમાન સમયમાં નાના પ્રકારના વિષયોને પ્રતિપાદન કરવામાં અદ્વિતીય, વિચક્ષણ પુરૂષોના ચિત્તને ચમત્કાર કરવામાં મુખ્ય ગણાતા અન્ય ભાષાના સાહિત્યથી અધિક પ્રકાશ આપતા અને સાહિત્ય સંસ્થાઓમાં અલૌકિક પ્રકાશ આપતા તેમજ ઉત્તરોત્તર ભવિષ્યમાં રહેનારા પ્રાકૃત ભાષાના ગ્રંથરત્નોને સમર્પણ કરે છે.

તેજ સાહિત્ય ભાંડાગારના ઉત્તમ ગ્રંથરત્નો પૈકીનું આ પણ એક સુરસુંદરી ચરિત્ર રત્નનું ભાષાંતર વાચક વર્ગોની સમક્ષ મૂકવામાં આવે છે.

હવે આ મૂળ ગ્રંથના નિર્માતા સાધુ શિરોમણિ શ્રીમાન્ ધનેશ્વર મુનિ હતા. એ પ્રમાણે પોતે ગ્રંથકર્ત્તાએ દરેક પરિચ્છેદના છેવટના ભાગમાં એક ગાથા લખીને જણાવ્યું છે

"साहुधणेसरविरइय-सुबोहगाहासमूहरम्माए ।
रागग्गिदोसविसहर-पसमणजलमंतभूयाए ॥१॥

શ્રીમાન્ ધનેશ્વરમુનિએ રચેલી સુબોધ એવી ગાથાઓના સમૂહવડે રમણીય અને રાગરૂપી અગ્નિ તથા દ્વેષરૂપી

વિષધરને શાંત કરવામાં જળ અને મંત્રસમાન આ સુરસુંદરી કથા છે.

આ ઉપરથી કર્તાનો નિશ્ચય થયો. પરંતુ ભિન્નભિન્ન ગચ્છોને આશ્રયીને ધનેશ્વર નામના બહુ ગ્રંથકારો સ્મરણ ગોચર થાય છે.

જે પૈકીના પ્રથમ તો શત્રુંજય માહાત્મ્યના કર્ત્તા ધનેશ્વરમુનિ થઇ ગયા. તેમણે સૌરાષ્ટ્ર દેશમાં આવેલી વલ્લભીપુર (વલા)ની રાજધાની ઉપર વિરાજતા શિલાદિત્ય રાજાને માટે આ ગ્રંથ બનાવ્યો હતો, માટે શિલાદિત્યની વિદ્યમાનતાનો સમય એજ એમનો સત્તાકાલ સમજવો.

વળી શિલાદિત્યનો સમય વલભીપુરના ભંગની નજીકમાં હતો, કારણ કે રાજ્ય સમયના અંતરમાં જ વલભીપુર ભાગેલું છે.

હવે વલભીપુરનો નાશ કયારે થયો, તેનો નિર્ણય ચોક્કસ કહી શકાતો નથી. કારણ કે પ્રાચીન અને આધુનિક વિદ્વાનોના હાલમાં પણ સંબંધી અનેક પ્રકારના મતભેદ રહેલા છે. જેથી તેનો નિર્ણય અદ્યાપિ વિવાદગ્રસ્ત રહેલો છે.

વળી તે સંબંધમાં શ્રીમાન્ રાજશેખર સૂરિ લખે છે.

**विक्रमादित्यभूपालात् ; पञ्चषित्रिकवत्सरे ।**
**जातोऽयं वलभीङ्गो–ज्ञानिनः प्रथमं ययुः ॥१॥**

વિક્રમ સંવત ૩૭૫ની સાલમાં આ વલ્લભીપુરનો ભંગ થયો એમ જ્ઞાનિપુરૂષો જાણે છે.

વળી એ ઉલ્લેખને અનુસરીને તપાગચ્છની પટ્ટાવલીમાં ન્યાયાંભોનિધિ શ્રીમદ્વિજયાનંદસૂરીશ્વરે પણ વીરનિર્વાણથી (૮૪૫) અને વિક્રમ સંવત્થી (૩૭૫)નો સમય બતાવ્યો છે. તેમજ અન્ય આચાર્યોએ (૪૭૭) કેટલાક પંડિતોએ એથી પણ અન્ય સમય કહેલો છે.

એમ અનેક પ્રકારની કલ્પનાઓ હોવાથી તેનો નિર્ણય ચોક્કસ નથી. પરંતુ જે જે ધનેશ્વર નામના સૂરિઓ થઈ ગયા છે, તેઓમાં આ શત્રુંજય માહાત્મ્યના કર્ત્તા ધનેશ્વરસૂરિ પ્રાચીન છે, એ નિર્વિવાદ છે.

એમનાથી પ્રાચીન બીજા કોઈ એ નામના ગ્રંથકર્ત્તા આજ સુધી શ્રુતિગોચર થયા તેથી, તેમજ વાદમહાર્ણવ, તથા સંમતિ તર્ક ઉપર તત્ત્વબોધ વિધાયિની અતિ વિસ્તૃત ન્યાયગર્ભિત ટીકાના નિર્માતા, તર્કારણ્યાની શાર્દૂલ (તર્કરૂપી અરણ્યોમાં સિંહસમાન) એવી પદવીને વહન કરતા અને રાજગચ્છરૂપી ગગનાંગણમાં સૂર્યસમાન શ્રીમદ્ અભયદેવસુરિના શિષ્ય અને વિક્રમ સંવત્ ૧૨૪૬માં કાવ્યપ્રકાશના સંકેત કર્ત્તા શ્રી માણિક્યસૂરિના આઠમા પટ્ટગુરૂ એક ધનેશ્વરસૂરિ થયા.

જેમનો સત્તા સમય વિક્રમ સંવત્ ૧૧૦૦ અગીયારસોમાં હતો. શ્રી મુંજરાજાએ એમને પોતાના ગુરૂ

તરીકે અંગીકાર કર્યા હતા અને એમનું સન્માન પણ તે સારી રીતે કરતો હતો.

એ પ્રમાણે શ્રીમાણિક્ય સૂરિકૃત પ્રશસ્તિના ઉલ્લેખમાં સ્પષ્ટ રીતે જણાવેલું છે.

વળી બીજા ધનેશ્વરસૂરિ **વિશાવળ** ગચ્છમાં થયા છે. એમનો સત્તાસમય વિક્રમ સંવત્ ૧૨૦૦ માં હતો. વળી શ્રી જિનવલ્લભસૂરિએ સૂક્ષ્માર્થ વિચારસારના અપર પર્યાયવાચક સાર્ધશતકનામનો એક બોધદાયક ગ્રંથ રચેલો છે. તેની ઉપર ચારહજાર શ્લોકમાં ટીકા રચેલી છે, તેનો નિર્માણ સમય એમણે પોતે ત્યાં (૧૧૭૧) વિક્રમ સંવતમાં કહેલો છે.

તેમજ પ્રદ્યુમ્નસૂરિના શિષ્ય શ્રીચંદ્રપ્રભસૂરિ હતા, તેમના શિષ્ય, ચંદ્રગચ્છના અધિપતિ ધનેશ્વરસૂરિ બીજા હતા. જેમના વીરભદ્ર, દેવસૂરિ, દેવભદ્ર વાચક અને દેવેંદ્રસૂરિ એમ ચાર શિષ્યો હતા. એ પ્રમાણે શ્રીબાલચંદ્ર કવિએ રચેલી ઉપદેશકંદલી વૃત્તિની પ્રશસ્તિમાં ઉપલબ્ધ થાય છે.

આ ધનેશ્વરસૂરિનો વિદ્યમાન સમય વિક્રમ [૧૨૦૦] શતાબ્દીના અંતમાં માલુમ પડે છે. અથવા તેરસોના પ્રારંભમાં તેઓ વિદ્યમાન હોય એમ નિશ્ચય કરી શકાય છે.

શ્રીબાલચંદ્ર કવિ, ઉપદેશકંદલીના રચનાર શ્રી આસડકવિના શિષ્ય હતા અને આસડકવિ આ ધનેશ્વરસૂરિના પ્રશિષ્યના શિષ્ય હતા.

વળી આસડકવિએ વિવેકમંજરીનો નિર્માણકાળ વિક્રમ (૧૨૪૮) માં કહેલો છે. તેમજ શ્રીમન્મુનિસુંદરસૂરિએ રચેલી ગુર્વાવલીમાં પણ કહ્યું છે—

**अथ चैत्रपुरे वीर-प्रतिष्ठाकृत् धनेश्वरः ।**
**चन्द्रगच्छेऽभवत् सूरि-स्तस्माच्चैत्रगणोऽभवद् ॥१॥**

**ચૈત્રપુર** નગરમાં શ્રીમદ્વીર પરમાત્માની પ્રતિષ્ઠા કરાવનાર શ્રીધનેશ્વરસૂરિ **ચંદ્રગચ્છમાં થયા હતા,** તેથી લોકોમાં ચૈત્રગણ પ્રસિદ્ધ થયો. વસ્તુતઃ એક જ ગચ્છની ‘ચંદ્રગચ્છ’ ‘તપાગચ્છ’ ઇત્યાદિક સંજ્ઞાઓ વિશેષ કારણોને લઇને પ્રગટ થયેલી છે. એમ ગુર્વાવલીમાં પણ કહ્યું છે,

**श्रीचन्द्रगच्छोऽथ बृहद्गणश्च, तपागणश्चेत्यधुना,**
**स वाच्यः ।**
**चान्द्रं कुलं कोटिकनाम्निगच्छे,**
**वाज्री च शाखेति पुरा प्रसिद्धिः ॥१॥**

શ્રીચંદ્રગચ્છ તથા બૃહદ્ગણ અને તપાગચ્છ પણ હાલમાં એક જ તે કહેવાય છે. તેમજ કોટિકનામના ગચ્છમાં ચાંદ્રકુલ અને વજ્રશાખા કહેવાય છે, તે પ્રાચીન સમયની પ્રસિદ્ધિ છે.

ઇત્યાદિક વચનોથી શ્રીમાન્ ધનેશ્વરસૂરિનું જે વર્ણન કર્યું છે, તે જ આ ધનેશ્વરસૂરિ હોવા જોઇએ, જેમના **દેવભદ્રવાચક** નામે શિષ્ય આ ઉપદેશકંદલી વૃત્તિની પ્રશસ્તિમાં બતાવેલા છે. તે દેવભદ્રવાચકે પટ્ટાવલ્યાદિક

ગ્રંથોમાં નિર્ણિત કરેલા વિક્રમ તેરસોના સમયમાં શ્રીમજ્જગચ્ચંદ્રસૂરિને સદાચારથી શિથિલ થયેલા પોતાના તપાગચ્છના ઉદ્ધાર માટે તેમના (શ્રીજગચ્ચંદ્રસૂરિના) પુનઃ શિષ્ય થઇને સહાય આપેલી છે. એમ ગુર્વાવલીમાં પણ કહ્યું છે.

**देवभद्रगणीन्द्रोऽपि, संविग्न सपरिच्छदः ।**
**गणेन्द्रं श्रीजगच्चन्द्र–मेव भेजे गुरूं तदा ॥१॥**

દેવભદ્ર ગણીંદ્ર પોતે સંવિગ્ન હતા, છતાં પણ ગચ્છના 'ઉદ્ધાર માટે પરિવાર સહિત પોતે શ્રીમાન્ જગત્ચંદ્રસૂરિને જ તે સમયે ગુરૂ માનીને સેવતા હતા.”

તેમજ શ્રીમાન્ શીલભદ્રસૂરિના સતીર્થ્ય [ગુરૂભાઇ] અને સામાચારી પ્રમુખ ગ્રંથોના પ્રણેતા શ્રી ચંદ્રસૂરિના ગુરૂ પણ એક ધનેશ્વર નામે સૂરિ પુંગવ થયા છે.

વળી તે ધનેશ્વર સૂરિના શિષ્ય શ્રી ચંદ્ર સૂરિએ સુગમ અર્થવાળી અને સર્વ અનુષ્ઠાન પ્રદર્શક સામાચારી રચેલી છે. એમ બૃહત ટિપ્પણીમાં ઉલ્લેખ આપેલો છે,

આ ધનેશ્વર સૂરિનો સત્તા સમય પણ લગભગ વિક્રમ તેરસો શતાબ્દીમાં સંભવે છે. કારણ કે શ્રી ચંદ્રસૂરિએ વિક્રમ [૧૨૨૮] બારસો અઠ્ઠાવીશમાં **પંચોપાંગ** વૃત્તિ રચેલી છે.

તેમજ **નાગેંદ્રગચ્છમાં શ્રી વાસુપૂજ્યચરિત્રના** કર્તા શ્રી **વર્ધમાન** સૂરિ હતા, તેમના પ્રગુરૂ [ગુરૂના ગુરૂ] અને **ચંદ્રપ્રભ** ચરિત્રના પ્રણેતા **દેવેંદ્રાચાર્ય**ના ગુરૂ પણ

છઠ્ઠા ધનેશ્વર સૂરિ થયા છે. તે પોતે ગ્રંથકાર જ ચંદ્રપ્રભ-ચરિત્રની પ્રશસ્તિમાં કહે છે.

**श्रीधनेश्वरपदे सूरि-र्देवेन्द्राख्यः स्वभक्तिः।**
**पुण्याय चरितं चक्रे, श्रीमच्चन्द्रप्रभप्रभोः ॥१॥**

શ્રીમદ્ ધનેશ્વર સૂરિની પાટે શ્રી દેવેંદ્ર નામે સૂરિ થયા અને તેમણે પોતાની ભક્તિવડે અદૃષ્ટપુણ્યને માટે શ્રીમદ્ ચંદ્રપ્રભ પ્રભુનું ચરિત્ર રચેલું છે.

તેમજ વાસુપૂજ્ય ચરિત્રની પ્રશસ્તિમાં પણ કહ્યું છે.

**श्रीमान् धनेश्वरः सूरि-रथाऽजनि मुनिप्रभुः ।**
**रूपे वयसि च प्राप, जयपत्रं जनेषु यः ॥ १ ॥**

મુનિઓએ માનવાલાયક શ્રીમાન્ ધનેશ્વરસૂરિ શ્રી વર્ધમાન સ્વામીની પટ્ટપરંપરાએ થયા હતા, જેમણે આ જગતની અંદર રૂપ અને વયમાં જયપત્ર મેળવ્યું હતું.

આ ધનેશ્વર સૂરિનો પણ વિદ્યમાન સમય પૂર્વોક્ત આચાર્યના સમાન તેરસોના સૈકામાં જ હોવો જોઇએ. કારણ કે દેવેંદ્રઆચાર્યે વિક્રમ (૧૨૬૪)ની સાલમાં ચંદ્ર-પ્રભચરિત્ર રચેલું છે.

વળી અહીં પંડિત હીરાલાલનું કહેવું એવું છે કે વાસુપૂજ્ય ચરિત્રના કર્ત્તા વર્ધમાન સૂરિ વિક્રમ અગીયારસો (૧૧૦૦)માં થયા છે. પણ તે તેમનું મંતવ્ય અયોગ્ય છે. કારણકે ગ્રંથકર્ત્તાએ પોતે પ્રશસ્તિમાં ઉપરોક્ત (૧૩૦૦) સમય એક શ્લોક આપીને નિર્ણિત કરેલો છે, તે શ્લોક આગળ ઉપર દર્શાવવામાં આવશે.

વર્ધમાન સૂરિએ વાસુપૂજ્ય ચરિત્ર રચેલું છે, તેનો સમય વિક્રમ સંવત્ (૧૨૯૯)માં નિર્ણિત થયેલો છે.

વળી તેજ ગ્રંથકારની પ્રશસ્તિમાં કહ્યું છે.

"ततोऽसौ निधिनिध्यर्क-संख्ये,
(१२९९) विक्रमवत्सरे।
आचार्यैश्चरितं चक्रे, वासुपूज्यविभोरिदम् ॥ १ ॥

વિક્રમ સંવત્ (૧૨૯૯)ની સાલમાં આ સૂરિએ આ વાસુપૂજ્ય ચરિત્ર નિર્માણ કરેલું છે. માટે હીરાલાલ પંડિતનું જે મંતવ્ય છે, તે સૂરિ અન્ય હોવા જોઈએ અને આ સૂરિ અન્ય છે, એ નિર્ણય આ પ્રશસ્તિ ઉપરથી સ્પષ્ટ થઈ આવે છે.

વળી આ પ્રસ્તુતગ્રંથ (સુરસુંદરી)ના કર્ત્તા સર્વ આ ધનેશ્વર નામના પંડિતોથી ભિન્ન કોટીના છે. કારણકે પૂર્વોક્ત સમસ્ત પંડિતોથી એમનો સત્તા સમય ભિન્ન બતાવવામાં આવ્યો છે. પોતાનો સમય ગ્રંથકારે પોતે જ આ ગ્રંથની સમાપ્તિમાં દર્શાવેલો છે.

"कासी विक्कम वच्छरम्मिय गए बाणंकसुन्नोडुपे,"
વિક્રમ સંવત્ (૧૦૯૫)માં આ ગ્રંથની સમાપ્તિ થયેલી છે. વળી પૂર્વોક્ત સમસ્ત પંડિતો સૂરિ પદથી વિભૂષિત છે અને આ ગ્રંથ કર્ત્તા તો મુનિ પદથી વિભૂષિત છે, અર્થાત્ ધનેશ્વર મુનિ કહેવાય છે.

તેમજ આ ગ્રંથકર્તા પોતે જ સર્વ પરિચ્છેદના અંતમાં, "साहु धणेसर विरइय" ધનેશ્વર મુનિએ વિરચિત ઇત્યાદિક, વળી "तेसिं सीसवरो धणेसरमुणीं" વિગેરે વચનો વડે છેલ્લા પરિચ્છેદના અંત ભાગમાં પોતાનું સાધુપદ વર્ત્તિત્વ પ્રતિપાદન કરેલું છે.

આ ઉપરથી સૂરિપદધારક પૂર્વોકત મુનિઓથી આ ગ્રંથકર્ત્તા ભિન્ન છે.

વળી અહીં કેટલાક શંકા કરે છે કે, સુરિપદવી સાધુ પદથી ઉત્તમ ગણવામાં આવેલી છે. માટે સુરિપદનો ઉલ્લેખ કરી પોતાની શ્લાઘા કરવી તે મોટા પુરૂષોનો અધિકાર નથી, એમ સમજી હાલના કેટલાક આચાર્યો સુરિપદથી વિભૂષિત પોતાનું નામ પોતે લખતા નથી, તેમ આ મુનીશ્વરે પણ સુરિવિશિષ્ટ પોતાનું નામ નહીં લખ્યું હોય.

પરંતુ આ તેમની શંકા નિમૂર્લ છે. કારણકે પૂર્વ-કાળમાં તીર્થંકરોને પણ નમસ્કાર કરવા લાયક એવો ચતુર્વિધ સંઘ મળીને ધૈર્ય, વિદ્વત્તા, સમયસૂચકતા અને સમદષ્ટિત્વ વગેરે અનેક ઉચિત ગુણોની યોગ્યતાનો તપાસ કર્યા બાદ ઉપાધ્યાય પદથી પણ અધિક મહિમાવાળી સુરિપદવી સાધુઓને બહુમાનપૂર્વક આપતો હતો.

આ પ્રમાણે જેમને સૂરિપદ મળ્યું હોય, તેમણે સૂરિપદનો અવશ્ય ઉલ્લેખ કરવો ઉચિત છે. કારણકે સૂરિ નામના લેખથી સર્વમાન્ય શ્રીસંઘે આપેલી પદવીની સાર્થકતા

કરી બતાવવામાં તાત્પર્ય રહેલું છે. વસ્તુતઃ સુરિપદના ઉલ્લેખથી ઉચિત સત્કાર કરનાર શ્રી સંઘની જ શોભા વધારવામાં આવે છે. માટે તેવો ઉલ્લેખ મુનિઓએ અવશ્ય લખવો જોઇએ. એ કારણને લીધે જ હરિભદ્ર સુરિ અને હેમચંદ્રાચાર્ય વિગેરે મહા આચાર્યોના વિના સંકોચે પ્રાયઃ સર્વત્ર સુરિપદ સહિત નામોના ઉલ્લેખ દષ્ટિગોચર થાય છે.

વળી હાલમાં સુરિપદનું માન ધરાવતા કેટલાક મુનિઓને વિના શ્રમે દાંભિક આચારના પરિશીલન વડે સ્વાધીન કરેલા કેટલાક પોતાના અંધશ્રદ્ધાલુ ભક્તો દ્વારા દ્રવ્ય પુસ્તકાદિના વ્યયથી સંતુષ્ટ કરેલા અન્યમતાનુયાયી લોભાસક્ત પંડિતો તરફથી આચાર્ય પદવી આપવામાં આવે છે,

પ્રાચીન કાળમાં આવી આચાર્ય પદવીઓ આપવામાં આવતી ન હોતી. જેથી આધુનિક આચાર્યોની માફક તેમની ગણના કરવામાં આવે.

પ્રાચીન કાળમાં આચાર્ય પદના દાયક અને ગ્રાહક એ બંનેમાં શુદ્ધતા રહેલી હતી. અત એવ આચાર્ય પદથી પણ અસંતોષ માનતા હાલના કેટલાક મુનિઓ વાનરના પુંછડાની માફક લાંબી લાંબી અક્ષરવાળી પદવીઓ પોતાની ઇચ્છા મુજબ લીધે કરે છે.

જ્યારે એક તરફ આવી સ્થિતિ થઇ રહી છે, તો પછી શ્રી સંઘ અથવા તેના અંશભૂત ઉપાસક વર્ગે આપેલ

તેવા સન્માનની કદર કયાં રહી ! અથવા અનાદરની પણ શી વાત કરવી? એથી પણ વિશેષ પ્રકારે અધિક તિરસ્કારની લાગણી પ્રત્યક્ષ જોવામાં આવે છે.

આવા કારણોને લઈ આધુનિક કેટલાક આચાર્યો લજ્જા વડે પોતાના હસ્તથી કોઇપણ ઠેકાણે સ્વપદવીનો ઉલ્લેખ કરતા નથી અને બક વૃત્તિનો આશ્રય લઇ કાલક્ષેપ કરતા દેખાય છે.

કારણકે પોતાના અંધશ્રદ્ધાલુ ભક્તોએ જ પદવીદાન પૂર્વક ઉદ્ઘોષણાદિક ખ્યાતિ કરેલી હોય છે. તેથી આધુનિક કેટલાક આચાર્યોની માફક પ્રાચીન આચાર્યો પણ કેટલાક પોતાની પદવી પોતે નહોતા લખતા, એમ અનુમાન કરવું અનુચિત છે. આ સંબંધી વિચાર હવે બસ છે.

સાધુ અને સૂરિપદમાં પૂર્વાપર ભેદ રહેલો છે. જેથી બંનેને એકસરખા ગણી શકાય નહીં. જેઓ સૂરિપદધારક થયેલા હોય છે, તે સઘળાઓ પોતાનો નામનિર્દેશ સૂરિ-પદવિશિષ્ટ કરે છે, એ પ્રમાણે આર્હતોનો આમ્નાય રહેલો છે.

વળી આપણે એમ માનીએ, કે જયારે સુરસુંદરી ચરિત્ર રચ્યું હશે, ત્યારે તેઓ સાધુત્વ અવસ્થામાં હશે અને પશ્ચાત્ તેમને સૂરિપદવી આપેલી હશે, માટે પૂર્વોક્ત ધનેશ્વરનામના આચાર્યો પૈકીના આ પ્રસ્તુત ગ્રંથ કર્ત્તા પણ ગણી શકાય.

એ મંતવ્ય પણ બહુ અશકય છે. કારણકે પ્રસ્તુત ગ્રંથકર્ત્તા ધનેશ્વરમુનિને ગુરૂશ્રીએ જ્યારે સૂરિપદવી આપી છે, ત્યારે જિનભદ્ર એવું નામાંતર કરેલું છે. એવી સંભવના થઈ શકે છે.

વળી શ્રીજિનેશ્વરસુરિ અને શ્રીમદ્ બુદ્ધિસાગરસુરિનો જોકે શિષ્ય પરિવાર બહુ વિશેષ સંખ્યામાં હતો, છતાં પણ શ્રીજિનચંદ્ર, શ્રીમદ્ અભયદેવ, અને શ્રીજિનભદ્રસૂરિ, એ ત્રણેનો સાહચર્યાદિક સદ્ભાવ બહુ પ્રસિદ્ધ હતો. એ સંબંધમાં શ્રીમદ્ અભયદેવસુરિ લખે છે.

**तयोरेव विनेयानां, तत्पदं चानुकुर्वताम् ।**
**श्रीमतां जिनचन्द्राख्य-सत्प्रभूणां नियोगतः ॥१॥**
**श्रीमज्जिनेश्वराचार्य-शिष्याणु गुणशालिनाम् ॥**
**जिनभद्रमुनींद्राणा-मस्माकं चांह्रिसेविना ॥ २ ॥**

શ્રીમાન્જિનેશ્વરસૂરિ અને શ્રીમદ્બુદ્ધિસાગરસૂરીશ્વરના શિષ્ય અને તેમના પદને અનુકરણ કરતા એવા શ્રીમાન જિનચંદ્રસૂરિના નિયોગથી શ્રીમાન્જિનેશ્વરઆચાર્યના શિષ્ય અને સર્વગુણ સંપન્ન એવા શ્રીજિનભદ્રમુનીંદ્ર અને અમારા ચરણસેવક એવા લેખથી શ્રી ભગવતી સૂત્ર-વૃત્તિની પ્રશસ્તિમાં જણાવેલો સંવાદ પૂર્વોક્ત વૃત્તાંતને દૃઢ કરે છે.

વળી ઉપરોક્ત ત્રણ મુનીંદ્ર સિવાયના કોઈ અન્ય મુનિ આ પ્રસ્તુત ગ્રંથના કર્ત્તા હોય, તેવું આજ સુધીમાં કોઈપણ

સ્થળે સાંભળવામાં આવ્યું નથી અને શ્રીજિનભદ્રસૂરિએ ગ્રંથ રચ્યો હોય તેવો ઉલ્લેખ જોવામાં આવે છે.

વળી પ્રાચીન ઘણાખરા અન્યગ્રંથકર્ત્તાઓ સ્વનામ નિર્દેશવ્યતિરિક્ત સંક્ષિપ્ત પોતાના વંશની પરંપરા, ગ્રંથ નિર્માણનો સમય, સ્થળ વિગેરે વિશેષ હકીકત ભવિષ્યમાં લોકોને અત્યંત ઉપયોગી એવો પોતાનો વિદ્યમાન સમય વિગેરે ઉચિત વૃત્તાંતનું સુચન કરતા નથી. પરંતુ આ પ્રસ્તુત ગ્રંથકર્ત્તાએ આ સર્વ હકીક્ત પ્રતિપાદન કરેલી છે, તો કેટલાક અંશે ખરેખર આ મહાત્માએ ઈતિહાસ રસિકોની ઉપર મોટો અનુગ્રહ કરેલો છે.

હવે તે પ્રસ્તુત ગ્રંથની અંદર છેલ્લા પરિચ્છેદની સમાપ્તિમા ગ્રંથ કર્ત્તાએ પ્રાચીન પદ્ધતિને અનુસરીને પદ્ય-મય ગ્રંથની રચના કરી હોવાથી પોતાના વંશની પરંપરા પણ ગાથાઓથી જ બતાવેલી છે. તેથી અહીંયાં પાઠકોના સુખાવબોધને માટે વંશવૃક્ષનો આકાર ચિત્રીને ઉલ્લેખ આપવો ઉચિત જણાય છે.

श्री महावीरस्वामी
|
सुधर्मस्वामी
|
जम्बूस्वामी
|
प्रभवस्वामी
|
वज्रस्वामी
|
जिनेश्वरसूरि
|
अल्लकोपाध्यायः
|
वर्धमानसूरिः
|
जिनेश्वरसूरिः — बुद्धिसागरसूरिः
|
धनेश्वरमुनिः

આ પ્રમાણે પોતાની ગુરૂપરંપરાનો ક્રમ બતાવ્યો છે. તેમાં પ્રભવસ્વામી તથા વજ્રસ્વામી તથા જિનેશ્વર-આચાર્યની મધ્ય પરંપરામાં તત્પટ્ટધારી અનુક્રમે શય્યંભવ-સુરિ વજ્રસેનસૂરિ વિગેરે ઘણા આચાર્યો થઇ ગયા છે, પરંતુ તેઓ બહુ પ્રસિદ્ધ છે. એટલાજ માટે ગ્રંથકારે તેમનો ઉલ્લેખ અહીં કર્યો નથી.

વળી સવિસ્તર લખવાથી સ્થલ પણ બહુ રોકાઈ જાય અને પોતાના સંક્ષેપમાં વર્ણન કરવાની ઈચ્છાને લીધે સમસ્ત સુરીંદ્રોનો વિસ્તારથી ચિતાર નહીં આપતાં પોતે ગ્રંથકાર લખે છે કે—

**सीसो तस्स सुहम्मो, तत्तो जम्बु तओ य पभवोत्ति ।**
**एवं सूरीण परंपराए, ता जाव वइरोत्ति ॥ १ ॥**
**साहाए तस्स सूरी, जिणेसरो नाम आसि विक्खाओ।**
**तत्तो य निम्मलगुणो, उवज्झाओ अल्लओ नाम ॥२॥**

ઇત્યાદિ ગાથાઓમાં રહેલી, "एवं सुरीण परंपराए साहाए तस्स सुरी" એવા સામાન્યવાચક શબ્દો વડે ઉદ્દેશ કરેલો છે. એટલા જ માટે આ વૃક્ષમાં પણ તે ગાથાઓને અનુસરીને તેજ પ્રમાણે ઉપન્યાસ કર્યો છે.

સંપૂર્ણ વર્ણન તો સ્થવિરાવલી, પરિશિષ્ટ પર્વાદિક ગ્રંથોમાં કરેલું છે તે બહુ પ્રસિદ્ધ છે. માટે જેમને વિશેષ જાણવાની ઇચ્છા હોય તેમણે તે તે ગ્રંથો જોઈ લેવા.

વળી અલ્લકઉપાધ્યાયથી આરંભીને પ્રસ્તુત ગ્રંથકારના ગુરૂ પર્યંતનું વૃત્તાંત જેટલુ અમને મળ્યું છે, તેટલું આગળ ઉપર ઉચિત સ્થળે આલેખવામાં આવ્યું છે.

અહીંયા અલ્લકઉપાધ્યાય એવો નિર્દેશ કરવામાં આવ્યો છે. પરંતુ તે નામ ઉપાધ્યાય અવસ્થામાં હોવું જોઈએ. કારણ કે વર્ધમાનસૂરિ, સર્વદેવસૂરિ વિગેરે ઘણા સૂરિઓ જેમના શિષ્ય હતા એવા તે મુનિનું નામ

ઉદ્યોતનસૂરિ હતું અને તે પ્રમાણ ગુર્વાવલ્યાદિક અનેક વૃત્તગ્રંથોમાં તે સૂરિવર્યની સાર્થકપદવી સુપ્રસિદ્ધ છે.

વર્ધમાનસૂરિ, ઉદ્યોતસૂરિના જ શિષ્ય છે, એ પ્રમાણે સર્વત્ર ઉલ્લેખની પ્રસિદ્ધિ જોવામાં આવે છે. એ ઉપરથી ઉપાધ્યાય અવસ્થામાં અલ્લક અને સૂરિ અવસ્થામાં ઉદ્યોતન નામ નિશ્ચિત થાય છે.

વળી પ્રસ્તુત ગ્રંથકારે પ્રદ્યોતનસૂરિ નહીં લખતાં અલ્લકઉપાધ્યાયનો ઉલ્લેખ કર્યો છે, તેનું અસાધારણ કારણ તો એટલું જ છે કે ઉપાધ્યાય નામથી તેમની લોકોમાં અતિશય પ્રસિદ્ધિ હતી.

જેમ કે શ્રીમદ્ ન્યાયાંભોનિધિ "વિજયાનંદસૂરિ" એ નામ આચાર્યપદ પ્રદાનના સમયે આપેલું, છતાં પ્રાચીન "આત્મારામજી" એવા નામથી પ્રજ્ઞા, જ્ઞાન, ધૈર્ય અને ક્ષમાદિક ગુણોને લીધે પ્રસિદ્ધ થયેલા. જેથી હાલમાં પણ કેટલાક લોકો તે તે સ્થળે તે નામથી વ્યવહાર કરે છે.

વળી ઉદ્યોતનસૂરિની ઉપાધ્યાય તરીકે બહુ જ પ્રસિદ્ધિ હતી, તેનો સંવાદ મળી આવે છે.

તે જ પ્રમાણે પટ્ટાવલીમાં પણ લખે છે કે—"तत्पट्टेश्रीउद्योतनसूरिः अस्माच्चतुरशीतिगच्छस्थापना जाता" તેમની પાટે શ્રી ઉદ્યોતનસૂરિ થયા અને એમનાથી ચોરાશી-ગચ્છોની સ્થાપના પ્રગટ થઈ.

તેનું વૃત્તાંત એવું છે, એક સમયે મહાવિદ્વાન અને શુદ્ધક્રિયા પાત્ર એવા ઉદ્યોતનસૂરિને જાણીને ચ્યાશી-સ્થવિરોના ચ્યાશી શિષ્યો શાસ્ત્રોનો અભ્યાસ કરવા માટે ત્યાં આવ્યા. બાદ શ્રી ગુરૂએ પરમ ઉપકાર જાણી સારી રીતે તેમને ભણાવ્યા. તે સમયે ચોરાશીગચ્છોની વ્યવસ્થા થઈ.

આવા સ્પષ્ટ ઉલ્લેખથી તેઓ ઉપાધ્યાય નામથી બહુ પ્રસિદ્ધ હતા એમ સિદ્ધ થાય છે.

વળી સૂરિપદના સમયે પોતાના ગુરૂઓએ પોતાની ઈચ્છા પ્રમાણે નામોનું પરિવર્ત્તન પણ બહુ ઠેકાણે કરેલું દેખાય છે.

જેમ કે ઉપાધ્યાય અવસ્થામાં વર્ત્તમાન-ધર્મકીર્તિ, આદિક નામોમાં ધર્મઘોષસૂરિ, આદિક પરિવર્ત્તન થયેલાં છે.

शिष्योऽथ देवेन्द्रगुरोर्द्वितीयकः,
श्रीधर्मघोषः सुकृताङ्घिपोषकः ।
शोषं नयन्नन्ययशः सरस्वती-
योगान् बभौ पल्लवयन् वसन्तवत् ?
दैवात् त्रयोदशदिनान्तरतोगते स्वः,
शैलद्विविश्वशरदि स्वगुरुद्वयेऽपि ।
यो वाचकोऽधिगतसूरिपदः स्वगोत्रि-
सूरेर्जघान किल मत्सरिणां कदाशाः ॥२॥
स च श्रीधर्मकीर्त्याह्वः, श्रीविद्यानन्दबान्धवः ।
जित्वा मत्सरिणः शक्त्या,
भविश्वाऽब्देऽभवद्गणी ॥३॥

તદનંતર દેવેંદ્રગુરૂના બીજા શિષ્ય શ્રી ધર્મઘોષ થયા. જેઓ સુકૃતરૂપી સાગરને પુષ્ટ કરતા હતા અને અન્ય યશસ્વીઓના યશનું શોષણ કરતા હતા, તેમજ વસંતઋતુની માફક સરસ્વતીયોગોને પલ્લવિત કરતા છતાં ઉત્કૃષ્ટસ્થિતિમાં વર્ત્તતા હતા.

વળી જે વાચકવર્યની સૂરિપદવી થયા બાદ દૈવયોગે તેર દિવસની અંદર પોતાના બંને ગુરુઓ [૭૨૭] ની સાલમાં સ્વર્ગવાસી થયા.

બાદ જેમણે પોતાના વંશ જ સૂરિના દ્વેષીઓના કદાગ્રહોને નિર્મૂલ કર્યા એવા તે શ્રીધર્મકીર્તિ નામે શ્રી વિદ્યાનંદના બાંધવ આત્મશક્તિ વડે મત્સરીઓનો પરાજય કરીને [૭૨૭]માં ગણી થયા.

ઇત્યાદિક ગુર્વાવલી આદિ ગ્રંથોમાં ઉલ્લેખ છે.

વળી ગુર્વાવલ્યાદિકમાં ઉદ્યોતનસૂરિનો "અલ્લક" નામનો ઉલ્લેખ નહીં આપવાનું કારણ માત્ર એટલું જ જણાય છે કે સૂરિપદના પ્રથમનું અન્ય વૃત્તાંત ગુર્વાવલ્યાદિકમાં લીધેલું નથી.

કારણ કે ઉપાધ્યાય અવસ્થામાં રહેલા નામોલ્લેખ અને સૂરિપદના પ્રાગ્વૃત્તિ અન્ય વૃત્તાંતના ઉલ્લેખમાં ઘણું અંતર નથી.

ઉદ્યોતનસૂરિનું વૃત્તાંત અન્યત્ર-સર્વ ઇતિહાસ ગ્રંથોમાંથી આજ સુધી અમને મળી શક્યું છે.

તપાગચ્છીય પટ્ટાવલીના અભિપ્રાય પ્રમાણે વિમલચંદ્રસૂરિના પટ્ટધરશિષ્ય આ ઉદ્યોતનસૂરિ એક દિવસ વિક્રમ સંવત [૯૯૪]માં પૂર્વદેશમાંથી યાત્રા માટે અર્બુદાચલ [આબુગિરિ] જતા હતા.

ત્યાં આબુની ઉપર ટેલી નામે એક ગામ છે, તેના સીમાડામાં એક મોટો વડ હતો. તેની નીચે શ્રેષ્ઠ મુહૂર્ત્ત જાણીને તેઓ બેઠા, વડનો સુંદર ઘેરાવ જોઈ તેમણે સંકલ્પ કર્યો કે, આ વડની માફક મારા કુલની પણ વૃદ્ધિ થાઓ, એમ જાણી પોતાની પાટે આઠ આચાર્યો અથવા મતાંતરની અપેક્ષાએ એક આચાર્યને સ્થાપન કર્યા. ત્યારથી આરંભીને પશ્ચાત્ તપાગચ્છની વૃદ્ધગચ્છ સંજ્ઞા થઈ.

અન્યમતની અપેક્ષાએ વટગચ્છ એમ પણ કહેવાની શરૂઆત થઈ.

વળી ગુર્વાવલી ગ્રંથમાં શ્રીમુનિસુંદરસૂરિ કહે છે—

तत्पट्टभूषाकृदभूद् मुनीनां,
त्रिभीः शतैः सेव्यपदःसदाऽपि ।
उद्योतनः सूरिरवद्यहीन-
विद्यानदीविश्रमसिन्धुनाथः ॥१॥
समस्त्यथो शैलकुलावचूलः,
श्री अर्बुदस्तीर्थपवित्रितात्मा ।
नानापुरग्रामतटाकवापी-
धुनीवनभ्राजितुङ्गमौलिः ॥ २ ॥

હંમેશાં પણ ત્રણસો મુનિઓ જેમના ચરણુકમળની સેવામાં વિરાજે છે અને શુદ્ધ વિદ્યાઓરૂપી નદીઓની વિશ્રાંતિ માટે સિંધુ સમાન શ્રી ઉદ્યોતનસૂરિ તેમની પાટે અલંકારભૂત થયા.

તેમજ પૂર્વોક્ત સૂરિએ અર્બુદાચલનું પણ વર્ણન લખ્યું છે કે—સર્વ શૈલોમાં મુકુટ સમાન, નાના પ્રકારનાં પુર, ગ્રામ, સરોવર, વાપી નદીઓ અને સુંદર વનો વડે સુશોભિત છે ઉન્નત શિખરો જેનાં તેમ જ તીર્થ વડે પવિત્ર છે આત્મા જેનો એવો આબુગિરિ સર્વોપરિ શોભે છે.

આથી બીજા છ શ્લોકો આ ગિરિવર્ણના છે, પરંતુ અત્રે અનુપયોગને લીધે તેમનો પાઠ દર્શાવ્યો નથી. તેમજ—

चतुर्नवत्याऽभ्यकैः शरच्छतैः,
श्रीविक्रमार्कान्नवभिः स सूरिराट् ।
पूर्वाऽवनीतो विहरन्नथागमद्,
यात्राकृते तस्य गिरेरुपत्यकाम् ॥१॥

टेलीरवेटकसीमसंस्थितवटस्याधः पृथोस्तत्रस-
प्राप्तः श्रेष्ठतमं मुहुर्त्तमतुलं ज्ञात्वा तदाऽतिष्ठिपत् ।
सूरीन् सौवकुलोदयाय, भगवानष्टौ जगुस्त्वेककं,
केचिद्वृद्धगणोऽभवद्, वटगणाभिख्यस्तदादि त्वयम् ।२।

વિક્રમ સંવત (૯૯૪) માં પૂર્વ દેશમાંથી વિહાર કરતા ઉદ્યોતન સૂરિરાજ યાત્રા માટે આબુગિરિ ઉપર આવ્યા. ત્યાં ટેલીગામના સીમાડામાં રહેલા એક વિશાલ વડની નીચે તેઓ બેઠા અને પોતાના કુલના ઉદયને માટે ઘણું જ ઉત્તમ મુહુર્ત જાણીને તે સમયે તેમણે આઠ આચાર્યોની સ્થાપના કરી. કેટલાક કહે છે કે, એકની સ્થાપના કરી,

ત્યારથી પ્રારંભીને વૃદ્ધગણ અથવા વટગચ્છ એવી સંજ્ઞા પ્રગટ થઈ છે. વળી તે વટગચ્છમાં પ્રથમ શ્રી સર્વદેવ મુનીંદ્ર થયા છે.

તેમજ ખરતર ગચ્છની સામાચારીમાં જણાવ્યું છે કે, શ્રી નેમિચંદ્રસૂરિના પટ્ટધર આ સૂરીશ્વર શત્રુંજય તીર્થની યાત્રા માટે માલવ દેશમાંથી વિહાર કરતા છતા ચોરાશી ગચ્છોના ઉત્પાદક અને પોતાના શિષ્ય થયેલા એવા આચાર્યોને વિશેષ પ્રકારની મંત્ર શક્તિ વડે સમર્થ કર્યા.

બાદ પોતાનું સ્વલ્પ આયુષ જાણીને માર્ગમાં જ અનશન કરી સ્વર્ગ સ્થાનમાં પધાર્યા.

વળી ખરતર ગચ્છની પટ્ટાવલીમાં કહ્યું છે કે—શ્રી સૂરિ ચ્યાશી શિષ્યોના પરિવાર સહિત યાત્રા માટે સંઘની સાથે માલવ દેશમાંથી શ્રી શંત્રુજય ગિરિરાજ ઉપર ગયા.

ત્યાં શ્રી ઋષભદેવભગવાનને વંદન કરી પાછા વળતાં રાત્રીએ સિદ્ધ વડની નીચે રહ્યા.

મધ્ય રાત્રીનો સમય થયો એટલે ત્યાં આકાશમાં રોહિણી નક્ષત્રના શકટ (ગાડા)ની અંદર બૃહસ્પતિનો પ્રવેશ જોઈ ગુરૂએ કહ્યું, હાલમાં એવો સમય ચાલે છે કે, જેના મસ્તક ઉપર હસ્ત મૂકવામાં આવે તે બહુ પ્રસિદ્ધ થાય.

એ પ્રમાણે ગુરુશ્રીનું વચન સાંભળી ચ્યાશીએ શિષ્યો બોલ્યા, હે સ્વામિન્! અમે આપના શિષ્ય છીએ. આપ અમારા વિદ્યાગુરુ છો, માટે અમારી ઉપર કૃપા કરી હસ્ત મૂકો.

બાદ ગુરૂ બોલ્યા, વાસચૂર્ણ લાવો. તે સમયે તે શિષ્યોએ કાષ્ઠ છગણાદિકનું ચૂર્ણ બનાવી ગુરૂશ્રીને લાવી આપ્યું. ગુરુએ પણ તે ચૂર્ણને મંત્રી ચ્યાશી મુનિઓના મસ્તક ઉપર નાખ્યું.

ત્યાર પછી પ્રભાત સમયમાં શ્રીગુરુએ પોતાનું સ્વલ્પ આયુષ જાણીને ત્યાં જ અનશન ગ્રહણ કર્યું અને તેઓ સ્વર્ગવાસી થયા.

પછી તે ચ્યાશીએ શિષ્યો આચાર્યપદ પામીને પૃથક્ પૃથક્ વિહાર કરવા લાગ્યા.

હવે વર્ધમાનસૂરિ નામે એક તેમના શિષ્ય હતા અને ચ્યાશી અન્ય મુનિઓના શિષ્ય હતા, એમ મળીને ચોરાશી ગચ્છ થયા એ પ્રમાણે વૃદ્ધવાદ છે.

**અહ્લક ઉપાધ્યાય (શ્રીઉદ્યોતનસૂરિ)ના પટ્ટધર શિષ્ય શ્રીવર્ધમાનસૂરિ બતાવ્યા છે, વળી સમસ્ત તપાગચ્છની**

પટ્ટાવલીઓમાં દરેક ઠેકાણે શ્રી ઉદ્યોતનસૂરિ પાટે સર્વ-દેવસૂરિનો અધિકાર કહેલો છે. તે યોગ્ય છે. કારણકે તેઓ તપાગચ્છના નાયક છે. માટે તેમનું વૃત્તાંત લખવું ઉચિત છે.

તેમજ દરેક ખરતરગચ્છની પટ્ટાવલીઓમાં ઉદ્યોતન-સૂરિની પશ્ચાત્ વર્ધમાનસૂરિના વૃત્તાંતનો જ ઉલ્લેખ કર્યો છે; તે પણ ન્યાય્ય છે, કારણકે તેઓ ખરતરગચ્છના અધિ-પતિ છે. હવે ખરતરગચ્છની પટ્ટાવલીમાં શ્રીવર્ધમાનસૂરિનું કિંચિત્ વૃત્તાંત કોઈક ભાગમાં લખેલું છે.

તદ્યથા—અંભોહર દેશની અંદર સ્થવિરમંડલીમાં વૃદ્ધ ગણાતા શ્રીજિનચંદ્રાચાર્ય ચૈત્યવાસી હતા. ચોરાશી ચૈત્યોના તેઓ ભોક્તા હતા, એમ અન્યત્ર પણ તેમની પ્રસિદ્ધિ છે. તેમના શિષ્ય શ્રી વર્ધમાનસૂરિ હતા. જેમણે ક્રમવાર ચૈત્યવાસનો ત્યાગ કર્યો હતો. તે વૃત્તાંત પ્રભાવક ચરિત્રના કર્તાએ એક શ્લોક વડે સ્તુતિ કરતાં જણાવ્યું છે—

**चतुर्भिरधिकाशीति-चैत्यानां येन तत्यजे ।**
**सिद्धान्ताभ्यासतःसत्य-तत्त्वं विज्ञाय संसृतेः ॥१॥**

જે વર્ધમાનસૂરિએ સિદ્ધાંત ગ્રંથોનો ઘણો અભ્યાસ કર્યો, જેથી તેમણે સંસારનું સત્ય સ્વરૂપ જાણીને ચોરાશી ચૈત્યોના વાસનો ત્યાગ કર્યો હતો.

હવે તે વર્ધમાનસૂરિ પોતાના ગુરૂ પાસે સિદ્ધાંતની અવગાહના કરતા હતા. તેવામાં ચોરાશી આશાતનાઓનો અધિકાર આવ્યો, એટલે તેમણે ગુરૂને કહ્યું.

હે સ્વામિન્ ! ચૈત્યમાં રહેવાથી આપણને આશાતના ટળતી નથી, માટે આ વ્યવહાર મને રૂચતો નથી, એ પ્રમાણે શિષ્યનું વચન સાંભળી ગુરુએ જેમ તેમ પ્રતરણા કરી સમજાવ્યો, તો પણ આ સૂરિ પોતાની શ્રદ્ધાથી ભ્રષ્ટ થયા નહીં.

ત્યારપછી શ્રીઉદ્યોતનસૂરિને શુદ્ધ ક્રિયા પાત્ર સાંભળી તેમની પાસે તે ગયા અને તેમના જ શિષ્ય થયા.

અનુક્રમે તેમની ધાર્મિક સંપત્તિઓ તેમણે ગ્રહણ કરી, બાદ શ્રીગુરૂએ યોગાદિક ક્રિયાઓ વહન કરાવીને સર્વ સિદ્ધાંતોનો અભ્યાસ કરાવ્યો. અનુક્રમે યોગ્યતા જાણી તેમને આચાર્યપદ આપ્યું.

બાદ ગચ્છની વૃદ્ધયાદિકનો લાભ જાણી ગુરૂએ તેમને ઉત્તરાખંડમાં વિહાર કરવાની આજ્ઞા આપી. પછી શ્રી વર્ધમાન આચાર્ય પણ ગુરૂની આજ્ઞા સ્વીકારી ત્યાં ગયા;

તેમજ શ્રીઉદ્યોતનસૂરિ પાટે શ્રી વર્ધમાનસૂરિ થયા, તેઓએ છ માસ સુધી આચામ્લ તપ કરી ધરણેંદ્રની સમારાધના કરીને તેને સીમંધરસ્વામી પાસે મોકલ્યો અને સૂરિ મંત્રને શુદ્ધ કરાવ્યો, બાદ તેઓ એક દિવસ વિહાર કરતા **સરસ** નામે નગરમાં આવ્યા, તે અવસરે... અહીંથી આગળ સોમ બ્રાહ્મણનો ઇતિહાસ પટ્ટાવલી ગ્રંથના અનુસારે આગળ ઉપર કહેવામાં આવશે તેથી અહીં લખવો અનુચિત છે.

તેમજ "વળી શ્રીવર્ધમાનસૂરિએ તેર છત્રધર રાજાઓનું માન ઉતારનાર ચંદ્રાવતી નગરીના સંસ્થાપક પોરવાડ જ્ઞાતિના શ્રીવિમલમંત્રીને પ્રતિબોધ આપી શ્રી અર્બુદાચલ (આબુ)માં વિચ્છિન થયેલા જૈન તીર્થની પુનઃ પ્રવૃત્તિ કરવા માટે ઉપદેશ આપ્યો હતો.

પરંતુ ત્યાં રહેલા બ્રાહ્મણોએ કહ્યું કે, આ તીર્થ અમારૂં છે, અહીંયાં જૈન મંદિર નહી થાય.

ત્યારબાદ ગુરુશ્રીએ પુષ્પમાલા મંત્રીને વિમલમંત્રીને આપી. પશ્ચાત્ તેમણે કહ્યું કે, હે મંત્રી! બ્રાહ્મણની કન્યાના હાથમાં આ પુષ્પમાલા આપીને બ્રાહ્મણોની આગળ તારે કહેવું કે,

આ પર્વતની અંદર આ માલા જે સ્થલમાં પડે તે ઠેકાણે અમારૂં તીર્થ જાણવું.

એ પ્રમાણે ગુરુનું વચન સાંભળી મંત્રીએ તે પ્રમાણે કર્યું. જ્યાં આગળ તે પુષ્પમાળા પડી ગઈ, ત્યાં કલશ, ઝલ્લરી આદિક પૂજાનાં ઉપકરણ સહિત ત્રણ પ્રતિમાઓ પ્રગટ થઈ.

તેમાં એક વજ્રમયી શ્રી **આદિનાથ** ભગવાનની પ્રતિમા, બીજી **અંબિકાની મૂર્તિ**, અને ત્રીજી વાલીનાથ ક્ષેત્રપાલની મૂર્તિ.

હવે એ પ્રમાણે સિદ્ધ કાર્ય થયું, છતાં પણ બ્રાહ્મણોએ પુનઃ કહ્યું કે અહીં તમારા દેવ છે. પરંતુ દેવાલય

નથી. માટે તમારે માત્ર દેવની જ પૂજા કરવી પણ દેવ-મંદિર બંધાવવું નહીં.

બાદ વિમલ મંત્રીએ દ્રવ્ય બળ વડે બ્રાહ્મણોને વશ કરી લીધા અને સ્વર્ણમુદ્રાઓનો વ્યય કરી ત્યાં જમીન લીધી. પછી ત્યાં આગળ શ્રીઋષભદેવ ભગવાનનો પ્રાસાદ બંધાવ્યો.

તેમાં અઢાર કરોડ અને પચાશ લાખ સોનૈયાનો વ્યય કર્યો.

હજુ પણ ત્યાં "વિમલ વસહી" એવી પ્રસિદ્ધિ જાગ્રત છે.

ત્યારબાદ શ્રીવર્ધમાનસૂરિ વિક્રમ સંવત્ (૧૦૮૮)માં પ્રતિષ્ઠા કરીને પ્રાંતમાં અનશન ગ્રહણ કરી સ્વર્ગસ્થ થયા' એ પ્રમાણે પણ ઉલ્લેખ છે.

શ્રીવર્ધમાનસૂરિના પટ્ટધર અને પ્રસ્તુત ગ્રંથકર્ત્તાના ગુરૂ શ્રીજિનેશ્વરસૂરિ તથા શ્રીબુદ્ધિસાગરસૂરિ થયા...."तस्स य जाया दुवे सीसा" ॥૨૪૧॥ થી આરંભીને "तेसिं सीसवरो धणेसर मुणीं" એમ સોળમા પરિચ્છેદના પ્રશસ્તિ પ્રકરણમાં બન્ને પોતાના ગુરૂઓનું અને પોતાનું–ગ્રંથકર્ત્તાનું વર્ણન આપેલું છે.

તે ઉપરથી આ ગ્રંથકર્ત્તાના બન્ને ગુરૂ સંભવે છે અને તે બંને ગુરુઓ મહા સમર્થ હતા. જે જિનેશ્વર સૂરિએ વિવિધ શ્લેષ અને અર્થાલંકારથી વિભૂષિત લીલાવતી નામે ગ્રંથ રચેલો છે અને તે સૂરિ સૂર્ય સમાન ઉત્કૃષ્ટ પ્રતાપી હતા.

તેમજ શ્રીબુદ્ધિસાગરસૂરિ એ સુલલિત વૃત્તો વડે વ્યાકરણ ગ્રંથ રચેલો છે. વિગેરે પ્રસ્તુત ગ્રંથકર્ત્તાએ પોતાના બંને ગુરુઓનું વૃત્તાંત બહુ ટુંક સ્વરૂપમાં નિવેદન 'કર્યુ છે. તે સંબંધી પુનરૂક્તિ કરવી અમને અહીં ઉચિત લાગતી નથી.

વળી શ્રીજિનેશ્વરસૂરિ તથા શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિનું સ્વલ્પ ચરિત્ર અભયદેવસૂરિના પ્રબંધ પ્રસ્તાવમાં પ્રભાચંદ્ર-સૂરિએ પોતાના પ્રભાવક ચરિત્રની અંદર ઉપલબ્ધ પટ્ટા-વલીથી વિસંવાદી વચનાનુસાર વર્ણવેલું છે.

જો કે તેમનું ચરિત્ર અહીં પ્રસંગોપાત્ત જણાવવું બહુ અગત્યનું છે. પરંતુ પટ્ટાવલી સહિત તેનો ઉલ્લેખ આપતાં કંઈક વિસ્તાર પણ થઇ જાય અને અહીં તેટલો લેખ લખવામાં સ્થલનો પણ બહુ સંકોચ છે, છતાં પણ ઐતિહાસિક રસાસ્વાદજ્ઞ પુરૂષોને યથાસ્થિત વિવેચન બહુ ઉપયોગી છે, એમ જાણી અહીં શ્રીપ્રભાવક ચરિત્રોક્ત સંબંધ દર્શાવવામાં આવે છે.

સદ્વૃત્ત રૂપી રસોથી ભરપુર જંબૂદ્વીપ નામે આમ્ર વૃક્ષના ફૂલ સમાન અને ઉત્તમ પ્રકારના વર્ણવૃત્તને પ્રગટ કરવામાં અગ્રણી શ્રી **માલવ** નામે દેશ છે.

તેની અંદર મંડલાગ્ર (દેશાગ્રણી–ખડ્ગાગ્ર) વડે ઉદિત છે સ્થિતિ જેની, દુષ્ટોના વિગ્રહને દ્રોહ કરનારી અને નૃપશ્રીનું મૂલ સ્થાન **ધાર** નામે નગરી છે.

તેમાં નીતિપૂર્વક પૃથ્વીનું પાલન કરનાર શ્રીભોજ-રાજા નામે નરેંદ્ર છે. વિશ્વના ઉદ્ધાર માટે જેની ભુજાઓ જાણે શેષનાગની અપર મૂર્તિઓ હોય ને શું ?

વળી તે નગરીમાં લક્ષ્મીપતિ નામે બહુ ધનવાન્ શ્રેષ્ઠી રહે છે, જેની અનર્ગલ લક્ષ્મીથી પરાજીત થયેલો શ્રીદ (કુબેર) કૈલાસ પર્વતમાં ગયો હોય ને શું ? એમ તે પોતે ધર્મધ્યાનમાં દિવસો વ્યતીત કરતો હતો.

હવે એક દિવસ સરલ એવા બુદ્ધિબલ વડે આક્રાંત, વેદ વિદ્યામાં બહુ કુશલ, સર્વ શાસ્ત્રોના અભ્યાસી, ચૌદ વિદ્યાસ્થાનોના પારગામી, સ્મૃતિ, ઇતિહાસ અને અષ્ટાદશ પુરાણોના કુલ ગૃહને પ્રાપ્ત થયેલા **શ્રીધર** અને **શ્રીપતિ** નામે મધ્ય દેશ નિવાસી કૃત બ્રાહ્મણના બંને પુત્રો યૌવન વયના ઉદ્યમને લીધે દેશાંતર જોવાની ઇચ્છાથી બહાર નીકળ્યા અને ફરતા ફરતા ત્યાં ધારાનગરીમાં આવ્યા.

બાદ તે બંને ભિક્ષા માટે લક્ષ્મીધર શ્રેષ્ઠીના ઘેર ગયા. શેઠ પણ તેમની આકૃતિ જોઈ બહુ ખુશી થઇ ગયા અને બહુ ભક્તિ પૂર્વક તેમને ભિક્ષાન્ન આપ્યું, બાદ તેઓ બંને હંમેશાં ત્યાં ભિક્ષા માટે આવવા લાગ્યા.

હવે તે લક્ષ્મીધર શ્રેષ્ઠીના ઘરની સન્મુખ એક ભીંત ઉપર વીશ લાખ સોનૈયાનો એક લેખ લખ્યો હતો.

તે લેખને નિરંતર તેઓ બંને જણ જોયા કરતા હતા અને હંમેશાં તે લેખના દર્શનથી તેમજ પોતાની

વિશેષ પ્રજ્ઞાના પ્રભાવથી અતિ કઠિન એવો પણ તે લેખ સારી રીતે અભ્યાસ કરેલાની માફક સમ્યક્ પ્રકારે તેમને કંઠસ્થ થઇ ગયો.

અન્યદા મારી પાસેથી લોકો સૂપકાર (રસોઇઆ)ની માફક ઉત્તમ પ્રકારે ઉપકારગ્રાહી થાય છે, પરંતુ તેઓ નિષ્ઠુર થઇ કંઇ પણ મને આપતા નથી, તેમજ બ્રાહ્મણો પણ મારા મુખથી આહુતિ આપતા છતા દેવતાઓને તૃપ્ત કરે છે. માત્ર હું તો તેમના દૂતપણાના ફલને જ ભોગવું છે, એમ જાણી પ્રકુપિત થયો હોય ને શું ? એમ અગ્નિએ તેમનો પ્રતિકાર કરવાના હેતુથી એક જ દિવસમાં સમસ્ત નગરી બાળી નાખી.

લક્ષ્મીપતિ શેઠ બીજે દિવસે સર્વસ્વનો નાશ થવાથી તેમજ તે અપૂર્વ લેખ્યના દાહથી વિશેષપણે ખિન્ન થઈ લમણે હાથ દઇ ઝુરતા હતા.

તેવામાં પ્રભાત સમય જાણી તે બંને દ્વિજ બાલકો ભિક્ષા માટે તેમને ત્યાં આવ્યા. શ્રેષ્ઠીનું ગૃહ બળેલું જોઈ તેઓ બહુ દિલગીર થઇ ગયા અને કહેવા લાગ્યા કે

હે યજમાન ! આપનું આવું કષ્ટ જોઈ અમે પણ બહુ દુઃખી થયા છીએ, હવે અમે શું કરીએ ? પરંતુ સર્વ દુઃખોમાં ક્ષુધા દુઃખ મોટું છે, "बुभुक्षितं न प्रतिभाति किंचित" ભુખ્યા માણસને કંઈ પણ રૂચતું નથી.

વળી હે શ્રેષ્ઠિવર્ય ! આપ આટલા બધા શોકાક્રાંત શાથી થઇ ગયા છો ? તમારા સરખા ધીરપુરૂષો દુઃખના

સમયે પણ ધૈર્યનો ત્યાગ કરતા નથી. અન્યત્ર પણ કહ્યું છે કે;—

"विपदि धैर्यमथाऽभ्युदये क्षमा,
सदसि वाक्पटुता युधि विक्रमः ।
यशसि चाऽभिरुचिर्व्यसनं श्रुतौ,
प्रकृतिसिद्धमिदंहि महात्मनाम् ॥

વિપત્ કાલમાં ધૈર્ય રાખવું, તેમજ સંપત્તિના સમયે ક્ષમા, સભાની અંદર વાણીનું ચાતુર્ય, યુદ્ધમાં પરાક્રમ, યશમાં અભિરૂચિ અને શાસ્ત્ર શ્રવણમાં વ્યસન, આ સર્વ ગુણો મહાત્માઓને સ્વભાવસિદ્ધ હોય છે.

એ પ્રમાણે દ્વિજપુત્રોનું વચન સાંભળી શ્રેષ્ઠી બોલ્યો.

હે ભાઈઓ ! જેટલું દુઃખ મને ધર્મ લેખના નાશથી થયું છે, તેટલું દુઃખ ધન, અન્ન અને વસ્ત્રાદિકના દાહથી નથી થતું. કારણકે ધર્મહીન મનુષ્યોમાં પરસ્પર બહુ ક્લેશનો સંભવ રહે છે અને તે ઉત્તરોત્તર ધર્મની હાનિકારક થઈ પડે છે.

હવે શું કરવું ? ધાન્યાદિક સર્વ વસ્તુઓ ફરીથી પ્રાપ્ત થઈ શકે છે, પણ આવી ધર્મવર્ધક અપૂર્વ વસ્તુ મળવી બહુ દુર્લભ છે.

તે સાંભળી બંને વિપ્રસુત બોલ્યા, અમે તો ભિક્ષાવૃત્તિ કરીએ છીએ, માટે બીજો કોઈ આપનો ઉપકાર અમારાથી થઇ શકે તેમ નથી, પરંતુ આપનો તે લેખ આપને યથાક્ષર કહી સાંભળાવીશું.

એ પ્રમાણે તેમનું વાક્ય સાંભળી શેઠ બહુ પ્રમુદિત થઇ ગયા અને પોતાની આગળ તે બંનેને ઉત્તમ આસન ઉપર બેસાર્યા "દરેક માણસ પોતાના સ્વાર્થ સાધકનો સર્વથા સત્કાર કરે છે."

બાદ તેઓએ આદ્યથી આરંભીને વર્ષ, માસ, તિથિ, વાર અને નક્ષત્ર સહિત વર્ણ જાતિ નામ અને મૂલ દ્રવ્યની સંખ્યામાં વૃદ્ધિકારક તે લેખ પોતાના નામની વ્યાખ્યાની માફક બુદ્ધિબલથી ખટિકા (ખડી) વડે લખી નાખ્યો.

પછી શ્રેષ્ઠીએ પત્રો ઉપર તે લેખ ઉતારી લીધો અને તે વિચાર કરવા લાગ્યો કે.

અહો! કોઈ આ બે બ્રાહ્મણો મારી દયાની ખાતર અહીં આવ્યા અને જેઓએ સ્મરણ માત્રવડે પત્રની અપેક્ષા સિવાય સંપૂર્ણ લેખની આબાદી કરી આપી અને આ અગાધ કષ્ટમાંથી મારો ઉદ્ધાર કર્યો.

ત્યારપછી તે શ્રેષ્ઠીએ ઉત્તમ ભોજન અને વસ્ત્રાદિકથી બહુ આદરપૂર્વક સત્કાર કરી પોતાના ઘેર તે બંનેને રાખ્યા અને હિતવેદી એવો તે પોતાના મનમાં સમજ્યો કે—

આ બાલકો જીતેંદ્રિય છે, સ્વભાવથી બહુ શાંત છે. માટે એમને મારા ગુરૂની પાસે મૂકવા જેવા છે અને જો આ બંને શિષ્યો થાય, તો જરૂર સંઘને દીપાવનારા

થાય. એમ જાણી બંનેની તે શ્રેષ્ઠી બહુ સારવાર કરવા લાગ્યો.

હવે સપાદલક્ષ[1] નામે દેશની અંદર, શત્રુ સમુદાયના મુખ ઉપર મષીનો કૂર્ચ (કુચો) ફેરવવાને સમર્થ કૂર્ચપુર નામે નગર છે.

જેની અંદર, પૃથ્વીને પાલન કરવામાં અત્યંત શક્તિમાન્ અને અલ્લનરેંદ્રનો પુત્ર શ્રીમાન ભુવનપાલ નામે યથાર્થ નામધારી પ્રસિદ્ધપણે રાજ્ય કરે છે.

તે નગરીમાં પ્રશમની સંપદાઓવડે વૃદ્ધિ પામતો છે ગુણોદધિ જેનો અને સંસારના પારગામી શ્રીવર્ધમાન નામે આચાર્ય હતા,

જેમણે સિદ્ધાંતના અભ્યાસથી સંસારનું સત્ય સ્વરૂપ જાણીને ચોરાશી ચૈત્યોનો ત્યાગ કર્યો હતો.

કદાચિત્ મેઘની ઉપમાને વહન કરતા તે સૂરિ તત્ત્વ વચનરૂપ ધારાઓવડે વર્ષતા અને આ લોકના ઉદ્ધાર માટે વિહાર કરતા ધારાનગરીમાં પધાર્યા.

બાદ તેમનું આગમન સાંભળી લક્ષ્મીપતિ શેઠ, પ્રદ્યુમ્ન અને શાંત નામે પોતાના પુત્રો સહિ શ્રદ્ધાયુક્ત લક્ષ્મીધરની માફક બંને વિપ્રસુતને સાથે લઈ ગુરૂને વંદન કરવા માટે ગયા.

---

૧ પશ્ચિમે ચંબથી પૂર્વે પશ્ચિમ નેપાળ સુધીનો ડુંગરી પ્રદેશ. એમાં સવા લાખ ટેકરીઓ છે. એમ ધારવામાં આવતું તેથી એ નામ પડયું છે. હાલ એ નામ શિવાલિકટેકરીને જ લાગુ પડે છે.

સર્વ અભિગમ પૂર્વક લક્ષ્મીપતિ શેઠ ગુરૂશ્રીને પ્રણામ કરી નીચે બેઠા. બંને બાળકો પણ હાથજોડી વિનયપૂર્વક ગુરૂશ્રીની આગળ બેસી ગયા.

બાદ ઉત્તમ પ્રકારના લક્ષણોથી વિભૂષિત એવી બંનેની મૂર્તિ જોઇને ગુરૂ પોતાના મનમાં વિચાર કરવા લાગ્યા. એમના શરીરની આકૃતિ જરૂર સ્વપરને જીતનારી છે. વળી પૂર્વભવના સંબંધવાળા હોય ને શું? તેમ એક દૃષ્ટિથી ગુરૂના મુખારવિંદનું અવલોકન કરતા તે બંને બાળકોને ચારિત્રવ્રતને લાયક જાણી તેમણે દીક્ષા આપી.

ત્યારબાદ મહાવ્રતના ભારને વહન કરવામાં ધુરંધર અને ઉગ્રતપસ્વી એવા બંનેને યોગોદ્વહન પૂર્વક સિદ્ધાંતનો અભ્યાસ કરાવ્યો.

પશ્ચાત્ તેમની યોગ્યતા જાણી ગુરુશ્રીએ તે બંનેને આચાર્યપદવી આપી. કારણકે "સિદ્ધવાસ સૌરભ્યવાસને પ્રાપ્ત થયા સિવાય રહેતો નથી."

બાદ તેઓ પ્રથમ શ્રીજિનેશ્વર અને બીજા શ્રીબુદ્ધિ-સાગર એવા નામથી પ્રસિદ્ધ થયા.

તે સમયે શ્રીવર્ધમાનસૂરિએ તેમને વિહારને માટે આજ્ઞા આપી અને વિશેષમાં તેમણે કહ્યું.

શ્રીપાટણનગરમાં ચૈત્યવાસીઓનું બહુ બળ છે, જેથી તેઓ સુવિહિત મુનિઓને ત્યાં રહેવા માટે નિવાસસ્થાન આપતા નથી અને બહુ વિઘ્ન કરે છે. માટે તમે ત્યાં જાઓ

અને પોતાની શક્તિ વડે તેમજ બુદ્ધિ બલ વડે તે વિઘ્નને દૂર કરો.

કારણકે હાલના સમયમાં તમારા જેવા કોઇ બુદ્ધિશાલી નથી.

એ પ્રમાણે ગુરૂની આજ્ઞાનો સ્વીકાર કરી ત્યાંથી તેઓ નીકળ્યા અને અનુક્રમે ગુર્જરભૂમિમાં ધીમે ધીમે વિહાર કરતા શ્રીપાટણનગરમાં બહુ હર્ષથી તેમણે પ્રવેશ કર્યો.

સદ્ગીતાર્થના પરિવાર સહિત તેઓ સમસ્તનગરમાં દરેક ઘરો ફરી વળ્યા. પરંતુ વિશુદ્ધ ઉપાશ્રય મળ્યો નહીં. પછી તેમને ગુરૂનાં વચન સ્મરણ ગોચર થયાં.

હવે તે નગરમાં શ્રીમાન્ દુલર્ભરાજ નામે રાજા હતો. તેમજ નીતિજ્ઞાનનું શિક્ષણ આપવાથી બૃહસ્પતિનો પણ ઉપાધ્યાય શ્રી સોમેશ્વરદેવ નામે પુરોહિત તેમાં રહેતો હતો.

તેને ત્યાં બંને સ્વરૂપધારી જાણે સૂર્યપુત્ર હોયને શું ? તેમ તેઓ ગયા. તેના ગૃહદ્વારમાં રહીને તેઓ સંકેતસહિત વેદોચ્ચાર કરવા લાગ્યા. તેમજ બ્રહ્મ, પિતૃ અને દેવતીર્થનું પ્રતિપાદન કરવા લાગ્યા અને ચારે વેદોનાં રહસ્યોનું અતિ શુદ્ધિપૂર્વક વ્યાખ્યાન કરતા તેમને સાંભળ્યા.

તે સમયે સોમેશ્વરદેવ દેવકાર્યમાં બેઠેલો હતો. પરંતુ તેમના વેદોચ્ચારના ધ્વનિમાં નિમગ્ન થયું છે ચિત્ત જેનું,

એવો તે પુરોહિત સ્થંભિત થઈ ગયો અને સર્વ ઇંદ્રિયોની વૃત્તિને એક શ્રવણેંદ્રિયમાં જ તેણે લાવી મૂકી.

બાદ તેમના દર્શનની ઇચ્છા ધરાવતા તે પુરોહિતે પોતાના બંધુને મોકલી વચનામૃતો વડે બહુ પુષ્ટિ કરી તેમને અંદર બોલાવરાવ્યા.

પોતાની પાસમાં આવેલા તેમને જોઇ તે વિચાર કરવા લાગ્યો.

બે સ્વરૂપ ધારણ કરી શું આ બ્રહ્મા આવ્યા હશે? પશ્ચાત્ એકબીજાનાં પરસ્પર દર્શન થયા બાદ પુરોહિતે બહુ માનપૂર્વક તેમને ભદ્રાસનાદિક ઉત્તમ પ્રકારનાં આસન આપ્યાં. બંને આચાર્યો તે આસનોનો ત્યાગ કરી પોતાના શુદ્ધકંબલના આસન ઉપર બેઠા.

પછી વેદોપનિષદોનું તથા જૈનતત્ત્વસિદ્ધાંતોનું વચનો વડે સામ્યપણું પ્રગટ કરીને તેમણે તે સમયે એક આશીર્વાદ આપ્યો.

**अपाणिपादो ह्यमनोगृहीता,**
**पश्यत्यचक्षुः स शृणोत्यकर्णः ।**
**स वेत्ति विश्वं नहि तस्य वेत्ता,**
**शिवो ह्यरूपः स जिनोऽवताद्वः ॥१॥**

હાથ, પગ અને મનનો સંબંધ જે ધરાવતો નથી, છતાં પણ તે વસ્તુને ગ્રહણ કરે છે.

તેમજ ચક્ષુ વિના છે, છતાં પણ નિરીક્ષણ કરે છે,

કર્ણહીન છતાં તે શ્રવણ કરે છે, વળી તે વિશ્વને જાણે છે, પરંતુ તેનો વેત્તા કોઇ નથી એવા રૂપરહિત શિવ તથા તે શ્રીજિનપરમાત્મા તમારૂં સંરક્ષણ કરો.

એમ આશીર્વાદ આપ્યા બાદ તેમણે કહ્યું કે, આ શ્લોકની અંદર વર્ણવેલા શિવ અને શ્રી જિનપરમાત્માનો અમે સ્વીકાર કરીએ છીએ.

તે સાંભળી પુરોહિતે પૂછ્યું, આપ ક્યાં ઉતર્યા છો? જવાબમાં તેમણે જણાવ્યું કે—

અહીંયા ચૈત્યવાસીઓના કારણને લીધે અમને કોઈ પણ જગ્યાએ સ્થાન મળતું નથી.

બાદ ચંદ્રની કાંતિસમાન નિર્મલ છે હૃદય જેનું એવા તે પુરોહિતે પોતાની ચંદ્રશાલા તેમને રહેવા માટે આપી. પછી તેઓ પણ પોતાના પરિવાર સહિત ત્યાં રહ્યા.

તેમજ ભિક્ષાના બેતાળીશ દોષથી મુક્ત અને નવકોટી વિશુદ્ધ એવું જે ભિક્ષાન્ન પ્રાપ્ત થાય તે વડે લોલુપતા રહિત તેઓ જીવનવૃતિ ચલાવતા હતા.

મધ્યાન્હ સમયમાં યાજ્ઞિક, સ્માર્ત્ત અને દીક્ષિત એવા અગ્નિહોત્રીઓને બોલાવીને ત્યાં મુનીંદ્રોનાં તેમને દર્શન કરાવ્યાં.

બાદ શાસ્રસિદ્ધાંતની પરીક્ષામાં તેઓ સારી રીતે પસાર થયા.

એ પ્રમાણે બ્રહ્માની સભાની જેમ અપૂર્વવિદ્યા વિનોદ પરસ્પર ચાલતો હતો, તેટલામાં ચૈત્યવાસીઓના

મોકલેલા પુરૂષો ત્યાં આવ્યા અને તેઓએ કહ્યુ કે, જલદી આ લોકોને નગરમાંથી તમે બહાર કાઢી મૂકો.

કારણ કે આ નગરમાં ચૈત્યવાસી સિવાય અન્ય શ્વેતાંબરોને રહેવા માટે સ્થાન મળી શકતું નથી. છતાં તમારી મોટી ભૂલ થઈ છે. શા માટે તમે એમને અહીંયાં રાખ્યા છે?

તે સાંભળી પુરોહિત બોલ્યો, ભાઈઓ! અહીં તમે વધારે ગરબડ કરશો નહીં. એનો નિર્ણય રાજસભામાં થવો જોઇએ. તમારો હુકમ કામમાં આવે નહીં.

એ પ્રમાણે પુરોહિતનું કહેવું સાંભળી તેઓએ પોતાના સ્વામી પાસે જઇને આ સર્વ હકીકત સંભળાવી.

બાદ તે સર્વ ચૈત્યવાસી એકઠા થયા અને સર્વે મળી રાજાની પાસે ગયા.

ત્યાં પ્રભાતમાં તે પુરોહિત પણ ગયો અને નરેંદ્રને વિનયપૂર્વક તેણે કહ્યું.

હે દેવ! અમારે ત્યાં બે જૈનમુનિઓ આવ્યા છે. પરંતુ તેમને પોતાના પક્ષમાં રહેવા માટે સ્થાન ન મળ્યું. તેથી મેં તેમના ગુણોને લીધે પોતાના આશ્રયમાં રાખેલા છે.

તેમને નહીં રાખવાની ધમકી આપવા માટે આ ચૈત્યવાસી લોકોએ ભટ્ટ પુત્રોને મોકલ્યા હતા. હવે એમાં મારી કંઈ કસૂર હોય અથવા દંડને લાયક મેં અકાર્ય કર્યું હોય તો આ સંબંધી આપ યોગ્ય શાસન ફરમાવો.

એ પ્રમાણે હકીકત સાંભળી પક્ષપાત રહિત એવો ભૂપતિ હાસ્ય કરી બોલ્યો. કોઈ કારણને લીધે દેશાંતરથી મારા નગરની અંદર આવેલા ગુણવાન્ પુરૂષો સુખેથી રહે, એમને રહેવા માટે કોણ ના કહી શકે? તેમના રહેવાથી આપણને શી હરકત છે? તેમાં દોષનું કારણ તો કંઈ દેખાવું જોઇએ?

એ પ્રમાણે નરેંદ્રનું વચન સાંભળી ચૈત્યવાસીઓ બોલ્યા.

હે નરાધીશ! આ સંબંધી એક પ્રાચીન ઇતિહાસ આપ સાંભળો,

ચાવડાવંશમાં ઉત્પન્ન થયેલા શ્રી વનરાજભૂપતિને નાગેંદ્રગચ્છરૂપી પૃથ્વીનો ઉદ્ધાર કરવામાં શ્રીઆદિવરાહની ઉપમાને વહન કરતા શ્રીમદ્ દેવચંદ્રસૂરિએ પાળી પોષીને મોટા કર્યા હતા,

"શ્રીશીલગુણસૂરિએ મોટા કર્યા હતા" એમ પણ કેટલાક વિદ્વાનો કહે છે.

વળી તે સૂરિ પંચાશ્રય નામે સ્થાનમાં રહેલા ચૈત્યમાં રહેતા હતા. તેમણે આ નગરમાં વસાવીને અહીંયાં તમને નવીન રાજ્ય આપ્યું અને ત્યાં સૂરિશ્રીએ વનરાજ વિહાર એવા નવા ચૈત્યની સ્થાપના કરી.

વનરાજે પણ પોતે કૃતજ્ઞ હોવાથી તે ગુરુ મહારાજનો બહુ સત્કાર કર્યો અને ત્યાં સર્વ સંઘે મળીને નરેંદ્રની સાક્ષીએ વ્યવસ્થા કરી કે, ચૈત્યવાસી યતિઓને જે સંમત

હોય તે મુનિ અહીયાં વાસ કરે, જેથી સંપ્રદાયના વિભેદ વડે ચૈત્યગચ્છની લઘુતા થાય નહીં,

તેમજ તેમને જેઓ અસંમત હોય તેવા મુનિઓએ આ નગરમાં રહેવું નહીં

આ પ્રમાણે પ્રાચીન રાજાઓની વ્યવસ્થા પાશ્ચાત્ય રાજાઓએ માન્ય કરવી જોઈએ.

હે રાજન્! આવી અમારી વ્યવસ્થા અનુક્રમે ચાલી આવે છે, એમ છતાં આપની જેવી આજ્ઞા હોય તે પ્રમાણે વર્ત્તવા અમે તૈયાર છીએ.

રાજાએ કહ્યું, પ્રાચીન રાજાઓના સદાચારને અમે સારી રીતે માનીએ છીએ અને તે પ્રમાણે પાળીએ છીએ.

પરંતુ ગુણી પુરુષોનું અપમાન તો અમારાથી નહી થઈ શકે, કારણ કે તમારા સરખા સદાચારી મહાત્માઓની આશિષ વડે રાજાઓનો અભ્યુદય થાય છે.

આ રાજ્ય પણ તમારું છે, એમાં કંઇ સંદેહ નથી. પરંતુ અમારા આગ્રહથી આ મુનિરાજાઓનો નિવાસ આ નગરની અંદર તમે માન્ય કરો.

એ પ્રમાણે નરેંદ્રનું વચન સાંભળી તે લોકોએ તે પ્રમાણે કબુલ કર્યું.

ત્યારપછી પુરોહિત બોલ્યો હે રાજન્! એમને રહેવા માટે લાયક ભૂમિ કોઈપણ જગોએ આપ પોતે જ આપો.

એ પ્રમાણે સભાનું પ્રકરણ ચાલી રહ્યું હતું, તેવામાં ત્યાં શૈવદર્શનમાં ઇંદ્રસમાન અને ક્રૂરસમુદ્ર એવા બિરૂદને ધારણ કરતા **જ્ઞાનદેવ** નામે એક મહાત્મા આવ્યા.

રાજાએ અભ્યુત્થાન આપી તેમનો સત્કાર કર્યો. પછી તે પોતાના આસન ઉપર બેસી ગયા.

બાદ ભૂપતિએ વિનયપૂર્વક કહ્યું .

હે પ્રભો ! આજે આપને કંઇક જણાવવાનું છે, કે આપણા નગરમાં બહુ ગુણવાન જૈન મુનિઓ આવેલા છે. તેમને ઉપાશ્રય તમે આપો. એમ સાંભળી કિંચિત હસતે મુખે તપસ્વીંદ્રે કહ્યું.

હે નરાધીશ! પાપથી નિર્મુક્ત અને ગુણવાન એવા સત્પુષોની સેવા કરવી એ આપનો ધર્મ છે અને તેજ અમારા ફલપાકાંત દર્શાવનારા ઉપદેશોનો નિધાન છે.

બાળભાવનો ત્યાગ કરવાથી શિવ એજ જિન છે અને જિન એજ શિવ થઇ પરમપદમાં રહેલા છે.

દરેક દર્શનોમાં વિભેદ રહેલો છે, તે તો મિથ્યામતિનું ચિન્હ છે.

હે પુરોહિત ! ચોખાબજારની અંદર ત્રીપોળીઆની પાસે જ્યાં તમારી ઇચ્છા હોય તે પ્રમાણે ઉપાશ્રયને માટે જેટલી જોઇએ તેટલી જમીન લઇ લ્યો. તેમાં સ્વપરપક્ષથી જે કંઈ વિઘ્નો આવશે, તેનું નિવારણ હું કરીશ.

ત્યારબાદ પુરોહિતે તેમના કહ્યા પ્રમાણે કબુલ કરીને તે સમયે ઉપાશ્રય બંધાવ્યો. ત્યારથી પ્રારંભીને ઉપાશ્ર-

યોની પરંપરા ચાલુ થઇ. "ખરેખર મોટા પુરૂષોએ સ્થાપન કરેલું કાર્ય ઉત્તરોત્તર વૃદ્ધિ પામે છે."

વળી શ્રીબુદ્ધિસાગરસૂરિએ આઠ હજાર શ્લોકપ્રમાણનું નવીન વ્યાકરણ રચ્યું છે. **શ્રીબુદ્ધિસાગર** નામથી તે પ્રસિદ્ધ છે.

અન્યદા પુણ્યશાલીજનોને દર્શન કરવા લાયક શ્રી-જિનેશ્વરસૂરિ વિહાર કરતા પુનઃ ધારાનગરીમાં પધાર્યા.

ત્યાં પુરૂષાર્થ (ધર્મ, અર્થ અને કામ) વડે ઉન્નતિ પામેલો મહીધરનામે શ્રેષ્ઠી વસતો હતો. જે શ્રેષ્ઠી સમસ્ત કાર્યોમાં બહુ દક્ષ હતો. માત્ર પોતાના ધનની સંખ્યા કરવામાં અકુશલ હતો.

તેને **ધનદેવી** નામે સ્ત્રીથી ઉત્પન્ન થયેલો અભય-કુમારનામે એક પુત્ર હતો જેના ગુણોનું વર્ણન કરવામાં સહસ્ર જીંહા પણ સમર્થ થઈ શકે નહીં. એક દિવસ પુત્રસહિત તે મહીધરશ્રેષ્ઠી પુણ્યશાલી હોવાથી સૂરિને વાંદવા માટે ગયો.

ગુરૂમહારાજે ઉપદેશ આપ્યો. સંસારની અસારતા મૂલક ચારપ્રકારનો ધર્મ સાંભળ્યો.

બાદ વૈરાગ્યરસથી તરંગિત થયેલા અભયકુમારે સંયમશ્રીના સંગમ માટે ઉત્સુક થઇ પોતાના પિતાને પૂછ્યું.

પિતાની અનુમતિથી ગુરૂશ્રીએ અભયકુમારને દીક્ષા આપી. ગ્રહણ અને આસેવના એમ બંને પ્રકારની શિક્ષા તેમણે ગ્રહણ કરી.

બાદ તે અભયકુમારમુનિ તત્ત્વનિરીક્ષણના અનુમાનથી સિદ્ધાંતોની અવગાહનામાં બહુજ ઉંડા ઉતરી ગયા અને મહાક્રિયાનિષ્ઠ થઇ શ્રી સંઘરૂપી કમલોને ખીલવવામાં સૂર્યસમાન થયા.

પછી શ્રીમદ્‌વર્ધમાનસૂરિના આદેશથી શ્રીજિનેશ્વરસૂરિએ વિશુદ્ધગુણોના સાગર સમાન તે મુનીશ્વરને સૂરિપદવી આપી.

આ પ્રમાણે શ્રી પ્રભાવકચરિત્રમાં વર્ણન આપેલું છે.

વળી ખરતરગચ્છની પટ્ટાવલીમાં લખે છે કે– "એ અવસરે **સોમ** બ્રાહ્મણના **શિવદાસ** અને **બુદ્ધિસાગર** નામે બે પુત્ર હતા તેમજ **કલ્યાણવતી** નામે એક પુત્રી હતી.

પુત્રીના સંબંધમાં પ્રસ્તુત ગ્રંથકર્ત્તા પણ સુરસુંદરી કથા રચવાનું કારણ બતાવવામાં એક ગાથા લખે છે કે–

**सीसिणी मयहरियाए,**
**गुरुभगिणीए अलंघवयाणाए ।**
**सिरिकल्लाणमईए,**
**पवत्तिणीए उ वयणेण ॥ ४१ ॥**

દરેક શિષ્યાઓમાં મુખ્ય, પોતાના ગુરૂની બેન અને અલંઘનીય છે વચન જેનું એવી શ્રીકલ્યાણમતી પ્રવર્ત્તિનીના વચનથી આ સુરસુંદરી કથા રચવામાં આવી છે.

આ ઉપરથી પણ આ બન્ને આચાર્યોની શ્રીકલ્યાણમતી બેન છે, એમ સિદ્ધ થાય છે.

હવે તે ત્રણે ભાઇબેન સોમેશ્વરમહાદેવની યાત્રા માટે ચાલતાં ચાલતાં **સરસ** નામના નગરમાં ગયાં.

ત્યાં સરસ્વતી નદીમાં સ્નાન કરી તે રાત્રીએ ત્યાં જ સૂઇ ગયાં.

બાદ અર્ધરાત્રીનો સમય થયો એટલે સોમેશ્વરદેવ પ્રગટ થઈ તેમને કહેવા લાગ્યા કે,

હે મહાનુભાવો ! હું તમને પ્રસન્ન થયો છું, તમારી ઇચ્છા પ્રમાણે વર માગો.

ત્યારબાદ તેઓએ વૈકુંઠની યાચના કરી, સોમેશ્વરે કહ્યું, ભાઈઓ ! મને પણ વૈકુંઠગતિ તો પ્રાપ્ત થઇ નથી તો હું તમને કયાંથી આપું ?

પરંતુ જો તમારે વૈકુંઠની ઇચ્છા હોય તો તમે શ્રી વર્ધમાનસૂરિના ચરણકમલની સેવા કરો. તે સૂરિજ કેવલ વૈકુંઠદાતા છે.

એમ કહી તે દેવ અદૃશ્ય થઈ ગયો. પછી પ્રભાત-કાળ થયો એટલે તે ત્રણે જણ નદીમાં સ્નાન કરી ઉપા-શ્રયમાં આવ્યાં અને ગુરુશ્રીને પ્રણામ કરી વૈકુંઠની પ્રાર્થના કરી.

ત્યારપછી ગુરુએ પણ એક ભાઇના મસ્તકની શિખા ઉપર રહેલું વૈકુંઠ બતાવીને દયામય શ્રી જૈન ધર્મની પ્રરૂપણા વડે તેમને પ્રતિબોધીને દીક્ષા આપી.

બાદ યોગોદ્વહન કરાવીને તેમને સિદ્ધાંતના પારગામી કર્યા. શિવદાસનું જિનેશ્વરસૂરિ એવું નામ આપ્યું.

એક દિવસ શ્રીજિનેશ્વરમુનિએ પોતાના ગુરુને કહ્યું.

હે સ્વામિન્! જો ગુર્જર દેશમાં જવાય તો બહુ ભારે ધર્મની ઉન્નતિ થાય.

ગુરુ બોલ્યા, ગુર્જર દેશમાં આચારહીન એવા અસંયમી ચૈત્યવાસીઓનો બહુ પ્રચાર છે અને તેઓ ઉપદ્રવો કરે છે, તેથી ત્યાં જઈ શકાતું નથી.

ફરીથી જિનેશ્વરમુનિએ કહ્યું, હે સ્વામિન્! ચૂકા(જુ)ના ભયથી શું વસ્ત્રનો ત્યાગ કરવો ઉચિત છે? માટે મને અને બુદ્ધિસાગર આચાર્યને ત્યાં જવા માટે આપ આજ્ઞા આપો.

બાદ ગુરુશ્રીએ પણ તેમનું વચન સાંભળી બંનેને આચાર્ય પદવી આપીને ગુર્જરદેશમાં વિહાર માટે આજ્ઞા આપી.

ગુરુનું વચન અંગીકાર કરી તે બંને આચાર્યો પણ ગુર્જરદેશમાં વિહાર કરવા લાગ્યા. તેમજ ગુરુશ્રીએ કલ્યાણમતી સાધ્વીને પ્રવર્તિનીપદે સ્થાપન કરી.

હવે શ્રીવર્ધમાનસૂરિની પાટે ચાળીશમા શ્રી જિનેશ્વરસૂરિ થયા. વળી તે સૂરિ, બુદ્ધિસાગર આચાર્યની સાથે મરુદેશમાંથી વિહાર કરતા અનુક્રમે ગુર્જરદેશમાં પાટણ નગરની અંદર આવ્યા.

ત્યાં દુર્લભરાજ નરેશનો શિવશર્મા નામે બ્રાહ્મણ પુરોહિત પોતાનો માતુલ (મામો) રહે છે તેના ઘેર ગયા. બાદ તે બ્રાહ્મણ ઘણા છાત્રો (વિદ્યાર્થીઓ)ને તર્કવ્યાકરણાદિક શાસ્ત્રોનો અભ્યાસ કરાવતો હતો.

તેમાં એક વેદપદનો અશુદ્ધ અર્થ સમજાવતો હતો. તે સાંભળી શ્રીજિનેશ્વરસૂરિએ કહ્યું,

હે વિદ્વાન! આ પદનો અર્થ આવો નથી. તમે કેમ આવું અશુદ્ધ ભણાવો છો?

ત્યારે બ્રાહ્મણ બોલ્યો– તમને વેદાર્થનું જ્ઞાન ક્યાંથી? અને જો જાણતાં હોવ તો તમે જ આ પદનો અર્થ કહો.

એ પ્રમાણે પુરોહિતનું વચન સાંભળી ગુરુશ્રીએ જે જે એના સંદેહ હતા, તે સર્વે દૂર કરી નાખ્યા.

પછી સંતુષ્ટ થઈ પુરોહિત બોલ્યો. આપનું નિવાસ સ્થાન ક્યાં છે? આપના પિતાશ્રીનું નામ શું? ગુરૂશ્રીએ જણાવ્યું કે, વારાણસી નગરી અમારૂં સ્થાન છે અને સોમ બ્રાહ્મણ પિતા છે.

તે સાંભળી પુરોહિતે જાણ્યું કે, આ તો મારા (ભાણેજ) છે, ત્યારબાદ તેણે બહુ માનપૂર્વક તેમને પોતાના ઘેર રાખ્યા.

બાદ તે વાર્ત્તા ચૈત્યવાસી લોકોના જાણવામાં આવી, એટલે તેઓ પોતાના મનમાં વિચાર કરવા લાગ્યા. જિનેશ્વરસૂરિ અહીં આવ્યા છે. વળી તેઓ સંવેગ રંગમાં

બહુ જ ભીંજાયેલા છે અને આપણે તો શિથિલ તેમજ આચારહીન છીએ. માટે કોઈ પ્રકારે એમને આ નગરમાંથી વિદાય કરવા જોઈએ. અન્યથા આપણી બહુ નિંદા થશે.

એમ વિચાર કરી કેટલાક ચૈત્યવાસી એકઠા થઈ દુર્લભરાજની પાસે ગયા અને તેમણે કહ્યું.

મહારાજ! આપના આ નગરમાં દિલ્હીથી ચોર લોકો આવેલા છે અને તેઓ આપના પુરોહિતને ત્યાં રહેલા છે.

એ પ્રમાણે તેમનું વચન સાંભળી રાજાએ પુરોહિતને બોલાવીને પૂછયું. તમારે ત્યાં ચોર આવ્યા છે, એમ અમારા સાંભળવામાં આવ્યું છે.

પુરોહિતે કહ્યું હે રાજન્ ! મારે ત્યાં તો શુદ્ધ આચારવાળા સન્માર્ગ સંચારી મુનીશ્વરો આવેલા છે. ચોર તો નથી આવ્યા. પરંતુ જે કોઈપણ તેમને ચોર કહેતા હોય તેઓ જ ચોર હશે.

પુરોહિતનું વચન સાંભળી રાજાએ તેમનો આચાર જોવા માટે શ્રીજિનેશ્વરસૂરિને પોતાની પાસે બોલાવ્યા.

ગુરૂમહારાજ ત્યાં પધાર્યા. સભાની અંદર પાથરેલા આસ્તરણને દૂર કરી રજોહરણ (ઓઘા) વડે ભૂમિને શુદ્ધ કરી ઈર્યાપથિકી કર્યાપછી પોતાની કંબલ પાથરીને તેઓ બેઠા.

સદ્‌ગુરૂનો આચાર જોઈને રાજાના હૃદયમાં બહુ આનંદ થયો અને તેણે કહ્યું કે, સન્માર્ગધારક મુનિઓ આવા જ હોય છે.

રાજાએ એમનાથી વિરૂદ્ધ એવો ચૈત્યવાસીઓનો આચાર જોઇ ગુરૂ મહારાજને મુનિઓનો આચાર પુછયો.

શ્રી જિનેશ્વરસૂરિએ કહ્યું કે, અમે મુખથી શું કહીએ ? દેવાધિષ્ઠિત એવો સરસ્વતી ભાંડાગાર આપના ત્યાં રહેલો છે. તેમાં સમસ્ત મતનાં સ્વરૂપ દર્શક પુસ્તકો રહેલાં છે, તે પુસ્તકાલયમાંથી એક પુસ્તક મંગાવો.

રાજાએ પણ પુસ્તક મંગાવ્યું. દશવૈકાલિક નામનું પુસ્તક લઈ તેઓ રાજસભામાં આવ્યા.

ગુરૂશ્રીએ કહ્યું કે, આ પુસ્તક આ ચૈત્યવાસીઓના હાથમાં આપો. તેઓ જ વાંચશે. પછી તેઓ વાંચવા લાગ્યા. વાંચતાં વાંચતાં સાધુના આચારનાં પત્ર આવ્યાં. તે છોડી દઈને આગળ ઉપર વાંચવા લાગ્યા.

ગુરૂશ્રી બોલ્યા, રાજસભામાં દિવસે ચોરી થાય છે.

રાજાએ પૂછયું કેવી રીતે ?

ગુરૂએ કહ્યું, આ લોકોએ વાંચતાં પત્ર મૂકી દીધાં.

રાજાએ કહ્યું, એમ હોય તો તમે જ વાંચો.

ગુરૂ મહારાજે કહ્યું, એમાં અમારૂં કામ નથી. પક્ષપાત રહિત એવા બ્રાહ્મણો પાસે વંચાવો.

બ્રાહ્મણોને પુસ્તક આપ્યું એટલે તેઓએ યથાર્થ રીતે વાંચી સંભળાવ્યું.

તે સમયે શાસ્ત્રસંમત આચારના અવલોકનથી શ્રી જિનેશ્વરસૂરિને ઉદ્દેશી "એ અતિખર છે" એ પ્રમાણે રાજાએ તેમની સ્તુતિ કરી.

ત્યાંથી જ તેમને ખરતર બિરૂદ પ્રાપ્ત થયું. તેમજ ચૈત્યવાસીઓનો પરાજય થવાથી "કુંબલ" એવી સંજ્ઞા થઇ.

આ પ્રમાણે સુવિહિત પક્ષધારક શ્રી જિનેશ્વરસૂરિ વિક્રમ સંવત્ ૧૦૮૦માં ખરતર બિરૂદધારક થયા. તેમજ વળી એક દિવસ **મરૂદેવા** સાધ્વીએ ચાળીશ દિવસ સુધી અનશનવ્રત ગ્રહણ કર્યું, પ્રાંત સમયમાં શ્રી જિનેશ્વસૂરિએ નિર્જરા કરાવતાં તે સાધ્વીએ કહ્યુ કે, તમારૂં પોતાનું આગામી ઉત્પત્તિસ્થાન અમને જણાવજો.

ત્યારબાદ મરૂદેવા સાધ્વી ગુરુનું વચન સ્વીકારીને કાળ કરી દેવલોકમાં ગયાં અને દેવપણે ઉત્પન્ન થયાં.

બાદ એક દિવસ તે દેવ સીમંધર સ્વામીને વંદન કરવા માટે નીકળ્યો, તે સમયે તેણે **બ્રહ્મશાંતિ** નામે યક્ષને કહ્યું કે, તારે શ્રી જિનેશ્વરસૂરિની પાસે જઈને "મ, સ, ટ, સ, ટ" આ પાંચ અક્ષરો કહેવા એમનો અર્થ ગુરૂશ્રી પોતે જ જાણશે. તે સમયે યક્ષ સૂરિશ્રીની પાસે આવ્યો અને તે દેવના કહ્યા પ્રમાણે તેણે પાંચ અક્ષરો કહ્યા. બાદ ગુરૂ મહારાજે તેમનો અર્થ કહ્યો, તદ્યથા—

**मरुदेवी नाम अज्जा,**
**गणिनी जा आसि तुम्ह गच्छम्मि ।**
**सग्गम्मि गया पढमे,**
**देवो जाओ महड्ढीओ ॥ १ ॥**

**टक्कलयम्मि विमाणे, दोसागर आउसो समुप्पन्ना ।**
**समणेसस्सजिणेसर-**
**सूरिस्स इय संकहिज्जासु ॥ २ ॥**
**टक्कउरे जिणवंदण-निमित्तमिह आगएण देवेण ।**
**चरणम्मि उज्जमो तो, कायव्वो किं च सेसेहिं ? ॥३॥**

તમારા ગચ્છમાં મરૂદેવી નામે જે ગણિની હતી, તે સાધ્વી પ્રથમ દેવલોકમાં ગયેલી છે અને **ટક્કલ** નામે વિમાનમાં બે સાગરોપમ આયુષધારી મહર્દ્ધિકદેવ છે.

એ પ્રમાણે શ્રમણોના અધિપતિ એવા શ્રી જિનેશ્વર-સૂરિને કહેવું

એમ અહીંયાં ટક્કપુરમાં શ્રી જિનવંદન માટે આવેલા તે દેવે કહેવરાવ્યું છે. માટે ચરિત્રને વિષે તમારે ઉદ્યમ કરવો. અન્ય સાધનોથી શું થવાનું છે ? આ પ્રમાણે મહાજ્ઞાની એવા શ્રી જિનેશ્વરસૂરિ પ્રાંતમાં અનશન કરી સ્વર્ગલોકમાં ગયા.

વળી કેટલાક આચાર્યો વિક્રમ સંવત્ ૧૦૨૪ માં આ શ્રી જિનેશ્વરસૂરિથી જ ખરતર ગચ્છની ઉત્પત્તિ માને છે. પરંતુ કેટલાક અન્ય આચાર્યો આ મતને માનતા નથી.

કારણ કે–જિનેશ્વરસૂરિ વિક્રમ સં. ૧૦૨૪માં વિદ્યમાન હતા, તે જ સાબીત કરવું મુશ્કેલ છે. વિ૦ ૧૦૮૦માં તેમણે અષ્ટકવૃત્તિ રચેલી છે. તેમાં પોતે જણાવ્યું છે કે વિ૦ ૧૦૮૮ માં તેમણે જ પોતાના શિષ્ય **અભયદેવ-**

સૂરિને આચાર્યપદ આપેલું છે. તે સર્વ સંમત અને પ્રસિદ્ધ છે.

હવે આથી પહેલાં ૨૪ નું વર્ષ ઘણું અંતર પડી જાય છે. તે સમયે તેમની વિદ્યમાનતાનો સંભવ લાગતો નથી.

વળી વિ૦ ૧૦૮૮ માં તેમને ખરતર બિરૂદ મળેલું છે. ૧૦૨૪ માં તેમને ખરતર બિરુદ જ મળ્યું નહોતું અને તે બિરૂદના આપનાર દુર્લભરાજનું તે સમયમાં રાજ્ય પણ હતું નહીં, માટે એ વાત સત્ય મનાતી નથી.

તેમજ શ્રી જિનેશ્વરસૂરિએ તથા તેમના શિષ્ય જિનચંદ્ર અને અભયદેવ વિગેરે આચાર્યોએ ઘણા ગ્રંથો રચેલા છે. હાલમાં પણ તે ઉપલબ્ધ થાય છે તેમજ વિદ્યમાન બહુ વિસ્તારથી લખાયેલા પ્રશસ્તિ ગ્રંથો પણ છે. તે પૈકી એક પણ ગ્રંથમાં ખરતર ગચ્છનો ઉલ્લેખ જોવામાં આવતો નથી.

જો એ જ પોતે ઉત્પાદક હોય તો તેમાં ઉલ્લેખ અવશ્ય આપેલો હોય. વળી સર્વત્ર ચંદ્રકુલનો ઉલ્લેખ ઉપલબ્ધ થાય છે. તે જ પ્રમાણે અષ્ટકવૃત્તિમાં ગ્રંથકર્તા પોતે જ લખે છે કે—

**सूरेःश्रीवर्धमानस्य, निःसंबन्धविहारिणः ।**
**हारिचारित्रपात्रस्य, श्रीचन्द्रकुलभूषिणः ॥१॥**

पादम्भोजद्विरेफेण, श्रीजिनेश्वरसूरिणा ।
अष्टकानां कृता वृत्तिः, सत्त्वाऽनुग्रहहेतवे ॥२॥

પ્રતિબંધરહિત વિહાર ઉત્સુક, મનોહર ચારિત્રના પાત્રસમાન અને શ્રી ચંદ્રકુલ ગચ્છમાં અલંકાર સમાન શ્રી વર્ધમાનસૂરિના ચરણકમલમાં ભ્રમરસમાન વર્ત્તનાર શિષ્ય શ્રી જિનેશ્વર સૂરિએ અષ્ટકોની વૃત્તિ પ્રાણીઓના અનુગ્રહને માટે નિર્માણ કરેલી છે.

વળી ખરતરગચ્છની ઉત્પત્તિ તો વિક્રમ સંવત્ ૧૨૦૪ માં શ્રી જિનદત્તસૂરિથી જ શરૂ થયેલી છે, તે સૂરિનો સ્વભાવ બહુ અભિમાનથી ઘેરાયેલો હતો અને લોકો એમને શાસ્ત્રનો વિષય પૂછતા હતા, ત્યારે તેઓ બહુ પ્રચંડ થઇ ઉત્તર આપતા હતા, તે ઉપરથી લોકોમાં 'ખરતર' એવી પ્રસિદ્ધિ થઈ અને પોતે પણ તે પ્રમાણે તેનો સ્વીકાર કરી લીધો છે.

આ વૃતાંત્ત શ્રી જિનવલ્લભસૂરિએ ગણધર સાર્ધશતક રહેલું છે, તેની ઉપર જિનપતિસૂરિના શિષ્ય સુમતિગણીએ વૃત્તિ રચેલી છે, તેની અંદર સ્પષ્ટ જણાવ્યું છે, તેમજ અન્યત્ર પણ તે હકીકત જણાવી છે.

હવે પ્રસ્તુત બંને આચાર્યોની કૃતિ વિષયમાં વિચાર કરીએ તો પ્રથમ શ્રી જિનેશ્વરસૂરિએ રચેલા ગ્રંથો નીચે મુજબ છે.

લીલાવતીકથા, આ લીલાવતીનું વર્ણન પ્રસ્તુત ગ્રંથની પ્રશસ્તિમાં પણ મધુર શબ્દોથી આપેલું છે.

શ્રી હેમચંદ્રાચાર્ય પણ કાવ્યશાસનની ટીકામાં પદ્યમય કથાના ઉદાહરણ પ્રસંગે લખે છે કે–"काचित् पद्यमयी यथा लील.वती" અપૂર્વ અર્થબોધક પદ્યબંધ એક લીલાવતી કથા છે.

આ પ્રમાણે લીલાવતીનું તેમણે ત્યાં સ્મરણ કર્યું છે.

બીજો हरिभद्राष्टकवृत्ति નામે ગ્રંથ કરેલો છે. આ ગ્રંથ જાવાલિપુરમાં વિક્રમ સંવત્ ૧૦૮૦ માં નિર્માણ કરેલો છે, તે જ પોતે પ્રશિસ્તમાં જણાવે છે કે–

**समानामधिकेऽशीत्या, सहस्रे विक्रमाद् गते।**
**श्रीजावालिपुरे रम्ये, वृत्तिरेषा समापिता ॥१॥**

વિક્રમ સંવત્ ૧૦૮૦ માં ભવ્ય એવા જાવાલિપુરમાં આ વૃત્તિ સમાપ્ત કરી છે.

ત્રીજો–पंचलींगीप्रक्करण. ચોથો ગ્રંથ શ્રી वीरचरित्र, પાંચમો कथारत्नकोष, છટ્ઠો सवृत्तिक (वृत्तिसहित) प्रमाणलक्षण, આ છ ગ્રંથ શ્રી જિનેશ્વરસૂરિકૃત હાલમાં ઉપલબ્ધ થાય છે. તે સિવાયનો બીજો કોઇ પણ ગ્રંથ આજ સુધીમાં મળી આવ્યો નથી.

શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિએ 'બુદ્ધિસાગર' વ્યાકરણ રચેલું, તે સિવાય તેમનો રચેલો અન્ય કોઈ ગ્રંથ આજ સુધી જોવામાં આવ્યો નથી, તેમજ સાંભળવામાં પણ આવ્યો નથી.

વળી પોતાની વંશપરંપરાનું વર્ણન કર્યા બાદ પ્રસ્તુત ગ્રંથકર્તા (ધનેશ્વરમુનિ) એ સુરસુંદરી ગ્રંથનો

નિર્માણ સમય અને તે કયા સ્થાનમાં રચ્યો વગેરે હકીકત એક શ્લોકથી જણાવેલી છે. જેમ કે–

*"तेसिं सीसवरो धणेसरमुणी एयं कहं पायडं,*
**चड्डावल्लिपुरीठिओ सगुरुणा आणाए पाढंतरा ।**
**कासी विक्कमवच्छरम्मि य गए बाणंकसुन्नोडुपे,**
**मासे भद्दवए गुरुम्मि कसिणे वीया धणिट्ठादिणे**
॥२४९॥

શ્રી જિનેશ્વરસૂરિ તથા બુદ્ધિસાગર સૂરીશ્વરના શિષ્ય ાર્ય શ્રીમદ્ ધનેશ્વરમુનિએ પોતાના ગુરૂશ્રીની આજ્ઞાથી ચડ્ડાવલ્લિપુરીમાં રહીને વિક્રમ સંવત્ ૧૦૯૫ ની સાલમાં ભાદ્રપદ કૃષ્ણદ્વિતીયા ગુરૂવાર અને ધનિષ્ઠા નક્ષત્રના દિવસે પાઠાંતરરૂપ આ સુરસુંદરી કથા સ્પષ્ટ ભાવાર્થમાં નિર્માણ કરી છે.

આ ઉપરથી ગ્રંથકર્ત્તાનો વિદ્યમાન સમયનો નિર્ણય થઇ આવે છે, હવે તે સંબંધી કહેવાનું કંઇ બાકી રહેતું નથી.

વળી આ સિવાય ગ્રંથકર્ત્તાનું જીવનવૃત્તાંત તથા જન્મસ્થલાદિક કિંવા પોતે રચેલા અન્ય ગ્રંથોના નિર્ણય સંબંધી પ્રાચીન અન્ય ગ્રંથકારોની માફક આ ગ્રંથકારે પણ કોઈ ઠેકાણે ઉલ્લેખ આપ્યો નથી. તેમજ તેમના સમાનકાલિક અથવા પાશ્ચાત્ય કોઈપણ વિદ્વાને તેની શોધ કરી તે બાબત જણાવી નથી.

કારણકે પ્રાચીન મહાત્માઓની એવી પદ્ધતિ હતી કે, ફલને ઉદ્દેશી સિદ્ધાંતનું અવલંબન લઈ વસ્તુસ્વરૂપ માત્રનું તેઓ પ્રદર્શન કરવામાં તાત્પર્ય માનતા હતા, તેમાં પણ આત્મશ્લાઘાને મોટું પાપ માનતા હતા. જેથી તેઓ સ્વકીય ઇતિહાસ લેખનનું કાર્ય સાધારણ માનતા હતા

તેમજ તત્સમાનકાલિક અન્ય પંડિતો પણ આત્મતરફ દૃષ્ટિવાળા તેવા ગૌરવને અસ્થાન આપતા હતા. અન્યાન્ય વિષયોની માફક તે સમયે પ્રાચીન વૃત્તાંત વિષયમાં પ્રાચીન વિદ્વાનોનો નામ શ્લાઘાદિક વિવેચનસંબંધી અનાદર હતો.

વળી હાલમાં પાશ્ચાત્યવિદ્વાનોનું લક્ષ્ય તે તરફ દોરાયો છે. પરંતુ તેને જાણવાનાં સાધનો નહીં મળવાથી તેઓ અટકી પડે છે. અર્થાત્ ઉભયમાં સમાનતા આવી રહે છે.

વળી પ્રસ્તુત ગ્રંથકારે આ ગ્રંથનું 'सुरसुंदरी कहा' કથા એ પ્રકારે જે નામ આપ્યું છે તે યથાર્થ ઘટે છે. જોકે અહીંયાં—

**श्लोकैर्वंशं तु संक्षेपात्, कविर्यत्र प्रशंसति।**
**मुख्यार्थस्यावताराय, भवेद्यत्र कथान्तरम् ॥१॥**
**परिच्छेदो न यत्र स्याद्,**
**न स्याद्वालम्भकः क्वचित्।**
**सा कथा नाम तद्गर्भे,**
**निबध्नीयाच्चतुष्पदीम् ॥२॥**

જે ગ્રંથની અંદર કવિએ સંક્ષેપથી શ્લોકોવડે વંશનું પ્રશંસાપૂર્વક વર્ણન કરેલું હોય,

તેમજ મુખ્ય અર્થના અવતરણ માટે કથાંતરનો ઉદ્દેશ કરવામાં આવે,

વળી જેની અંદર પરિચ્છેદ અથવા કોઇ ઠેકાણે લંભક હોય નહીં, તેને કથા કહેવામાં આવે છે અને તેના મધ્યભાગમાં ચતુષ્પદીનું નિબંધન કરવામાં આવે છે.

આ પ્રમાણે અગ્નિપુરાણમાં કહેલું કથાનું લક્ષણ સંપૂર્ણપણે ઘટતું નથી. પરંતુ કેટલાક અંશે તે ઘટે છે.

તેમજ धीरशान्तनायका गद्येन पद्येन वा सर्वभाषा कथा, ધીર અને શાંત ગુણી જેમાં નાયક હોય, તેમજ ગદ્ય અથવા પદ્યવડે સર્વ ભાષામાં વર્ણવેલી કથા કહેવાય,

અહીં નાયક શબ્દ ઉપલક્ષણ માત્ર મૂકવામાં આવેલો છે. તેથી નાયિકા પણ લઇ શકાય છે. આ કથાની અંદર સુરસુંદરી નાયિકા છે.

આ પ્રમાણે શ્રીહેમચંદ્રાચાર્યકૃત કાવ્યાનુશાસનમાં સ્પષ્ટ કથા લક્ષણ બતાવ્યું છે. તે લક્ષણ અહીં સંપૂર્ણ રીતે લાગુ પડે છે. માટે આ ચરિત્રને કથા નામ આપ્યું છે, તે યથાર્થ છે.

ગ્રંથકારે પોતે પ્રારંભમાં "वोच्छं संवेगकरीं, कह तुं सुरसुन्दरी नाम" । વૈરાગ્યને ઉત્પન્ન કરનારી સુરસુન્દરી નામે કથાને હું કહીશ, તેમજ દરેક પરિચ્છેદની સમાપ્તિમાં

सुरसुन्दरीनामाए, कहाए पढमो परिच्छेओ। આ પ્રમાણે કથાનો નિર્દેશ કરેલો છે.

વળી આ ગ્રંથકર્તાએ સામાન્ય વિશેષનો ભેદ છોડી દઈને અહીં કથા વ્યપદેશ કરેલો છે, તે ઉચિત છે.

તેમજ આ પદ્યબંધ ગ્રંથમાં સોળ પરિચ્છેદ આપેલા છે અને દરેક પરિચ્છેદમાં અઢીસો ગાથાઓ રહેલી છે. માત્ર છેવટના સોળમા પરિચ્છેદમાં એક ગાથા વધારે અપવાદ તરીકે આપેલી છે.

દરેક પરિચ્છેદમાં સમાન ગાથાઓ રાખી છે. તેવા વક્તવ્યનો ઉદ્દેશ નહોતો કે સર્વત્ર સરખી ગાથાઓ જ રાખવી, પરંતુ સ્વાભાવિક આ પ્રમાણે પ્રબંધ રચવામાં આવ્યો છે.

વળી આ સંપૂર્ણ ગ્રંથ આર્યાછંદથી રચવામાં આવ્યો છે. માત્ર દરેક પરિચ્છેદના અંતમાં ભિન્ન ભિન્ન વૃત્તો આપવામાં આવ્યાં છે. તેમજ કોઈ કોઈ સ્થળે પરિચ્છેદની અંદર પણ વિશેષ વર્ણની અપેક્ષાએ ભિન્ન વૃત્તનો વ્યવહાર કર્યો છે.

નિયમિત ગાથાઓથી વર્ણન કરતા આ કવિની કવિત્વ શક્તિ કેટલી છે ? કે–વિસ્તારથી વર્ણન કરવા લાયક વસ્તુનો કોઈ ઠેકાણે સંક્ષેપ કર્યો નથી. તેમજ સંક્ષેપથી વર્ણન કરવા લાયક વસ્તુનો વિસ્તાર પણ કર્યો નથી.

કાવ્યને જીવન આપનાર રસનો કોઈ સ્થલે અપકર્ષ પણ કર્યો નથી.

એ પ્રમાણે પ્રસ્તુત ગ્રંથકર્તાની કવિત્વ શક્તિ સહૃદય પુરૂષોને આનંદ આપ્યા સિવાય રહે તેમ નથી.

વળી આ સુરસુંદરી ચરિત્રને કાવ્યત્વ લક્ષણ ઘટે કે કેમ ? તે વિચારમાં–अदोषौ सगुणौ सालङ्कारौ शब्दार्थौ काव्यम् દોષથી વિમુક્ત, ગુણયુક્ત અને અલંકાર સહિત એવા શબ્દ તથા અર્થની ઘટના જેમાં રહેલી હોય તે કાવ્ય કહી શકાય, એમ કાવ્યાનુશાસનમાં શ્રીમદ્ **હેમચંદ્ર-સૂરિએ** કહેલું છે.

साधुशब्दार्थसन्दर्भं, गुणालङ्कारभूषितम् । स्फुटरीतिरसोपेतं काव्यम् । શબ્દ અને અર્થનો સંદર્ભ જેમાં સમ્યક્ પ્રકારે રચેલો હોય, ગુણ તથા અલંકારોથી વિભૂષિત અને સ્ફુટ રીતે રસોથી ભરપૂર જે હોય તેને કાવ્ય કહી શકાય, એમ વાગ્ભટાલંકારમાં **વાગ્ભટ** કવિએ કહ્યું છે.

**"निर्दोषं गुणवत् काव्य,–मलङ्कारैरलङ्कृतम् ।**
**रसान्वितं कविः कुर्वन्, कीर्ति प्रीतिं च विन्दति ॥१॥"**

નિર્દોષ તેમજ ગુણાનુસારી, અલંકારોથી વિભૂષિત અને રસસહિત એવા કાવ્યને રચનાર કવિ લોકોમાં કીર્તિ અને પ્રીતિને પ્રાપ્ત કરે છે.

આ પ્રમાણે ચંદ્રાલોકમાં **પીયૂષવર્ષ** પંડિતે કહેલું છે.

"तददोषौ शब्दार्थौ सगुणावनलङ्कृती पुनःक्वाऽपि" દોષ રહિત તેમજ સગુણ એવા શબ્દ અને અર્થ હોય વળી

અલંકારરહિત હોય તો પણ તે કોઈ સ્થલે કાવ્ય કહી શકાય, એમ કાવ્યપ્રકાશમાં **મમ્મટભટ્ટનું** મંતવ્ય છે.

काव्यशब्दोऽयं गुणालङ्कारयुक्तयोः शब्दार्थयोर्वर्त्तते" આ કાવ્ય શબ્દ ગુણ અને અલંકાર સહિત શબ્દ તથા અર્થમાં પ્રવર્તે છે એમ કાવ્યાલંકારની વૃત્તિમાં વામન ભટ્ટનું કહેવું છે.

ध्वन्यात्मकं वाक्यं काव्यम् " ધ્વનિબોધક જે વાક્ય હોય, તેને કાવ્ય સમજવું. એમ **વ્યક્તિવિવેક** ગ્રંથમાં **મહિમભટ્ટ** કહે છે.

તેમજ પ્રભાકરાદિક પંડિતોએ કહેલા કાવ્યના સામાન્ય લક્ષણની કેટલાક અંશમાં અહીં સંગતિ થાય છે.

પરંતુ रमणीयार्थप्रतिपादकः शब्दःकाव्यम् " રમણીય અર્થનું પ્રતિપાદન કરનાર જે શબ્દ હોય તે કાવ્ય કહેવાય, એમ **રસગંગાધર**માં **જગન્નાથ પંડિતનો** ઉલ્લખ છે.

वाक्यं रसात्मकं काव्यम् " રસાત્મક જે વાક્ય હોય તેને કાવ્ય કહી શકાય, એમ સાહિત્યદર્પણમાં **વિશ્વનાથ** કવિરાજનો ઉલ્લેખ છે.

'शरीरं (काव्यम्) तावदिष्टार्थव्यवच्छिन्ना पदावली" ઇષ્ટાર્થની પ્રતિપાદન કરનારી જેમાં પદશ્રેણી રહેલી હોય તે કાવ્ય કહેવાય છે. એમ **કાવ્યાદર્શ**માં **દંડી** કવિનો ઉલ્લેખ છે.

"रसाऽलङ्कारोपेतं सुखविशेषसाधनं वा काव्यम् ॥

રસો અને અલંકારોથી યુક્ત સુખ વિશેષનું જે સાધન હોય તેને કાવ્ય કહેવામાં આવે છે. એ પ્રમાણે અલંકાર શેખરમાં કેશવમિશ્રનો ઉલ્લેખ છે.

काव्यं रसादिमद् वाक्यम्" જેના વાકયો રસાદિકથી યુક્ત હોય તે કાવ્ય કહેવાય, એમ અલંકાર સૂત્રકારિકા ગ્રંથમાં शौद्धोदनि પંડિતનું મંતવ્ય છે.

આ પ્રમાણે કાવ્યના સામાન્ય લક્ષણોથી આ ચરિત્રને કાવ્ય કહેવામાં કોઇ પણ દોષ નથી. વળી પ્રસિદ્ધ કાવ્યોમાં પણ દરેક લક્ષણોનો સમન્વય થવો તો ઘણો મુશ્કેલ છે. કારણ કે તેઓમાં પણ નિત્યાનિત્યાદિ દોષનો ક્વચિત્ સંભવ રહી શકે છે. માટે અહાંયાં કાવ્યલક્ષણ ઘટવામાં બાધ નથી.

તેમજ આ પ્રસ્તુત ગ્રંથને મહાકાવ્ય પણ કહી શકાય, કારણ કે સર્ગબંધ જેમાં રચેલા હોય, ધીર અને ઉદાત્ત ગુણવાન સુર અથવા ઉત્તમ કુલવાન્ ક્ષત્રિય નાયક હોય, (અહીં નાયકના ઉપલક્ષણથી સુરસુંદરી નાયિકા છે.)

એક વંશમાં ઉત્પન્ન થયેલા કુલીન રાજાઓનું જેમાં વર્ણન હોય, શૃંગાર, વીર અને શાંતરસ અંગી હોય અને બાકીના રસો અંગભૂત વર્ણવેલા હોય વિગેરે મહાકાવ્યના જે જે ગુણો કાવ્યાનુશાસનમાં શ્રીમાન્ હેમચંદ્રસૂરિએ કહેલા છે, તે સર્વ ગુણો આ ચરિત્રમાં રહેલા છે. इति अलम् ।

શ્રીવીર સં. ૨૪૫૧ શ્રીવિક્રમ સં. ૧૯૮૧
શ્રીબુદ્ધિ સં. ૧ ઇસ્વી સન. ૧૯૨૫

જેષ્ઠ સુદિ પંચમી બુધવાર.

સ્થાન તીર્થ પાનસર
ઝવેરી ભુરીયાભાઈ જીવણચંદના
ટાવરહોલમાં.
} લે. અજીતસાગર સૂરિ.

ॐश्रीकेशरीयानाथायनमः ॐअर्हंमहावीर । ॐ शान्तिः ३

# અનુક્રમ


| વિષય | પત્રાંક |
| --- | --- |
| ૧ પ્રકાશકીય | |
| ૨ પ્રસ્તાવના | |
| ૩ જીવનચરિત્ર | |
| ૪ નિવેદન | |
| ૫ અનુક્રમણિકા | |
| ૧ મંગલ-સ્તુતિ | ૧ |
| ૨ ગુરુ-વંદન | ૪ |
| ૩ સરસ્વતી-સ્તવના | ૫ |
| ૪ અભિધેય-નિર્દેશ | ૫ |
| ૫ ઔચિત્ય | ૫ |
| ૬ સજ્જન-સ્તવના | ૭ |
| ૭ ધર્મપ્રવૃત્તિ-ઉપદેશ | ૭ |
| ૮ સુર સુંદરી કથા-પ્રબંધ | ૮ |
| ૯ પ્રવર્તની કલ્યાણમતી | ૯ |
| ૧૦ કુરુદેશ | ૧૦ |
| ૧૧ હસ્તિનાપુર | ૧૧ |
| ૧૨ અમરકેતુ રાજન | ૧૪ |
| ૧૩ ચિત્રકાર ચિત્રસેન | ૧૫ |
| ૧૪ ચિત્ર-પ્રદર્શન | ૧૬ |
| ૧૫ નૃપ-મૂર્ચ્છા | ૧૭ |
| ૧૬ ચિત્રસેનને પ્રહાર તથા બંધન | ૧૮ |
| ૧૭ બંધન મુક્તિ | ૧૯ |
| ૧૮ ચિત્રસેનનું નિવેદન | ૧૯ |
| ૧૯ ધનવાહન-રાજા | ૨૦ |
| ૨૦ કમલાવતી કન્યા | ૨૦ |
| ૨૧ સાગર શ્રેષ્ઠિ | ૨૦ |
| ૨૨ શ્રેષ્ઠિપુત્ર શ્રીકાન્ત તથા પુત્રી શ્રીકાન્તા | ૨૧ |
| ૨૩ શ્રેષ્ઠિ પુત્રી શ્રીકાન્તા અને રાજકન્યા કમલાવતીનું સખીપણું | ૨૧ |
| ૨૪ ઉપાધ્યાય સુમિત્રસેન | ૨૧ |
| ૨૫ મતિસાગર મન્ત્રી | ૨૧ |
| ૨૬ વિવાહ વિચાર | ૨૨ |
| ૨૭ નૈમિત્તિક-આગમન | ૨૩ |
| ૨૮ સુમતિ નૈમિત્તિકનું નિમિત્ત કથન | ૨૪ |
| ૨૯ રાજા-મન્ત્રીનો-સંવાદ | ૨૫ |
| ૩૦ ચિત્ર-દર્શન અને નૃપ-મૂર્ચ્છા | ૨૭ |
| ૩૧ વિવાહ-મહોત્સવ | ૨૮ |
| ૩૨ ધનવર્મા શ્રેષ્ઠિ | ૨૯ |
| ૩૩ શ્રેષ્ઠિપુત્ર-ધનદેવ | ૩૦ |
| ૩૪ શ્રેષ્ઠિ પુત્રનું ઉદ્યાન ગમન | ૩૧ |

| વિષય | પત્રાંક |
|---|---|
| ૩૫ દીન પુરુષ-પૃચ્છા | ૩૧ |
| ૩૬ દીન-પુરુષ કથન | ૩૨ |
| ૩૭ સિંહ ગુફા-યોગી-સમાગમ | ૩૨ |
| ૩૮ પાન બીડું અને બુદ્ધિ-ભ્રમ | ૩૩ |
| ૩૯ દુષ્ટ-વાર્તાલાપ-શ્રવણ | ૩૩ |
| ૪૦ જયસેનની મુક્તિ અર્થે લાખ સુવર્ણ-મહોર-દાન | ૩૫ |
| ૪૧ ધનદેવનો મહિમા | ૩૬ |
| ૪૨ ઉપાલંભ શ્રવણ | ૩૭ |
| ૪૩ દેશાન્તર-ગમનેચ્છા | ૩૮ |
| ૪૪ વિદેશ-ગમન | ૩૯ |
| ૪૫ અટવી-પ્રવેશ | ૪૦ |
| ૪૬ ઘાટી-પતન | ૪૧ |
| ૪૭ ભીલોની ક્રૂરતા | ૪૨ |
| ૪૮ સાર્થ વ્યગ્રતા | ૪૨ |
| ૪૯ ધનદેવનું પરાક્રમ | ૪૪ |
| ૫૦ પુરુષાતનને ધિક્કાર ! | ૪૫ |
| ૫૧ ધનદેવનો પરાજય | ૪૬ |
| ૫૨ ધનદેવની ઓળખાણ | ૪૭ |
| ૫૩ જયસેન કુમારનો જીવનદાતા ધનદેવ | ૪૭ |
| ૫૪ સુપ્રતિષ્ઠનો પશ્ચાતાપ | ૪૮ |

| વિષય | પત્રાંક |
|---|---|
| ૫૫ બહુરત્ના વસુન્ધરા | ૪૯ |
| ૫૬ ધનદેવનું આતિથ્ય | ૫૦ |
| ૫૭ ધનદેવનો વિતર્ક | ૫૧ |
| ૫૮ સુપ્રતિષ્ઠનું વૃત્તાન્ત | ૫૨ |
| ૫૯ વર્ષા-ઋતુ | ૫૩ |
| ૬૦ મેઘ-ચમત્કાર | ૫૫ |
| ૬૧ કમલાવતી-રાણી સાથે રાજાનો સંવાદ | ૫૭ |
| ૬૨ આકસ્મિક વિદ્યુત્પાત અને રાણીનું મૃત્યુ | ૫૯ |
| ૬૩ નૃપ-વિલાપ | ૬૦ |
| ૬૪ મન્ત્રી-પ્રબોધ | ૬૧ |
| ૬૫ નૃપ-શોક | ૬૪ |
| ૬૬ કલાભ્યાસ | ૬૫ |
| ૬૭ મહાન્તનું આગમન | ૬૫ |
| ૬૮ કીર્તિ ધર્મ-રાજા | ૬૬ |
| ૬૯ રાજકન્યા કનકવતી | ૬૬ |
| ૭૦ કનકવતી-વિવાહ | ૬૮ |
| ૭૧ રાજાનો પ્રેમ | ૬૯ |
| ૭૨ સુરથકુમાર | ૬૯ |
| ૭૩ સુપ્રતિષ્ઠનું અપમાન | ૭૦ |
| ૭૪ સુપ્રતિષ્ઠનો ક્રોધ | ૭૨ |
| ૭૫ સુપ્રતિષ્ઠનું વિદેશગમન | ૭૪ |
| ૭૬ સિંહ ગુફા પલ્લી નિવાસ | ૭૪ |

| વિષય | પત્રાંક | વિષય | પત્રાંક |
|---|---|---|---|
| ૭૭ સંસાર–વાસને ધિક્કાર હો...ધનદેવ | ૭૫ | ૯૯ કનકમાલા | ૧૦૩ |
| ૭૮ સ્વદેશ–પ્રયાણ | ૭૬ | ૧૦૦ વિરહ–વેદના | ૧૦૫ |
| ૭૯ દિવ્ય–મણિ | ૭૭ | ૧૦૧ દાસી આમ્રલતા | ૧૦૭ |
| ૮૦ વન–પ્રદેશ–પ્રવેશ | ૭૮ | ૧૦૨ કનકમાલાની સ્થિતિ | ૧૦૯ |
| ૮૧ દિવ્ય–પુરૂષ | ૭૯ | ૧૦૩ હંસિકા–સખી | ૧૧૦ |
| ૮૨ દિવ્ય–મણિ–પ્રભાવ | ૮૦ | ૧૦૪ આંદોલન–ક્રીડા | ૧૧૧ |
| ૮૩ ઘોર–આપત્તિ | ૮૧ | ૧૦૫ કનકમાલાની વિરહદશા | ૧૧૨ |
| ૮૪ વૈતાઢ્ય–પર્વત–વર્ણન | ૮૨ | ૧૦૬ સોમલતાનો ઉપાલંભ | ૧૧૪ |
| ૮૫ પવનગતિ–વિદ્યાધર રત્નસંચય નગર | ૮૪ | ૧૦૭ પત્ર–લેખન | ૧૧૫ |
| ૮૬ ચિત્રવેગનો જન્મ | ૮૫ | ૧૦૮ આમ્રલતાનું પુનરાગમન | ૧૧૬ |
| ૮૭ મનહર–ઉદ્યાન | ૮૬ | ૧૦૯ ચિત્રવેગનો સંતાપ | ૧૧૮ |
| ૮૮ મિત્ર–બંધુદત્ત | ૮૭ | ૧૧૦ સૂર્યાસ્ત–સમય | ૧૧૯ |
| ૮૯ વસંત–વર્ણન | ૮૭ | ૧૧૧ ચંદ્રોદય | ૧૨૦ |
| ૯૦ જિન–યાત્રા | ૯૧ | ૧૧૨ વાદ્યનાદ | ૧૨૩ |
| ૯૧ જિન–મંદિર શાન્તિ–સ્નાત્ર | ૯૩ | ૧૧૩ વિવાહ–મહોત્સવ | ૧૨૫ |
| ૯૨ ભાનુવેગ–આગમન | ૯૪ | ૧૧૪ ચિત્રવેગની મૂર્ચ્છા | ૧૨૬ |
| ૯૩ સ્વપ્ન–દર્શન | ૯૬ | ૧૧૫ દૈવને ઉપાલંભ | ૧૨૭ |
| ૯૪ સ્વપ્ન–ભાવાર્થ | ૯૭ | ૧૧૬ આશા–બંધન | ૧૨૮ |
| ૯૫ મકરંદ ઉદ્યાન | ૯૯ | ૧૧૭ ચિત્રમાલા | ૧૨૯ |
| ૯૬ મદન–ગૃહ | ૧૦૦ | ૧૧૮ અમિતગતિ | ૧૩૧ |
| ૯૭ યુવતી–દર્શન | ૧૦૧ | ૧૧૯ દુઃખનું કારણ | ૧૩૨ |
| ૯૮ ભાનુવેગને પૃચ્છા | ૧૦૨ | ૧૨૦ સુરવાહન મુનીન્દ્ર | ૧૩૨ |
| | | ૧૨૧ કેવળજ્ઞાન | ૧૩૩ |

| વિષય | પત્રાંક |
|---|---|
| ૧૨૨ મુનિ–સ્તુતિ | ૧૩૫ |
| ૧૨૩ મુનિ–દેશના | ૧૩૬ |
| ૧૨૪ રાજ–પ્રશ્ન | ૧૩૮ |
| ૧૨૫ કનકમાલાની માગણી | ૧૪૦ |
| ૧૨૬ લગ્ન નિરૂપણ | ૧૪૧ |
| ૧૨૭ ચિત્રમાલાની ચિંતા | ૧૪૨ |
| ૧૨૮ કનકમાલાનો પશ્ચાત્તાપ | ૧૫૧ |
| ૧૨૯ મરણ–સાહસ | ૧૫૪ |
| ૧૩૦ આકાશ–વાણી | ૧૫૭ |
| ૧૩૧ લગ્ન મહોત્સવ | ૧૬૧ |
| ૧૩૨ સ્વપ્ન–અર્થ | ૧૬૪ |
| ૧૩૩ લગ્ન–દિવસ | ૧૬૫ |
| ૧૩૪ દુર્વિકલ્પ | ૧૬૭ |
| ૧૩૫ આત્મઘાત | ૧૭૨ |
| ૧૩૬ પાશ–છેદ | ૧૭૩ |
| ૧૩૭ ઉપદેશ | ૧૭૫ |
| ૧૩૮ વિદ્યાધરેન્દ્ર–હરિશ્ચન્દ્ર | ૧૭૯ |
| ૧૩૯ પ્રભંજન–બંધુ સુંદરી | ૧૮૦ |
| ૧૪૦ ચિત્રલેખા | ૧૮૧ |
| ૧૪૧ ચારણ શ્રમણ સુમુખ | ૧૮૨ |
| ૧૪૨ હરિશ્ચન્દ્ર પ્રવ્રજ્યા | ૧૮૩ |
| ૧૪૩ રાજા પ્રભંજન | ૧૮૪ |
| ૧૪૪ રાજકુમાર જ્વલન-પ્રભ–કનકપ્રભ | ૧૮૫ |
| ૧૪૫ ચારણમુનિ સુઘોષ | ૧૯૦ |
| ૧૪૬ રાજા પ્રભંજનની પ્રવ્રજ્યા | ૧૯૦ |
| ૧૪૭ કનકપ્રભનો અવિનય | ૧૯૧ |
| ૧૪૮ ચમરચંચામાં જ્વલનપ્રભનું ગમન | ૧૯૨ |
| ૧૪૯ પ્રભંજન મુનિની દેશના...... | ૧૯૪ |
| ૧૫૦ જ્વલનપ્રભનો પ્રશ્ન | ૧૯૮ |
| ૧૫૧ રોહિણી વિદ્યા | ૧૯૯ |
| ૧૫૨ ભયભીત ચિત્રલેખા | ૨૦૦ |
| ૧૫૩ ચિત્રલેખાનું અપહરણ | ૨૦૨ |
| ૧૫૪ વિમોહિની વિદ્યા | ૨૦૩ |
| ૧૫૫ ચિત્રગતિની મૂઢતા | ૨૦૩ |
| ૧૫૬–૧ દમઘોષની પૃચ્છા | ૨૦૪ |
| ૧૫૬ રોહિણી વિદ્યા | ૨૦૫ |
| ૧૫૭ મેદોન્મત્ત હાથી | ૨૦૬ |
| ૧૫૮ એક યુવતી | ૨૦૮ |
| ૧૫૯ ચિત્રગતિની સહાય | ૨૦૯ |
| ૧૬૦ યુવતિને જીવન–દાન | ૨૧૨ |
| ૧૬૧ ચિત્રગતિની ચિંતા | ૨૧૪ |
| ૧૬૨ ચિત્રગતિનું પ્રયાણ | ૨૧૬ |
| ૧૬૩ વિદ્યાધરેન્દ્ર કનકપ્રભ | ૨૧૭ |
| ૧૬૪ નગર–શૂન્યતા | ૨૧૮ |

| વિષય | પત્રાંક |
|---|---|
| ૧૬૫ પ્રિયાના વિરહે–પરિભ્રમણ | ૨૨૪ |
| ૧૬૬ ચિત્રગતિનું વૃત્તાંત | ૨૪૧ |
| ૧૬૭ અશોક વાટીકા | ૨૪૪ |
| ૧૬૮ પ્રભંજન ખેચર | ૨૪૬ |
| ૧૬૯ ચન્દ્રગતિ વિદ્યાધર | ૨૪૭ |
| ૧૭૦ પ્રભંજન રાજા તથા મેઘનાદમંત્રીની દીક્ષાગ્રહણ | ૨૪૭ |
| ૧૭૧ અશનિવેગની ચિંતા | ૨૫૦ |
| ૧૭૨ રાજપુત્રી પ્રિયંગુમંજરી | ૨૫૦ |
| ૧૭૩ સખી ધારિણી | ૨૫૪ |
| ૧૭૪ દુંદુભી–નાદ | ૨૫૫ |
| ૧૭૫ વણિક શ્રેષ્ઠિ હરિદત્ત | ૨૫૬ |
| ૧૭૬ કન્યા સુલોચના | ૨૫૭ |
| ૧૭૭ કન્યા વસુમતી સાથે પરપુરુષ | ૨૫૮ |
| ૧૭૮ સુદર્શનાનો પોકાર | ૨૬૦ |
| ૧૭૯ દિવ્ય–પુરુષ | ૨૬૨ |
| ૧૮૦ સુમંગલનું વૃત્તાંત | ૨૬૫ |
| ૧૮૧ ધનપતિ વણિક | ૨૬૭ |
| ૧૮૨ કેવલી ભગવંત શ્રી દંડ વિરતની ધર્મ દેશના | ૨૬૯ |
| ૧૮૩ ધનપતિની પ્રવજ્યા | ૨૭૨ |
| ૧૮૪ ચન્દ્રાર્જુન–દેવ | ૨૭૩ |
| ૧૮૫ સમુદ્ર દત્ત શ્રેષ્ઠિ | ૨૭૫ |
| ૧૮૬ સુધર્મસુરીશ્વર પાસે વસુમતિની દીક્ષા | ૨૭૮ |
| ૧૮૭ અણુસણુ કરી વસુમતિ સાધ્વી ચન્દ્રાર્જુન દેવની ચન્દ્રપ્રભા નામે દેવી થઈ | ૨૮૦ |
| ૧૮૮ ચન્દ્રાર્જુન દેવનું ચ્યવન અને ચન્દ્રપ્રભા દેવીને આઘાત | ૨૮૧ |
| ૧૮૯ વિલાપ | ૨૮૨ |
| ૧૯૦ સ્વયંપ્રભા સખીનું શાન્ત્વન | ૨૮૫ |
| ૧૯૧ સમ્યક્ત્વ ધર્મની શુદ્ધિ અર્થે જિન પ્રતિમાઓની વન્દનાદિ ભક્તિ | ૨૮૬ |
| ૧૯૩ શુભંકર કેવલી ભગવાન | ૨૮૮ |
| ૧૯૪ ચન્દ્રપ્રભા દેવીનો પ્રશ્ન | ૨૯૨ |
| ૧૯૫ શોકનું કારણુ | ૨૯૫ |
| ૧૯૬ શાન્તિ સ્નાત્ર મહોત્સવ | ૨૯૭ |
| ૧૯૭ ઉન્મત્ત હાથી | ૨૯૮ |

| વિષય | પત્રાંક |
|---|---|
| ૧૯૮ પૂર્વભવના પતિની પ્રાપ્તિ | ૨૯૯ |
| ૧૯૯ મુદ્રિકા ગ્રહણ | ૩૦૧ |
| ૨૦૦ વિદ્યાધર અશનિવેગ | ૩૦૩ |
| ૨૦૧ નગરની શૂન્યતા | ૩૦૫ |
| ૨૦૨ ગંગાવર્ત નગર | ૩૦૬ |
| ૨૦૩ વિદ્યાધર અમિતગતિ | ૩૦૭ |
| ૨૦૪ કનકપ્રભરાજાની દુર્દશા | ૩૦૮ |
| ૨૦૫ લગ્ન-દિવસ | ૩૧૦ |
| ૨૦૬ ચિત્રગતિને જાતિ સ્મરણ | ૩૧૨ |
| ૨૦૭ ચિત્રગતિનું સ્વ પ્રાણપ્રિયા પ્રિયંગુ-મંજરીને ઉદ્બોધન | ૩૧૪ |
| ૨૦૮ વિદ્યા બળ ગર્વિષ્ટ નભોવાહન રાજા | ૩૧૮ |

## લેખક શ્રી વિરચિત પુસ્તકોની નામાવલી.

| | | | |
|---|---|---|---|
| ૧ આંબાની આગ યાને (ભીમસેન ચરિત્ર) | ગુજરાતી | (પ્રેસમાં) | ત્રીજી આવૃત્તિ |
| ૨ શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભા. ૧-૨ | ,, | (અલભ્ય) | |
| ૩ શ્રી કુમારપાલ ભૂપાલ ચરિત્ર | ,, | ,, | |
| ૪ શ્રી સુરસુંદરી ચરિત્ર ભા. ૧-૨ | ,, | (પ્રેસમાં) | દ્વિતીય આવૃત્તિ |
| ૫ શ્રી તરંગવતી ચરિત્ર (પ્રતાકારે) | સંસ્કૃત | | |
| ૬ શ્રી અજિતસેન શીલવતી ચરિત્ર (પ્રતાકારે) | ,, | પ્રેસમાં | |
| ૭ શ્રી ચંદ્રરાજ ચરિત્ર (પ્રતાકારે) | | | અલભ્ય (હવે પછી છપાશે) |
| ૮ શ્રી લઘુ સ્તોત્ર રત્નાકર | સંસ્કૃત | | |
| ૯ શ્રી કલ્પ સુખ બોધિકા | ,, | | |
| ૧૦ શ્રી ગીત રત્નાકર (કાવ્ય) | ગુજરાતી | | |
| ૧૧ શ્રી ગીત પ્રભાકર (કાવ્ય) | ,, | | |

# સુરસુંદરી ચરિત્ર

## મંગલ-સ્તુતિ

ઉત્કૃષ્ટ સાધુતાની પ્રતિજ્ઞા કરી તે જ સમયે કર્યો છે, લોચ જેમણે, એવા **શ્રી આદિનાથ** ભગવાનના કર્ણયુગ્મના પાસમાં અમરેન્દ્રના કહેવાથી ધારણ કરેલો કુટિલ એવો કેશ સમૂહ, હૃદયની અંદર રોકયો છે પ્રવેશ જેનો એવો કામદૂત પોતાની સ્થિતિની પ્રાર્થના માટે રહેલો હોય તેમ શોભે છે. અથવા–સુઘટિત એવો બન્ને સ્કંધ ઉપર લુઠતો છે કેશસમૂહ જેમનો, તેમજ સુવર્ણ સમાન છે આકૃતિ જેમની એવા **શ્રી આદિનાથ ભગવાનની** મૂર્તિ, કજ્જલ સહિત દીપશિખાની માફક શોભે છે.

જેમને પ્રણામ કરવાથી વિઘ્નસમુદાય પણ નિર્મૂલ થાય છે, એવા **શ્રી ઋષભદેવ** ભગવાનના ચરણકમલને નમ્રભાવથી હું પ્રથમ નમન કરૂં છું.

જેઓએ જન્મ સમયે રાગાદિક શત્રુઓને પણ એક સાથે પંચત્વ (મરણપણા) ને પમાડયા છે, એવા **શ્રી અજિતાદિ જિનેન્દ્રોને** હું નમસ્કાર કરૂં છું.

જન્મ થયા બાદ મેરૂગિરિના શિખર ઉપર દેવેંદ્રોએ કરેલા જન્માભિષેકના સમયે શક્રેન્દ્રના કુવિકલ્પને દૂર કરવા માટે પ્રયત્નશીલ એવા શ્રી જિનેંદ્ર ભગવાનનું અનંત સામર્થ્ય જોઈ પર્વત અને સમુદ્ર સહિત પૃથ્વી દેવી, રાગાદિ-શત્રુઓની સેનાની માફક અત્યંત કંપવા લાગી. તેમજ વંદન સમયે જેની અંદર ત્રણે લોક પ્રતિબિંબિત થયેલા

છે એવો શ્રીજિનેંદ્ર ભગવાનના વિશુદ્ધ ચરણનખનો સમૂહ ગર્વિષ્ઠ થઇ કેવલજ્ઞાનની સ્પર્ધાને ધારણ કરે છે.

વંદનના સમયે જે જિનેંદ્ર ભગવાનના નિર્મલ એવા ચરણનખોમાં પડયાં છે પ્રતિબિંબ જેમનાં એવા દેવો પોતાના અગીયાર ગુણ–સ્વરૂપને પામી બહુ ખુશ થાય છે.

જેમના ચરણકમલમાં અનેક દેવેન્દ્ર અને નરેન્દ્રોના સમૂહો મસ્તક નમાવી રહ્યા છે તેમજ મોક્ષગતિને પ્રાપ્ત થયેલા એવા શ્રી સિદ્ધાર્થ રાજાના પુત્ર ચરમ તીર્થંકર શ્રી મહાવીર સ્વામીને હું વંદન કરું છું.

દુઃખે જીતી શકાય એવા કામદેવરૂપ હાથીને વિદારવામાં ઉત્તમ સિંહ સમાન અને શાશ્વત શિવસુખના વિલાસી એવા શ્રીસિદ્ધ ભગવાનને મસ્તક વડે હું નમસ્કાર કરું છું.

## ગુરુ વંદન

દુઃખે કરી નાશ કરવા લાયક અજ્ઞાનરૂપી અંધકારનો ઉચ્છેદ કરવામાં ગંભીર એવા શ્રીસિદ્ધાંતોના ઉપદેશક, ધીરવૃત્તિ વાળા અને પાંચ પ્રકારના આચાર પાળવામાં તત્પર એવા શ્રીઆચાર્ય મહારાજને મસ્તક વડે હું વંદન કરું છું.

વિષયસુખમાં પિપાસારહિત, સંસારને નિર્મૂલ કરવામાં તત્પર અને સૂત્રાર્થમાં વિશદબુદ્ધિવાળા એવા શ્રી ઉપાધ્યાય મહારાજને નિરંતર હું વંદન કરું છું.

દુઃખથી વહન કરી શકાય એવા પંચમહાવ્રતરૂપ પર્વતોને વહન કરવામાં મહાન સમર્થ અને ગૃહવાસરૂપ

પાશથી મુક્ત થયેલા એવા સર્વ મુનિરાજોને હું શિરસા વંદન કરું છું.

## સરસ્વતી સ્તુતિ

જેણીના ચરણકમલને પામીને અજ્ઞાની પ્રાણીઓ પણ ઉત્તમ જ્ઞાનને પામે છે, તે શ્રીસરસ્વતી દેવી જયકારિણી વર્ત્તે છે.

જેમની કૃપા વડે જડબુદ્ધિવાળો એવો પણ હું આ ચરિત્ર વર્ણન કરવામાં આનંદપૂર્વક પ્રવૃત્ત થઇશ, તેવા સદ્‌ગુરુને વિશેષ કરી હું વંદન કરું છું.

## અભિધેય નિર્દેશ

પૂર્વોક્ત પૂજ્યોના પ્રણામ વડે નાશ થયો છે સમસ્ત વિઘ્ન સમૂહ જેનો એવો હું, હવે સંવેગરસ ઉત્પન્ન કરનારી એવી સુરસુંદરી કથાને પ્રારંભ કરું છું.

## ઔચિત્ય

અહીં ખલપુરુષની પ્રાર્થના કરવી પ્રથમ ઉચિત છે, કારણ કે બિલાડીથી ઉંદરની માફક ખલપુરુષથી કવિ લોકો ભય પામે છે. અર્થાત્ તેઓ ડરતા રહે છે.

અથવા સેંકડો પ્રાર્થનાઓ કરવા છતાં પણ સ્વભાવથી જ પરકીય દોષ ગ્રહણ કરવામાં ઉત્સુક મનવાળા એવા ખલપુરુષનું ખલપણું દૂર થતું નથી.

પારકાનાં છિદ્ર (દોષ=બિલ) ને શોધનાર, દ્વિજીહ્વ (દ્વિધા બોલનાર–બે જીહ્વા વાળો) ખલપુરુષ સર્પની માફક

કવિઓની પ્રાર્થનાથી પણ પોતાનું કુટિલપણું છોડતો નથી.

પ્રાર્થના કરવા છતાં પણ વક્ર, (કુટિલ-વાંકો) કલુષિત (દૂષિત-શ્યામ) છે હૃદય (મન-મધ્યભાગ) જેનું અને સુવૃત્ત (સદાચાર-ગોળાકાર)થી રહિત એવો ખલપુરુષ ચંદ્રની માફક દોષો (દૂષણો-રાત્રિ)ના પ્રસંગે પ્રકાશ આપે છે.

સુંદર અથવા નિષ્ઠુર એવા કાવ્યોમાંથી ખલપુરુષો તો દોષના જ ગ્રાહકો બને છે. જેમ કે ઊંટના મુખમાંથી કોઈપણ સમયે જીરાનો સુગંધ નીકલતો જ નથી. જો કે કાવ્ય બહુ સુંદર હોય છતાં પણ તે કાવ્ય દુર્જનના સંગમાં આવી પડયું હોય તો ખુબ તપાવેલા લોઢાના પાત્રમાં નાખેલા જલબિંદુની જેમ પ્રતિષ્ઠાને પામતું નથી.

દુર્જનોને ઉદ્દેશીને કવિજનોએ કરેલી પ્રાર્થનાઓ નિષ્ફલ થાય છે. જેમ કે સાકરના રસથી સિંચવામાં આવે છતાં પણ લીંમડો પોતાની કટુતાને છોડતો નથી.

કવિઓએ કથા પ્રબંધ કરવો જ જોઇએ, તેમાં દુર્જનોની શંકા શા માટે કરવી ! કારણ કે ચુકા (જુ) ના ભયથી પહેરેલું વસ્ત્ર કાઢી નાખવું તે અનુચિત જ ગણાય. જો કે દુર્જનોને અસંમત હોય તો પણ કવિઓએ કાવ્ય કરવું, તેમાં અયુક્ત શું છે ? જેમ કે ઘુવડપક્ષીઓ સૂર્યને દેખી શકતા નથી, તેથી શું સૂર્ય નથી ઉગતો ?

## સજ્જન સ્તુતિ

સજ્જન પુરૂષો વિના પ્રાર્થનાએ પણ કવિઓએ રચેલા કાવ્યમાંથી ગુણોનો પ્રકાશ કરે છે. જેમ પોતાના સ્વભાવથી જ ચંદ્ર સમગ્ર જગત્‌ને ઉજ્જવલ કરે છે.

સજ્જન પુરૂષ કોઇપણ સમયે નિંદા કરનાર એવા દુર્જનના પણ દોષને ગ્રહણ કરતો નથી. જેમ કુહાડીથી છેદવા છતાં પણ ચંદન વૃક્ષ તે કુહાડીને સુગંધિત કરે છે.

વિરૂદ્ધાર્થવાળું કાવ્ય પણ સજ્જનના સંગમાં આવે તો ઉત્તમ ગુણકારી થાય છે. કારણ કે છીપલીના સંપુટમાં પડેલા જળનું પણ મોતી બને છે.

હંમેશાં સજ્જનો પ્રાર્થનાને લાયક હોય છે. તેથી તેઓની અહીં પ્રાર્થના કરીએ છીએ કે, એકાગ્ર મન કરી સુંદર એવા આ ચરિત્રને તમે શ્રવણ કરો.

## ધર્મપ્રવૃત્તિ ઉપદેશ

ચોરાશી લાખ જીવયોનિથી ભરેલા, અપાર અને ઘોર એવા આ સંસારમાં, અતિદુર્લભ એવો મનુષ્ય ભવ પામીને ભવ્ય લોકોએ દેવેંદ્ર, ચંદ્ર, નાગેંદ્ર અને નરેંદ્રોના સમૂહોથી વંદાયેલા એવા શ્રીજિનેંદ્ર ભગવાને કહેલા શુદ્ધધર્મમાં ઉદ્યક્ત થવું એ ઉચિત છે

તે શુદ્ધધર્મ આંતરિક શત્રુઓનો વિજય કરવાથી સિદ્ધ થાય છે. તેમજ રાગદ્વેષને અંતર શત્રુ જાણવા અને તેઓનો જય કરવાથી પ્રાણીઓને અવશ્ય સુખ પ્રાપ્ત થાય છે, તેમજ તેમના વશ થવાથી અવશ્ય દુઃખ થાય

છે. વળી રાગદ્વેષમાં પ્રવૃત્ત થયેલા પ્રાણીઓ અનેક પ્રકારનાં દુઃખ ભોગવે છે, તે માટે તેઓનો જય કરવામાં જ વિબુધ જનોએ ઉદ્યમ કરવો.

રાગદ્વેષાદિક આંતરિક શત્રુઓનો નાશ કરવામાં તત્પર, શબ્દાર્થ વડે સુંદર એવો **શ્રી સુરસુંદરી** કથા-પ્રબંધ પ્રાકૃત ગાથાઓમાં રચેલો છે.

તેનું ગુર્જર ભાષામાં વિવેચન કરવામાં આવે છે. બુદ્ધિહીન પુરુષોને બોધ મળે અને બુદ્ધિમાન્ લોકોનું ચિત્ત રંજન થાય, એ બન્ને એક સાથે કરવા માટે કવિઓથી શક્તિમાન થવાતું નથી.

અલંકારસહિત યમક ઝમકવાળી વર્ણઘટનાથી વિબુધજનો પ્રસન્ન થાય છે, તેમજ સ્પષ્ટ અને સુંદર અર્થવાળું કાવ્ય અબુધ લોકોને બોધદાયક થાય છે, જેથી તેઓ બન્નેને એક સાથે રંજન કરવા માટે શક્તિમાન થવાતું નથી. કારણ કે એક પક્ષને ગ્રહણ કરતાં બીજો પક્ષ અવશ્ય નષ્ટ થાય છે.

જો કે પોતાના ગુરુશ્રીના ચરણકમળના પ્રસાદથી ઉપમા, શ્લેષ, રૂપક અને વર્ણઘટનાથી સુંદર કાવ્યો રચવામાં મારી અપૂર્વશક્તિ છે, પરંતુ આ પ્રસ્તુત કાવ્યમાં તેવું અલંકારાદિથીમિશ્રિત વર્ણન કરવામાં આવશે નહીં. માત્ર બાલજીવોના સુબોધ માટે સ્પષ્ટાર્થવાળી કથા કહેવામાં આવે છે.

મહત્તરા–મોટી, પોતાના ગુરુની બહેન તેમજ અલંઘનીય છે વચન જેનું એવાં શ્રી **કલ્યાણમતિ** શ્રી નામે પ્રવર્ત્તિનીના કહેવાથી આ કથાનો પ્રારંભ કર્યો છે. પરંતુ મેં કવિત્વના ગર્વથી આ પ્રબંધ રચ્યો નથી.

તે માટે ઉત્કૃષ્ટ અર્થથી સુશોભિત અને સુંદર પદ્યમય આ પ્રબંધ પ્રાકૃત ગાથાઓ વડે વર્ણન કરાય છે.

અહીં સુંદર કુલ બાલિકાના કટાક્ષ વિક્ષેપની માફક પ્રસ્તુત કાર્યમાં વિઘ્ન કરનાર વૃથા બહુ કહેવાનું કંઇ પણ પ્રયોજન નથી.

હે સજ્જનો ! આપ સર્વે હાલમાં એકાગ્ર મનવાળા થઇને શ્રવણ કરો.

ઊર્ધ્વ લોક અને અધોલોકની મધ્યમાં રહેલો, બહુ વિસ્તારવાળો, વિબુધો (પંડિત–દેવો)થી ભરપુર સુમેરૂ પર્વતની માફક **તિર્યગ્લોક** રહેલો છે.

તિર્યગ્લોકની મધ્યમાં એક લાખ યોજન વિસ્તૃત સર્વત્ર ચારે તરફ સમુદ્રથી વેષ્ટિત અને સુપ્રસિદ્ધ **જંબૂદ્વીપ** નામે દ્વીપ છે.

તેના દક્ષિણ ભાગમાં સર્વ પ્રકારની ઋદ્ધિઓથી પરિપૂર્ણ **ભરતનામે** ઉત્તમ ક્ષેત્ર છે. તેના મધ્યભાગમાં **વૈતાઢય** પર્વત હોવાથી અતિ વિશાળ દક્ષિણ અને ઉત્તર એવા બે વિભાગ થયા છે.

**કુરૂદેશ.**

તે દક્ષિણાર્ધ ભરતમાં ગંગા અને સિંધુ નદીના મધ્ય ભાગમાં રહેલો, સર્વ વૃક્ષોમાં કલ્પ વૃક્ષની જેમ સર્વ દેશોમાં પ્રધાનપદને પામેલો, ધાન્યના ગુણાઓના ભારથી પીડાતા રાસભોના શબ્દોથી જેના દિંગત ભાગ ઘનઘોર થયા છે.

તેમજ ઘેટાં, ઊંટ, મહિષ, રાસભ અને નાના પ્રકારના ગોધનાદિકથી સંપૂર્ણ શોભાને આપતો તેમજ નિરંતર વહેતા એવા અનેક જળપ્રવાહોના વિસ્તારને લીધે મનોહર ઉદ્યાનોથી સુશોભિત એવાં પુર, નગર અને ગામો જ્યાં અનેક પ્રકારે વિલસી રહ્યાં છે, તેમજ અનેક સંપદાઓ વડે સમૃદ્ધિવાળા સર્વ લોકો વિરાજે છે, તેમજ હંમેશાં પ્રમુદિત છે લોકો જેને વિષે, તેમજ અનેક પ્રકારના ઉત્સવો જ્યાં નિત્ય પ્રવર્ત્તિ રહ્યા છે અને ભય (સિંહાદિજન્ય) તેમજ ડમર–વિદ્યુત્પાત અને ઉપદ્રવ વિગેરેથી રહિત છે ગામો જેને વિષે એવો **કુરૂનામે** ઉત્તમ દેશ છે.

જે દેશના સર્વ માર્ગો નિરંતર ગમનાગમન કરતા વણિકજનોના સમૂહ વડે સદૈવ વસ્તિવાળા રહે છે.

તેમજ દરેક રસ્તાઓમાં ચાલતા મનુષ્યોને વન પ્રદેશ કે વસ્તિમાં કંઇ વિશેષપણું દેખાતું નથી, તેમજ સર્વગુણોના સ્થાનભૂત એવા તે દેશમાં એક આશ્ચર્ય

દૃષ્ટિગોચર થાય છે કે શ્રોત્ર (કાન–શોક) રહિત છતા પણ સર્વ લોકો લૌકિક વાર્તાઓને સાંભળે છે.

વળી જે દેશમાં ગામ વૃદ્ધા–ગામોમાં મોટા પુરૂષો અથવા મોટાં ગામો કર રહિત–હાથ વિનાના છે, એ આશ્ચર્ય છે. પરિહારમાં કર એટલે વેરો–(રાજગ્રાહ્ય ભાગ) દેનારા નથી. તેમજ ધર્મવર્જિત મુનિઓ એ આશ્ચર્ય–પરિહારમાં ધમ્મ–ધનુષ રહિત મુનિવરો ધર્મારાધન કરે છે. એવા તે અપૂર્વ દેશનું વર્ણન કરવા કયો બુદ્ધિમાન પુરૂષ શક્તિમાન થાય ?

## હસ્તિનાપુર

તે દેશની અંદર અન્ય પુરૂષોએ નહીં ઉલ્લંઘન કરવા લાયક, તેમજ ચારેતરફ મગરોના સંચારથી વ્યાકુલ, તથા વિસ્તીર્ણ સમુદ્ર સમાન અગાધ એવી ખાઈથી પરિવેષ્ટિત, શત્રુઓને ભયજનક એવા વિશાલ કિલ્લાની શોભાને લીધે અતિ મનોહર.

સુંદર અને મગરની આકૃતિ સમાન તોરણોથી વ્યાપ્ત એવા દરવાજાઓ વડે સુશોભિત, જેમના પ્રાંત ભાગો અતિશય નીલ અને બહુ વિસ્તારવાળા અનેક ઉપવનોને લીધે અદ્ભુત દેખાવ આપી રહ્યા છે.

ઝરૂખા, બારીઓ, અગાસીઓ અને વિચિત્ર ચિત્રોથી વિરાજીત વિવિધ પ્રકારના મણિઓથી નિબદ્ધ ભૂમિતલ છે જેમનાં અને તુષાર–હિમસમાન ઉજ્વલ, જાણે તે

નગરવાસીજનોના યશના ઢગલાઓ હોય ને શું ? એવી હવેલીઓવડે અતિમનોહર.

તેમજ વાણિજ્ય કલામાં બહુદક્ષ એવા અન્ય અન્ય દેશોમાંથી આવેલા અને તે નગરમાં રહેનારા, વણિક લોકો હંમેશાં જેમાં વ્યાપાર કરી રહ્યા છે, તેમજ બહુ મૂલ્યનાં સેંકડો કરીયાણાં જેમની અંદર ભરપુર ભરેલાં છે એવી અનેક દુકાનોથી વિરાજીત.

ઉત્તુંગ—આકાશને સ્પર્શ કરતાં, તેમજ મકરાકાર તોરણો તથા પવનથી ઉડતી ઉજ્જવલ ધ્વજાઓ વડે ઉલ્લાસમાન અને અતિ રમણીય એવા દેવમંદિરો વડે જેના સુંદર પ્રદેશો શોભી રહ્યા છે, તેમજ શ્વેતકમલોના સમૂહોથી વિભૂષિત એવાં અનેક મહાન્ સરોવરો.

તેમજ સુંદર સોપાન—પગથીયાંની શ્રેણી વડે ઉતરવાના રસ્તાઓ બહુ સુગમ છે, એવી હજારો વાવડીઓ અને ઉત્તમ પ્રકારનાં ત્રિક—ત્રિકોણ આકૃતિવાળાં, ચતુષ્ક—ચાર માર્ગ, ચત્વર—અનેક માર્ગસ્થાન, આરામ—વાટિકા, ઉદ્યાન અને દીર્ઘિકા—ચારે બાજુથી સોપાન શ્રેણીથી ઉતરી શકાય તેવા ભવ્ય જલાશયો વડે દરેક પ્રદેશમાં દેવતાઓના ચિત્તને પણ રંજન કરતું,

અન્ય સર્વ નગરોમાં મુખ્ય પદને પામેલું, નગરના સર્વ ગુણો વડે સહિત, દેવપુરી—અમરાવતી નામે નગરીની સ્પર્ધા કરતું **શ્રીહસ્તિનાપુર** નામે નગર છે.

જે નગરની અંદર પ્રિયવાદી લોકો નિવાસ કરે છે. વિરુદ્ધવાદ સ્વપ્નમાં પણ જેમને સ્મૃતિગોચર થતો નથી. ધર્મારાધનમાં જ કેવલ ઇચ્છાવાળા, દાક્ષિણ્ય, દાન અને ભોગ વડે સંપન્ન, તેમજ તેમનું દરેક કલામાં બહુ કુશળપણું વર્તે છે.

જે નગરની અંદર અનેક કાર્યોને લીધે ગમનાગમન કરતા ઘણા જનસમાજને લીધે વિશાલ એવા પણ રાજ-માર્ગ બહુ સંકુચિત થઈ જાય છે, જેથી લોકોનો સંચાર પણ ઝડપથી થઇ શકતો નથી.

વળી જે નગરમાં કરોડો ધ્વજપતાકાઓના વિસ્તારથી સઘળા આકાશ માર્ગ એવા તો આચ્છાદિત થઇ જાય છે કે ગ્રીષ્મકાલમાં પણ લોકો સૂર્યના તાપને જાણી શકતા નથી.

તેમજ જે નગરવાસી લોકો ગૃહોની ભીંતોમાં જડેલા અનેક મણીઓની કાંતિને લીધે નિરંતર અંધકારનો અભાવ હોવાથી ગયેલી રાત્રીઓને પણ જાણતા નથી.

જે નગરનું અપૂર્વ સૌંદર્ય જોવા માટે હૃદયમાં કૌતુકને ધારણ કરતા ત્યાં આવેલા દેવો એકાગ્ર દૃષ્ટિએ જોવાથી અનિમેષપણાને પામ્યા હોય ને શું ? તેમ દેખાય છે.

અતિ સ્વચ્છ અને શ્વેત કાંતિવાળા ઘરોની ઉપર સ્થાપન કરેલી અને પવનથી કંપતી એવી ધ્વજાઓ સૂર્યના સારથિ-અરૂણુને બહુ દૂર ગમન કરવા માટે સંકેત કરતી હોય ને શું ? એમ ફરકે છે.

જે નગરમાં પાદપ્રહાર તો રંગભૂમિમાં જ દેખાય છે. દંડ તો ધ્વજપતાકામાં જ રહ્યો છે, મસ્તક છેદ તો જુવારમાં જ છે, બંધન તો કુસુમોના દીટાંમાં જ છે, જીવોનો છેદ તો શાકના ક્ષેત્રમાં જ હોય છે. પંડિતોની પરીક્ષાઓમાં પાત્ર અથવા પત્રનો વિભેદ રહેલો છે. વળી સર્વ ગુણોના સ્થાનભૂત એવા તે નગરમાં એક ખરેખર દોષ દેખાય છે, નિર્દોષ સાધુઓ હંમેશા ગુપ્તિ ( કારાગૃહ–મન, વચન અને કાયરૂપ )માં નિવાસ કરતા દેખાય છે.

## અમરકેતુ રાજા

તે નગરમાં રાજ્યકર્ત્તા, અનેક હાથી, ઘોડા અને રત્નભંડાર જેની પાસમાં રહેલા છે, શાસ્ત્રોક્ત નીતિ પ્રમાણે વર્તવાથી સર્વ લોકોનાં હૃદયને રંજન કરતો, પોતાની બુદ્ધિના ઉદયથી સમગ્ર શત્રુ લોકોને વશ કરતો,

અનેક યાચકોના મનોવાંચ્છિત અર્થને પૂર્ણ કરતો, દઢ અને પ્રબલ એવી સ્વભુજાના અતિશય પરાક્રમ વડે અખિલ વૈરી વર્ગને પરાજીત કરતો,

શત્રુઓની સ્ત્રીઓના મુખકમલને સંકુચિત કરવામાં ચંદ્રસમાન, પ્રચંડ પ્રતાપમાં સૂર્યસમાન, સિંહની માફક શત્રુઓના બળથી અશંકિત, સમુદ્રની માફક બહુ ગંભીર,

ચંદ્રની માફક લોકોના મનને આનંદ આપતો, રૂપમાં કામદેવ સમાન, બુદ્ધિમાં બૃહસ્પતિ સમાન અને હંમેશાં આનંદિત ચિત્તવાળો **શ્રીઅમરકેતુ** નામે રાજા છે.

ત્રિવર્ગ ધર્મ, અર્થ અને કામ વડે સારભૂત એવી રાજ્ય લક્ષ્મીને સારી રીતે અનુભવ કરતા તે રાજાના દિવસો દેવલોકમાં ઇન્દ્રની માફક સુખેથી વ્યતીત થાય છે.

## ચિત્રકાર ચિત્રસેન

કોઈ એક દિવસે તે **અમરકેતુ** રાજા સભામાં બેઠો હતો. તેવામાં મસ્તકે હાથ જોડી બંધુલ નામે પ્રતિહારી–દ્વારપાલ ત્યાં આવી વિનયપૂર્વક પ્રણામ કરી કહેવા લાગ્યો કે,

હે નરેન્દ્ર ! ચિત્રકલામાં બહુ કુશળ એવો **ચિત્રસેન** નામે ચિત્રકાર કુશાગ્રપુર નગરથી અહીં આવેલો છે અને હાલમાં તે આપના દર્શન માટે દ્વારમાં ઉભો છે. એનું હૃદય આપના ચરણકમલનું ધ્યાન કરતું હોય તેમ દેખાય છે. કારણ કે અંદર પ્રવેશ કરવા માટે તે ઘણો જ આતુર થઈ રહ્યો છે, એમ છતાં જેવી આપની આજ્ઞા.

તે સાંભળી તરત જ રાજાએ હુકમ કર્યો, જલદી પ્રવેશ કરાવો. દ્વારપાલે તરત જ તેને વિધિપૂર્વક રાજ સભામાં પ્રવેશ કરાવ્યો.

ચિત્રકાર વિનયપૂર્વક રાજાની આગળ જઇ પ્રણામ કરી ભૂમિ ઉપર બેઠો.

**અમરકેતુ રાજા બોલ્યો, હે ભદ્ર ! તું ક્યાંથી આવ્યો છે ? તેમજ અહીં મારી પાસે તું શા માટે આવ્યો છે ?**

ચિત્રસેન બોલ્યો, હે નરદેવ! કુશાગ્રનગરથી હું આવ્યો છું. વિશેષે કરી હું ચિત્રનું કામ બહુ સારી રીતે જાણુ છું. ચિત્રકારોમાં હું પ્રથમ અને અગ્રગણ્ય છું. હે દેવ! આપને ચિત્રકલા બહુ પ્રિય છે, એમ સાંભળી હું આપની પાસે ચિત્રકલા પ્રગટ કરવા માટે આવ્યો છું.

તે સાંભળી ખુશ થઈ રાજાએ કહ્યું, તારી ચિત્રકલા તું પ્રગટ કર! તે સંબંધી તારું કુશળપણું કેવું છે? તે પ્રત્યક્ષ જોયા વિના અમને કેમ માલુમ પડે? માટે જો તારી પાસે આલેખેલું કોઈ પણ ઉત્તમ ચિત્ર તૈયાર હોય તો તે અમને બતાવ.

### ચિત્રપ્રદર્શન

ચિત્રસેને પોતાના પાર્શ્વભાગમાં ગોપવી રાખેલી અપૂર્વ એક ચિત્ર પટ્ટિકા એકદમ ખુલ્લી કરી રાજાની આગળ બહુ ખુશ થઇ મૂકી દીધી.

તે જોઈ રાજા એકદમ રોમાંચિત થઈ ગયો અને તે પટ્ટ ઉપર લખેલા અનેક પ્રકારના વર્ણથી વિરાજીત, સપ્રમાણ રેખાઓથી વિશુદ્ધ, અભિનવ યૌવનકલાને પ્રાપ્ત.

ઉત્તમ સ્વરૂપ વડે સુશોભિત, અત્યંત મનોહર આકૃતિનું મુખ્યસ્થાન અને નૂતન સ્તનોનો સમારંભ જેમાં ખીલી રહ્યો છે એવા અપૂર્વ કન્યાના સ્વરૂપને એક દૃષ્ટિએ જોવા લાગ્યો.

તે જોઈ રાજા પોતાના મનમાં વિચાર કરવા લાગ્યો કે, આ ચિત્રકાર ખરેખર ચિત્રકલામાં બહુ કુશળ છે. કારણ કે આવું અપૂર્વરૂપ તેણે લખેલું છે.

ત્રણ લોકમાં પણ આવા સ્વરૂપવાળી સ્ત્રી હોય નહીં એ વાત નક્કી છે, એવું મારું મંતવ્ય છે. પરંતુ પોતાની નિપુણતાને લીધે અદૃષ્ટ રૂપવતી એવી આ સ્ત્રી તેણે ચિતરેલી છે.

આવી દીવ્યકાંતિવાળી કન્યા કદાચિત હોય પણ ખરી અને જો હોય તો તેના સમાગમ વિના આ સમગ્ર મારું રાજ્ય પણ કૃતાર્થ ગણાય નહીં.

એમ વિચાર કરતાં રાજા તત્કાલ કામદેવના બાણને સ્વાધીન થઈ ગયો. પોતાનું આત્મભાન પણ ભૂલી ગયો. કેવળ ચિત્રમાં જ તેનું ચિત્ત દોરાઈ ગયું.

**નૃપમૂર્ચ્છા.**

ક્ષણ માત્રમાં તે વિચારમૂઢ બની ગયો. નેત્રો મીચાઇ ગયાં. જોતજોતામાં તે **અમરકેતુ** રાજા સિંહાસન ઉપરથી મૂર્છિત થઇ નીચે ગબડી પડયો.

સભાની અંદર હાહાકાર થઇ રહ્યો. સર્વ સભ્યજનો આક્રંદ કરતા ઉભા થયા. કેટલાક લોકો વીંઝણા લઇ પવન નાખવા લાગ્યા. કેટલાક ઠંડા પાણીથી અંગોપાંગ સિંચવા લાગ્યા.

કેટલાક મુખની અંદર શીઘ્રતાએ કપુર નાખે છે. તેમજ કેટલાક અંગ મર્દન કરે છે, એમ અનેક પ્રકારના

ઉપચાર કરતા તે લોકોને જોઇ ચિત્રસેન બહુ હાસ્ય કરવા લાગ્યો અને આનંદપૂર્વક વર્ત્તવા લાગ્યો.

તે જોઇ લોકો બોલ્યા, અરે ! મરણભયરહિત, ઉત્પથગામી અને સાહસ કરનાર કોઈ આ પાપી અહીં આવ્યો છે, જેણે આપણા સ્વામીને મોહવશ કરી નાખ્યા છે. આ કોઈ ધૂર્ત્ત દેખાય છે, આ પુરુષ કાર્મણ કરવામાં બહુ કુશળ દેખાય છે. માટે આ દુષ્ટને મારો, બાંધો એમ બોલતા અંગરક્ષકોએ એકદમ તેને પકડી લીધો અને મારવા માંડયો.

પ્રહારની વેદનાને નહીં સહન કરતો ચિત્રસેન દીનમુખે બોલ્યો હે ભદ્રિકજનો ! હું દુષ્ટ નથી, તેમજ હું કપટબુદ્ધિથી અહીં આવ્યો નથી. મને વ્યર્થ શા માટે દુઃખી કરો છો ?

તે સાંભળી લોકો બોલ્યા, રે ! અધમ. પાપી ! તું દુષ્ટ કેમ નહીં ? તેં કામણ કરેલું આ ચિત્ર અમારા નરેન્દ્રને શા માટે બતાવ્યું ? વળી તે જોઇ રાજા જયારે મૂર્ચ્છિત થયા, તે સમયે તું કેમ ખુશ થયો ? માટે હે ચિત્રકાર ! પાપી ! તું જલદી બોલ ! અમારા રાજાનો વધ કરવા માટે તને અહીં કોણે મોકલ્યો છે ?

તેઓનો આક્ષેપ સાંભળી ચિત્રકાર **ચિત્રસેન** બોલ્યો, જે હકીકત હું આપની સમક્ષ જાહેર કરું છું, તે આપ સત્ય માનો. રાજાના અભ્યુદય માટે જ ખાસ હું અહીં

આવ્યો છું. દુષ્ટ બુદ્ધિથી હું કંઈપણ અનિષ્ટ કરવા આવ્યો નથી, કારણકે રાજા એક દેવાંશ ગણાય છે,

—રાજા આઠે લોકપાલના સ્વરૂપને ધારણ કરનારો હોય છે, માટે દેવબુદ્ધિથી તેને નમન કરવું અને કોઈ દિવસ પણ તેની આજ્ઞા ઉલ્લંઘવી નહીં. એમ નીતિકારોનું મંતવ્ય છે, તો શું હું સ્વપ્નમાં પણ નરેંદ્રનું અનિષ્ટ ઈચ્છું ખરો ?

એમ તે બોલતો હતો, તેટલામાં બહુ આવેશને લીધે તે રાજપુરુષોએ તેને બાંધી લીધો. તત્કાળ રાજાની મૂર્છા ઉતરી ગઈ અને તે સ્વસ્થ ચિત્તે બેઠો થયો. તેમજ તે આજુબાજુ જોવા લાગ્યો, એટલે ચિત્રકાર રાજાની નજરે પડયો. તે જોઈ રાજા બોલ્યો.

અરે ! આને શા માટે બાંધ્યો છે ? નિરપરાધી આ બીચારો માર્યો જાય છે; માટે જલદી તેને મુક્ત કરો. રાજાની આજ્ઞા થતાં રાજપુરૂષોએ તેને બંધનમુક્ત કર્યો.

પછી રાજાએ કહ્યું, હે ભદ્ર ! હવે તું શાંત ચિત્તે મારી પાસે બેસ. હવે કિંચિત માત્ર પણ ભય રાખીશ નહીં, પરંતુ મારી આગળ તું સત્ય બોલ ? અહીં તને કોણે મોકલ્યો છે.

ચિત્રસેન બોલ્યો, હે રાજન્ ! આપની આગળ હું સત્ય વાત પ્રગટ કરૂં છું, તે કૃપા કરી આપ શ્રવણ કરો, જેથી ચિત્રકારનો વેષ પહેરી હું અહીં આવ્યો છું.

**ધનવાહનરાજા**

નગરના સર્વ ગુણોથી વિરાજીત અને ધનધાન્યાદિક સમૃદ્ધિવાળા લોકો જ્યાં વસે છે, એવું **કુશાગ્ર** નામે અતિ સુપ્રસિદ્ધ નગર છે. તે આપથી પણ અજ્ઞાત નથી.

ત્યાં પ્રણયીજનોના મનોરથ પુરવામાં દક્ષ એવો **ધનવાહન** નામે રાજા રાજ્ય કરે છે. **વસંતસેના** નામે તેની પ્રાણપ્રિયા રાણી છે. પ્રતાપમાં બહુ ઉત્કૃષ્ટ **નરવાહન** નામે તેઓને એક પુત્ર છે, અને બહુ રૂપવતી **કમલાવતી** નામે એક પુત્રી છે.

એક દિવસ **ધનવાહન રાજાએ** સંસારથી વિરક્ત થઈ પોતાનું રાજ્ય **નરવાહન** કુમારને સોંપી દીધું અને આ **કમલાવતીને** તારે યોગ્ય વર સાથે પરણાવવી, એમ તેને ભલામણ કરીને પોતે તીવ્ર વૈરાગ્યને લીધે સદ્ગુરુની પાસે સંસારનો ઉચ્છેદ કરનારી એવી મુનિદીક્ષા વિધિપૂર્વક ગ્રહણ કરી.

ત્યારબાદ **નરવાહન** રાજા પણ શત્રુ પક્ષને વશ કરી રાજ્યપાલન કરવા લાગ્યો. **કમલાવતી** કન્યા પણ જનાનખાનાની અંદર સુખપૂર્વક નિવાસ કરે છે.

**સાગરશ્રેષ્ઠી**

વળી તેજ નગરમાં **સાગર** નામે શેઠ રહે છે. તે રાજાનો બાલમિત્ર છે અને જૈનસિદ્ધાંતમાં બહુ પ્રીતિવાળો છે. શીલગુણસંપન્ન અને અત્યંત પ્રિય એવી **શ્રીમતી**

નામે તેની સ્ત્રી છે. **શ્રીદત્ત** નામે એક પુત્ર અને **શ્રીકાંતા** એક પુત્રી છે.

શ્રેષ્ઠિ પુત્રી **શ્રીકાંતા** હંમેશાં રાજકન્યા **કમલાવતી**ની પાસે જાય છે, તેથી તેઓ બંનેની પરસ્પર ગાઢ પ્રીતિ થઈ. તે બન્ને કન્યાઓએ બાલ્યાવસ્થામાં જ સમગ્ર કલાઓમાં કુશલ એવા **સુમિત્રસેન** ઉપાધ્યાયની પાસે કન્યાને યોગ્ય સમગ્ર કલાઓ ગ્રહણ કરી.

**કમલાવતી**ની સાથે ચિત્રાદિક અનેક પ્રકારની ક્રીડાઓ કરી **શ્રીકાંતા** અકાલ સમયની પણ નહીં દરકાર કરતી પોતાના ઘેર જાય છે. **શ્રીકાંતા**ની સાથે સ્નેહમાં ગાઢ પ્રીતિવાળી થયેલી તેમજ નાના પ્રકારની ક્રીડા ખેલવામાં આસક્ત ચિત્તવાળી તે રાજકન્યાનો કેટલોક સમય વ્યતીત થયો.

અનુક્રમે બીજના ચંદ્રની જેમ પ્રતિદિવસ વૃદ્ધિ પામતી, દેવોને પણ અતિ પ્રાર્થનીય એવા રૂપવાળી તે બંને કન્યાઓ કામદેવના શ્રૃંગારના નિવાસભૂત એવા નવીન યૌવનને પામેલી બહુ શોભવા લાગી.

એક દિવસ રાજા **મતિસાગર** શ્રેષ્ઠી સહિત સભામંડપમાં બેઠો હતો. તે સમયે પોતાની સખીઓ સહિત કમલાવતી સર્વાંગે આભૂષણ ધારણ કરી કંદુક (દડા) ની ક્રીડા કરતી ત્યાં આવી.

રાજાએ પોતાની બ્હેનને પ્રીતિપૂર્વક પોતાના ખોળામાં

બેસાડી. ત્યારબાદ તેણીનું રૂપ તથા ઉન્નત યૌવન જોઇ રાજાએ મંત્રી તરફ દૃષ્ટિ કરી કહ્યું,

હે **મતિસાગર** ! જે સમયે પિતાશ્રીએ દીક્ષા લીધી હતી, તે સમયે તેમણે મને કહ્યું હતું કે, બહેનનો વિવાહ રૂપ, ગુણ અને કુલ વિગેરેથી વિભૂષિત એવા ઉચિત વર સાથે કરવો. પરંતુ તેને ગમે તેવા સ્થાનમાં આપવી નહી.

આપણી આ કમલાવતી બહેન વરને લાયક થઇ છે, માટે તમે આ વાતનો ખુલાસો મને આપો. સારા કુલમાં જન્મેલો ઉત્તમ ગુણવાન્ કયો પુરુષ એને માટે યોગ્ય છે ?

તે સાંભળી **મતિસાગર** મંત્રી બોલ્યો, આ બાબતમાં આપ સારી રીતે જાણો છો.

## વિવાહવિચાર.

ત્યારપછી તેને માટે વિચાર કરી રાજાએ કહ્યું કે, હે **મતિસાગર** મંત્રી ! મારા હૃદયનો વિચાર એવો છે કે, તેને માટે સ્વયંવર કરવો અને સર્વ દેશના રાજાઓને અહીં બોલાવવા, જેથી તેણીને પોતાને જે ઇષ્ટ લાગશે, તે રાજાને તે કમલાવતી વરશે. એમ કરવામાં કોઇપણ પ્રકારનો આપણને બાધ નથી.

મંત્રી બોલ્યો, આપ જેમ કહો તેમ કરીએ, પરંતુ હાલમાં સ્વયંવર કરવો મને તો ઉચિત લાગતો નથી. જો સર્વ રાજાઓ એક રાજાની આજ્ઞામાં વર્તતા હોય તો

તેની આજ્ઞા વડે સ્વયંવર કરવો ઉચિત છે. કારણ કે, તે રાજા કન્યાને વરનાર એક રાજાની ઉપર શત્રુ બનેલા બાકીના રાજાઓને શાંત કરવા સમર્થ થાય.

પરંતુ હાલમાં તો હે રાજન્! સર્વ રાજાઓ અહમિંદ્ર થઇ ગયા છે. અર્થાત્ કોઈ કોઈની આજ્ઞામાં છે જ નહીં. તો પછી તેઓમાંથી એક જણ કન્યાને વરે એટલે બાકીના સર્વ રાજાઓ તેની ઉપર શત્રુ બને અને લડાઈનો પ્રસંગ ઉભો થાય. ત્યારે એક જણ સર્વને જીતવા માટે સંગ્રામમાં શક્તિમાન થઇ શકે નહીં.

માટે હે નરેંદ્ર! આ પ્રસંગે બહુ અનર્થનો કારણભૂત તથા વૈરજનક એવો આ **કમલાવતીનો** સ્વયંવર કરવાનું કંઇ પણ કારણ નથી.

મંત્રીનું વચન સાંભળી રાજા બોલ્યો, હે ભદ્ર! ત્યારે આ કન્યા આપણે કોને આપવી! તેમજ એણીના હૃદયને કયો પુરૂષ ઇષ્ટ હશે? તે પણ આપણે અહીં સ્વયંવર વિના કેવી રીતે જાણી શકીયે?

વળી જેવા તેવા સામાન્ય રાજાને આ મારી બ્હેન મારે આપવાની નથી. જેને આપવાથી આપણી ઉત્તમ કીર્તિ થાય, તેને જ આ કન્યા આપવાની છે.

## નૈમિત્તિક આગમન

આ પ્રમાણે **નરવાહન** રાજા **મતિસાગર**ની સાથે વાર્તાલાપ કરે છે, તેટલામાં ત્યાં દ્વારપાલે આવીને રાજાને પ્રણામ કરીને હાથ જોડીને કહ્યું,

હે નરેંદ્ર ! અષ્ટાંગ નિમિત્તનો જાણકાર અને ભૂત તથા ભવિષ્યના અર્થને પ્રગટ કરવામાં બહુ જ પારંગત એવો **સુમતિ** નામનો એક નૈમિત્તિક અહીં આવ્યો છે અને તે આપના દર્શન માટે દ્વારમાં ઉભો છે.

આ પ્રમાણે દ્વારપાલનું વચન સાંભળી ભૂપતિએ તરત જ આજ્ઞા કરી કે, તેને જલદી અહીં મોકલો.

સ્વચ્છ અને શ્વેત વસ્ત્રોથી વિભૂષિત છે શરીર જેનું, તેમજ જેના ભાલસ્થલમાં ગોરોચનનું તિલક દીપી રહ્યું છે, એવો તે **સુમતિ** નૈમિત્તિક રાજાની આગળ આવી ઉભો રહ્યો અને આશીર્વાદપૂર્વક તેણે રાજાને દુર્વાક્ષત આપ્યા.

ત્યારબાદ ભૂપતિએ તેનો સત્કાર કર્યો, એટલે તે નૈમિત્તિક પોતાને ઉચિત એવા આસન ઉપર બેસી ગયો.

ભૂપતિએ પોતાની પ્રતીતિ માટે ભૂતકાળ સંબંધી એક પ્રશ્ન પુછયો.

તેનો પ્રત્યુત્તર જેટલામાં તે પ્રત્યક્ષની માફક સર્વ પ્રકારનો યથાર્થ રીતે આપતો હતો, તેટલામાં રાજા સમજી ગયો કે, આ નૈમિત્તિક યથાર્થવાદી છે, ખુશ થઇ હસતે મુખે **નરવાહન** રાજાએ કહ્યું,

હે **સુમતિ** ! આ મારી **કમલાવતી** બહેન અપરિણીત છે, તેનો મનોવાંછિત પતિ કોણ થશે ? તે તું મને કહે ? **સુમતિ** નૈમિત્તિક વિચાર કરીને બોલ્યો

હે નરેંદ્ર ! ચિત્રમાં લખેલા આ રૂપને જોઇને જે

રાજા મૂર્છિત થશે, તે એનો પતિ થશે. તેમજ તે રાજાના સમગ્ર અન્તઃપુરમાં પ્રધાનપણે મહાદેવી થશે.

હે નરેશ્વર ! આ સંબંધી તમારે કોઇ પણ પ્રકારની ચિંતા કરવી નહીં, વળી હે રાજન્ ! આ મારૂં વચન આપ જરૂર સત્ય માનજો, આમાં સંકલ્પ વિકલ્પ કરવા જેવું કંઈ પણ નથી.

આ સમયે અવસર જાણી **સાગર** શ્રેષ્ઠી બોલ્યો.

હે **સુમતિ ! શ્રીકાંતા** નામે મારી એક પુત્રી છે, તેનો પતિ કોણ થશે ?

તે સાંભળી નૈમિત્તિકે જવાબ આપ્યો કે, તમારી પુત્રીને કૃષ્ણસર્પ દંશ કરશે અને તેને જે જીવાડશે તે તમારી પુત્રીનો પતિ થશે.

આ પ્રમાણે પ્રશ્નોત્તર થયા બાદ યોગ્ય રીતે સત્કાર કરી રાજાએ તેને વિદાય કર્યો. તે **સુમતિ** નૈમિત્તિક પણ બહુ ખુશ થઇ પોતાના સ્થાનમાં ગયો.

**રાજા મંત્રીનો સંવાદ.**

ત્યારપછી મંત્રી બોલ્યો, હે રાજન્ ! હાલમાં આપણું આ કામ બહુ સારૂ થયું. હવે આપણને કોઇ પણ પ્રકારની ચિંતા રહી નહીં; પરંતુ તે નૈમિત્તિકના કહ્યા પ્રમાણે આપણે તેનો ઉદ્યોગ કરવો જોઇએ.

આ સાંભળી રાજા બોલ્યો, અહીં ચિત્રકલામાં સારો હોશીયાર ચિત્રકાર કોણ છે ?

**મતિસાગર** બાલ્યા, આપણા નગરમાં **સુમતિસેન** નામે **કમલાવતીના** ઉપાધ્યાય (શિક્ષક) છે, તેના **ચિત્ર-સેન** નામે એક પુત્ર છે, તે ચિત્રકામમાં બહુ જ કુશલ છે.

રાજાએ કહ્યું, એને અહીં જલદી બાલાવા, એમ આજ્ઞા થવાથી તેમણે મને બાલાવ્યા, એટલે તરત જ હું રાજાની પાસે આવ્યા.

રાજાએ બહુમાનપૂર્વક મને કહ્યું કે, **કમલાવતીનું** સ્વરૂપ એક ચિત્રપટ ઉપર જલદી લખીને તું તૈયાર કર.

બહુ સારૂં આપની આજ્ઞામાં હું હાજર છું, એમ કહી ખુબજ સુંદર વર્ણો વડે તેનું ચિત્ર બનાવીને રાજાને બતાવ્યું.

તે જોઈને રાજા બહુ ખુશી થયા. વળી તે રાજાએ મને કહ્યું કે, તું આ કામમાં બહુ પ્રવીણ છે, માટે ચિત્ર-કારના વેષ ધારણ કરીને તું પોતે જ આ ચિત્રપટ લઈ સર્વ રાજાઓને બતાવ તેમજ આ ચિત્રને જોઈને જે રાજા મૂર્છિત થાય, તે રાજાનું નામ જલદી અહીં આવી તું મને નિવેદન કર. જેથી તે જ રાજાની સાથે આપણે આ **કમલાવતી** કન્યાને માટા ઉત્સવપૂર્વક પરણાવીએ.

આ પ્રમાણે રાજાએ મને આજ્ઞા આપી. પછી હું રાજાના ચરણકમલમાં પ્રણામ કરી, કેટલાક પરિજન-સહિત **કુશાગ્ર** નગરમાંથી નીકળ્યા અને **સુગ્રીવ, કીર્ત્તિ-વર્દ્ધન** વિગેરે કેટલાક રાજાઓને આ છબી બતાવી, પરંતુ તે કાઈ પણ સ્થાને કાર્યસિદ્ધિ થઇ નહીં.

હે દેવ ! હું આજે ફરતો ફરતો આપના નગરમાં આવ્યો અને આપની પાસે આવીને મેં આ ચિત્ર આપને બતાવ્યું.

આપે આ છબી જોઇને તરતજ આપને મૂર્છા આવી. તેથી મારા સ્વામીનો મનોરથ સિદ્ધ થયો છે, એમ જાણીને હે નરેશ્વર ! તે નૈમિત્તિકનું વચન મને યાદ આવ્યું, તેથી હું બહુ ખુશ થયો. તેમજ ઉપરોક્ત કારણને લીધે આપને મૂર્છા આવી, તે જોઇને મને બહુ હર્ષ થયો. માટે હે નરાધીશ ! આપ મારી ઉપર કોઇ પણ પ્રકારે વિપરીત શંકા કરશો નહીં.

આ પ્રમાણે **ચિત્રસેન**નું વચન સાંભળી **અમરકેતુ** રાજાની શંકા દૂર થઇ ગઇ. ચિત્ર જોઇને વિસ્મિત બનેલો તે રાજા બોલ્યો,

હે **ચિત્રસેન** ! શું તે કન્યાનું રૂપસૌંદર્ય આવું અદ્ભુત છે ?

**ચિત્રસેન** બોલ્યો, હે રાજન્ ! આ ચિત્રમાં તો નિમેષ માત્ર તેણીનું રૂપ આલેખલું છે. તે રાજકન્યાની આગળ તો દેવાંગનાઓનું સ્વરૂપ પણ નિરર્થક છે.

વળી ચિત્રકલામાં કોઇ પુરૂષ ઘણો કુશળ હોય તો પણ તે તેણીનું યથાસ્થિત રૂપ આલેખી શકે તેમ નથી.

આ પ્રમાણે **ચિત્રસેન**નું વચન સાંભળી બહુ પ્રસન્ન થઈ રાજાએ પોતાના અંગ ઉપર પહેરેલાં કડાં અને વસ્ત્રાદિક સર્વ આભુષણો તેને અપર્ણ કર્યાં.

ત્યારપછી **ચિત્રસેન** બોલ્યો—હે દેવ! આપ અમને જવાની આજ્ઞા આપો, જેથી આ સર્વ વૃત્તાંત યથાસ્થિત **નરવાહન** રાજાને અમે નિવેદન કરીએ.

રાજાએ પણ તેને રજા આપી. અનુક્રમે **ચિત્રસેન કુશાગ્ર** નગરમાં આવી પહોંચ્યો. **નરવાહન** રાજાને તેણે સર્વ વૃત્તાંત નિવેદન કર્યું, તે સાંભળી રાજા પણ બહુ ખુશ થયો.

**વિવાહ મહોત્સવ**

ત્યારબાદ રાજાએ પણ પુષ્કળ ધન અને પરિવાર સાથે સ્વયંવરા એવી પોતાની બહેનને **અમરકેતુ** રાજા પાસે મોકલી.

**શ્રીકાંતા** વિગેરે પોતાની સખીઓને તેમજ સમસ્ત પોતાના પરીવારને સંભાવના પૂર્વક સંભાષણ કરી, હૃદયમાં હર્ષ અને વિષાદને ધારણ કરતી **કમલાવતી** રાજકન્યા ત્યાંથી નીકળી. મનોવાંછિત પતિના લાભથી આનંદ માનતી તેમજ બંધુજનના વિરહને લીધે કંઇક શોકાતુર બનેલી **રાજકન્યા હસ્તિનાપુર**માં પહોંચી ગઇ.

ત્યાં **અમરકેતુ** રાજાએ યોગ્યતા પ્રમાણે તેમને ઉતારો આપ્યો. ત્યારબાદ ઉત્તમ જ્યોતિર્વિંદને બોલાવી શ્રેષ્ઠ લગ્નદિવસ નિર્ધાર્યો. મોટા ઉત્સવ સાથે આનંદપૂર્વક લગ્ન સમયે ક્ષત્રીયકુલના વિધિ પ્રમાણે રાજાએ **કમલાવતી** સાથે લગ્ન કર્યું.

લગ્ન બાદ રાજાનો પ્યાર તેણીના ઉપર એટલો બધો વધી ગયો કે, પોતાના પ્રાણથી પણ પોતે તેને અધિક માનવા લાગ્યો, તેમજ તેણે સમગ્ર અંતઃપુરમાં **કમલાવતીને** મુખ્ય રાણી કરી, એટલુંજ નહીં પરંતુ ઇંદ્રની ઇંદ્રાણીની જેમ તે મહાદેવી તરીકે ત્યાં પૂજાવા લાગી.

**કમલાવતી** મહારાણીની સાથે વિષય સુખનો અનુભવ કરતો તેમજ દ્વિતીય પોતાની સમગ્ર પૃથ્વીનું પાલન કરતો, વળી હંમેશાં નવનવા સુખ સમુદાયમાં નિમગ્ન થયેલો અને કોઈ પણ દિવસ જેણે દુઃખ તો જોયું જ નથી, એવા તે રાજાના દિવસો સ્વર્ગના ઇંદ્રની જેમ આનંદમાં ચાલ્યા જાય છે.

**ધનદેવશ્રેષ્ઠી.**

તે **હસ્તિનાપુર** નગરમાં પ્રસિદ્ધ અને નાગરિક જનોને માનનીય **ધનવર્મા** નામે શેઠ છે. તે રાજાને બહુ પ્રિય અને દરેક કાર્યમાં વિશ્વાસપાત્ર ગણાય છે. તેમજ સર્વ લોકોમાં તે બહુ પ્રતિષ્ઠિત છે.

હંમેશાં સમસ્ત અર્થિજનોના પ્રાર્થિત કરતાં પણ અધિક દાન આપવામાં કુશળ છે તેમજ પિતા, પિતામહ અને પ્રપિતામહથી પ્રાપ્ત થયેલી લક્ષ્મી વડે અલંકૃત છે, જૈનસિદ્ધાંતોના સમસ્ત અર્થ જ્ઞાનમાં વિચક્ષણ છે, માત્ર મોક્ષ માર્ગની જ એક માત્ર અભિલાષાને ધારણ કરે છે. જૈનસાધુઓની પૂજા ભક્તિમાં પ્રીતિવાળો અને સાધર્મિક વાત્સલ્યમાં તે ઘણો પ્રેમી છે.

તેમજ અતિશય રૂપ તથા સૌંદર્ય વડે દેવાંગનાઓના રૂપને પણ ઉપહાસ કરતી, પતિવ્રતા અને સર્વે કાર્યોમાં કુશળ એવી **મનોરમા** નામે તેની ભાર્યા છે. તે પોતાના પ્રાણથી પણ તેને અધિક પ્રિય છે.

ત્રિવર્ગ–ધર્મ, અર્થ અને કામમાં સારભૂત એવા વિષયસુખને સમ્યક્ પ્રકારે અનુભવતાં તેઓને પોતાના કુળમાં આભૂષણસમાન એક પુત્ર ઉત્પન્ન થયો.

જન્મ કાળથી બાર દિવસ થયા એટલે, માતાપિતાએ પોતાના કુળની વિધિ પ્રમાણે **ધનદેવ** એવું તેનું નામ પાડ્યું.

તે બાળકને લાલન પાલન કરવામાં પાંચ ધાવ માતાઓ તત્પર રહે છે. અનુક્રમે તે ચંદ્રકલાની માફક વૃદ્ધિ પામવા લાગ્યો. માતાપિતાને આનંદ આપતો તે **ધનદેવ** કુમાર અવસ્થાને પામ્યો.

આઠ વર્ષથી કંઈક અધિક વય થઈ, એટલે સમ્યક્ પ્રકારે સકળ વિદ્યાઓના પારગામી અને સમગ્ર કલાઓના જાણકાર એવા એક કલાચાર્યની પાસે વિદ્યાભ્યાસ માટે **ધનદેવને** મૂક્યો.

કુમાર પણ બહુ બુદ્ધિમાન્ હોવાથી સ્વલ્પ કાળમાં સર્વ વિદ્યાઓમાં પારંગત થયો અને દરેક કલાઓમાં નિપુણ થયો.

ત્યાર પછી તેના પિતાએ પૂર્ણ અભ્યાસી જાણીને તેને

પોતાના ઘેર લાવ્યો તેમજ બહુ પ્રસન્ન થઇ વસ્ત્રાદિક વૈભવ વડે તે કલાચાર્યનો ઉત્તમ પ્રકારે સત્કાર કર્યો; વિદ્યાદાન એ સર્વ દાનમાં પ્રધાન ગણાય છે.

અનુક્રમે વૃદ્ધિ પામતો તે **ધનદેવ** યૌવન અવસ્થાને પ્રાપ્ત થયો. જેની રૂપરેખાને કામદેવ પણ અનુસરવાને અશક્ય છે. તે કુમાર ઉત્તમ કામિનીઓને પ્રીતિદાયક થઈ પડ્યો.

## મનોરમ ઉદ્યાન

**ધનદેવ** યૌવન વગેરેમાં સમાન શીલવાળા અને ઉત્તમ એવા પોતાના મિત્રો સાથે નગરમાં સર્વત્ર હંમેશાં સ્વેચ્છા પ્રમાણે ફરે છે.

એક દિવસ મિત્રોના સમુદાય સાથે ફરતા ફરતા નગરની બહાર નીકળ્યો અને **મનોરમ** નામે ઉદ્યાનમાં ગયો. ત્યાં બહુ શોકમાં મગ્ન થયેલો એક પુરુષ તેના જોવામાં આવ્યો.

તે પુરૂષ વાવના કાંઠા ઉપર બેઠેલો હતો અને તેની આંખોમાંથી અશ્રુધારાઓ વહેતી હતી, તેનાં ગંડસ્થળ અશ્રુમય દેખાતાં હતાં.

આવી દુર્દશામાં આવી પડેલા તે દીન પુરુષને જોઇ ધનદેવનું હૃદય કરૂણામય થઇ ગયું. તરત જ તે તેની પાસે જઇને મધુર વાણીથી બોલ્યો.

'હે ભાઇ! તું કોણ છે? અને ક્યાંથી આવ્યો છે?

હે ભદ્ર! આવા મહાન્ શોકમાં તું કેમ ગુંચવાયો છે? એનું કારણ તું મને જણાવ.

આ પ્રમાણે **ધનદેવના** પુછવાથી તે પુરૂષ બોલ્યો.

હે ભાઇ! પર દુઃખ સાંભળી જે પુરૂષ તેનો પ્રતિકાર કરતો નથી, અથવા પોતે દુઃખિયો થતો નથી, તેની આગળ ભારે દુઃખથી પીડાયેલા પુરુષોએ પોતાના દુઃખનું નિવેદન શા માટે કરવું જોઇએ? તો પણ હે સુંદર! હું મારા દુઃખની હકીકત પ્રગટ કરૂ છું, તે તું સાંભળ! તારું વચન હું નિષ્ફલ નહીં કરું.

## સિંહગુહા.

**સિંહગુહા** નામે એક અતિ ભયંકર પલ્લી છે. તેનો અધિપતિ **સુપ્રતિષ્ઠ** નામે પલ્લીપતિ છે. **લક્ષ્મી** નામે તેની સ્ત્રી છે. **જયસેન** નામે તેમને એક પુત્ર છે. તે નિરંતર લોકોને બહુ આનંદ આપે છે. તે પલ્લીપતિનો હું બાલ રક્ષક અનુચર છું. મારૂં નામ **દેવશર્મા** છે. હું ત્યાં અનેક પ્રકારની ક્રીડાઓ વડે **જયસેન** કુમારને રમાડું છું.

## યોગીનો સમાગમ.

એક દિવસ હું જયસેનને લઇ ફરવા માટે બહાર નીકળ્યો, ત્યાં આગળ યોગીના વેષમાં રહેલા બે પુરૂષોએ મને જોયો. પ્રથમ મારી સાથે કેટલીક વાતચીત કરી. પછી તેઓએ મને એક ઉત્તમ પાનબીડું આપ્યું.

તે પાનબીડું મેં લીધું કે તરત જ મારી બુદ્ધિ વિમૂઢ થઈ ગઈ, જેથી કુમાર સહિત હું તેઓની પાછળ પાછળ ચાલવા લાગ્યો. તે પાપિષ્ઠ દુષ્ટોએ વિમોહિત કરેલો એવો હું કંઈ પણ સ્વહિત જાણવાને શક્તિમાન્ થયો નહીં.

તેઓની સાથે હું કેટલોક ભૂપ્રદેશ ચાલ્યો, તેટલામાં મને બહુ તૃષા લાગી. તેથી આમતેમ હું જોવા લાગ્યો, એવામાં એક ગહન વનની ઝાડી મારી નજરે પડી.

ત્યાં હું ચાલ્યો ગયો અને અનેક પ્રકારના વૃક્ષોના ફલોથી કલુષિત થયેલું જળ મેં સારી રીતે પીધું, એટલે મારું ચિત્ત ઠેકાણે આવ્યું.

મેં વિચાર કર્યો કે, રાત્રિએ કુમારને લઈ આ પાપી પુરૂષો પાસેથી હું નીકળી જઈશ. એમ વિચાર કરી તેઓ ન દેખે તેવી રીતે તેઓની પાછળ પાછળ હું યુક્તિપૂર્વક ચાલવા લાગ્યો.

તે સમયે સૂર્યાસ્ત થયો. રાત્રીના સમયે તે દુષ્ટો સુઇ ગયા અને પરસ્પર તેઓ વાતો કરવા લાગ્યા કે, આ બાળક આપણને ઠીક મળી ગયો. એથી આપણી યક્ષિણી વિદ્યા સિદ્ધ થશે.

તુંગિક નામના પર્વતમાં આપણે જઈશું અને ત્યાં આ બાળકનો હોમ કરવાથી યક્ષિણી વિદ્યા સિદ્ધ થશે કે, તરત જ આપણો ધારેલો તે નિધિ આપણને પ્રાપ્ત થશે.

આ પ્રમાણે તે દુષ્ટોનું વચન સાંભળી હું અત્યંત ભયભીત થઇ ગયો અને તેઓ ઊંઘી ગયા એટલે **જયસેનને** લઈ હું ત્યાંથી નાસી ગયો.

મહા દુઃખથી હું અતિશીઘ્રગતિએ નાસતો હતો. છતાં પણ તે દુષ્ટ પાપીઓ મારી પાછળ પડયા અને શોધ કરતાં મને પકડી લીધો. પછી મને બાંધીને બળદ ઉપર બેસાડીને તેઓ અહીં લાવ્યા.

આ નગરમાં આવ્યાને મને સાત દિવસ થયા. બહુ ક્ષુધા–તૃષાથી પીડાતો આજે મને એકલાને આ ઉદ્યાનમાં તેઓએ મૂકયો.

હે ભદ્ર ! મેં મારા ભારે દુઃખનું કારણ આપની સમક્ષ નિવેદન કર્યું. હવે જો કોઈ પણ પ્રકારની તમારામાં શક્તિ હોય તો તે બાળકનું તમે રક્ષણ કરો.

**જયસેનની મુક્તિ.**

તે સાંભળી શ્રેષ્ઠિપુત્ર **ધનદેવ** બોલ્યો, હાલમાં તે પુરૂષો કયાં છે ?

બાલરક્ષક **દેવશર્મા** બોલ્યો, કુમારને લઇ એક પુરૂષ વડની છાયામાં બેઠેલો છે અને બીજો પુરૂષ મદ્યાદિક લેવા માટે હાલમાં જ નગરમાં ગયો છે.

એમ તેના કહેવાથી **ધનદેવ** તરતજ તે યોગીની પાસે ગયો અને તેણે કહ્યું,

હે ભદ્ર! આ બાળક તું મને આપીશ? જો તે બાળક તું મને આપે તો તેના બદલામાં હું તને લાખ સોનૈયા આપું, એમાં કોઇ પ્રકારનો સંદેહ તારે ધારવો નહીં.

યોગીએ કહ્યું, નગરમાં ગયેલો બીજો યોગી અહીં ન આવે ત્યાં સુધીમાં તું મને લક્ષ ધન આપે તો હું તને આ બાળક સોંપી દઉં.

તે સાંભળી **ધનદેવે** લક્ષ મૂલ્યની વીંટી પોતાની આંગળીમાંથી કાઢીને તરતજ તેને આપી દીધી. એટલે યોગીએ **જયસેનને** મુક્ત કર્યો. પછી તે યોગી લક્ષ મૂલ્યની વીંટી લઈ એકદમ ત્યાંથી નાસી ગયો.

**ધનદેવ** પણ **જયસેનકુમારને** લઇ દેવશર્માની પાસે આવ્યો અને કહ્યું, આ તારા કુમારને તું ગ્રહણ કર.

ત્યાર પછી **દેવશર્મા** બહુ ખુશ થઈ હસતે મુખે બોલ્યો,

હે સત્પુરૂષ! સ્વામી, બંધુ અને ખરેખર મારો જીવિતદાયક પણ તું જ છે. આ કુમારને જીવિતદાન આપનાર એવા તમોએ કયું કાર્ય ન કર્યું ગણાય?

મારા સ્વામીનું જીવન પણ આપે જ અર્પણ કર્યું. કારણ કે, આ કુમાર તેમને પોતાના પ્રાણથી પણ બહુ પ્રિય છે.

પાપનિષ્ઠ અને દુષ્ટ એવા યોગીરૂપી યમરાજાના

મુખમાંથી આ કુમારનો આપે બચાવ કર્યો. આપનો પ્રત્યુપકાર કોઇપણ રીતે અમારાથી થઈ શકે તેમ નથી, એમ કહી તે મૌન રહ્યો.

પછી **ધનદેવ** તેને પોતાને ઘેર લઇ ગયો અને સારી રીતે આશ્વાસન કરી ભોજન કરાવ્યું અને સારો સંગાથ મેળવી આપીને તેને પોતાના સ્થાનમાં વિદાય કર્યો.

**ધનદેવનો મહિમા :**

**ધનદેવ** બહુ દાની હોવાથી લક્ષ સંખ્યાત ધન આપી લોકોના ઉપર મોટા ઉપકાર કરે છે. એવી સમસ્ત વાત તે નગરની અંદર દરેક સ્થળે પ્રસરી ગઈ.

આશ્ચર્યકારક વાર્તા, ઉત્તમ પ્રકારની વિદ્યા અને અપૂર્વ કસ્તુરીની સુગંધ, એ ત્રણ વસ્તુને રોકી રાખે તો પણ, જલની અંદર તેલના બિંદુની માફક પ્રસરી જાય છે, એમાં કંઈ પણ આશ્ચર્ય નથી.

**ધનદેવ** પોતાના મિત્રો સાથે જ્યાં જ્યાં જાય છે, ત્યાં ત્યાં નગરવાસી લોકો પરસ્પર કહે છે.

આ ધનદેવ મહાદાની છે. લોકોના ઉપકાર માટે આર્થિકજનોની ઇચ્છા પ્રમાણે લાખો ધનનાં દાન આપે છે. ઉત્તમ પ્રકારના ભોગવિલાસ કરે છે તેમજ દરેક કલાઓમાં કુશલ છે.'

**ઉપાલંભ :**

વળી કેટલાક લોકો પોતાના દાન આપવાના ગર્વથી ઇર્ષા લાવી કહે છે.

એમાં એની તમે શી શ્લાઘા કરો છો! એ તો પોતાના પિતાએ સંપાદાન કરેલી લક્ષ્મીનો વિનાશ કરે છે.

આ લોકમાં જે પોતાના પરાક્રમને વધારનાર હોય, તે દાન શ્રેષ્ઠ કહેલું છે. પોતાના પરાક્રમથી શુભ ધન ઉપાર્જન કરી ઇચ્છા પ્રમાણે જેઓ વિલાસ કરે છે, તેજ ઉચિત ગણાય.

જેઓ પિતૃપરંપરાથી પ્રાપ્ત થયેલા વૈભવથી મશગુલ બની દાન આપે છે, તે તો માની પુરુષોને ખરેખર કલંકિત કરે છે.

કહ્યું છે કે, પિતાના ઉપાર્જીત ધન વડે કોણ વિલાસ નથી કરતો ? પોતાના ભુજ બળથી મેળવેલી સમૃદ્ધિ વડે જે વિલાસ કરે તેવા સત્પુત્રને તો કવચિત જ કોઈ નારી ઉત્પન્ન કરે છે.

આ પ્રમાણે લોકઅપવાદ સાંભળી **ધનદેવ** વિચાર કરવા લાગ્યો.

આ લોકો સત્ય કહે છે. મારે આ પ્રમાણે કરવું યોગ્ય નથી, માટે પરદેશ જઇ ઘણી સમૃદ્ધિ મેળવીને દીન અને અનાથ લોકોને નિઃશંકપણે સંતુષ્ટ કરી ઇચ્છા મુજબ વિલાસ કરું.

એમ વિચાર કરી **ધનદેવ** માતા–પિતાની પાસે આવી વિનયપૂર્વક મસ્તક નમાવી હાથ જોડીને કહેવા લાગ્યો,

હે તાત! આપની આજ્ઞા લઇ હું દેશાંતર જઉં અને બહુ ધન મેળવું, એવી હાલ મારી ઇચ્છા થઇ છે, તો આપ મને આજ્ઞા આપો. તેમજ મારા સર્વ મનોરથ પૂર્ણ થાય એવો આપ મને શુભ આશીર્વાદ આપો. વેપારની બુદ્ધિએ જ હું પોતે દેશાંતર જવા ઇચ્છું છું.

ત્યારબાદ તેની માતા બોલી, હે પુત્ર! આ અવસ્થામાં પરદેશગમનની વાર્તા પણ તારે દુઃસહ છે, તો પછી અન્ય દેશમાં પ્રયાણ તો દૂર રહ્યું. વળી હે પુત્ર! તારા પિતાએ મેળવેલી લક્ષ્મી તારે ઘણી છે.

તું જીવે ત્યાં સુધી વિલાસ કરે તો પણ તે ખૂટે તેમ નથી, તેમજ હે પુત્ર! ધન મેળવવાનાં જે જે સાધનો છે, તે સર્વ તારા માટે તારા પિતાએ યોજના કરાવેલાં છે. હવે તારે વેપાર કરવાનું શું કારણ છે?

**ધનદેવ** બોલ્યો, હે જનની! જ્યાં સુધી પુત્ર નાનો હોય છે, ત્યાં સુધી તે પોતાની માતાના સ્તનનો સ્પર્શ કરે, તો તે શોભાને પાત્ર ગણાય. પરંતુ મોટા થયા પછી જો તે તેને અડકે તો તે પુત્ર મહાન પાપી ગણાય છે.

તે પ્રકારે પિતાની લક્ષ્મી પણ ઉત્તમ શક્તિમાન પુત્રોને માતા સમાન ગણાય છે. વળી હે માતા! શક્તિમાન છતાં પણ જે પુત્ર પિતાની મેળવેલી લક્ષ્મીનો ઉપભોગ કરે છે, તે લોકમાં મારી માફક ઉપહાસને લાયક થાય છે.

એમ કહી **ધનદેવ** એકદમ નેત્રોમાંથી અશ્રુધારા વરસાવતો, આ બાબતમાંથી મને મુક્ત કરો, અર્થાત્ રજા આપો એમ કહી માતાના પગમાં પડયો.

## વિદેશગમન :

ત્યાર બાદ **ધનધર્મ** શ્રેષ્ઠી તેનું છેવટનું કારણ જાણી કહેવા લાગ્યો,

હે પુત્ર ! તારા વાંછિત કાર્યમાં વિઘ્ન કોણ કરે ? હું કંઇ પણ કહી શકતો નથી.

વળી ના કહેવાથી પુત્રનું અપમાન થાય, એમ સમજી પિતાએ તેની માતાને પુત્ર વિયોગને નહીં ઇચ્છતી હતી, છતાં પણ બલાત્કારે સમજાવીને સ્થિર કરી.

આ પ્રમાણે માતા-પિતાની આજ્ઞા લઇ, તે **ધનદેવ** દેશાંતર જવામાં ઉપયોગી એવાં ચાર પ્રકાર (ગણિમ, ધરિમ, મેય અને પારિછેદ્ય)નાં કરીયાણાં લીધાં, માંગલિક માટે જિન મંદિરોમાં અઠ્ઠાઇ મહોત્સવ કરાવ્યા. સાધુજનોની પૂજા કરી. માનવંત પુરુષોનો સત્કાર કર્યો.

પછી સમગ્ર નગરની અંદર ઉદ્‌ઘોષણા કરાવી. નગરના સર્વ લોકો મોટા ઉત્સાહથી એકઠા થયા. નૈમિત્તિકે બતાવેલા શુભ દિવસે માંગલિક ઉપચાર કર્યા બાદ પોતાના આપ્તવર્ગ, બંધુ અને વણિક જન સહિત પોતે શુભશકુન ગ્રહણ કરી **કુશાગ્રનગરને** ઉદ્દેશી પોતાના નગરથી પ્રયાણ કર્યું.

**અટવીપ્રવેશ :**

આ પ્રમાણે તે **ધનદેવ** પોતાની સાથે પ્રવૃત્ત થયેલા જનોની સાથે શીઘ્ર ગમન કરવામાં ઉત્સુક થઈ મોટા સાર્થ સહિત હંમેશાં પ્રયાણ કરે છે. એમ કરતાં તે સાર્થના લોકો વસતિનો પ્રદેશ ઉલ્લંઘન કરી વન પ્રદેશમાં ગયા.

અનુક્રમે એક મહાભયંકર અટવી આવી પડી, જેની અંદર ઘણા પત્રોથી ભરપુર–વૃક્ષોને લીધે નિકુંજોમાં પુરાઈ રહેલા પક્ષીઓ દૃષ્ટિ ગોચર થતા નથી, છતાં પણ તેઓના શબ્દ ઉપરથી તેમનું અસ્તિત્વ માલુમ પડે છે.

વળી જે અટવીની અંદર રાજનીતિમાં કુશલ એવા રાજાની નગરીમાં જ જેમ લોકો કોઈ પણ ઠેકાણે ઉન્માર્ગે ચાલતા નથી.

પોતાના કોલાહલના પ્રતિધ્વની વડે જીર્ણ થયેલા વૃક્ષોના પોલાણ ભાગને પૂર્ણ કરતા તે સાર્થ લોકો વિકટ અટવીના મધ્ય ભાગમાં ચાલ્યા જાય છે.

વળી ઘણા ઊંચા વૃક્ષોની શાખા અને પ્રશાખાઓથી ઢંકાઇ ગયેલા આકાશને લીધે, સૂર્યના કિરણોને નહીં સ્પર્શ કરતા લોકો શાંતિપૂર્વક આખો દિવસ નિર્ગમન કરે છે. તેમજ તે અટવીમાં વાંદરાઓ ભારે શબ્દ કરી આમતેમ ઉછાળા મારે છે.

જેમના મહાન શબ્દો સાંભળવાથી બળદોનાં ટોળાં બહુ ત્રાસ પામવા લાગ્યાં. જેઓને નિયમમાં રાખવા માટે

લોકો બહુ ગુંચવણીમાં પડી ગયા અને મોટા શબ્દ કરવા લાગ્યા. જેમનો પ્રતિધ્વની સાંભળીને એકદમ ત્રાસ પામી દરેક દિશાઓમાં પરિભ્રમણ કરતા ઘુવડોના પ્રચંડ શબ્દો સંભળાવા લાગ્યા.

તેમજ બળદોના કંઠમાં બાંધેલી ઘંટિકા (ટોકરી) ઓના નાદથી સર્વો આકાશમંડલ ભરાઇ ગયું અને બળદોની ખરીઓથી ઉખડેલી ધૂળથી ભરાઈ ગયાં છે શરીર જેમનાં; એવા તે વણિક લોકો વિકટ એવા અરણ્યની અંદર ચાલ્યા જાય છે.

**ધાટીપતન :**

હવે બીજે દિવસે અનુક્રમે ચાલતાં તે લોકોનો કેટલોક અટવીનો ભાગ ચાલ્યો ગયો. તેવામાં ત્યાં એક સરોવર આવ્યું.

વિશ્રામ માટે તે સાર્થ ત્યાં રોકાયો. ભારથી પીડાયેલા છે બળદો જેમના એવા તે વણિક લોકો, જલ અને ઇંધનાદિકને માટે ચારે તરફ ભ્રમણ કરવા લાગ્યા તેમજ સર્વ બળદ તથા મહિષ વર્ગને ચરવા માટે દરેક દિશાઓમાં છોડી મૂકચા. લોકોએ સમયોચિત કાર્યોનો પ્રારંભ કર્યો.

તેવામાં ત્યાં રહેલા પોતાના ગુપ્ત પુરુષોના કહેવાથી, ભોજનકાર્યમાં વ્યગ્ર થયેલા તે સાર્થના લોકોને જાણી એકદમ તેમની ઉપર લોકોની ભીલ ધાડ આવી પડી.

**ભીલોની ક્રૂરતા :**

વળી નવીન મગ સમાન નીલ વર્ણવાળાં વસ્ત્રો ઢીંચણ સુધી રહેલાં છે. શરીરની આકૃતિ બહુજ ભયંકર દેખાય છે.

કાળાશમાં મષીના પુંજ સમાન, પ્રકુપિત થયેલા યમની માફક દુષ્પ્રેક્ષ્ય, શરીરના અવયવો બહુ વિકરાળ અને રૂક્ષતાને વળગી રહ્યા છે, ખાખરાનાં પત્રો વડે મુકુટની શોભા જેમણે ધારણ કરી છે, ચણોઠીના રંગ સમાન જેમનાં નેત્રો ચમકે છે.

જેમના કેશ બરછીની માફક ઉભા રહ્યા છે, સર્વાંગે બખ્તરો પહેરેલાં છે, પૃષ્ઠ ભાગમાં ભાથાઓ બાંધી રાખ્યા છે, તેમજ કાન સુધી ખેંચેલાં ધનુષોના પૃષ્ઠ ભાગમાં ભાલોડીયાં દેખાય છે.

વળી કેટલાકના હાથ ખડગૂથી રોકાયલા છે, તેમજ બીજા કેટલાકના હાથમાં લકુટ લીધેલા છે, કેટલાક તો ગોફેણો વીંઝોળે છે, જેમના સીત્કારને લીધે કેટલાક જીવોનો નાશ થાય છે, કેટલાક નિષ્ઠુર હૃદયના દુષ્ટ પુરુષો 'મારો મારો, એમ દરેક દિશામાં જોસથી બોલ્યા કરે છે.

આવી રીતે અનેક ઉપદ્રવ કરતા તે ભીલ લોકો કોઇ પણ દિશામાંથી એકદમ અજ્ઞાત દૃષ્ટિએ આવી પડયા.

**સાર્થની વ્યગ્રતા.**

બાદ ભીલ લોકોના બહુ જુથો હોવાથી અને સાર્થ

લોકો પોતપોતાના કામમાં રોકાવાથી, સાર્થવાહના ત્યાં રહેલા સર્વ લોકો એકદમ ગભરાઈ ગયા. શરણ રહિત એવા તે સર્વ લોકો આમતેમ વિખરાઈ જવા લાગ્યા.

વળી કેટલાક પુરૂષો પોતાના ભુજબળના ગર્વથી ઉદ્ધત બની હોકારા કરી બોલવા લાગ્યા કે, રે! રે! પિશાચો! હવે અમારી દૃષ્ટિગોચર થયેલા તમે કયાં જશો? જો તમારામાં કંઈ પણ પરાક્રમ હોય તો આ સમયે તે સર્વ તમે પ્રગટ કરો.

વળી કેટલાક બીકણ હૃદયના દીન પુરૂષો દાંતની વચ્ચે આંગળીઓ ઘાલી, હા! હા! અમારૂં રક્ષણ કરો? રક્ષણ કરો? એમ કરૂણ શબ્દો બોલવા લાગ્યા.

વળી કેટલાક સત્ત્વહીન પુરૂષોને લુંટવા માંડયા અને મારવા પણ માંડયા. એટલે તે નપુંસકો ત્યાંથી નાસવાનાં છિદ્રો શોધવા લાગ્યા.

વળી કેટલાક તો ઘણી મુસીબતે નાસવાનાં બ્હાના મળ્યાં છતાં પણ, બહુ ડરના માર્યા ગુપચુપ વાતો કરતા ધીમે ધીમે ખસીને જંગલોની અંદર ઘુસી જવા લાગ્યા.

કેટલાક તો ભીલ લોકોનો ત્રાસ જોઈ ધ્રુજવા લાગ્યા. જેથી તેમનાં પહેરેલાં પોતીયાં પણ છુટી ગયા. તેમજ અત્યંત ભયને લીધે પુરૂષાચારને પણ એકદમ ત્યજી દીધો અને દીન પુરૂષોની ચેષ્ટાઓ કરવા લાગ્યા.

સર્વથા લજ્જાનો ત્યાગ કરી રંકની જેમ કરગરીને

મહાકષ્ટ વડે છુટવાની પ્રાર્થના કરતા છતા તે પાપીઓની આગળ અનેક પ્રિય વચન બોલી વિનવવા લાગ્યા. કેટલાક અશક્ત પુરૂષો તો પૃથ્વી ઉપર પડીને પોતાના આત્માને મુડદાની માફક જાહેર કરે છે.

કેટલાક આજુબાજુમાં તપાસ કરીને કોઇ ન દેખે તેવી રીતે પોતાના દ્રવ્યને પૃથ્વીમાં દાટી દે છે.

વળી જે સાર્થ લોકો આડાઅવળા ઇંધનાદિક લેવા માટે ગયા હતા, તેઓ પણ ભારે મારામારીના શબ્દ સાંભળી બહુ દૂરથી જ પલાયન થઈ ગયા.

અરે ? શું જુઓ છો ? પકડો, બાંધો, મારો, ઠોકો, આડા પાડી તેઓના મુખની અંદર ધૂળ ભરો, એવા શબ્દો દરેક દિશામાં સંભળાવા લાગ્યા, જેથી સાર્થ લોકો બહુ ગભરાટમાં પડી ગયા.

કેટલાક દિગ્મૂઢ બની ગયા અને ચારે તરફથી પોતાની મરજી માફક સાર્થના સર્વ લોકોને ભિલો લુંટી રહ્યા છે, તે જોઈ **ધનદેવ** પોતાનું આત્મબળ ફોરવવા તૈયાર થયો.

## ધનદેવનું પરાક્રમ

તે સમયે કેટલાક પોતાના પુરૂષો પણ ત્યાં તેની સહાયમાં ઉભા રહ્યા. **ધનદેવની** આકૃતિ જોતાં જ ભિલોના હૃદયમાં મહાન્ ક્ષોભ પેસી ગયો. **ધનદેવના** હસ્તમાં માત્ર **વસુનંદક** ખડ્ગ રહેલો છે. પ્રબળ ધૈર્યનો આશ્રય લઈ તે બોલ્યો કે,

રે! રે! અધમ! પાપીઓ! જો તમારામાં કંઈ પણ ગર્વની ચળ હોય તો તમે મારી આગળ તૈયાર થાઓ. જેથી ક્ષણ માત્રમાં હું તેનો નાશ કરૂં, વળી તમારે એમ નહીં કહેવું કે, અમને કહ્યું નહીં.

આ પ્રસંગ એક વીરપુરૂષોની કસોટીનો છે. પોતાની સ્ત્રીઓએ વખાણેલા પુરુષો કંઇ પુરૂષાર્થપણાને પ્રાપ્ત થતા નથી. શૂરવીરની પરીક્ષા તો આવા પ્રસંગમાં જ થાય છે.

મિત્રોની પરીક્ષા ક્યારે થાય? જ્યારે આપત્ કાળ આવે ત્યારે જ, તેમજ શૂરવીરની પરીક્ષા યુદ્ધના મેદાનમાં આવ્યા સિવાય થઇ શકતી નથી.

વળી ઉત્તમ વંશમાં જન્મેલી પ્રજાની પરીક્ષા વિનય ઉપરથી થઇ શકે છે, તેમજ સ્ત્રીની પરીક્ષા નિર્ધનના પાલવમાં પડી હોય ત્યારે થઇ શકે છે. માટે આ વખતે તમારા બળની પરીક્ષા કર્યા સિવાય હું રહેવાનો નથી.

અરે દુષ્ટો! આ તમારા પુરૂષાતનને ધિક્કાર છે. અરે! મહા ખેદની વાત છે કે, જેઓ પુંઠ દઈને નાસે છે, તેમની પાછળ તમે લુંટવાની ખાતર મારવા ઉદ્યુક્ત થયા છો. તમારા જીવતરને ધિક્કાર છે, એમ બે ત્રણ વાર ધનદેવ બોલ્યો.

ત્યારબાદ સુભટોને પણ ભયજનક એવા તે ધનદેવના શબ્દ સાંભળીને, રે! રે! એને પકડો? તે કોણ છે? આ કિરાતના ધૈર્યનો પણ ક્ષણમાત્રમાં નાશ કરો? એમ બોલતા તે ભિલો એકદમ તેની સન્મુખ વળ્યા.

કિંચિત્ હાસ્ય કરતા તેઓ **ધનદેવની** આજુબાજુએ ચોતરફ વીંટાઈ વળ્યા અને તીક્ષ્ણ ખડ્ગ, કુંત, તોમર તથા ભાલાઓ વડે **ધનદેવને** પ્રહાર કરવા મંડી પડયા.

અહો ! નિર્દય લોકને વિચાર તો હોય જ કયાંથી ! તે પ્રમાણે ભિલ લોકોની પ્રવૃત્તિ જોઈ **ધનદેવ** પણ નિ:શંક થઈ તેઓની આગળ છાતી કાઢી પોતાનું પરાક્રમ પ્રગટ કરવા લાગ્યો.

દયાને દેશવટો આપનાર તે ભીલો જેમ જેમ ગાઢ પ્રહાર કરે છે, તેમ તેમ **ધનદેવ** અપૂર્વ કલાના અભ્યાસથી તે દરેક પ્રહારનો બચાવ કરે છે. પોતાના શરીરે એક પણ પ્રહાર લાગવા દેતો નથી. વળી કેટલાકનો બચાવ ઢાલથી કરે છે અને આમતેમ શરીરની લાઘવતાથી કેટલાક પ્રહારનો બચાવ કરે છે. કેટલાકનો તો દૂરથી ઉછળીને અને ઘણા ખરા પોતાના ખડ્ગના પ્રહારો વડે બચાવી લે છે.

## ધનદેવનો પરાજય

એમ કરતાં કરતાં મહાકષ્ટ વડે ભીલોએ યુક્તિ પૂર્વક ઢાલો વડે **ધનદેવને** પકડી લીધો, અને તેઓએ વિચાર કરી કહ્યું કે,

અરે ! આ તો સાર્થનો અધિપતિ વણિક છે, માટે એને બાંધીને માર્યા વિના સ્વસ્થ દેહે પલ્લીપતિને આપણે સોંપી દઈએ, જેથી આ વણિક આપણને ઘણું ધન આપશે.

ત્યારબાદ તેઓ પલ્લીપતિની પાસે ગયા અને **ધનદેવને** ત્યાં રજુ કર્યો.

## ધનદેવની ઓળખાણ.

એટલામાં ત્યાં રહેલા **દેવશર્માએ** તેને જોઇ શોકાતુર મુખે પલ્લીપતિને કહ્યું કે, હે સ્વામિન્ ! આ તો મહાનુભાવ તે **ધનદેવ** છે, અરે ! આવી દુર્દશાને આધીન આ શાથી થઈ પડયો ? એમ આક્રંદ કરતો વળી તે બોલ્યો,

હે નાથ ! આપના પુત્રને યોગીઓએ જ્યારે પકડયો હતો, ત્યારે કોઈપણ કારણ સિવાય પરોપકારની બુદ્ધિથી જેણે લક્ષ સોનૈયા આપી મુક્ત કર્યો હતો, તેજ આ **ધનધર્મ** શ્રેષ્ઠીનો પુત્ર **ધનદેવ** છે,

વળી તે આપણા **જયસેન** કુમારનો જીવિત દાતા અને પરમ ઉપકારી છે. એવા આ પુરૂષની–અધન્ય એવા આપણે આવી સ્થિતિ કેમ કરી ?

એ પ્રમાણે **દેવશર્માનું** વાકય સાંભળી એકદમ સંભ્રાંત લોચનવાળો થઈ, **સુપ્રતિષ્ઠ** પલ્લીપતિ કહેવા લાગ્યો,

અરે ! આ ભાગ્યશાળી મહાપુરૂષને મુક્ત કરો ! મુક્ત કરો ! તે સાંભળી પોતાની પાસે ઉભેલા પુરૂષોએ તત્કાલ તેને બંધનોથી નિર્મુક્ત કર્યો.

ત્યારબાદ **સુપ્રતિષ્ઠે** બહુ પ્રેમથી તેને આલિંગન આપીને આશ્વાસન આપ્યું. પછી **ધનદેવે** તેને પ્રણામ કર્યા કે તરત જ ત્યાં હાજર રહેલા પુરૂષોએ ઉત્તમ આસન આપ્યું, તે ઉપર પોતે બેઠો.

## સુપ્રતિષ્ઠનો પશ્ચાત્તાપ.

લજ્જાને લીધે નીચું મુખ કરી **સુપ્રતિષ્ઠ** વારંવાર મોટા નિશ્વાસ મુકતો કહેવા લાગ્યો કે,

હે મહાશય! તું અમારો પરમ ઉપકારી છે. માટે તમારી પાસે આવી ખાસ અમારે મળવું જોઇએ. તમારૂ દર્શન પણ અમારા પાપને દૂર કરનાર છે. પરંતુ અમારા ઘેર તું આવ્યો છતાં અમે આવી સ્થિતિમાં તમારૂં સ્વાગત કર્યું, એ અમારા પાપનો જ ઉદય.

પાપીઓને કરેલો ઉપકાર અપકાર રૂપ થઈ પડે છે. જેમ કે, સર્પને પાયેલું દૂધ પણ પરિણામે વિષને જ ઉત્પન્ન કરે છે. શાસ્ત્રમાં પણ કહ્યું છે કે,–

પાપાત્માઓને કરેલો ઉપકાર કેવલ અનિષ્ટ ફલ આપનાર નિવડે છે. જેમ કે, સર્પજાતિને દુગ્ધપાન માત્ર વિષ વધારનાર થઈ પડે છે.

અરે! હું પાપી કૃતઘ્ન થયો. કારણ કે, પુત્રને જીવિતદાન આપનાર જે તું, આજે મ્હારે ઘેર આવ્યો છતાં અમે આવું અધર્મ્ય કર્મ તમારા પ્રત્યે આચર્યું.

**ધનદેવ** બોલ્યો! અરે, શા માટે તમે આટલો

બધો સંતાપ કરો છો? ભાવિભાવ બલવાન્ છે. અજાણતાં અપરાધ થયો, એમાં તમારો શો દોષ છે? હવે તમારે કોઈ પણ પ્રકારની ચિંતા કરવી નહીં.

આ પ્રમાણે અસાધારણ ધૈર્યવાળું **ધનદેવ**નું વચન, વિજ્ઞાન, રૂપ અને સજ્જનપણું જોઇ બહુ સંતુષ્ટ થઇ **સુપ્રતિષ્ઠ** ફરીથી પણ કહેવા લાગ્યો કે,

આ એક આશ્ચર્ય જોવા જેવું છે કે, એક પુરૂષની અંદર કેટલા બધા ગુણો એક સાથે આવી રહ્યા છે? "बहुरत्ना वसुन्धरा" પૃથ્વીની અંદર ઘણાં રત્નો રહેલાં છે, એવો લોકપ્રવાદ સત્ય છે.

અરે! મારા પુરૂષાતનને ધિક્કાર છે! તેમજ મારી આ નીચ વૃત્તિને પણ વારંવાર ધિક્કાર છે!! વળી પોતાના કુળમાં કલંકરૂપ મારા આ જન્મને ધિક્કાર છે!!!

વળી અધિક શું કહેવું? મારા જીવતરને પણ ધિક્કર છે? કારણ કે, લેશમાત્ર પણ ધર્મને હું જાણતો નથી. કુકર્મમાં જ આ નશ્વર જીંદગી વ્યતીત થાય છે, એટલુંજ નહીં પણ આવા સત્પુરૂષોને લુંટવામાં જ હું નિરંતર ઉદ્યુક્ત થયો છું.

અસ્તુ. જે થયું તે હવે મિથ્યા નહીં થાય. માત્ર આટલા ઉપરથી હું મારા આત્માને ધન્ય માનું છું, કારણ કે અખંડિત શરીરવાળા આ મહાનુભાવનાં મને જલદી દર્શન થયાં.

વળી જો ભિલોની સાથે યુદ્ધ કરતાં એનો વિનાશ થયો હોત તો પુણ્ય રહિત એવા મારા પાપનું નિવારણ શી રીતે થાત ? એમ અનેક પ્રકારે પોતાની નિંદા કરીને તેણે આજ્ઞા કરી કે,

હે ભિલો ! આ સાર્થની અંદરથી તમોએ જે જે વસ્તુઓ લીધી હોય તે સર્વ આ **ધનદેવ** વણિકને સોંપી દો. આ પ્રમાણે પોતાના સ્વામીનું વચન સાંભળી તે લુંટારાઓએ તૃણ પર્યંત સર્વ વસ્તુઓ તેને સોંપી દીધી.

**ધનદેવનું આતિથ્ય.**

પછી સાર્થના આબાલવૃદ્ધ સર્વ લોકો નિર્ભયપણે આનંદથી ત્યાં એકઠા થયા. કેટલાક દૂર નાશી ગયા હતા, તેઓ પણ શાંતિ ફેલાવાથી પાછા ત્યાં આવી પહોચ્યા.

પછી **સુપ્રતિષ્ઠ** પલ્લીપતિ સ્નેહપૂર્વક **ધનદેવ**ને વિનતિ કરવા લાગ્યો,

હે મહાશય ! અહીંથી એક ગાઉ પર **સિંહગુહા** નામે મારી પલ્લી (ભિલોનું સ્થાન) છે. ત્યાં આપ સર્વે વિલંબ રહિત પધારો આજે મારા મહેમાન થાઓ અને મને કૃતાર્થ કરો.

**ધનદેવ** બોલ્યો. ભલે આપની મરજી. એમ કહી **ધનદેવ સુપ્રતિષ્ઠ**ની સાથે ચાલ્યો. પછી સર્વ સાર્થના લોકો **ધનદેવ**ની પાછળ ચાલવા લાગ્યા. **સિંહગુહા**માં તેઓ પહોંચી ગયા.

સર્વ સાર્થના લોકોનો ઉતારો પોતાના સ્થાનથી નજીકના ઘરોમાં આપ્યો અને **ધનદેવ**ને પલ્લીપતિ પોતાના ઘેર લઇ ગયો. ક્ષણમાત્ર તેઓનો પરસ્પર વાર્તાલાપ થયો.

ભોજનની તૈયારી થવા લાગી. અભ્યંગ માટે **ધનદેવ**ને મર્દન ગૃહમાં લઈ ગયા. ત્યાં તૈલાભ્યંગમાં કુશળ એવી શ્રેષ્ઠ યુવતિઓ આવી. અને સુગંધિત તૈલોવડે વિધિ પૂર્વક અંગમર્દન કર્યું.

બાદ માર્ગના શ્રમને હઠાવનાર એવા ઉત્તમ ઉષ્ણોદકથી સ્નાન કરાવ્યું. શુદ્ધ વસ્ત્રથી અંગ લુછયા બાદ કપુર અને ઉત્તમ ચંદન વડે અર્ચા કરી.

ત્યારબાદ **સુપ્રતિષ્ઠ**ની સાથે ઉત્તમ ભોજન કરી, અનુક્રમે મુખ પ્રક્ષાલન થયા બાદ ત્યાંથી તેઓ ઉભા થયા. પછી કર્પુર, ઇલાયચી, લવિંગ સહિત પાન બીડા પ્રેમપૂર્વક તેને આપ્યા.

**ધનદેવનો વિતર્ક.**

પછી પોતાની બેઠકમાં બેસીને તે **ધનદેવ** પલ્લીપતિને કહેવા લાગ્યો.

આ પલ્લી નિર્દય લોકોનું સ્થાન ગણાય. તેમાં આપ સજ્જન અને અસાધારણ દયાળુ હોવા છતાં પણ નિરંતર નિવાસ કરો છો, તેમજ આવા નિર્દય ભૃત્યોનું આપ સરખાને અધિપતિપણું કરવું તે સર્વથા અનુચિત ગણાય, એમ મારૂં માનવું છે.

કારણ કે શૌચ, સત્ય અને દાક્ષિણ્ય રહિત એવા અધમ લોકોને રહેવા લાયક આ સ્થાન ગણાય.

તેમજ આવા નિર્દય ભિલોનું સ્વામિત્વ આપે સ્વીકારેલું છે; છતાં પણ આપનામાં આવા ઉત્તમ કોટિના ગુણો રહ્યા છે, એ મોટું આશ્ચર્ય મારા હૃદયમાં પ્રગટ થાય છે.

વળી અપૂર્વ સૌજન્યતાને આશ્રય આપતા આપ આવા ઉત્તમ પુરૂષ થઇને પણ આ પલ્લીમાં શા માટે રહો છો ? તેનું કારણ તમે મને કહો.

## સુપ્રતિષ્ઠનું વૃત્તાંત

**સુપ્રતિષ્ઠ** બોલ્યો, હે **ધનદેવ** ? હવે મારૂં વૃત્તાંત કહેવાનું કંઈ પણ પ્રયોજન નથી. કારણ કે, બુદ્ધિમાન પુરૂષ પોતાના વંચન અને અપમાનને પ્રગટ કરતો નથી.

આયુષ્ય, વિત્ત, ઘરનું છિદ્ર, શત્રુજન્ય પરાજય, વંચન અને પોતાના અપમાનને બુદ્ધિમાન પુરૂષ પ્રગટ કરતો નથી.

એમ છતાં હું મારી બીના તમને જણાવું છું. કારણ કે આ તારી અભ્યર્થનાને હું નિષ્ફલ કરવા ઈચ્છતો નથી. માટે તું એકાગ્ર મનપૂર્વક મારા કહેવા ઉપર ધ્યાન આપ.

હંમેશા પ્રમુદિત નર અને નારીઓના વૃંદથી ભરપૂર અનેક ગ્રામો વડે રમણીય અને અપૂર્વ શોભાને લીધે બહુ વર્ણનીય અંગ નામે દેશ છે.

તેમાં દેવ સમાન રૂદ્ધિમાન, ભય, ડમર-સ્વચક્ર કિંવા પરચક્રાદિ ભય અને કર (રાજગ્રાહ્યભાગ)થી વિમુક્ત એવું બહુપ્રાચીન **સિદ્ધપુર** નામે ઉત્તમ નગર છે, વળી તે ઘણું જ વિખ્યાત છે.

તેમાં મદાંધ, વૈરીરૂપ હસ્તીઓનાં ગંડસ્થલ ભેદવામાં સિંહસમાન અને કંબુ (શંખ) સમાન ઉન્નત-ગ્રીવાને ધારણ કરતો **સુગ્રીવ** નામે રાજા છે.

સમસ્ત અંતઃપુરમાં માનનીય, શરદ ચંદ્રના બિંબ સમાન મુખ વાળી અને બુદ્ધિમાં અસાધારણ **કમલા** નામે તેની પત્ની છે.

તેણીની સાથે વિષય સુખને અનુભવતા તેમજ પૂર્વ ભવમાં મેળવેલા પુણ્યરૂપી વૃક્ષના ફલ રૂપ રાજ્યભારને પાલન કરતા એવા તે રાજાના કેટલાક દિવસો વ્યતીત થતાં તે દેવીએ મને જન્મ આપ્યો.

ત્યારબાદ વિધિપૂર્વક **સુપ્રતિષ્ટ** એવું મારું નામ સ્થાપન કર્યું. હંમેશાં પાંચ ધાત્રી (ધાવમાતા)ઓ મારા પાલનમાં તત્પર રહેતી અને અનુક્રમે વૃદ્ધિ પામતો હું પાંચ વર્ષનો થયો. મને જોઈ મારા માતા-પિતા બહુ જ આનંદ માનવા લાગ્યાં, તેટલામાં ભૂતલને પ્રચંડ તપાવનાર એવો ગ્રીષ્મ. ઋતુનો સમય વ્યતીત થયો.

**વર્ષાઋતુ :**

ઘણા દિવસથી બહુ તાપને લીધે તપી ગયેલી પૃથ્વીને શાંત કરનાર, ચારે તરફ "ડૅ ડૅ" એવા શબ્દોથી

દેડકાઓના સમૂહને વાચાલિત કરતો, અતિશય વહેતા જલ પ્રવાહના ખળભળાટના શબ્દો વડે દિગંતરોને બધિરિત કરતો,

ગંભીર ગર્જના કરતા મેઘના દર્શન વડે મયૂરવૃંદને નચાવતો, પ્રફુલ્લ પુષ્પોથી સુશોભિત એવા નીપ (કદંબ) વૃક્ષોની ઘટાઓ વડે વનરાજીને દીપાવતો.

મોગરાના પુષ્પોની કળીયોમાંથી ખરતા પરાગ વડે સુવાસિત પવનને પ્રવર્તાવતો, પુલિન (પાળ) ઉપર ક્રોડા કરતા બાળકોએ રચેલા રેતીના મંદિરો વડે અત્યંત રમ્યતાને વહન કરતો.

હળોતરા માટે ખેડૂત લોકોને બળદોના પૂજનમાં ઉદ્યુક્ત કરતો, વળી પ્રમોદના કારણોને લીધે પામર લોકોને આનંદ આપતો, દરેક દિશાઓમાં કયારાઓને જલથી પૂર્ણ કરતો અને કાદવ વડે માર્ગોને દુર્લંઘ્ય કરતો એવો વર્ષાકાલ પ્રાપ્ત થયો.

નવીન વર્ષાકાલનો અનુભવ લેતા એવા **સુગ્રીવ** રાજાએ એક દિવસ વિધિપૂર્વક ભોજન કરી શરીરે ચંદન લેપ કર્યો. તેમજ કોમલ, સ્નિગ્ધ અને નિર્મલ વસ્ત્ર પહેર્યા. બાદ હાથમાં પાનબીડું લઈ પોતે **કમળા**દેવીના મહેલમાં ગયો.

ત્યાં સાતમાળના મહેલના ઉપરના ભાગમાં પહોંચી ગયો. **કમલાવતીએ** પોતાના પતિને આવતો જોઇ

અભ્યુત્થાન કરી ઉચિત વિનય કર્યો. પછી બહુ કિંમતી શય્યા ઉપર પોતે આરૂઢ થયો.

ત્યારબાદ ક્ષણમાત્ર પરિહાસની વાર્તાઓ વડે પોતાની સ્ત્રી સાથે વિનોદ કરી શ્વેત અને સ્વચ્છ વસ્ત્રથી આચ્છાદિત સુકોમળ શયન ઉપર તે સૂઇ ગયો.

## મેઘનો ચમત્કાર

રાત્રિના પ્રસંગે દિવસના શ્રમને લીધે રાજા નિદ્રા વશ થઇ ગયો. બાદ વૃષ્ટિના સમારંભની સૂચનાઓ થવા લાગી. સજલમેઘની ગંભીર ગર્જનાઓ શરૂ થઇ. જેનો નાદ દિશાઓમાં પ્રસરી ગયો. રાજા નિદ્રામાંથી જાગી ઉઠયો.

અચિંત્ય ખળભળાટ જોઇ ઝરૂખાની અંદર આવી તકીએ બેસી ગયો કે, તરત જ તેના અર્ધાસન ઉપર **કમળાદેવી** પણ આવીને બેસી ગઈ. ત્યારબાદ હર્ષને લીધે રોમાંચિત થઇ રાજા કહેવા લાગ્યો.

હે દેવી ! મારા સમાગમ વડે તું જેમ ઉલ્લાસમાન મનોહર મોટા સ્તનવાળી દીપે છે, તેમ આ ઉત્તર દિશા એકદમ ઉન્નત અને મનોહર મેઘથી સુશોભિત આકાશ વાળી થઇ રહી છે, તે તું જોતો ખરી !!

વળી મેઘની અંદર વારંવાર પ્રકાશ આપતી આ વીજળી તારા નેત્રોની ચંચળતા અને કેશની કુટિલતાનું અનુકરણ કરે છે, તે પણ એક જોવા જેવું છે.

વળી હે પ્રિયે ! અન્ય તરફ તું દષ્ટિ કર ? આ ચારે

તરફ ભ્રમણ કરતા ઇંદ્રગોપને લીધે ભૂતલ ઉપર પડવાથી ભાગી ગયેલી એવી આ વર્ષાઋતુની લક્ષ્મી માલુમ પડે છે.

મેઘરૂપી રાજાનો નવીન સમાગમ થવાથી પૃથ્વી રૂપી સ્ત્રીનાં લીલા અંકુરોના મિષ વડે રોમાંચ પ્રગટ થયાં છે,

વળી આ નિષ્ઠુર કિરણોના પ્રકાશ વડે આ પૃથ્વીને બહુ સંતાપેલી છે, એવા રોષને લીધે મેઘોએ સૂર્યના કિરણો રોકયા હોય ને શું ! એમ દેખાય છે.

મારું આગમન થયું છે, છતા પણ પ્રિયના વિરહ-વાળી સ્ત્રીઓનાં હૃદય કેમ નથી ફુટતાં ? તેના તપાસ માટે ક્રોધ સહિત વિજળીના ઉદ્યોત વડે તે જુએ છે.

મારું આગમન જાણીને પણ સ્ત્રીઓને મૂકી તેઓ કેમ ચાલ્યા ગયા ? એવા રોષથી ગર્જના કરતો મેઘ પથિક જનોનાં હૃદયને વિદારણ કરતો હોય ને શું ?

વળી શ્વેત બગલીઓ રૂપી દંષ્ટ્રાઓને વહન કરતો, વિદ્યુત્‌લતા રૂપી દીર્ઘ જીહ્વાને લંબાવતો અને અંગોપાંગમાં શ્યામતાને ધારણ કરતો મેઘ રૂપી પિશાચ પથિક જનોની પાછળ દોડયા કરે છે.

વળી હે પ્રિયે ? તું જોતો ખરી ! આ તરફ ઇન્દ્ર-ધનુષ કેવું ખેચ્યું છે ? જેના નવનવા રંગો આબેહુબ નેત્રોને અંજાવી દે છે.

તેમજ જેની અંદરથી નીકળતી ધારાઓ રૂપી બાણો વડે વિરહી જનોનાં હૃદયને વિંધતો આ વર્ષા સમય પાંચ

બાણની સમૃદ્ધિવાળા કામદેવનું ઉપહાસ કરતો હોય ને શું ? તેમ અકસ્માત પ્રગટ થયો છે.

કમલાવતી

તે વારે બહુ ખુશી થઈ રાણી નરેન્દ્રને કહેવા લાગી, હે મહીનાથ ! સર્વઋતુઓમાં આ વર્ષાઋતુ અધિક ગણાય છે. વળી વિરહીજનોને છોડી અન્ય કામી જનોને આ વર્ષાઋતુ બહુ સુખદાયક થાય છે. તેમજ ગરીબ વાછરડાઓ ઘાસ અને ઔષધિ વગેરે સર્વ જીવોને આ વર્ષાઋતુ ખાસ જીવનરૂપ છે.

રાજા કિંચિંત હાસ્ય કરી બોલ્યો, હે દેવી ! તારૂં કહેવું સત્ય છે કારણ કે, આ દુનિયામાં એ કહેવત સંભળાય છે કે, પોતે ધરાયેલા પુરુષો આદરથી દિગ્ મંડળને પણ ધરાયેલું જુએ છે. તેમજ હે પ્રિયે ! તું સુખી એટલે સર્વને સુખીયા માને છે.

વળી હે દેવી ! સર્વ ઋતુઓ પણ પુણ્યવંત જીવોને સુખદાયક થાય છે અને પુન્યહીન જીવોને વર્ષાઋતુ પણ દુઃખદાયક થાય છે.

અરે ! આ જો તો ખરી ! અર્ધ ભાગમાં સુધારેલી આ જીર્ણ ઝુપડીમાં સેંકડો અનર્થ અથવા પાણીની ધારાઓથી પીડાતાં બાળકો દયાજનક રૂદન કરી રહ્યાં છે.

અરે ! આ ઝુપડું તો પડવા બેઠું, એક પણ જલધારા ઘરની બહાર જવા પામતી નથી. છોકરા બિચારાં

ઠંડીમાં થરથર ધ્રુજે છે, એમ પોતાની સ્ત્રી વડે વારંવાર અત્યંત પ્રેરણા કરાતો રંક દશાને પામેલો અને જેના શરીર પર વસ્ત્ર તો છે જ નહીં.

નિરાવરણ અંગ ઉપર જલધારાઓ પડયા કરે છે, જેનાં સઘળાં રૂવાટાં ચઢી ગયાં છે અને ઠંડા પવનને લીધે સર્વ ગાત્રો સંકુચિત થઈ ગયાં છે, એવો આ દરિદ્ર પુરૂષ મહાદુઃખ વડે વિખરાતી ઝુપડીને સમી કરે છે.

વળી નમી ગયા છે કાન જેના અને મુશલધારાએ વરસતા મેઘની ધારાઓથી પીડાતો આ બિચારો ગધેડો નિરાધાર ભાગી ગયેલા દેવાલયના ખુણામાં કેવો લપાઈ ગયો છે? તે તરફ લગાર તું દૃષ્ટિ કર!

હે સુંદરી! શૂન્યગૃહની અંદર ચુલામાં ખરખર શબ્દથી ખાડો ખોદતો અને ઠંડીને લીધે તરફડતો આ કુતરો બીચારો કેવી હાલતમાં આવી પડયો છે? તે તરફ લક્ષ આપ.

તેમજ મેઘની સેંકડો ધારાઓ વડે પીડાતા વૃદ્ધ બળદોને તું જો! જેઓ ઈર્યાસમિતિમાં રહેલા મુનિઓની માફક પૃથ્વીનું અવલોકન કરતા ચાલ્યા જાય છે,

વળી સેવાળથી ચીકાસવાળા ભૂતલ ઉપર ચાલતા વૃદ્ધ ગરીબો દરેક સ્થળે પડતા આખડતા લાકડીના ટેકા વડે ભિક્ષા માટે પ્રયાસ કરી રહ્યા છે. આ દુર્દશા માત્ર વર્ષાકાળને લીધે જ થયેલી છે.

એમ **કમલા** દેવીની આગળ રાજા કહે છે, તેટલામાં **વસુદત્ત** નામે કંચુકી એકદમ ત્યાં આવી પ્રણામ કરી ઉભો રહી કહેવા લાગ્યો

હે સ્વામિન્ ! આપે જે **દામોદર** નામે દૂત પ્રથમ ચંપાનગરીમાં **શ્રીકીર્તિવર્મ** રાજાની પાસે મોકલ્યો હતો, તે હાલમાં અહીં આવ્યો છે અને તે આપના ચરણકમલના દર્શનરૂપી સુખની ઈચ્છાથી દ્વારમાં ઉભો છે. હવે જેવી આપની આજ્ઞા !

તે સાંભળી દૃષ્ટિ માત્રથી રાણીની સંમતિ લઇ રાજા ત્યાંથી એકદમ ઉભો થયો.

## વિદ્યુત્પાત.

ત્યારબાદ રાજા સભાસ્થાનની નજીકમાં આવે છે, તેટલામાં પ્રથમ વીજળીનો ચમકાર થયો કે, 'તરત જ ચડ ચડ પ્રચંડ મહાન્ શબ્દ થયો.

જેના શ્રવણથી સ્ત્રીપુરૂષોના સમુદાય એકદમ ભયભીત થઇ ગયા, અને તે જ વખતે રાણીના મહેલની અંદર હાહાકારપૂર્વક મહાન્ કોલાહલ ઉત્પન્ન થયો,

તે સાંભળી રાજા એકદમ તે તરફ પાછો વળ્યો, તેવામાં ઘર ઘર શબ્દથી રૂદન કરતી દેવીની ધાવ માતા રૂદ્ધ કંઠે લાગી કે,

હે નરેંદ્ર ! મારૂં તો સર્વસ્વ ગયું, હું લુંટાણી વીજળી પડવાથી દેવી બળી ગઇ. મરણવશ થયેલી દેવીને પૃથ્વી પર પડેલી જોઈ હા ! હા ! હું હણાયો, એમ આક્રંદ કરતો રાજા મૂર્છાવશ થઈ ગયો.

ત્યારબાદ મૂર્છાને લીધે ભૂમિ ઉપર પડેલા ચેષ્ટારહિત રાજાને જોઈ સર્વ પરિવાર એકઠો થઇ ત્યાં આક્રંદ કરવા લાગ્યો. જેથી મહાન્ કોલાહલ થઈ રહ્યો.

તેમાં કેટલાક ત્યાં રહેલા બુદ્ધિશાળી લોકો શીતલાદિક ઉપચાર કરવા મંડી ગયા. તેથી ક્ષણુમાત્રમાં રાજાની મૂર્છા ઉતરી ગઈ.

**નૃપવિલાપ.**

ત્યાર પછી તે રાજા વિલાપ કરવા લાગ્યો. કે, હા ! વલ્લભે ! હા ! સ્વામીની ! હા ! જીવિતદાયિની ! હા ! વિશાલ નેત્રવાળી ! હા ! મારા હૃદયમાં વાસ કરી રહેલી ! અરે ! મને છોડીને એકદમ કેમ તું ચાલી ગઇ !

હા ! ગૌરદેહી ! હા ! વિશાલ પયોધરે ! હા ! સુકોમલ શરીરવાળી ! હવે કંઈ મારા દુઃખનો પાર રહ્યો નહીં. અરે ! તારી ઉપર શા માટે વીજળી પડી !

હે દેવી ! કપૂર, કેસર અને ચંદનથી ચર્ચવા લાયક આ તારા સુકોમલ શરીર ઉપર અકસ્માત્ દુષ્ટ દૈવે જે જે વિદ્યુત્પાત કર્યો, તે મારા અપુણ્યનો જ પરિણામ છે.

હા ! દેવી ! નર નારીઓથી ખીચોખીચ ભરેલું આ નગર તારા વિના ઉજ્જડ નગર સમાન અથવા જંગલ સમાન મને ભાસે છે.

વળી દેવી ! પ્રથમ તું મને કહેતી હતી કે, હે સ્વામિન્ ! તમારા વિના ક્ષણુમાત્ર હું રહી શકું નહીં, તો

હાલમાં મને અધન્યને એકદમ ત્યજી દઈને તું લોકાંતરમાં કેમ ચાલી ગઇ ?

હા ! સુંદરી ! કંઇ તો તું ઉત્તર આપ. કેમ બોલતી નથી ? શું મારાથી રીસાઈ છે ?

હે સુતનુ ! મેં તારો કંઇ અપરાધ કર્યો છે ? એકવાર મને જવાબ તો આપ. હે કમલાક્ષી ! મારા પ્રાણથી પણ તું મને વ્હાલી છે, બીજી કોઈ સ્ત્રીઓ ઉપર મારો સ્નેહ નથી.

તેમજ તારા માટે સમસ્ત અંતઃપુરની સ્ત્રીઓનો સમાગમ મેં છોડી દીધો; તે તું જાણુતી નથી ? તથાપિ હે દેવિ ! તારાજ પ્રેમની માળા હું ભજું છું, છતાં મને ઉત્તર આપતાં કેમ તું અચકાય છે ?

હે સ્વામિની ! હવે પ્રસન્ન થા ! પ્રસન્ન થા ! ઝટ બેઠી થઇ મને તું પ્રત્યુત્તર આપ. શા માટે તું મને દુઃખી કરે છે ? એમ કરૂણ શબ્દોથી રાજા અનેક પ્રકારના વિલાપ કરે છે.

તેટલામાં હે **ધનદેવ** ! હું ત્યાં રોતો રોતો ગયો. પછી મને પોતાના ખોળામાં બેસાડી બહુ જ કરૂણ શબ્દોથી બાલકની માફક તેણીના વિલાપમાં ગરક થઇ મુક્ત કંઠે રાજા અત્યંત રૂદન કરવા લાગ્યો.

**મંત્રીનો પ્રબોધ**

આ પ્રસંગ જોઇ **સુમતિ** મંત્રી રાજાને કહેવા

લાગ્યો, હે નરપતિ! હવે રૂદન કરવાથી શું વળે? મરેલાં મુડદાં સજીવન થાય ખરાં! તૂટીની બુટ્ટી હોય જ નહીં, હવે દેવીની દહનક્રિયા કરવી તેજ ઉચિત છે.

તે સાંભળી રાજા બોલ્યો, હે મંત્રી! બહારની ભૂમિએ ચંદનનાં કાષ્ઠ મોકલો, જેથી હું પણ દેવીની સાથેજ અગ્નિમાં પ્રવેશ કરીશ.

મંત્રી બોલ્યો, હે નરેશ્વર! કાયર પુરૂષોએ આચરેલો આ મરણનો અધ્યવસાય આપને શું ઉચિત છે? હે ધીર! ધૈર્યને ધારણ કરો, આવી રીતે આપને ગભરાવાનું કામ નથી.

વળી હે નરેંદ્ર! આપ જો મરણ સુભટને શરણ થાઓ, તો આ સમગ્ર દેશ પણ શત્રુઓના હાથમાં જઈ પડે, તેમજ આ આપનો સુપ્રતિષ્ઠ કુમાર પણ હજુ બાલક છે.

વળી આપની હયાતીમાં દેવ, બ્રાહ્મણ અને તપસ્વિઓ તેમજ પ્રાકૃતજનોની સર્વ ધર્મ ક્રિયાઓ અસ્ખલિતપણે સિદ્ધ થાય છે. એ આપણા રાજ્યમાં સ્વતઃ સિદ્ધ છે.

આ નશ્વર સંસારની સ્થિતિ કેવી છે? તે આપ સારી રીતે જાણો છો; છતાં આપ જેવા ઉત્તમ પુરૂષોને માત્ર સ્ત્રી માટે આવું અયોગ્ય આચરણ કરવું, તે સર્વથા અનુચિત ગણાય.

વળી ઉપક્રમ એટલે આયુષ્યમાં વિઘ્નભૂત કારણ તેનાથી રહિત નિરૂપક્રમ શરીરધારી છતાં પણ તીર્થંકર ભગવાન્ આદિનાથનું જો કે મરણ થયું, તો અન્ય મનુષ્યોની શી ગણના?

વળી જો કે સમસ્ત શત્રુપક્ષને જીતનાર અને છ ખંડ પૃથ્વીના અધિપતિ એવા ભરત રાજા પણ કાલવશ થઈ ગયા.

તેમજ પ્રચંડ પરાક્રમ વડે શત્રુઓનો પરાજય કરનાર અને જેમની રક્ષામાં હજારો સુભટો તૈયાર રહેતા એવા મહા પરાક્રમી સોમયશ, આદિત્યયશ વિગેરે રાજાઓને અનિવાર્ય છે ગતિ જેની એવા પાપિષ્ઠ યમરાજાએ નિર્દય-પણું વાપરી કાલવશ પમાડચા, તો અન્ય લોકોની શી ગણુતરી ?

વળી જે ઉત્તમ દેવોનાં તેત્રીશ સાગરોપમ આયુષ્ય હોય છે, તેઓનું પણ ચ્યવન થાય છે; તો અન્ય પ્રાણી-ઓની જીવન આશા કેટલી ?

ભવનપતિ, વાનવ્યંતર, જયોતિષ્ક અને વિમાનવાસી દેવોનું પણ સ્થિર જીવન નથી, તો અન્ય મનુષ્યલોકોનું શું કહેવું ?

હે રાજન્ ! ત્રણ લોકોની અંદર સિદ્ધના મુક્તજીવો સિવાય કોઇપણ જીવ એવો નથી કે, તે દુષ્ટમતિવાળા મૃત્યુને વશ ન થયો હોય.

માટે હે દેવ ! આ પ્રમાણે ત્રણે લોકને કાલકવલિત જાણીને દેવીનું મરણ થયે છતે વૃથા શોક કરવાથી શું ફલ છે ?

જો કે, એનું એકલીનું જ મરણ થયું હોય તો આપણે શોક કરવો ઉચિત છે, પરંતુ મરણ તો સાધારણ

રીતે દરેકનું થયા કરે છે, તો પછી શોક અને રૂદન કરવું શા કામનું ?

અતિ સૂક્ષ્મ તૃણના અગ્રભાગમાં રહેલા જલબિંદુની જેમ પ્રાણીઓનું જીવન અસ્થિર હોવાથી જે પ્રાણી નિદ્રામાંથી જાગી ઉઠશે તે મોટું આશ્ચર્ય જાણવું.

વળી આ પ્રમાણે પ્રકુપિત એવા યમરાજાના પાશમાં સપડાયેલા સર્વ લોકોનું સ્વરૂપ આવા પ્રકારનું જાણીને હે નરેંદ્ર! દેવીના મરણમાં શોક કરવો એ ઉચિત નથી.

એમ બહુ પ્રકારે **સુમતિ** મંત્રીએ બોધ આપ્યો. એટલે રાજા પોતે તૈયાર થઈ તત્કાલ ઉચિત એવી દેવીની મરણક્રિયા કરવા લાગ્યો.

## નૃપતિનો શોક.

ત્યારબાદ કેટલાક દિવસ સુધી દેવીના શોકને લીધે રાજા લોક સંભાવનાદિક વ્યવહારનો પણ ત્યાગ કરી ગ્રહોથી ગ્રહણ કરાયેલાની માફક શૂન્ય બની બેસી રહેવા લાગ્યો.

તેમજ તે કોઈપણ રાજકાર્યમાં ધ્યાન સરખું પણ આપતો નથી. તેવો પ્રસંગ જોઈ નાના પ્રકારના શોકને દૂર કરવામાં બહુ પ્રવીણ એવા **સુમતિ** આદિક મંત્રીઓ રાજાની પાસે આવ્યા અને ઉપદેશનાં વાક્યો વડે તને બહુ સમજાવ્યો એટલે અનુક્રમે તે શોકમાંથી મુક્ત થયો.

**કલાભ્યાસ.**

ત્યારબાદ કેટલોક સમય જતાં હું આઠ વર્ષનો થયો. મારી ઉપર બહુ સ્નેહ હોવાથી પિતાએ મને કલાચાર્યની પાસે ભણવા મૂકયો. હું પણ બુદ્ધિ અનુસાર સર્વ કલાઓનો અભ્યાસ કરવા લાગ્યો. અનુક્રમે સર્વ કલાઓમાં નિપુણ થયા બાદ પુખ્ત ઉંમરનો જાણી મને મારા પિતાશ્રીએ એક હજાર ગામોનું સ્વામિત્વ આપ્યું. તેમજ મને જોઈ મારા પિતા બહુ આનંદ માનવા લાગ્યા, જેથી દેવીનો વિરહ પણ ભૂલી ગયા.

**મહાંતનું આગમન.**

કોઈ એક દિવસ મારા પિતાશ્રી કચેરીમાં બેઠા હતા, તે સમયે **સુભગ** નામે દ્વારપાલ એકદમ ત્યાં આવી પ્રણામપૂર્વક કહેવા લાગ્યો

હે સ્વામિન્ ! ચંપાપુરીથી **કીર્તિધર્મ** રાજાનો મહાંત આપના દર્શન માટે આવીને દ્વારભૂમિમાં ઉભો રહ્યો છે. તરત જ ભૂપતિએ આજ્ઞા કરી કે, તેને જલદી પ્રવેશ કરાવો !

એમ રાજાની આજ્ઞા થતાં પ્રતિહારીએ જલદી પ્રવેશ કરાવ્યો. રાજાની આગળ આવી તે મહાંતે પ્રણામ કર્યો, અને ઉચિત આસન ઉપર બેસી ગયો.

ત્યારબાદ રાજાએ તાંબૂલ આપી તેને પૂછયું કે, તારે અહીં આવવાનું શું કારણ ? તે તું જલદી નિવેદન

૪૨. તેણે પણ પોતાનું વૃત્તાંત કહેવાનો પ્રારંભ કર્યો.

**કીર્તિધર્મરાજા.**

ચંપાનગરીમાં, દિગંત વ્યાપી છે નિર્મલ કીર્ત્તિ જેની એવો કીર્તિધર્મ નામે સુપ્રસિદ્ધ રાજા છે, તે આપણા પણ જાણવામાં છે.

અદ્‌ભુત એવા સ્વરૂપવડે સુરેન્દ્રની સુંદરીઓના રૂપનો પરાજય કરતી, સમસ્ત સ્ત્રીઓમાં મુખ્ય સ્થાને રહેતી અને લોકમાં સુપ્રસિદ્ધ એવી **કીર્તિમતી** નામે તેની પત્ની છે.

**કનકવતી કન્યા.**

વળી રૂપ, સૌભાગ્ય તેમજ વિજ્ઞાનના ગૌરવ વડે સંપૂર્ણ અને સૌભાગ્યમાં નાગકન્યા સમાન **કનકવતી** નામે તેણીને એક પુત્રી છે.

અનુક્રમે તે નવીન યૌવનમાં આવી, એટલે તેની માતાએ તેને ઉત્તમ આભૂષણ પહેરાવી ઇષ્ટવરની સિદ્ધિ માટે રાજાની પાસે મોકલી.

**કનકવતી** જ્યારે પોતાના પિતાની પાસે આવી પ્રણામ કરી ઉભી રહી, ત્યારે રાજાએ પ્રેમપૂર્વક તેને પોતાના ખોળામાં બેસાડી સ્નેહથી આલિંગન કરી પૂછ્યું

હે પુત્રી ! સામંત મહાંત કોમમાં વરવા માટે જે તારા હૃદયને ઇષ્ટ હોય, તે તું મને કહે. જેથી સાથે તારૂં લગ્ન કરીએ. અન્યનું આપણે કંઇ પ્રયોજન નથી.

આ પ્રમાણે પિતાનું વાક્ય સાંભળી તે બાલાના હૃદયમાં લજ્જા આવી. જેથી તે નીચું મુખ કરી મૌનમુખે બેસી રહી. ત્યારબાદ રાજાએ ફરીથી તે વાત પૂછી. પરંતુ કંઇપણ તેણીએ પ્રત્યુત્તર આપ્યો નહીં.

પછી રાજાએ વિચાર કર્યો કે, આ બિચારી બહુ લજ્જાળુ છે. એટલા જ માટે હે તાત ! અમુક રાજા મને પ્રિય છે એમ તે ખુલ્લી રીતે કહી શકતી નથી. બેશક વિનીત બાળકોને આવી મર્યાદા હોવી જ જોઈએ.

ઠીક છે, આ બાબતમાં મારે પોતાને જ વિચાર કરવાનો છે. જો કે જેવા તેવા વર તો ઇટાળાના જેવા ઘણાયે રખડે છે.

પરંતુ એણીને લાયક ઉત્તમ ગુણો, વિજ્ઞાન, રૂપ અને કલા વિગેરે સંપત્તિઓથી સુશોભિત, સારા કુલમાં જન્મેલો, તેમજ વિજયાદિક રાજનીતિમાં કુશળ એવો શ્રેષ્ટ વર શોધી કાઢવો એ મારી ફરજ છે.

કુલ, શીલ, સ્વામિગુણ, વિદ્યા, ધન શારીરિક સંપત્તિ અને વય એ સાત ગુણો વરની અંદર જોવા જોઇએ, પછી કન્યાનું ભાગ્ય હોય તેમ થાય.

ત્યારબાદ ક્ષણમાત્ર મૌન રહી રાજા વિચાર કરી બોલ્યો, હે પુત્રી ! તારા રૂપને અનુસરતો તારો પતિ હાલમાં મેં શોધી કાઢયો છે.

જેની સિદ્ધપુર નગરમાં રાજધાની છે, વળી જેનું નામ સુગ્રીવ રાજા છે, તે મારો પરમ મિત્ર છે, તેની

પાસે સ્વયંવરા એવી તું જલદી જા. હવે અહીં બીજા વિચારની કંઇ પણ જરૂર નથી.

આ પ્રમાણે તેના વચન માત્રથી હે દેવ ! તે કન્યા તમારા નામને શ્રવણ કરી અનહદ હર્ષને લીધે રોમાંચિત થઈ ગઇ.

આ પ્રમાણે પોતાની પુત્રીનો હાર્દિક ભાવ જાણી રાજા મારા મુખ તરફ દૃષ્ટિ કરી બોલ્યો.

હે મહાબલ! બહુ સમૃદ્ધિ સહિત સ્વયંવરા એવી આ **કનકવતી**ને લઈ કેટલાક સૈન્ય સાથે ઉત્તમ મુહૂર્ત જોઇ સિદ્ધપુર નગરમાં તું જા.

બાદ હે સ્વામિન્ ! આપની આજ્ઞામાં તૈયાર છું. એમ કહી તે કન્યાને લઈ સારા મુહૂર્તમાં મેં ત્યાંથી પ્રયાણ કર્યું. ચાલતાં ચાલતાં અનુક્રમે આ નગરથી જ્યારે ચાર ગાઉ બાકી રહ્યા એટલે કેટલાક સારા વેગવાળા ઘોડેસ્વાર લઇ આજે પ્રભાતમાં આગળ ચાલી હું અહીં તારી પાસે આવ્યો છું.

હે દેવ ! આપે જે મને અહીં આવવાનું કારણ પૂછયું, તે સર્વ મારૂં પ્રિય વૃત્તાંત આપને મેં નિવેદન કર્યું. હાલમાં અમારી આવી સ્થિતિ છે, હવે જેવી આપની આજ્ઞા.

### કનકવતી વિવાહ

તે સાંભળી હર્ષમાં ગરક થયું છે હૃદય જેનું એવો

તે રાજા પોતાના પરિજનને કહેવા લાગ્યા કે, મોટા ઉત્સવ વડે નગરમાં કન્યાનો પ્રવેશ કરાવો. ત્યારબાદ રાજાની આજ્ઞા પ્રમાણે પરિજનોએ દરેક કાર્ય સિદ્ધ કર્યા. પછી રાજાએ પણ ઉત્તમ મુહૂર્તમાં **કનકવતી** સાથે લગ્ન કર્યું.

## રાજાનો પ્રેમ

કેટલોક સમય વ્યતીત થયા બાદ **કનકવતી** રાણી રાજાને બહુ જ પ્રિય થઈ પડી. ત્યારબાદ રાજાએ તેણીને મારી માતાના સ્થાને પટ્ટરાણી તરીકે સ્થાપન કરી.

મનુષ્ય માત્રનો પ્રાયે એવો સ્વભાવ હોય છે કે, દેશકાલના અંતરને લીધે બહુ સ્નેહીને પણ વિસરી જાય છે. કારણ કે પ્રેમ એ વેલડી સમાન લેખાય છે. વેલડી જેમ પાસેના વૃક્ષને વીંટાઈ વળે છે, તેમ પ્રેમ પણ નિકટ રહેલા મનુષ્ય ઉપર વૃદ્ધિ પામે છે.

હવે **કનકવતી** ઉપર આસક્ત થયેલા એવા મારા પિતા અવરોધની અન્ય સ્ત્રીઓ ઉપર દૃષ્ટિમાત્ર પણ કરતા નથી. એમ કરતાં તેમના કેટલાક દિવસો વ્યતીત થયા.

## સુરથકુમાર

ત્યારબાદ કોઈ એક દિવસ કનકવતીને એક પુત્ર ઉત્પન્ન થયો. **સુરથ** તેનું નામ પાડ્યું.

અનુક્રમે તે બાળક કુમાર અવસ્થાને અનુસરવા લાગ્યો. પછી એક દિવસ **કનકવતી** અને રાજા એકાંતમાં બેઠાં હતાં; ત્યાં પ્રસંગ જોઈ **કનકવતી** બોલી.

હે સ્વામિન્ ! મારો આ **સુરથકુમાર** હવે યુવરાજ પદને લાયક થયો છે, તો પછી શા માટે વિલંબ કરો છો ? "માંગલિક કાર્યોમાં બહુ વિઘ્નો આવી પડે છે," માટે આપને આ કાર્ય જલદી કરી લેવું જોઇએ.

તે સાંભળી રાજા બોલ્યો. હે પ્રિયે ? આપણો જયેષ્ઠ પુત્ર **સુપ્રતિષ્ઠ** વિદ્યમાન છે, છતાં **સુરથ**ને યુવરાજ પદ આપવું ઉચિત ગણાય નહીં.

ત્યારબાદ દેવીએ કહ્યું, જયેષ્ઠને સ્થાપન કરતાં કોણ ના પાડે છે ? પરંતુ જો હું તમારી પ્રિય સ્ત્રી હોઉં તો **સુરથ**ને યુવરાજ કરો.

ત્યારે રાજાએ સ્પષ્ટ જણાવ્યું કે, હે સુલોચને ! તું મને સારી રીતે પ્રિય છે. પરંતુ સર્વે સામંત અને મહાંત લોકો **સુપ્રતિષ્ઠ**ની ઉપર બહુ પ્રેમ ધરાવે છે. માટે તારા અને મારા વિચારો કંઈ કામ આવે તેમ નથી.

વળી આ **સુપ્રતિષ્ઠ** બહુ શૂરવીર છે. તારા કહ્યા પ્રમાણે કરીએ તો કંઈપણ વિપરીત કર્યા સિવાય તે રહે નહીં. તેમજ તે પોતાનું અપમાન સમજી મારૂં રાજ્ય પણ લઈ લે એમાં કોઈ પ્રકારનો સંદેહ નથી.

## સુપ્રતિષ્ઠનું અપમાન

તે સાંભળી કિંચિત હાસ્ય કરી દેવી બોલી. હે પ્રિયતમ ! વાહ ! આપનું પરાક્રમ તો આટલું જ કે ? દૈવે આપને રાજ્યપદવી શા માટે આપી હશે ?

કિરાતવંશમાં આપ જન્મ્યા હોત તો શું ખોટું ? છતાં ઠીક છે, હવે આ અવસર આપને ચેતવાનો છે જેથી **સુપ્રતિષ્ઠ** પ્રતાપમાં બહુ પરાક્રમી છે. માટે તમે વેળાસર યુક્તિપૂર્વક એને પકડીને કારાગૃહ અથવા કાષ્ટાગૃહને સ્વાધીન કરો.

પછી મારા પુત્ર **સુરથને** યત્નપૂર્વક યુવરાજ પદે સ્થાપન કરો અને મારી સાથે આપ આનંદ માનતા નિઃશંક થઈ સુખેથી રાજ્યપાલન કરો.

આ પ્રમાણે **કનકવતી** રાણીનું વચન સાંભળી રાજા કંઈપણ પ્રત્યુત્તર આપ્યા સિવાય પોતાના સ્થાનમાં ગયો.

હે ધનદેવ ! રાજા અને રાણીનું આ સર્વ વૃત્તાંત ગુપ્ત રીતે ત્યાં રહેલી **સુભવિકા** નામની એક દાસીએ સાંભળ્યું; અને તરત જ તેણીએ મારી પાસે આવી તે સર્વ હકીકત મને સવિસ્તર કહી સંભળાવી.

તે સાંભળી મારા હૃદયમાં એવો સંકલ્પ થયો કે, દેવીના કહેવાથી મારા પિતા શું આ પ્રમાણે કરશે ? અથવા સ્ત્રીઓને સ્વાધીન થયેલા પુરુષો પૂર્વના સ્નેહને ગણુતા નથી.

તેમજ નીતિ, લોકાપવાદ અને ભાવી આપત્તીઓને પણ ગણુતા નથી. માટે જ્યાં સુધી દેવીના કહેવાથી મારા પિતા કંઈ પણ અનર્થ ન કરે, તે પહેલાં તેમને સ્વર્ગસ્થ કરી હું પોતે જ રાજ્યને સ્વાધીન કરૂં.

હું વિવેકી થઇ, આવું અકૃત્ય કરવું મને ઉચિત નથી. પરંતુ પિતાને બાંધીને બંદીખાને નાખવા તે ઠીક છે, અથવા—

**સુરથ** સહિત **કનકવતીને** યમરાજાના મુખમાં પહોંચાડી દઉં, અથવા તે બંનેને કારાગૃહમાં બાંધીને દેહાંત શિક્ષા કરૂં, અથવા મારે આવો વિચાર શા માટે કરવો ?

પ્રથમ જોઇએ તો ખરા ! પિતા શું કરે છે ? પાણી દેખ્યા સિવાય પગરખાં ઉતારવાં નકામાં છે.

ત્યારબાદ તે રાજા પ્રતિ દિવસ રાણીના કહેવાથી મારી ઉપર મંદ સ્નેહવાળો થઇ ગયો. કારણ કે, કર્ણવિષ એ એક મહાવિષ ગણાય છે. અર્થાત્ કાનમાં કહેલી ગુપ્ત વાર્તા અન્ય વિષથકી પણ મહા અનર્થજનક થાય છે.

પછી એક દિવસ રાજાએ સાહસ બુદ્ધિથી કંઈ પણ નિમિત્ત મૂકી મારી પાસેથી હજાર ગામ પોતે ખૂંચી લઈ એક નાનું ગામડું મને આપ્યું.

## સુપ્રતિષ્ઠનો ક્રોધ

તે સમયે મને બહુ ક્રોધ ચડી આવ્યો, જેથી મેં બહુ દુરાચાર ચિંતવ્યો કે, આ પિતાને મારીને રાજ્ય હું લઇ લઉં. મારે બીજા સંકલ્પ વિકલ્પની કંઈ જરૂર નથી.

અથવા મારા વંશમાં કોઇ પણ પ્રાચીન પુરૂષોએ

આવું પાપ કર્યું નથી. તો અસાર એવા રાજ્યને માટે હું અકૃત્ય કેવી રીતે કરૂં!

અહો! સ્ત્રીના વચન વડે ક્રોધાંધ બની આ પિતા અન્યાય કરે છે, તો તે સુખેથી કરો. પરંતુ હું વિવેકી થઈ મારે આ અકૃત્ય કરવું યોગ્ય નથી. વળી દુઃસહ એવું પિતાનું અપમાન કરવું તે શું હાલમાં મને ઉચિત ગણાય? તેમજ વળી મારે આત્મવધ કરવો તે પણ યોગ્ય નથી. કારણ કે,

જે પુરૂષ જીવતો હોય છે, તે સંકડો શુભ કાર્યનો ભોકતા થાય છે. વળી આત્મઘાત કરે છે, તે મહાપાપી ગણાય છે. માટે એવા અધર્મના વિચારોમાં પડવું ઉચિત નથી.

પરંતુ દેશનો ત્યાગ કરી વિદેશ જવું, એજ સારામાં સારો ઉપાય છે. માટે દેશાંતર જઇ કોઇ રાજાની સેવા કરવી, તે ઠીક છે, અરે! તે કાર્ય પણ મને ઉચિત નથી. કારણ કે, લોકમાં સેવા એ મોટું અપમાન ગણાય છે.

**સુગ્રીવરાજાનો** પુત્ર યુવરાજ થઇ મોટી સમૃદ્ધિ ભોગવતો હતો, તે હાલમાં વળી દાસની માફક પોતાના ભૃત્યોની સેવા કરવા કેમ રહ્યો છે? વિગેરે વિવેચન કરવામાં કટિબદ્ધ થયેલા લોકોની દષ્ટિગોચર અપવાદને સહન કરતો હું શત્રુઓના ગૃહોની અંદર કેવી રીતે પરિભ્રમણ કરીશ? માટે એમ નહિ કરતાં કેટલાક પોતાના

પુરૂષોને સાથે લઈ અન્યની સેવા કર્યા સિવાય કોઇ પણ નજીકના દેશમાં જઈ હું નિવાસ કરૂં.

વળી જ્યાં સુધી આ પિતા જીવે ત્યાં સુધી આ વિચાર ઠીક છે. એમના મરણ પછી જેમ યોગ્ય લાગશે તેમ કરવાને હું સ્વતંત્ર છું. હાલમાં તે સંબંધી ચિંતા કરવાની કંઇ પણ જરૂર નથી.

**સિંહગુહા પલ્લી.**

એમ હૃદય સાથે નિશ્ચય કરી કેટલાક પરિજનને સાથે લઈ સામંત, મંત્રી, નગરના મુખ્ય નાયકો અને રાજા વિગેરે કોઈ ન જાણે તેવી રીતે નગરમાંથી હું બહાર નીકળ્યો.

ત્યાર બાદ અનુક્રમે સિંહગુહાનામે આ પલ્લીમાં હું આવી પહોંચ્યો, રહેવાને લાયક એવો આ પ્રદેશ જોઇ અહીયાં જ મેં નિવાસ કર્યો.

પછી જેમ જેમ મારી પ્રસિદ્ધિ થતી ગઈ, તેમ તેમ કેટલાક ભિલો મને મળતા ગયા. એમ કરતાં કેટલોક સમય વ્યતીત થયો, એટલે મારી પાસે અનેક ભિલોની વસ્તી જામી ગઈ;

પરંતુ તેમનું કામ તો ઘણુંજ નિર્દય છે. જેને તેને લુંટવાનો જ તેઓ ધંધો કરે છે. છતાં તે લોકો મારા તાબામાં વસવા લાગ્યા. આ સઘળા પરિવારને લઇ હાલમાં હું અહીં પલ્લીપતિ થયો છું.

હે પરોપકારી! તમોએ જે પૂછ્યું કે, પાપિષ્ઠ લોકોને વસવા લાયક આ પલ્લીમાં તમારા સરખા ઉત્તમ પુરૂષોને રહેવાનું શું કારણ?

તેનો જવાબ મેં સંક્ષેપમાં તમને કહ્યો; વળી હે **ધનદેવ**! બહુ સ્નેહને લીધે આપની આગળ આ સર્વ ગુપ્ત વૃત્તાંત પણ મેં જણાવ્યું.

**ધનદેવ**

તે સાંભળી ચકિત થઈ **ધનદેવ** બોલ્યો, અહો! પિતા પણ પુત્રોનું આવું અપમાન કરે છે! સંસારવાસને ધિક્કાર છે.

આ સંસારમાં જે માણસ કાર્યને લીધે મિત્રની માફક બહુ પ્રિય થઇ પડે છે, તેનો તે જ માણસ કોઈ કાર્યને લીધે શત્રુની માફક દ્વેષી પણ થઇ પડે છે.

વસ્તુતઃ ખરૂં જોતાં આ લોકની અંદર મિત્ર કે શત્રુ કોઇ પણ છે નહીં. માતા અને પિતા પણ આ દુનિયામાં કથન માત્ર છે.

દરેક સંબંધીઓ પણ કાર્યવશથી મળી આવે છે, કાર્ય સર્યું એટલે અમે અને તમે કોણ? એવી આ સંસારની પરિસ્થિતિ જોવામાં આવે છે.

પિતાના તરફથી પોતાના મનોરથ સિદ્ધ થાય એટલે તે પુત્ર વિનયવંત છતાં પણ પિતાને વૈરી સમાન થઈ પડે છે. આવા સંસારવાસને ધિક્કાર છે.

વળી ! હે કુમાર ! તુંજ મહાત્મા છે. શાંતિનો ખરો લાભ તેં જ મેળવ્યો છે. આ દુનિયામાં ખરો વિવેકી પણ તું જ ગણાય અને તારા જ લીધે આ પૃથ્વી વિભૂષિત ગણાય છે.

કારણ કે સામર્થ્ય છતાં પણ પોતાના પિતાએ કરેલા અપમાનને સહન કરી પોતાના સદાચારમાં રહી કંઇ પણ વિપરીત કાર્ય નહીં કરતાં તેં દેશ ત્યાગ કર્યો, વિગેરે નવીનવી વાર્તાઓમાં આસક્ત થયેલા તેઓ બંનેનો પરસ્પર સ્નેહભાવ બહુ વધી ગયો અને ક્ષણની માફક તેમના સમાગમમાં સાત દિવસ ચાલ્યા ગયા.

તેટલામાં સર્વ સાર્થનો વિચાર થયો કે, હવે આપણે બહુ દિવસ થયા માટે દેશમાં જવું જોઈએ.

**સ્વદેશ પ્રયાણ.**

એ વિચાર ધનદેવના સાંભળવામાં આવ્યો અને **ધનદેવ** પણ સમજ્યો કે ઘણા દિવસ થયા અને પોતાનું કામ પણ પૂર્ણ થયું, એટલે દેશમાં જવાને સર્વ લોકો ઉત્સુક થાય એ સ્વાભાવિક છે. એમ વિચાર કરી **ધનદેવ** **સુપ્રતિષ્ઠને** પ્રયાણ માટે પૂછવા લાગ્યો,

હે મહાશય ! તમારો વિયોગ અમારા હૃદયમાં શલ્યની માફક બહુ દુઃસહ છે. પરંતુ આ સાર્થના લોકો દેશમાં જવા બહુ ઉત્કંઠિત થયા છે.

હે કુમાર ! મારે હવે એક તરફ નદી અને બીજી

તરફ વાઘ એ ન્યાય આવી પડયો છે. એટલા જ માટે સત્પુરૂષો સજ્જનોના સમાગમને ઇચ્છતા નથી. કારણ કે, વિયોગરૂપી દુઃખથી પીડાયેલા હૃદયની શુદ્ધિ માટે અન્ય કોઇ ઔષધ મળતું નથી.

જો કે આવું વચન બોલતાં મારી જીભ ઉપડી શકતી નથી. તો પણ કહેવું પડે છે કે, આપ રજા આપો તો અમે હવે અમારા દેશમાં જઇએ.

તે સાંભળી ક્ષણમાત્ર કંઈક વિચાર કરી મોટો નિઃશ્વાસ મૂકી **સુપ્રતિષ્ઠ** રાજા શોકાતુર થઈ બોલ્યો કે, અમારા સરખાને ત્યાં આપ સરખા સજ્જનો પધાર્યા છતાં આવા સ્થાનમાં અમે આવી પડયા છીએ તો આપનો સત્કાર અમે શો કરી શકીએ?

તો પણ મારે આપને એટલું કહેવાનું છે કે, મારી પ્રાર્થનાનો આપ ભંગ કરશો નહીં. કારણ કે, સત્પુરૂષો પર પ્રાર્થના સ્વીકારવામાં હંમેશાં પ્રીતિવાળા હોય છે.

## દિવ્ય મણિ

ત્યારપછી ચારે તરફ પ્રસરતા શુદ્ધ કિરણોના સમૂહ વડે દશ દિશાઓના પ્રદેશ જેણે દીપાવ્યા છે એવા અનેક ગુણોના સ્થાનભૂત એક અમૂલ્ય મણિ લાવી તેણે **ધનદેવની** પાસે મૂકયો.

અનેક લક્ષણોથી સૂચિત એવા તે નિર્મળ મણિરત્નને જોઈ વિકસ્વર થયાં છે નેત્રો જેનાં એવો તે **ધનદેવ** બોલ્યો કે,

હે મહાનુભાવ! આવા ઉત્તમ મણિઓનો આ મનુષ્ય ક્ષેત્રમાં સંભવ હોતો નથી. પરંતુ જો દેવલોકમાં હોય તો તે ના કહી શકાય નહીં; પણ અન્ય ક્ષેત્રમાં તો હોય જ નહીં. એ પ્રમાણે નિશ્ચય છે, તો પણ મારા હૃદયમાં આશ્ચર્ય થયા કરે છે, માટે ખરી વાત તું મને કહે કે, આ દિવ્ય મણિની પ્રાપ્તિ તને કયાંથી થઈ છે?

સુપ્રતિષ્ઠ બોલ્યો, હે ભદ્ર! તમારો જે નિશ્ચય છે તે બરોબર છે. મનુષ્યક્ષેત્રમાં આ મણિનો સર્વથા અસંભવ છે, પરંતુ દેવલોકમાં ઉત્પન્ન થયેલો આ મણિ છે અને જેવી રીતે આ મણિ મને પ્રાપ્ત થયો છે; તે હકીકત સાંભળવાને માટે આપને જો કૌતુક હોય તો એકાગ્ર મનથી શ્રવણ કરો.

**વનપ્રવેશ**

પ્રથમ હું એક દિવસ પ્રભાતકાળમાં ધનુષબાણ ધારણ કરી કેટલાક પોતાના પરિજનસહિત શિકાર માટે ઉત્તર દિશા તરફ ચાલ્યો.

ચાલતાં ચાલતાં લગભગ એક ગાઉ અમે ચાલી નીકળ્યા. તેવામાં ત્યાં ઘણા પાંદડાઓની ઘટાવાળા વૃક્ષોથી વ્યાપેલી એક વનસ્થળી આવી. તેની અંદર અમે પ્રવેશ કર્યો.

તેવામાં ગદ્ગદ્કંઠે રૂદન કરતી એવી કોઈક સ્ત્રીનો ભારે દુ:ખને સૂચવનાર, દુ:સહ અને કરુણ શબ્દ અમારા સાંભળવામાં આવ્યો, હા! પ્રિયતમ! મારા માટે આપ

આવી ભારે આપત્તિને શા માટે પામ્યા ? હા આર્યપુત્ર ! હાલમાં તમારા વિરહને લીધે નક્કી હવે હું જીવવાની નથી.

ત્યાર પછી તરતજ કોઇક દુષ્ટ હક્કારવ કરી અતિ નિષ્ઠુર વચન બોલ્યો, હે પ્રમદે ! હવે તું મારા સ્વાધીન થઇ છે. આ સમયે તારો નિવારક કોણ થાય તેમ છે ?

તે સાંભળી મારા હૃદયમાં કૌતુક થયું અને બે ત્રણ ડગલાં આગળ હું ચાલ્યો. તેટલામાં એક વન નિકુંજમાં અદૃશ્યમાન કોઇક પુરૂષનો મહા દુઃખને સૂચવનાર મંદ મંદ વેદનાનો શબ્દ મારા સાંભળવામાં આવ્યો.

દિવ્ય પુરૂષ

તેથી અમને વધારે આશ્ચર્ય લાગ્યું, પછી હું તેની શોધમાં તે તરફ ચાલ્યો. આગળ જતાં શાખા અને પ્રશાખાઓ વડે બહુ વિસ્તારવાળો, સરળ અને ઘણો ઉંચો એક શાલ્મલી વૃક્ષ મારા જોવામાં આવ્યો.

તેની નીચે દર્શન માત્ર વડે અત્યંત ભયને ઉત્પન્ન કરતા, અગ્નિ સમાન નેત્રોની કાંતિને ધારણ કરતા, શ્યામ શરીરથી ઉત્પન્ન થયેલી અતિશય કાંતિ વડે આકાશને પૂર્ણ કરતા, નિર્મળ મણિઓની ઉછળતી કાંતિને લીધે પ્રકાશિત મુખવાળા,

બહુ રોષને લીધે પ્રસારેલી વિશાળ ફણાઓ વડે ઘોર ભયંકર સ્વરૂપવાળા, અત્યંત લાંબી અને ચંચળ સહસ્ર જીહ્વાઓના સંચાર વડે દુઃસહ ભીતિને પ્રગટ

કરતા, અસાધારણ ક્રોધના આવેશથી ફુંફાડા મારતા એવા અનેક સર્પો વડે ચારે તરફ વીંટાયેલો એક દિવ્ય પુરૂષ મારી નજરે પડયો.

અતિ દુ:સહ વેદનાને લીધે વારંવાર મંદ સ્વરે હુંકારા કરતો અને કંઠ સુધી સર્પોથી વેષ્ટિત તે પુરૂષને જોઈ હું બોલ્યો, અરે! આવા ભવ્ય પુરૂષને અસહ્ય અને અકથ્ય દુઃખ આપતાં દુષ્ટ દૈવને કંઇપણ વિચાર નહીં આવ્યો?

અરે! વિચાર વિનાના આ દુર્દૈવના કર્ત્તવ્યને ધિક્કાર છે. વિગેરે હું વિલાપ કરતો હતો, તેટલામાં તેણે મને કહ્યું કે, ભાઇ! આ તારા વિલાપ વડે સર્યું, પ્રથમ તું મારૂં એક વચન સાંભળ.

## દીવ્ય મણિપ્રભાવ.

મારા મસ્તકમાં બાંધેલો મહાતેજસ્વી, સર્પોના સમુદાયને દૂર કરનાર અને અન્ય મણિઓમાં ઉત્તમ ખ્યાતિ પામેલો એવો આ એક દીવ્યમણિ છે.

જેના પ્રભાવથી આ સર્પો દંશ કરવાને બહુ આતુર છે, છતાં પણ તેઓ દંશ કરવા શક્તિમાન્ થતા નથી. તેમજ પ્રચંડ વિષવાળા એવા આ સર્પો પણ બદ્ધમુખની જેમ પોતાનું કાર્ય કરવા નિરૂપાય છે.

માટે તે ઉત્તમ મણિ લઇને તેને તું પાણીમાં નાખ. અને તે જળ વડે મારા અંગે લાગેલા સર્વ સર્પોને સિંચન કર.

ત્યારબાદ મેં તેનું વચન માન્ય કરી, તેના કહ્યા પ્રમાણે આદરપૂર્વક સર્વ કાર્ય કર્યું. પછી તે મણિનું પાણી લઇ તે સર્પોને છાંટયું કે તરતજ તેઓ એકદમ નાસવા લાગ્યા, વળી ફરીથી પાણી છાંટયું કે તરત જ તેઓ સર્વે તીક્ષ્ણ અગ્નિ જ્વાલાઓથી બહુ તપી ગયેલા મીણના પીંડની માફક વિલય પામી ગયા.

ત્યારપછી તે દિવ્ય પુરૂષની સમગ્ર વેદના દૂર થઇ, એટલે તે ઉઠીને શીતલ તરૂવરની છાયામાં બેઠો થયો અને મારા સાથીઓએ પ્રથમથી જ તૈયાર કરેલી અને નવાંકુરથી આચ્છાદિત શય્યા ઉપર તે આરૂઢ થયો.

પછી તે પુરૂષે પ્રથમ મને પૂછયું કે, હે મહાશય! તેમ કયાંથી આવ્યા? આપનું નામ શું? કયા વિશુદ્ધ કુલમાં આપનો જન્મ છે? આપના પિતાનું નામ શું?

હે **ધનદેવ**! આ પ્રમાણે મને જ્યારે તેણે પૂછયું, ત્યારે મેં આપને જે મારી પ્રવૃત્તિ પ્રથમ કહી હતી, તે તે સર્વ હકીકત મેં તેને કહી સંભળાવી.

## ઘોર આપત્તિ

ત્યાર બાદ મેં પણ તેને પૂછયું કે, હે ભદ્ર! આવી ઘોર આપત્તિમાં તને કોણે નાખ્યો છે? તેમજ આનું કંઇ પણ કારણ હોવું જોઇએ? વૃથા આવું કામ કોઇ પણ કરે નહીં

આ પ્રમાણે મારૂં વચન સાંભળી તે બહુ શોક

પૂર્વક અતિ લાંબો નિઃશ્વાસ મૂકી હૃદયમાંથી દુઃખ ગર્ભિત અશ્રુજલ વર્ષાવતો તે દિવ્ય પુરૂષ બોલ્યો,

ભાઇ! આ સંસારમાં રાગથી વિમોહિત થયેલા અને વિના વિચારે કાર્યમાં પ્રવૃત્ત થનારા જીવોને આપત્તિઓ બહુ સુલભ હોય છે.

હે ભદ્ર! વળી સંસાર સાગરમાં પરિભ્રમણ કરતા અને ઇંદ્રિય વર્ગને સ્વાધીન થયેલા જીવોને દુઃખ સંબંધી પ્રશ્ન જ કરવો નહીં.

તેમજ પૂર્વે કરેલા કર્મના દોષથી પ્રાણિઓને સર્વ દુઃખો આવી પડે છે. અપરાધ અને ગુણોમાં અન્ય તો નિમિત્ત માત્ર ગણાય છે.

વસ્તુતઃ મનુષ્ય માત્રને સુખ કે દુઃખ આપવા અન્ય કોઈ શક્તિમાન્ નથી, પરંતુ પૂર્વે કરેલું કર્મ જ સર્વને સુખ દુઃખ આપવામાં સમર્થ થાય છે.

ત્યાર બાદ મેં કહ્યું કે, હે ભદ્ર! એ વાત સત્ય છે, એમાં કંઇપણ સંદેહ નથી. પરંતુ એ વાતમાં વિશેષ કારણ જાણવાની મારી ઈચ્છા છે.

તે સાંભળી દિવ્ય પુરૂષ બોલ્યો. હે સુંદર! જો તારો આ પ્રમાણે ચોક્કસ આગ્રહ હોય તો હું કહું છું, તે તું એકાગ્ર મન કરી શ્રવણ કર.

**વૈતાઢ્ય પર્વત વર્ણન**

ભરત ક્ષેત્રમાં વિખ્યાતિને ધારણ કરતો, વિદ્યાધરોના

સમૂહ જ્યાં નિરંતર વાસ કરે છે, તેમજ દિશાઓમાં કાંતિને પ્રસારતો અને ઉન્નત આકાશને સ્પર્શ કરતો જાણે રૂપાનો ઢગલો હોય ને શું ? તેમ દેખાવ આપતો.

ઝરઝર ઝરતા ઝરણાઓના હુંકારોના પ્રચંડ શબ્દો વડે દિગંતોને બધિર કરતો, તેમજ પુષ્પરસમાં લંપટ બનેલા ભમરાઓના સમૂહ વડે વનભૂમિને શોભાવતો, તેમજ દરેક દિશાઓમાં વહેતી એવી નદીઓના ઉછળતા જલના શબ્દો જેની અંદર હંમેશાં શ્રવણ ગોચર થયા કરે છે, તેમજ

દરેક સ્થળે વિદ્યાધરોના મોટાં નગરોની પંક્તિઓ શોભી રહી છે, વળી જેના એકાંત ભાગોમાં વિદ્યા સાધવા માટે અનેક વિદ્યાધરો સાવધાન થઈ ધ્યાન ધરે છે,

તેમજ ઉત્તમ સિદ્ધાલયો વડે જેનાં શિખરો દીપી રહ્યાં છે, વળી તે દરેક સિદ્ધાલયોમાં શ્રીજિનેંદ્ર ભગવાનની ભવ્ય આકૃતિમય મૂર્તિઓ સ્થાપન કરેલી છે.

વળી તે મૂર્ત્તિઓના પૂજન માટે અનેક પ્રકારના દેવોના મંડલો ત્યાં આવ્યા કરે છે, તેથી જેની અંદર દરેક વનમાં (કેળો) ના મંડપો સ્વભાવિક રહેલા છે, તેઓની સ્વચ્છ અને સુગંધિત હવામાં હંમેશાં મધ્યાહ્ન સમયે પોતાની સ્ત્રીઓ સાથે વિદ્યાધરો નિવાસ કરે છે અને બહુ પ્રકારનાં સંગીત ચલાવે છે,

તેમજ દરેક સ્થાનમાં ચારણ મુનિઓ પોતાની મધુર વાણી વડે ધર્મદેશનાઓ પ્રારંભીને સેંકડો પ્રાણીઓને

પ્રતિબોધ આપ્યા કરે છે, વળી જેણે પૂર્વ અને પશ્ચિમ સમુદ્રમાં પ્રવેશ કર્યો છે, તેમજ જેણે મધ્યભાગમાં રહીને ખલ પુરુષની માફક ભરત ક્ષેત્રના બે વિભાગ કર્યા છે,

વળી બહુ વિશાલ દક્ષિણ અને ઉત્તર નામે બન્ને શ્રેણીઓના વિભાગ વડે સુશોભિત અને સર્વ સમૃદ્ધિઓનો નિવાસભૂત એવો **વૈતાઢય** નામે પર્વત છે.

## પવનગતિ વિદ્યાધર

તેની દક્ષિણ શ્રેણીમાં વિદ્યાધરોના પરિવારથી પરિપૂર્ણ, અંદર ભ્રમણ કરતી અનેક અપ્સરાઓનાં ઝાંઝરના ઝણકારનાદથી વાચાલિત, વળી ઉન્નત મકરાકાર તોરણો વડે ઉત્તમ પ્રકારે શોભાયમાન છે સુંદર દ્વાર પ્રદેશ જેમના, એવાં અનેક મંદિરોથી નિરંતર અપુર્વ શોભાને પ્રગટ કરતું અને ત્રણ લોકની સમગ્ર લક્ષ્મીનું મુખ્ય સ્થાનભૂત **રત્નસંચય** નામે નગર છે.

જેની અંદર સમસ્ત નગરોના ગુણો નિવાસ કરે છે. વળી જે નગર હંમેશાં નરનારીઓના સમુદાયને આનંદ આપે છે. તેમજ જે નગરમાં બહુ પ્રકારના સેંકડો તથા હજારો વિદ્યાધરો નિવાસ કરે છે, એવા તે નગરમાં સર્વ ગુણોનો આધારભૂત **પવનગતિ** નામે વિદ્યાધરેંદ્ર રહે છે.

તેમજ વિજ્ઞાન અને વિનયમાં પોતાના પતિ ઉપર અત્યંત પ્રેમાળ સ્વભાવવાળી અને પોતાના સ્વાભાવિક

સૌરભ્યવડે બકુલના સુગંધને તિરસ્કાર કરતી **બકુલવતી** નામે તેની ભાર્યા છે.

**ચિત્રવેગનો જન્મ**

તેણીની સાથે વિષયસુખ અનુભવતાં તે પવનગતિને કેટલોક સમય વ્યતીત થતાં હું એક જ પુત્ર થયો. માતા અને પિતા મને જોઈ બહુ આનંદ પામવા લાગ્યાં. કારણ કે, મારો જન્મ એ એમને એક નવાઇ જેવું હતું.

બહુ હર્ષને લીધે મારા પિતાએ મારા જન્મ દિવસે નાગરિક લોકોને આશ્ચર્યજનક એવી વધામણીઓ કરાવી. અનુક્રમે મારા જન્મને બાર દિવસ થાય બાદ, મારા પિતાએ બહુ આનંદપૂર્વક **ચિત્રવેગ** એવું મારૂં નામ પાડયું.

અનુક્રમે બાલચંદ્રની માફક હું માતપિતાના મનોરથ સાથે વૃદ્ધિ પામવા લાગ્યો. બાદ પિતાએ કેટલાક વર્ષો વ્યતીત થયા પછી મને યોગ્ય જાણી શુભ તિથિ નક્ષત્ર જોઇ સારા મુહૂર્તમાં વિદ્યાભ્યાસ માટે મહાન્ બુદ્ધિશાળી કલાચાર્યની પાસે મૂકયો.

પછી હું નિરંતર વિદ્યાભ્યાસમાં જ ઉદ્યુક્ત થયો. સમયોચિત ઉપાધ્યાયના પ્રભાવ વડે તેમજ પોતાની બુદ્ધિના સામર્થ્ય વડે સમસ્ત કલાઓ હું શિખી ગયો. તીવ્ર બુદ્ધિમાનને અસાધ્ય શું છે ?

ત્યારપછી પોતાના કુલક્રમથી પ્રાપ્ત થયેલી **નભો-**

**ગામિની** વિગેરે વિદ્યાઓ મારા પિતાએ મને આપી. તે પણ વિધિ પ્રમાણે મેં સ્વિકારી.

ત્યારપછી અનુક્રમે કામ વિકારને પ્રગટ કરનાર, પ્રમદા જનોના હૃદયને મોહ કરનાર અને ઉત્કટ શોભાને વધારનાર નવીન યૌવન દશાને હું અનુસરવા લાગ્યો.

**મનહર ઉદ્યાન**

એક દિવસ હું સમાન વયના મિત્રો સાથે ફરવા માટે અનેક તરૂખંડથી વિભૂષિત એવા **મનહર** નામે ઉદ્યાનમાં ગયો. ત્યાં અમે અનેક પ્રકારની ક્રિડાઓનો પ્રારંભ કર્યો.

ક્ષણ માત્ર સમય વ્યતીત થયો, તેટલામાં આકાશમાં દેવોની દિવ્ય વિમાનોની પંક્તિઓ દેખાવા લાગી. તે જોઇ હું બોલ્યો કે, રે! રે! આ દિવ્ય સમૂહ વિમાનોમાં બેસીને કયાં જાય છે? જેમના કુંડલોનો પ્રકાશ કેટલો દીપી રહ્યો છે! જે કુંડલોનાં અમૂલ્ય મોતીઓના આભાસને લીધે જેમનાં ગૌર ગંડસ્થલ શોભી રહ્યાં છે.

**બંધુદત્ત**

કિંચિત્ હાસ્ય કરી ઉજ્વલ દાંતની કાંતિ વડે પ્રકાશ આપતો મારો મિત્ર **બંધુદત્ત** બોલ્યો.

હે સુભગ! સર્વ વૈતાઢયવાસી લોકોને આ બાબત તો સુપ્રસિદ્ધજ છે કે, અહીં સિદ્ધાયતનો રહેલાં છે અને ત્યાં શ્રી તીર્થંકર ભગવાનની મૂર્તિઓને વંદન કરવા

હંમેશા દેવો આવે છે. આ પ્રસિદ્ધ બાબતમાં પ્રશ્નનો અવકાશ જ કયાં છે!

ત્યારપછી મેં કહ્યું કે, હે મિત્ર! તારૂં કહેવું જો કે સત્ય છે, પરંતુ મારો અભિપ્રાય પણ ધ્યાનમાં લેવા જેવો છે.

દેવતાઓનો એક સાથે આટલો બધો મોટો સમુદાય હંમેશાં આવા મોટા ઉત્સવ વડે અહીં આવતો નથી અને આજે તો તેઓ બહુ વિમાનો સાથે અનેક રૂદ્ધિઓ સહિત મોટા હર્ષ વડે જતા દેખાય છે. તેથી મારે પુછવાની જરૂર પડી.

ક્ષણમાત્ર વિતર્ક પૂર્વક હૃદયમાં વિચાર કરી **બંધુદત્ત** બોલ્યો, હું સમજી ગયો. હે મિત્ર! તારો પ્રશ્ન સત્ય છે, હાલમાં સિદ્ધાલયોમાં યાત્રાઓનો પ્રારંભ થયો છે.

**વસંતવર્ણન**

હે મિત્ર! હાલમાં વસંતઋતુ ચાલે છે. અરે! તું જોતો ખરો? આ વસંતનો પ્રભાવ કેવો ખીલી રહ્યો છે? જુઓ! સુગંધિત આ મલયાચલનો પવન શીત અને મંદ ગુણથી કેવો પ્રસરી રહયો છે?

તેમજ નવીન પાંદડાઓના સમાગમથી અપૂર્વ શોભાને વહન કરતા તરૂવરોથી વિરાજમાન આ વિશાલ વન સમુદાય કેવી રમણીયતાને ધારણ કરે છે? વળી મંદ મંદ પ્રસરતા મલયાચલના પવન વડે દોલાયમાન ગાઢ પત્ર

વાળી વિશાળ શાખાઓ વડે આ વૃક્ષોની ઘટાઓ વસંત ઋતુના આગમનથી બહુ હર્ષને લીધે જાણે નૃત્ય કરતી હોયને શું ?

તેમજ વસંતનું આગમન જાણી બહુ પ્રફુલ્લ થયેલા તરૂવરો પુષ્પોના સુગંધથી ખેંચાયેલા ભમરાઓના ગુંજારવના ગંભીર નાદ વડે ગાયન કરતા હોયને શું ?

પુષ્પોના પરાગથી પીળાશપણાને ધારણ કરતી અને પ્રફુલ્લ સુગંધમય પુષ્પરૂપી છે મુખ જેમનાં એવી વનશ્રેણીઓ વસંતમાસનું આગમન જાણી હાસ્ય કરતી હોયને શું ?

વસંતના પ્રભાવને લીધે ગાઢ પત્રોથી સુશોભિત અને બહુ છાયા વાળા દરેક તરૂવરોને જોઈ અપમાન પામેલો પલાશ વૃક્ષ એકદમ જાણે શ્યામ મુખવાળો થઈ ગયો હોયને શું !

ભલે ફળના સમયે શ્યામ મુખે રહે પરંતુ પુષ્પોના સમયે પણ મુખ પર કાળાશ રાખે છે એમ જાણીને તે પલાશ વૃક્ષનો પાંદડાઓએ કૃપણની માફક એકદમ ત્યાગ કર્યો.

વળી બહુ અદ્‌ભુત એવી વનની સમૃદ્ધિ જોઇને પલાશની ડાળીઓએ પોતાનું મુખ સંકુચિત કરી નાખ્યું. કારણ કે, અપત્ર એટલે કુપાત્ર અથવા પાંદડા વિનાના એવા અન્ય લોકો પણ પારકાની સમૃદ્ધિ જોઇ શકવા સમર્થ થતા નથી.

વળી વસંત માસને પામીને સર્વ પ્રકારે પીત અને લાલ બનેલા વનની અંદર –કેસુડાંના વૃક્ષ રૂપી પિશાચો પ્રિયાના વિરહી એવા પથિક જનોને ભય આપવામાં બાકી રાખતા નથી.

તેમજ વસંતની સહાય મેળવીને કામદેવરૂપી લુબ્ધક નિર્દયપણે પથિક જનોની સ્ત્રીઓને જોઇને વિપત્તિઓ આપતો હોયને શું ?

વળી વનની અંદર વિલાસ કરતી કોયલોના મધુર નાદવડે માંજરરૂપી મોટી દંતપંક્તિને પ્રકટ કરી આમ્ર-વૃક્ષની ડાળીઓ જાણે હાસ્ય કરતી હોયને શું ?

વસંતરૂપી લુબ્ધકે હણેલા પથિકોના સમૂહને જોઇને નમ્ર મુખ કરી લતાઓ કુસુમ રૂપી આંસુઓ વડે રૂદન કરતી હોય ને શું ?

દરેક સ્થાનમાં પડેલાં ઘણાં કેસુડાંના પુષ્પોના મિષ વડે, ગુંજારવ કરતા ભ્રમરાઓના મિસિ મિસિ એવા શબ્દ કરતી મોટી ચિતાઓ પથિકોનાં મુડદાંને જાણે બળતી હોયને શું ?

વળી જે વસંતમાસમાં ઝરણોના કિનારા ઉપર રહેલા વૃક્ષો પવનથી હાલતા જલની અંદર ડુબી ગયેલી શાખાઓ રૂપી હસ્તવડે પાંથ લોકોને જલાંજલિ આપતા હોય ને શું !

તેમજ જથાબંધ દેખાતાં કિંશુકરૂપી કસુંબી વસ્ત્રોથી વિભૂષિત અને ઉત્તમ મદનફલ જેણીએ બાંધેલું છે અને

પાટલ પુષ્પને ધારણ કરતી એવી વસંત લક્ષ્મી નવીન વધૂની માફક શોભે છે.

વસંત ઋતુના મહિમાથી બુધ (બુધવાર=પંડિત) સહિત, કાવ્ય (શુક્ર) ક્રવ્ય (માંસ) માં પ્રીતિવાળા શૂર-સુભટની માફક સૂર્ય મીન (માંસ=મીનરાશિ) ને ભોગવીને હાલમાં મેષ (ઘેટો=મેષરાશિ) તરફ ઉત્સાહ ધરાવે છે.

માટે હે મિત્ર! આવા વસંત ઋતુના મહિમાને લીધે દરેક દિશાઓમાં કોકિલાઓ કલવર કરી રહી છે. તેમજ દરેક ઉદ્યાનોમાં વિશેષ ગીત વાદ્યોના મધુર ધ્વનિ વિસ્તરી રહ્યા છે.

કામુક જનો ઇચ્છા મુજબ નવા નવા વિલાસો કરે છે. તરૂણ પ્રમદાઓ યૌવનના મદમાં આંદોલન કરી રહી છે. પટહના ધ્વનિ બહુ વિસ્તારથી સંભળાય છે.

તરૂણ પુરૂષો મદ્યપાનમાં આસક્ત બની પ્રિયાઓને આનંદ આપે છે. પોતાના પતિ જેમને સ્વાધીન હોય છે એવી સ્ત્રીઓને અતિપ્રિય એવા આ વસંત સમયમાં ધર્મિષ્ટ લોકો યાત્રાઓ કરે છે.

માટે આ **વૈતાઢ્યગિરિના** સિદ્ધાલયોમાં શ્રીજિનેંદ્ર-ભગવાનની ભક્તિ માટે બહુ ઉત્સાહપૂર્વક આ દેવો આવ્યા છે. તે સાંભળી મેં કહ્યું કે, હે મિત્ર! જો એમ હોય તો ચાલો આપણે પણ તે સિદ્ધાલયોમાં શાશ્વત એવી શ્રીસર્વજ્ઞ ભગવાનની પ્રતિમાઓને ભક્તિપૂર્વક વંદન

કરી પોતાના મનુષ્ય **ભવને સફલ** કરીએ અને વિવિધ વિદ્યાધરો વડે કરાતી **એવી** ઉત્તમ **શ્રીજિનયાત્રાને** પણ જોઈએ.

## જિનયાત્રા

ત્યારબાદ સર્વમિત્રોએ પણ ખુશી થઈ કહ્યું કે, તારૂં કહેવું સત્ય છે. આપણે આ યાત્રા કરવી ઉચિત છે.

આત્મસાધન સિવાય આ જગતમાં સારવસ્તુ અન્ય કંઈ છે જ નહિ. આ ઉત્તમ પ્રકારનો મનુષ્ય ભવ પામી શા માટે આપણે ધર્મકાર્યમાં પ્રમાદ કરવો ?

એમ અમારો પરસ્પર વાર્તાપ્રસંગ ચાલતો હતો, તેવામાં મારી ધાવમાતાનો **બલ** નામનો પુત્ર અમારી પાસે આવ્યો અને કહ્યું કે,

હે **ચિત્રવેગ** ! તમારા પિતાએ મને મોકલ્યો છે અને વિશેષમાં કહ્યું છે કે, **રત્નસંચય** નગરમાં રહેનારા સર્વ વિદ્યાધર લોકો નજીકમાં રહેલા સિદ્ધાલયોમાં શ્રીજિનેંદ્રપ્રભુની યાત્રા માટે સ્નાનપૂર્વક ચંદનાદિકનો લેપ કરી ઉત્તમ વસ્ત્ર પહેરી અમૂલ્ય શણગાર સજી મોટી રૂદ્ધિ સાથે તૈયાર થાય છે.

તેમની સાથે અમે પણ ચાલવાની તૈયારીમાં છીએ. માટે તું અહીં જલ્દી આવ. જેથી આપણે સ્નાનાદિક કાર્ય કરી તેઓની સાથે જઈએ.

આ પ્રમાણે **બલનું** વચન સાંભળી હું પિતા પાસે આવ્યો અને મારા તે સર્વ મિત્રો પણ પોત પોતાને સ્થાને ગયા.

પછી **પવનગતિ** નામે મારા પિતાની સાથે સ્નાનાદિક વિધિ કરી. તેમજ તે સમયને ઉચિત એવી ધૂપ પુષ્પાદિક સર્વ સામગ્રી લઈ, નાગરિક જનોની સાથે ખડ્ગના સરખા શ્યામ એવા આકાશ માર્ગે હું ચાલવા લાગ્યો.

## જિનમંદિર

ચાલતાં ચાલતાં અનુક્રમે શ્રી સર્વજ્ઞ ભગવાનનું મનોહર મંદિર અમારી દૃષ્ટિગોચર થયું. તે મંદિર ચાલતા એવા સુકોમલ પવનના લીધે મંદ મંદ હાલતી પતાકાઓ વડે દૂરથી આવતા દરેક લોકોને આવકારની સંજ્ઞા બતાવતું હોયને શું ?

વળી દુંદુભિ, મૃદંગ મર્દલ; અને ભેરી આદિક વાજીંત્રોના નાદ વડે શ્રીજિનેંદ્રપ્રભુની યાત્રાના સમયે લોકોને નિમંત્રણ કરતું હોય ને શું ? એવા તે મંદિર પાસે અનુક્રમે અમે પ્રાપ્ત થયા.

જેની દરેક દિશાઓમાં અપ્સરાઓના સમૂહ નૃત્ય કરે છે, મનોહર ગીતના ધ્વનિ વડે ભવ્યજનોનાં હૃદય અનહદ આનંદને અનુભવે છે. નાના પ્રકારના સુંદર વસ્રના ચંદરવાઓ સર્વત્ર શોભી રહ્યા છે,

જેની આકૃતિ અતિ મનોહર દીપિ રહી છે. તેમજ વળી જેની અંદર ઘણા પુષ્પહાર રચેલા છે, તેમજ વિચિત્ર ટીપકીઓ દરેક સ્થલે લંબાયમાન હારબંધ ગોઠવવામાં આવેલી છે.

તેમજ નીચે ઉપર અમૂલ્ય અને વિશાલ ચંદરવા વડે વિભૂષિત છે ચોકિનો વિભાગ જેનો અને પુષ્પનાં ગુંથેલાં ઉતમ તોરણોથી શોભાયમાન છે મધ્ય ભાગ જેનો એવા શ્રીજિનેંદ્ર ભગવાનના દિવ્ય ભવનને જોઇ અમારા આનંદની સીમા રહી નહીં.

તેનાં દ્વાર ભાગમાં નિર્મળ જળથી ભરેલી વાવમાં પાદ પ્રક્ષાલન કરી મારા મિત્રો સહિત હું શ્રી જિનમંદિરના દ્વાર આગળ ગયો. ત્યાં આગળ પુષ્પહારોની છાબડીઓ લઈ માલણોનાં ટોળાં બેઠાં હતાં.

તેઓ અમોને જોઇ એકદમ ઉભી થઈ. પછી પ્રેમ-પૂર્વક અમોને આપવા માટે સુગંધિત પુષ્પો લઇ તેઓએ હાથ લંબાવ્યા. તેઓની પાસેથી પૂજન માટે પુષ્પ લઈ વિધિપૂર્વક અંદર ગયા અને શ્રી જિનેશ્વર ભગવાનના બિંબોની પૂજા કરી. બાદ વિધિ પ્રમાણે ચૈત્યવંદન કરીને મિત્રો સહિત હું મંદિરમાંથી બહાર નીકળ્યો.

ત્યાં બહારની વિશાલ ભૂમિમાં વિદ્યાધર લોકોની મંડળીઓ બેઠી હતી. ત્યાં કેટલીક વાર અમે બેઠા. બાદ શાંતિ સ્નાત્ર પૂર્ણ થયું એટલે અમો ત્યાંથી ઉભા થયા.

પરસ્પર એકબીજાને કૌતુક બતાવતા મિત્રો સાથે હું ઇચ્છા-મુજબ ચારે તરફ ફરવા લાગ્યો.

કોઈક ઠેકાણે વિવિધ પ્રકારનું નૃત્ય કરતી અપ્સરાઓના સમૂહને હું જોવા લાગ્યો. કોઈ સ્થળે શ્રી સર્વજ્ઞ ભગવાનના ચરિત્રને વર્ણન કરતા કવીંદ્રોના મંડળને દૃષ્ટિ-ગોચર કરવા લાગ્યો.

કોઈક સ્થાને વીણા નાદસહિત મનોહર ગીતધ્વનિ સંભળાવા લાગ્યા. કોઇક સ્થાને રચેલા વિવિધ પ્રકારની આકૃતિવાળા બલિવિધાન દેખવામાં આવતા હતા.

કોઈક સ્થળે તરૂણ પુરૂષો વડે ગવાતા રાસધ્વનિ શ્રવણ ગોચર થયા અને કોઈ સ્થળે દેવાંગનાઓનાં ગવાતાં ગીતોનો આનંદ લેવામાં આવ્યો. એમ પૂર્વાપર સ્થાનોમાં કૌતુક વડે મિત્રો સાથે ક્રીડારસનો અનુભવ કરતો હું ત્યાં ફરતો હતો.

## ભાનુવેગનું આગમન

તેટલામાં **ભાનુવેગ** નામે મારા મામાનો પુત્ર મારી પાસે આવી આનંદપૂર્વક સ્વાગતાદિ કરીને કહેવા લાગ્યો

ભાઇ !ઘણા કાલે આપનાં દર્શન થયાં. આપના પિતા ખુશીમાં છે ? મારી ફોઇ **કનકવતી** મજામાં છે ?

ત્યારબાદ મેં કહ્યું, તે સર્વે ખુશી આનંદમાં છે. વળી વિશેષમાં મારે તમને કહેવાનું છે કે, જેમની તમે

ખબર પુછો છો, તેઓ સર્વે અહીં આવેલાં છે અને હાલમાં તેઓ આ જિન મંદિરમાં છે.

એમ કહી હું **ભાનુવેગને** સાથે લઈ મારા માતા-પિતાની પાસે ગયો એટલે તેમણે બહુ પ્રેમપૂર્વક **ભાનુવેગને** ભેટીને સુખવૃત્તિના સમાચાર પૂછયા.

પછી **ભાનુવેગ** બોલ્યો. મારાં માતાપિતા તેમજ કુટુંબ પરિવારમાં સર્વ પ્રકારે આનન્દ વર્તે છે. પરંતુ કોઇ કારણને લીધે તેઓ અહીં આવી શકયાં નથી.

આ પ્રમાણે તેમનો વાર્તાલાપ થઈ રહ્યા બાદ મેં **ભાનુવેગને** કહ્યું, ભાઇ ! હવે આ શ્રી જિનયાત્રા પ્રાયે પૂર્ણ થઈ છે, તો હવે તમે અમારા મહેમાન તરીકે હાલમાં અમારી સાથે ચાલો.

તે સાંભળીને ભાનુવેગ બોલ્યો. આપનું કહેવું સત્ય છે, પરંતુ મારૂં વચન સાંભળો.

**ચિત્રભાનુ** નામે મારા પિતાએ મને કહ્યું છે કે, યાત્રા કરી જલદી તારે પાછા અહીં આવવું.

માટે હે ચિત્રવેગ ! હાલ તો તમે જ અમારા નગરમાં પધારી અમારૂં સ્થાન પવિત્ર કરો અને તમારા મામાને ખૂબ આનંદ આપો. કારણ કે, તમારૂં તે બહુ સ્મરણ કરે છે. માટે મારી સાથે તમારે આવ્યા વિના ચાલે તેમ નથી.

આ પ્રમાણે **ભાનુવેગના** આગ્રહથી મારાં માતા–પિતાએ મને આજ્ઞા આપી અને તરત જ હું ભાનુવેગની

સાથે ત્યાંથી નીકળ્યો અને અનુક્રમે કુંજરાવર્ત્ત નગરમાં અમે બન્ને ગયા.

ત્યાં ચિત્રભાનુ મને જોઇ બહુ ખુશી થયો અને બોલ્યો કે, ભાઈ! તું આજે અહીં આવ્યો તે બહુ સારૂં કર્યું. આ દુનિયામાં ભાણેજથી અધિક બીજું શું છે? વળી, અમારાં ધન્ય ભાગ્ય કે તું આજે અમારો અતિથિ થયો.

બાદ પોતાની સર્વ પ્રવૃત્તિ સંભળાવીને ભોજનાદિક વિધિ કરી. પાન–સોપારી લીધાં અને વાતચિતમાં કેટલોક સમય વ્યતીત કરતાં રાત્રીનો સમય આવી પહોંચ્યો, નિંદ્રાની તૈયારી માલુમ પડી, અન્ય કાર્ય સમાપ્ત કર્યા.

ત્યારબાદ સુકોમલ તળાઈ, ઓસિકાં વગેરેથી સજ્જ કરેલી શય્યા પણ તૈયાર હતી. જેથી મારી અનુકૂળતા પ્રમાણે ત્યાં જઈ સૂઇ ગયો. તરત જ નિંદ્રાઆધીન થઈ ગયો.

ગાઢ નિદ્રાના કારણે લાંબીટુંકી રાત્રીનો ખ્યાલ પણ મને આવ્યો નહીં. લગભગ પ્રભાતનો સમય થવા આવ્યો. પ્રભાત સૂચક કુકડાઓનાં ટોળાં ઉપરા ઉપરી બોલવા લાગ્યાં.

### સ્વપ્નદર્શન

તે સમયે કોઈ દિવસ નહીં જોયેલું એવું એક અપૂર્વ સ્વપ્ન મેં જોયું. શ્વેત રંગની બહુ ભવ્ય પુષ્પની માલા મારા જોવામાં આવી.

પછી તે માલાને લેવા માટે હું ચાલ્યો. તે મારાથી કોઈપણ રીતે લઈ શકાઇ નહીં, ત્યારે કોઈ મારા મિત્રે તે લાવીને મને આપી.

મેં તે પ્રીતિપૂર્વક લઈ લીધી અને હું મારા કંઠમાં તે માલાને પહેરતો હતો, તેટલામાં તે પુષ્પમાળા મારા હાથમાંથી પડી ગઈ અને તે ક્યાંય પણ ચાલી ગઈ, તે હું જાણી શક્યો નહીં.

પછી તેના વિરહથી અસહ્ય દુઃખમાં હું આવી પડ્યો. એવામાં આ માળા તો સુકાઈ ગઈ હતી. ફરીથી એને સ્નિગ્ધ બનાવી હું લાવ્યો છું, એમ કહી કોઇક પુરૂષે મારા કંઠમાં તે માળા સ્થાપન કરી.

તેટલામાં ગંભીર પટહ, ઝલ્લરી, કાંસાળાં, ભેરી અને મૃદંગના નાદથી મિશ્ર થયેલો વાજીંત્રનો ધ્વનિ સાંભળી મારી નિદ્રા ચાલી ગઇ. છતાં મારી સ્થિતિ તો શય્યામાં જ હતી, પરંતુ હર્ષ અને વિષાદકારક આ સ્વપ્ન જોઇ અન્ય કોઇ પણ કાર્ય મને યાદ આવ્યાં નહીં, માત્ર આ સ્વપ્નનો ભાવાર્થ હું મારા હૃદયમાં વિચારવા લાગ્યો.

કોઇ દિવસ આવું સ્વપ્ન મને આવ્યું નથી. આજે પ્રથમ નહીં દેખેલું એવું આ વિચિત્ર સ્વપ્ન જોવામાં આવ્યું. આનું ફલ શું હશે ?

અરે ! આ પુષ્પમાળા કોણ હશે ? શું આથી કોઇ વિદ્યા કે સંપત્તિ મને મળવાની હશે ?

પ્રથમ આ માળા કોઈએ આપી, વળી તે નષ્ટ થઈ અને ફરીથી પણ પ્રાપ્ત થઈ, તે કંઇપણ મારા જાણવામાં આવ્યું નહીં.

એ પ્રમાણે આ સ્વપ્નના તાત્પર્યનો નિશ્ચય કર્યા સિવાય હું જાગી ગયો. સ્વપ્નનો અર્થ સ્વપ્નમાં જ ગયો. હવે આ બાબતનો ખુલાસો મને કયાં મળશે ?

એમ ઉહાપોહ કરતાં શયનમાં ને શયનમાં જ કેટલોક દિવસ ચઢી ગયો પણ વિચારને લીધે મને કંઇ ભાન રહ્યું નહીં.

પછી ત્યાંથી ઉઠીને પ્રભાતનું કેટલુંક કાર્ય કરી હું ભાનુવેગની સાથે મહેલના ઉપરના માળે ચિત્રશાળામાં ગયો અને મણિ રત્નોથી જડેલી ભૂમિવાળા ગવાક્ષમાં બેઠો.

ત્યારપછી પ્રભાતમાં જોયેલા સ્વપ્નનું વૃત્તાંત મેં ભાનુવેગની આગળ કહ્યું, તે પણ આ સ્વપ્નનો ભાવાર્થ શો છે? તેનો નિશ્ચય કરી શકયો નહીં.

સ્વપ્નની ચિંતાને લીધે અમને સંકલ્પવિકલ્પ થવા લાગ્યા, જેથી અમારાં ચિત્ત બહુ વ્યાકુલ બની ગયાં.

અમે બંને આવી ઉદ્વિગ્ન સ્થિતિમાં ત્યાં ક્ષણમાત્ર બેઠા હતા, તેટલામાં ઉત્તમ વસ્ત્ર પહેરી અમૂલ્ય આભરણોની શોભાને ધારણ કરતા સંખ્યાબંધ નગરના લોકો કોઈ સ્થળે જવા માટે રાજમાર્ગમાં જતા અમારી નજરે પડયા.

તે જોઇ મેં પૂછયું, હે ભાઈ! આ લોકો બાલવૃદ્ધ સહિત બહુ ઠાઠથી એક સાથે કયાં જાય છે? આનો જવાબ તું મને જલદી આપ.

**મકરંદ ઉદ્યાન**

**ભાનુવેગ** બોલ્યો, હે ભદ્ર! આજે મદનત્રયોદશી છે. અહીંયાં **મકરંદ** નામે એક ઉદ્યાન છે. તેમાં કામદેવનું એક મોટું મંદિર છે.

તેની યાત્રાનો આ દિવસ મુકરર કરેલો હોવાથી નગરજનો પરિવાર સાથે પોતાની સમૃદ્ધિ પ્રમાણે સજ્જ થઈ યાત્રાના ઉમંગથી પૂજન માટે જાય છે.

ચાલો આપણે પણ જઈએ અને યાત્રાનો આનંદ લઇએ. તે સાંભળી મેં પણ કહ્યું, આ પ્રસંગ આપણે પણ ચુકવા જેવો નથી. અમે બંને જણ તૈયાર થયા. પગે ચાલતા અમે તે ઉદ્યાન તરફ ગયા. અનુક્રમે મકરંદ ઉદ્યાનમાં ગયા.

જે ઉદ્યાનની અંદર શ્રેણી બંધ રહેલા વૃક્ષો ક્રીડા કરતી કામિનીજનોના વાગતા ઝાંઝરોના નાદ વડે વસંત મહોત્સવના આનંદને લીધે ગાયન કરતા કરતા હોય ને શું?

વળી જેની અંદર મલયાચલ પવનથી વીંઝોળાતી શાખાઓ વડે અત્યંત ઘૂર્ણાયમાન કોકિલાઓના મધુર કોલાહલો વડે અસ્ફુટ વાર્તા કરતા અને કંઈક લાલ થયેલા નવીન પલ્લવો વડે કિંચિત્ લાલ મુખની કાંતિને

ધારણ કરતા તરૂવરો આ મધુમાસને પામીને મત્ત થયા હોય ને શું ? એમ દેખાય છે.

વળી વિશેષ ખીલેલાં પુષ્પો વડે શોભાયમાન મંજરીઓના સમૂહ રચ્યા છે મુકુટ જેમણે એવા અને પવનથી નમી ગયેલી શાખાઓ વડે યાત્રાળુજનોને જાણે નમસ્કાર કરતા હોય ને શું ?

એવા અનેક વૃક્ષોથી સુશોભિત, જેની અપૂર્વ શોભાના દર્શન માત્રથી કામ વિકારને પ્રગટ કરનાર એવા તે મકરંદ ઉદ્યાનમાં અનેક શોભાથી વ્યાપ્ત એવા નગરજનો સહિત અમે પ્રવેશ કર્યો કે તરત જ દૂરથી કામદેવનું મંદિર અમારા જોવામાં આવ્યું.

**મદનગૃહ.**

જેની અંદર રતિ અને કામદેવની મૂર્તિઓ સ્થાપન કરેલી છે, જેમની ભવ્ય કાંતિને લીધે નેત્રો પણ અંજાઈ જાય છે, જેમની પૂજા માટે ઘણા લોકોની મેદની અંદર જામી ગયેલી છે.

વિલાસ સહિત લોકો ગમનાગમન કરી રહ્યા છે એટલી વિશાળતા છે અને ઊંચાઈમાં આકાશમંડલને અનુસરતું, જેની ચારે તરફ મહાન કિલ્લો રચેલો છે.

તેમજ જેની અંદર અત્યંત મૃદંગોના નાદ પ્રસરી રહ્યા છે તેમજ યૌવનના મદમાં આવેલી સેંકડો કામિનીઓના મનોહર ધ્વનિથી વાચાલિત અને મધુર ગીતના નાદ વડે

કામીજનોના ચિત્તને વ્યાકુલ કરતું, પડઘમોના શબ્દ સાથે અનેક વામન પુરુષોના નૃત્યથી ઘનઘોર બનેલું.

તેમજ પોતાની સ્રીઓમાં આસક્ત થયેલા કેટલાક પુરુષોએ જેનાં કદલીગૃહો રોકી લીધેલાં છે અને હિંડોળે હીંચતી નગરની બાલિકાઓ વડે અતિ મનોહર, તેમજ

વિટપુરુષોની સાથે વેશ્યાઓનો સમુહ જેમાં જલક્રીડા કરી રહ્યો છે અને ઢોળાયેલા જળને લીધે ઘણો કાદવ જેમાં જામી ગયો છે એવા તે મદનગૃહની અંદર અમે પ્રવેશ કર્યો.

જેના પાર્શ્વ ભાગમાં સુંદર મૂર્તિવાળી રતિ રહેલી છે એવા તે કામદેવનાં દર્શન કર્યા બાદ અમે બન્ને જણ બહાર નીકળી તેના દ્વાર પ્રદેશમાં બેઠા.

હે કુમાર! ત્યાં આગળ નાના પ્રકારની ક્રીડાઓમાં ગુલતાન બનેલા નગરજનોની ચેષ્ટાઓ જોવામાં ક્ષણમાત્ર અમારો સમય વ્યતીત થયો.

## યુવતી દર્શન

તેટલામાં ત્યાં નજીકમાં રહેલા એક વૃક્ષની નીચે હીંચકા ખાતી, સખીઓના મધ્ય ભાગમાં રહેલી, અપૂર્વ કાંતિમાં રતિ સમાન, નવીન યૌવનમાં પ્રવેશ કરતી.

પુષ્ટ ઉન્નત અને ગાઢ સ્તનમંડલ વડે ઉછળતી હારાવલીને લીધે સુંદર શોભાને વિસ્તારતી, ઉત્તમ તપાવેલા સુવર્ણ સમાન વર્ણવાલી મણિમય કુંડલોની કાંતિ જેના કપોલ ભાગમાં છવાઈ રહેલી છે.

લોકોના નેત્રને આનંદ આપવા માટે વિધિએ અમૃતમય જાણે બનાવી હોય ને શું ? તેમજ દર્શન માત્રથી જ સર્વ જનોના મનને આનંદ આપતી એવી એક યુવતી મારા જોવામાં આવી.

તેણીનું અપૂર્વ સ્વરૂપ જોઈ હું વિચારમાં પડયો કે, અરે ! આ મનોહર કાંતિવાળી યુવતી કોણ હશે ?

શું અહીં નાગકન્યા આવી હશે ? અથવા શું આનંદ કરવા માટે વનલક્ષ્મી આવી હશે ? અથવા સુરલોકમાંથી કોઇ દેવાંગના આવી હશે ? અથવા કામદેવના વિયોગવાળી દેહાંતર ધારણ કરીને આ રતીદેવી આવી હશે ?

એમ વિચાર કરતો એક દૃષ્ટિ હું તેને જોવા લાગ્યો. તેમજ તે બાલા પણ સુસ્નિગ્ધ એવા કટાક્ષો વડે મને જોવા લાગી.

ત્યારપછી મેં ભાનુવેગને પૂછયું, આ કન્યા કોણ છે ? અને તે કોની અર્ધાંગના છે ?

તે સાંભળી ભાનુવેગ કિંચિત્ હાસ્ય કરી બોલ્યો કે, ભાઇ ! એ સુંદરીની વાર્તા કરવાનું આપણે કાંઇ પ્રયોજન નથી.

ચાલો આપણે અહીંથી અન્ય સ્થળે જઈએ. કારણ આ કામિની મોહ બુદ્ધિથી તારી તરફ વારંવાર વક્રદૃષ્ટિએ જોયા કરે છે.

આવી યુવતીઓની દૃષ્ટિ અંગો ઉપર પડવાથી શરીરને વ્યાકુલ કરે છે અને હૃદયને હરી લે છે.

યૌવનથી મદોન્મત્ત બનેલી નારીને સાક્ષાત્ રાક્ષસી કહેલી છે. કારણ કે, દર્શન માત્રથી તે પુરુષોના ચિત્તને હરી લે છે. તેમજ સ્પર્શ કરવાથી બલનો સર્વથા વિનાશ કરે છે અને સંભોગ કરવાથી વીર્યને હરી લે છે. માટે પ્રમદાનો સંગ બુદ્ધિમાન પુરુષોએ કરવો ઉચિત નથી,

નારીને ઘીના ભરેલા ઘડા સમાન કહેલી છે અને પુરુષને તપ્ત અંગાર સમાન કહેલા છે. માટે બુદ્ધિમાન પુરુષે આત્મહિત માટે તે બન્નેને એક સ્થાનમાં રાખવા નહીં.

આ પ્રમાણે વૃદ્ધોના વાકયો આપણે માન્ય કરવાં જોઈએ. આ પ્રમાણે **ભાનુવેગનું** નીતિમય વચન સાંભળી હું બોલ્યો.

ભાઇ ! આમ ઉલટાવી મારું ઉપહાસ્ય તું શા માટે કરે છે ? હું તો માત્ર કૌતુક વડે આ વાત પૂછું છું. તેમાંથી તું કંઈક અન્ય વિકલ્પ કરવા લાગ્યો છે.

**કનકમાલા**

પછી **ભાનુવેગ** બોલ્યો. આ નગરીની અંદર બહુ યશસ્વી **અમીતગતિ** નામે એક વિદ્યાધર છે. **ચિત્રમાલા** નામે તેની ભર્યા છે. તેઓની આ **કનકમાલા** નામે પુત્રી છે.

જેણીના ગુણ અને રૂપ અદ્વિતીય છે. વળી વિજ્ઞાન-કલામાં તે બહુ દક્ષ છે. તેમજ હજી તે કુંવારી છે.

ત્યારબાદ મેં તેને કહ્યું, આ કામદેવનું પૂજન કરે છે, તે સ્ત્રી કોણ છે? અને આ સખીઓની આગળ વાત કરે છે, તે કોણ છે? તેમજ આ વેશ્યાના કંઠમાં હાથ નાખી યુવાન પુરુષ કોણ ઉભો છે?

એવા મેં કેટલાક પ્રશ્ન કર્યા. ત્યારે તે હસીને બોલ્યો, ભાઈ! આવા આડાઅવળા પ્રશ્ન પૂછીને તું મને છેતરે છે! પરંતુ વૃદ્ધ બિલાડીને કોઇ કાંજી મૂકીને છેતરવા ધારે તો તે છેતરાય ખરી!

હે સુભગ! આવા અઘટિત પ્રશ્નો વડે પ્રથમના પ્રશ્નને તું ઉડાડવા ધારે છે, તે બની શકે ખરૂં? સૂર્યને છાબડીઓથી ઢાંકવા માટે કોઈ પ્રયત્ન કરે તો પણ તે પ્રયાસ સિદ્ધ થાય ખરો?

આ પ્રમાણે તેનું વચન સાંભળી હું લજ્જાને લીધે નીચું મુખ કરી ઉભો રહ્યો. મારી આવી સ્થિતિ જોઈ ભાનુવેગ ત્યાંથી ખસીને અલક્ષ્યની માફક બાજુ પર ઉભો રહ્યો.

તે સમયે લજ્જાનો માર્યો હું મારી દૃષ્ટિને બીજી તરફ ખેંચતો હતો, છતાં પણ બલાત્કારે તેણીના મુખકમલ ઉપર તે પડવા લાગી.

સ્નેહરૂપી તંત્રીથી બંધાયેલી દૃષ્ટિ મનુષ્યોથી ખીચોખીચ ભરેલા માર્ગમાં પણ ધીમે ધીમે ખસીને જ્યાં પ્રીતિ હોય છે, ત્યાં ગયા વિના રહેતી નથી.

વળી પોતાનો સખીજન ન જાણે તેવી રીતે વારં-

વાર તેણીના ચંચલ દૃષ્ટિપાત ભાદરવા માસના મેઘની વીજળીના વિલાસનો તિરસ્કાર કરે છે.

**વિરહવેદના**

ત્યારબાદ તેણીના કટાક્ષ રૂપી બાણોએ જીર્ણ કરેલા મારા હૃદયમાં કામદેવે મૂકેલા પાંચે બાણોએ પ્રવેશ કર્યો. એક બાણ જ્યારે અસહ્ય થઈ પડે છે, તો પછી પાંચની તો વાત જ શી ?

આ પ્રસંગે તેણીની સર્વ સખીઓ પોતપોતાના ઘેર જવા લાગી. તે બાલા પણ પાછું જોઈને વારંવાર મને જોતી જોતી ચાલવા લાગી. તેમજ તેણીએ સ્નેહમય કટાક્ષ રૂપી દોરી વડે ખેંચીને મારા હૃદયને ગુપ્ત રીતે એકદમ હરી લીધું.

મારા હૃદયને હરણ કરાતું જોઇ તેણીના પગમાં રહેલાં ઝાંઝર ચોરોની પાછળ ચાલતા પુરુષોની માફક નાદ કરવા લાગ્યાં.

કામથી પીડાયેલી તે બાલા ચાલતી હતી છતાં ઉદ્યાનના વૃક્ષોના આવરણને લીધે જ્યાં સુધી મારી દૃષ્ટિ-ગોચર તે રહી, ત્યાં સુધી મેં તેને એક દૃષ્ટિએ જોયા કરી.

અને જ્યારે મારા દૃષ્ટિ માર્ગથી તે દૂર થઈ ત્યારે મારા હૃદયની અંદર અતિ દીર્ઘ શ્વાસની સાથે અસહ્ય સંતાપ મને ઉત્પન્ન થયો.

ત્યારબાદ **ભાનુવેગ** બોલ્યો, ભાઈ ! ચાલો આપણે

પણ આપણે ઘેર જઈએ. હા ચાલો એમ કહી અમે બન્ને પણ ઘેર આવ્યા.

ત્યાર પછી હું ઉપરના માળે ગયો અને ત્યાં શયન તૈયાર હતું, તેમાં તરત જ સૂઇ ગયો કારણ કે ચિત્તની વ્યગ્રતામાં શયન સિવાય ઉપાય સુઝતો નથી.

પછી ભાનુવેગ પણ મારી પાસે આવીને બેઠો અને ક્ષણ માત્ર મારી સ્થિતિ જોઇ બોલ્યો.

ભાઇ ! આજે તમે ઉદાસ મનવાળાની જેમ કેમ થઇ ગયા છો ? વળી શોક ગર્ભિત આવા મોટા નિઃશ્વાસ મૂકવાનું શું કારણ છે ?

હુંકારા કરી લાંબા નિઃશ્વાસ નાખતા અંગ મોટન તમે શા માટે કરો છો ? ભઠ્ઠીમાં રહેલા ચણાની માફક સુકોમલ શયનમાં કેમ તરફડો છો ?

તેમજ કંઇ કંઈ વિચાર કરી નિમિત્ત સિવાય તમે શા માટે હાસ્ય કરો છો ? વળી પોતાના વિકલ્પ વડે શોકાતુર કેમ દેખાઓ છો ?

નાના પ્રકારના રસથી ભરપૂર નાટકીય કાવ્યનો અભિનય કરતા હો તેવી રીતે તમે કેમ ચેષ્ટાઓ કરી રહ્યા છો ?

તેમજ તમે આ સંબંધી અમને કંઇ પણ પોતાનો સત્ય અર્થ કેમ જણાવતા નથી ?

આ પ્રમાણે ભાનુવેગે મને બહુવાર પૂછ્યું. ત્યાર પછી હે કુમાર ! મેં તેને કહ્યું, હે ભાઈ ! હું નથી જાણતો

કે આ મારું શરીર આ વખતે આવી પીડામાં શાથી આવી પડયું છે?

ત્યારબાદ હસીને તે બોલ્યો. મેં તમને પ્રથમ જ કહ્યું હતું કે, આવી મદોન્મત પ્રમદાઓનું દર્શન અનર્થકારી થાય છે. માટે તે બાલાનાં ચક્ષુના દોષથી આ તમારો સર્વ સંતાપ થયેલો છે.

તેથી તે બાલા પોતાનો હાથ તમારા પૃષ્ટ ઉપર મૂકશે તો જ તમને સુખ થવાનું છે. તે સાંભળી મોટો નિઃશ્વાસ મૂકી મેં કહ્યું કે,

ભાઇ! મારું તો જીવિત પણ હાલમાં સંદેહમાં આવી પડયું છે. વળી હે ભાઈ! તું તો હવે સુખીયો થયો છે. તેથી તું મારૂં ઉપહાસ શા માટે ન કરે?

ત્યારે ભાનુવેગ બોલ્યો. ગુપ્ત વિચારવાળા મનુષ્યનું સ્વરૂપ જાણ્યા વિના અમે કંઇ પણ ઉપાય શી રીતે કરી શકીએ?

ત્યાર પછી મેં કહ્યું, ભાઇ! જે ન જાણતો હોય તેને કહેવું પડે. પરંતુ તું તો સર્વ વૃતાંત જાણે છે, છતાં જાણી જોઈને તું ખોટા પ્રશ્ન કરે છે? આ પ્રમાણે અમે બન્ને જણ પ્રશ્નોત્તર કરતા બેઠા હતા.

## આમ્રલતા સીદાસ્ત

તેટલામાં **આમ્રલતા** નામે ઘરની દાસી અમારી પાસે આવી વિનયપૂર્વક કહેવા લાગી, આપના દર્શન

માટે **સોમલતા** નામે **કનકમાલાની** મુખ્ય ધાવમાતા દ્વાર દેશમાં આવીને ઉભી રહી છે.

**ભાનુવેગ** બોલ્યો, એને અહીં જલદી મોકલો. એમ કહેવાથી તરત જ **સોમલતા** અમારી પાસે આવી.

પછી યથાયોગ્ય તેનો સત્કાર કર્યો, બાદ તે ઉચિત આસન ઉપર બેઠી અને તરત જ તે આદર સાથે બોલી, મારે એકાંતમાં આપને કંઇક વાત કરવાની છે. પછી **આમ્ર**લતાને ત્યાંથી વિદાય કરી.

**સોમલતા**

ત્યારબાદ **સોમલતા** બોલી. હે સુભગ! મહાભયંકર દુઃખમાંથી તમે મારું રક્ષણ કરો; કારણ કે, સજ્જન પુરુષો શરણાગતને તરછોડતા નથી.

તે સાંભળી મારૂં હૃદય હર્ષથી સંકુચિત થઈ ગયું અને હું પ્રફુલ્લ થઈ બોલ્યો, હે ભદ્રે! તને દુઃખ શાથી આવી પડયું છે?

તે બોલી, હે સજ્જન! વિશેષ આપની આગળ હું શું કહું? કામ સંબંધી અસહ્ય પીડા મારે માથે આવી પડી છે.

તે સાંભળી કૌતુકને લીધે કંઈક હાસ્ય કરી **ભાનુવેગ** બોલ્યો. હે વૃદ્ધે! તારા શરીરના દરેક સાંધામાં કડ કડ શબ્દો થયા કરે છે, વળી કોઇ પણ ભાગમાં લાવણ્ય તો દેખાતું જ નથી, તેમજ મુખની અંદર એક પણ દાંત રહ્યો નથી.

શ્વેત કેશ વડે હાસ્ય કરતા મસ્તક વડે સુશોભિત અને અતિશય લબડતા તેમજ કરચોલીવાળા સ્તનો વડે ભયંકર દેખાવવાળા તારા શરીરને જોઈ ભયભીત બની કામદેવ પણ જીવ લઈ નાસી જાય, એમાં કોઇ પણ પ્રકારનો સંદેહ નથી.

તો તે કામથી તને ભય કેવીરીતે થયો છે? વૃદ્ધાવસ્થાને લીધે ઉઠવાની શક્તિ તો તારામાં રહી નથી.

તે સાંભળી **સોમલતા** બોલી. હે ભદ્ર! તું મારો ઉપહાસ શા માટે કરે છે? મારું વૃત્તાંત તું સાંભળ.

જો કે, મારી સ્થિતિ તો તારા કહ્યા મુજબ જ છે. પરંતુ પરંપરાએ કામજન્ય ભય મને આવી પડયો છે.

આજે ઉદ્યાનમાં ક્રીડા કરવા માટે પોતાની સખીઓ સાથે **કનકમાલા** પણ ગઈ હતી.

## કનકમાલાની સ્થિતિ.

તે હાલમાં ક્રીડા કરી મારે ત્યાં આવી છે, અને રાહુએ ગ્રહણ કરેલા ચંદ્રની માફક તેના મુખની કાંતિ શ્યામ પડી ગઇ છે. ક્ષણ માત્ર પણ તેના ચિત્તની સ્થિરતા દેખાતી નથી. જાણે બેચેનીમાં આવી પડી હોય, તેમ તે બેભાનમાં ઝંપલાઇ ગઇ છે.

આવી તેની પ્રકૃતિ જોઇ મેં તેને પૂછયું, હે પુત્રી! તું ઉદાસ મનવાળી કેમ થઇ ગઇ છે? પોતાની ધાવમાતાની આગળ પોતાની ખાનગી વાત કહેતાં શા માટે

તું ખચકાય છે? હિતેચ્છુની આગળ કહેવાથી પોતાના દુઃખનો વિરામ થાય છે, એમ કેટલીક વખત આજીજી કરીને મેં તેને પૂછયું, તેમ છતાં મને કંઇ પણ પોતાનો ભાવાર્થ તેણીએ જણાવ્યો નહીં, પરંતુ તે દીનમુખીએ દીર્ઘનિસાસો મૂકી પોતાનાં નેત્ર અશ્રુજલથી ભીંજાવી મૂકયાં.

**હંસિકા દાસી**

ત્યારબાદ **હંસિકા** નામે તેની સખીને મેં પૂછયું, આજે ઉદ્યાનમાંથી આવીને તરતજ **કનકમાલા** વિહ્વલ ચિત્તે બેસી રહી છે, પરંતુ કંઇ જવાબ આપતી નથી, તેનું શું કારણ છે?

ત્યારે **હંસિકા** બોલી. હે જનની! આજે અમે સર્વે સાથે મળીને ઉદ્યાનમાં ગયાં હતાં. ત્યાં કામદેવનું પૂજન કરી અમે બહાર આવ્યાં, ત્યારે દ્વાર પ્રદેશમાં **ભાનુવેગની** પાસે, કૌતુકમાં આક્ષિપ્ત મનવાળો, રૂપમાં સાક્ષાત્ અનંગ સમાન અને મહા ભાગ્યશાળી એવો એક યુવાન્ પુરૂષ બેઠો હતો.

તે તેણીના જોવામાં આવ્યો. તેને જોઈ એકદમ તેણીનાં નેત્ર ખુલ્લાં થઈ ગયાં અને તેના જ મુખ પર ધ્યાન આપતી તે ચિત્રની જેમ સ્થિર થઇ ગઈ. તેમજ તે યુવાનનાં સર્વ અંગોને **કનકમાલા** પોતે તો એક દૃષ્ટિથી નિહાળતી હતી,

પરંતુ તે યુવાનની દૃષ્ટિ કૌતુક જોવામાં રૂંધાયેલી હતી. તેથી તે કનકમાલાને જોઈ શકયો નહીં. તેથી કનક-

**માલા** પોતાના આત્માને અધન્ય માનતી હોય ને શું ? તેમ લજ્જા સહિત અતિદીન એવા મુખકમલને ધારણ કરતી તે યુવાનની દૃષ્ટિગોચર થવાને માટે બહુ આતુર બની ગઈ.

પછી કંઈપણ હૃદયમાં વિચાર કરી સખીઓને કહેવા લાગી, હે સખીઓ ! આ આમ્ર વૃક્ષે હીંડોલો બાંધીને ક્ષણમાત્ર આપણે ક્રીડા કરીએ તો બહુ સારૂં.

**આંદોલનક્રીડા**

આ પ્રમાણે તેના કહેવાથી તે સખીઓએ પણ હીંડોલો તૈયાર કર્યો, તરતજ તેઓ તે ઉપર આરૂઢ થઈ રમવા લાગી. વળી સર્વ સખીઓ પોતાની પાસમાં રહેલી છે, છતાં પણ **કનકમાલા** મોટા શબ્દો બોલી સખીઓને સંભળાવવા લાગી.

"જો આ યુવાન મારો શબ્દ સાંભળી મારી તરફ દૃષ્ટિ કરે તો હું કૃતાર્થ થાઉં" એવી આશાથી તે ઉચ્ચ સ્વરે બોલતી હતી.

તેમ બોલતી તેને જોઇ હાસ્યમાં મેં કહ્યું, આ સર્વ સખીઓ તો તારી પાસે રહેલી છે, છતાં તું શા માટે આવા મોટા અવાજે બોલે છે ? તેમજ અન્ય કૌતુકમાં મસ્ત બનેલો એવો આ પુરૂષ તો તને પ્રત્યુત્તર પણ આપતો નથી.

તે સાંભળી **કનકમાલા** કંઇક ઝંખવાણી થઇ. એટલામાં કામદેવ સમાન તે યુવાને **કનકમાલા** તરફ

દૃષ્ટિ કરી કે, તરતજ તે **કનકમાલા** ભય અને હર્ષ વડે અપૂર્વ રસનો અનુભવ કરવા લાગી.

તેમજ તે યુવાનની દૃષ્ટિ માત્રથી રોમાંચિત થઇ તે પોતાને સૌભાગ્યવાળી માનતી અને પોતાના જીવિતને પણ કૃતાર્થ માની વિવિધ વિલાસ કરવા લાગી.

ક્ષણમાં સખીઓને આલિંગન કરે છે, વળી ઉચ્ચ સ્વરે આલાપ કરે છે, નિમિત્ત સિવાય હાસ્ય કરે છે, પગના અંગુઠાથી મહીતલને ખોતરે છે. વળી કેશપાશને સાંચ કરવા કરે છે.

એમ કેટલીએક કામવિકારની ચેષ્ટાઓ કરતી ક્ષણ-માત્ર ક્રીડા કરીને મદન બાણથી પીડાયેલી તે અહીં આવી છે અને આ પ્રમાણે અતિ શિથિલ બની ગઈ છે.

એ પ્રમાણે **હંસિકાના** કહેવાથી ફરીથી પણ મેં તેને પૂછયું, હે હંસિની! તે પુરૂષ કોણ હતો? પછી તેણીએ સર્વ વૃત્તાંત મને કહ્યું; બાદ પુત્રીનો પ્રેમ બહુ સારા સ્થાનમાં બંધાયો છે, એમ વિચાર કરી હું તેની પાસે ગઇ.

## કનકમાલાની વિરહ દશા

ત્યાં **કનકમાલાને** શયનમાં સુતેલી દીઠી. જેણીનું મુખકમલ ફીકકું પડી ગયું હતું. તેમજ મુખમાંથી અતિ ઉષ્ણ અને દીર્ઘ નિઃશ્વાસ વારંવાર નીકળતા હતા. જેથી શરીરની કાંતિ શુષ્કપ્રાય થઈ ગઈ હતી. તે પોતાના જીવિતને પણ બળાત્કારે ટકાવી રાખતી હતી.

પ્રિયના વિરહાગ્નિની પ્રચંડ જ્વાલાઓથી તપી ગએલી તે બીચારીને હાર તથા ચંદનના લેપ પણ તૃષાગ્નિના કણિઆ સમાન લાગે છે.

વળી કમલના તંતુઓ ચિતા સમાન તેમજ કમલદલો પણ જ્વાલા સમાન બહુ દુઃખદાયક થઈ રહ્યાં છે. સુકોમલ એવી તળાઈ પણ અંગારના ઢગલા સમાન અપ્રિય થઈ પડી છે.

વળી પૂછવા છતાં પણ તે કંઈ પ્રત્યુત્તર આપતી નથી. તેમજ બહુ સ્નેહાળ એવી પોતાની સખીઓ સાથે પણ આલાપ કરતી નથી અને ધ્યાનમાં રહેલી ઉત્તમ યોગિનીની માફક તે ચેષ્ટા રહિત થઇ ગઈ છે.

પ્રિયના વિરહ રૂપી પિશાચ વડે ગ્રહણ કરાયેલી અને નિશ્ચેતન એવી પણ તે વરાકીને હે સુંદર! તારા નામરૂપી મંત્રવડે તેની સખીઓએ સ્વસ્થ કરી છે.

પ્રિયના વિરહની પીડાને લીધે પોતાના જીવિતને સંશયમાં નાખતી તે બાળાને જોઈ તેના દુઃખથી દુઃખી થયેલી હું અહીં તારી પાસે આવી છું.

આ પ્રમાણે કામથી ઉત્પન્ન થયેલી અત્યંત આપત્તિમાં હું આવી પડી છું. કારણ કે, પુત્રીના દુઃખથી હું પણ અતિ દુઃખી જ ગણાઉં.

માટે હે સુભગ ! જ્યાં સુધી એના પ્રાણ સમાપ્ત ન થાય તે પહેલાં રંક દશામાં આવી પડેલી તે કનક-

**માલાને** તું આશ્વાસન આપ કારણ કે દીર્ઘ નિઃશ્વાસને લીધે તેનું શરીર બહુ શોષાઈ ગયું છે.

તેમજ તે આબાદ છે, તેટલામાં જ તું જલદી તેણીના જીવનનો કોઈપણ ઉપાય કર.

પાણી વહી ગયા પછી પાળી બાંધવી શા કામની? અર્થાત્ નિરર્થક છે. વળી જીવિત ગયા પછી લાવણ્ય રસ વડે શું કરવું?

હે રાજપુત્ર! આ પ્રમાણે તેણીનાં વચન સાંભળીને મેં કહ્યું, એ **કનકમાલા** કોણ છે? તે પણ અમે જાણતા નથી. માટે આ બાબતમાં સારી રીતે પ્રવીણ એવા આ **ભાનુવેગને** તું પૂછી જો.

કારણ કે અમે તો અહીં મહેમાન ગતિએ આવ્યા છીએ. આ બાબતમાં અમે અજ્ઞાત છીએ. ત્યારબાદ **ભાનુવેગ** બોલ્યો. અમે પણ આ સંબંધી કંઇ જાણતા નથી.

તે સાંભળી **સોમલતાને** એકદમ ક્રોધનો કંઇક આવેશ આવી ગયો અને તે બોલી;

હે ભદ્ર! તેણીનું હૃદય હરીને દૃષ્ટિરૂપી બાણો વડે તેણીના અંગ ઉપર બહુ પ્રહાર કરી તમે તેનું જીવિત પણ સંશયમાં લાવી મૂક્યું છે, છતાં પણ તમે કહો છો કે, અમે કંઈ જાણતા નથી.

**સોમલતાનો ઉપાલંભ**

આ બાબત તો માત્ર છોકરાંને સમજાવવા જેવી છે.

હું બધું સમજું છું, માટે તમે ખરી વાત ઉપર આવી જાઓ. તેમજ આ મારૂં કહેવું અસત્ય નથી.

તારા વિરહને લીધે **કનકમાલાનું** જીવિત કંઠમાં આવી અટકી રહ્યું છે. માટે ઘણો વિલંબ થશે તો જરૂર તેના પ્રાણ છુટી જશે. એમાં કંઈ સંદેહ નથી. એમ છતાં હે ભદ્ર! તું આ પ્રમાણે પશુત્વનો સ્વીકાર કરી નિર્દય-પણે કેમ બેસી રહ્યો છે?

વળી કોઈ સાધારણ માણસ પણ જે સ્થળે નિવાસ કરે છે, તે ઘરનું કાળજીપૂર્વક રક્ષણ કરે છે, તો હે નિર્દય! તેણીના મનમાં નિવાસ કરી રહેલો એવો તું તેણીના હૃદયને કેમ બાળે છે?

તેમજ હાલમાં તેણીના હૃદયરૂપ ધનને હરી લઈ ચોરની માફક તું ગુપ્ત રહેવા માગે છે, પરંતુ હે સુભગ! આના દુઃખનો અંત કર્યા સિવાય તારો છુટકો નથી, માટે કોઈપણ ઉપાય તું શોધી કાઢ.

ત્યાર બાદ મેં કહ્યું, હે જનની! આ સંબંધમાં અમારે જે કંઈ કરવા લાયક ઉપાય હોય તે ઉપાય તું પોતે જ અમને બતાવ.

### પત્રલેખ

તે સાંભળી **સોમલતા** બોલી. તેણીના વિશ્વાસને માટે ચિત્ર અથવા કોઈ પત્ર લખીને તમે મોકલો. જેથી તે ચિત્રપટને જોઈ તેના હૃદયમાં ધૈર્ય રહે.

ત્યાર પછી મેં એક પત્રમાં કમલિનીઓ ચિત્રી અને તેઓના બાકીના પુષ્પોને છોડીને એક કમલિનીના કમલ ઉપર લીન થયેલો એવો એક ભ્રમર ચિતર્યો અને તે ભ્રમરની નીચેના ભાગમાં ઉત્તમ રસવડે એક ગાથા લખી.

જેની અંદર મેં મારા હૃદયનો ભાવ સૂચવ્યો હતો. વળી હે કુમાર! તે ગાથાનો અર્થ ગુપ્ત રાખ્યો હતો અને જેમ અક્ષરો દીવ્ય રસ વડે પ્રકાશ આપતા હતા, તેમજ તે કમલિનીનો પરિમલ (સુગંધ) તે ભ્રમરના હૃદયમાં તેવી રીતે બહુ યુક્તિથી સ્થાપન કર્યો હતો કે, જેવી રીતે તેનું બેસવું અને ઉડવું કેવલ અન્ય કુસુમો ઉપર હતું.

ત્યાર પછી તે ચિત્રપટને બહુ પત્રોમાં બીડીને તાંબુલ સહિત **આમ્રલતાના** હાથમાં મેં આપ્યો. પછી **આમ્રલતા** અને **સોમલતા** એ બન્ને જણીઓ **કનકલતાની** પાસે ગઈ.

## આમ્રલતાનું પુનરાગમન

પછી ક્ષણ માત્રમાં **આમ્રલતા** પાછી આવીને કહેવા લાગી, હે મહાશય! અહીંથી નીકળીને અનુક્રમે હું તેના ઘેર ગઇ અને ત્યાં જોયું તો—

મત્તની માફક બેભાન અને ક્ષણમાં મૂર્છિતની માફક નિશ્ચેષ્ટ તેમજ મોટા પિશાચથી ગ્રહણ કરાયેલી હોય ને શું? તેમ વિષમ દશાને પ્રાપ્ત થયેલી **કનકમાલા** મારા જોવામાં આવી.

મને જોઇ તેની સખીઓએ કનકમાલાને કહ્યું કે, ચિત્રવેગની દૂતિ અહીં આવી છે.

આ પ્રમાણે તમારા નામાક્ષરો સાંભળવાથી એકદમ તે સચેતન થઇ ગઈ અને તરતજ બેઠી થઈ. પછી પોતાની પાસમાં ઉભેલી મને જોઈ. તે કંઈક લજ્જિત થઈ ગઈ, ત્યારબાદ મેં તેને પત્ર સહિત તે પાન બીડું આપ્યું. હર્ષ પૂર્વક તેને સ્વીકાર્યો. બાદ તેનો ભાવાર્થ જાણીને તે બોલી,

આ પાન બીડું કોણે મોકલ્યું છે?

મેં કહ્યું કે, હે સુંદરી! તારા હૃદયને હરણ કરનારા એવા તારા પ્રિયતમે મોકલ્યું છે.

તે બોલી, અરે! હું તો કન્યા છું. હે ભદ્રે! મારો પ્રિયતમ ક્યાંથી? પછી હું બોલી, હે તન્વંગી! જરૂર તારૂં ધારેલું તે પણ સત્ય થશે.

ત્યાર બાદ મંદ સ્વરથી અસ્ફુટ અક્ષરો વડે તે બોલી,

હે સખી! મારાં મંદ ભાગિણીનાં એવાં પુણ્ય ક્યાંથી હોય? કે એ મારો સ્વામી થાય? એનું તો દર્શન માત્ર પણ બહુ દુર્લભ છે.

માત્ર આટલું તે બોલી તેટલામાં તેની આંખોમાં આંસુ ભરાઈ ગયાં અને નિઃશ્વાસ મૂકતી તે ફરીથી મૂર્છિત થઈ ગઈ.

ત્યારે તેની સખીઓએ મને કહ્યું, તું ત્યાં જલદી જા અને નિર્દય હૃદયવાળા તે સુભગને અતિશય પ્રેમને ધારણ કરતી આ બાલાનું વૃત્તાંત તારા અનુભવ પ્રમાણે તું નિવેદન કર.

અને વિશેષમાં તેને એટલું કહેવાનું છે કે

જો ક્ષેમકુશલતાએ આજની આ રાત્રી કદાચિત જાય તો પ્રભાતમાં આ બાલાને અમે ઉદ્યાનમાં લાવીશું અને જરૂર તે ભાગ્યશાળી એને દર્શન આપે, તેવી તારે ત્યાં ગોઠવણ કરવી.

કારણ કે, તેના દર્શનથી જ આ બાલા જીવી શકશે, અન્યથા તે યમરાજાના શરણ થશે, એવો અમારો નિશ્ચય છે. આ પ્રમાણે તેમણે મને બહુ આજીજી કરી કહ્યું. પછી હું આપની પાસે આવી છું.

## ચિત્રવેગનો સંતાપ.

આ પ્રમાણે આમ્રલતાએ કહેલું તેણીનું વૃત્તાંત સાંભળી તેના વિરહને લીધે મારો સંતાપ ઘણો જ વધી પડ્યો અને હું ચિંતા કરવા લાગ્યો.

અરે ! અસહ્ય વિરહાગ્નિથી તપ્ત થયેલી એવી તે બાલા જો આ નિમિત્તે મરી જશે તો મારું પણ જરૂર મરણ જ થશે. અથવા જો તે મારી ઉપર સ્નેહવાળી હોય તો તે સમયે મને પ્રત્યુત્તર પણ કેમ તેણે ન આપ્યો ?

માટે એ ઉપરથી એમ માલુમ પડે છે કે, જોઇયે તેટલો તેનો સ્નેહ મારી ઉપર છે નહીં.

જો કે તે બાલાનો સ્નેહ નહી હોય તો પણ તેના વિરહથી મારૂં હૃદય તો પ્રજવલિત અગ્નિની ઝળઝળાટ જ્વાલાઓ વડે વ્યાપ્ત હોય ને શું ? એમ ભાસે છે.

વળી તે પ્રિયાને જોનાર તો નેત્રો છે, માટે આ વિરહાગ્નિમાં નેત્રોનો જ દાહ થવો જોઇએ. એમાં હૃદયનો શો અપરાધ છે? જેથી તે નિર્દયપણે એને બાળે છે? આ ઉપરથી તો બીજાએ કરેલું બીજો ભોગવતો નથી એ શાસ્ત્રવચન પણ અન્યથા થયું.

જો કે તેને જોનારાં નેત્ર છે અને સંતાપ હૃદયનો થયો છે. તે પ્રિયાને નહિ જોઈ શકતાં એવાં દગ્ધ નેત્રો ભલે રૂદન કરે.

પરંતુ હે હૃદય! તારો વિષય તો ચિંતવન કરવાનો છે અને તે તો તારે સ્વાધીન છે, તો પછી તું શા માટે વિદીર્ણ થાય છે? માત્ર ચિંતવન કરવાનો તારો સ્વભાવ છે, તે તું કર્યા કર.

પ્રથમ નેત્રોએ તેને જોઇ પછી હૃદયે તેનો દૃઢ પ્રતિબંધ કર્યો, હવે અપરાધ જોઇએ તો વસ્તુતઃ તેઓ બન્નેનો સરખો છે, છતાં પણ તે હૃદયને અત્યંત બાળે છે અને નેત્રોને તો કંઇ નથી. એમ વિચારશ્રેણીમાં હું ગોથાં મારતો હતો.

**સુર્યાસ્ત સમય.**

તેટલામાં સમગ્ર ભૂમંડલનું પરિભ્રમણ કરીને સૂર્યદેવ માર્ગના પરિશ્રમથી ખિન્ન થયો હોય ને શું? તેમ તે અસ્તાચલના શિખર ઉપર વિશ્રાંતિ માટે ગયો.

આ સૂર્યમંડલે પોતાના પ્રચંડ કિરણો વડે પૃથ્વીને ખુબ તપાવી છે એવા રોષથી અસ્તગિરિએ પોતાના

મસ્તક ઉપરથી તેને નાખી દીધો હોય ને શું ? તેમ માલુમ પડે છે.

ત્યાર બાદ સૂર્ય અસ્તાચલનો ત્યાગ કરી ચાલ્યો ગયો. એમ જાણી તેની પાછળ લાગેલી અને રોષ વડે રક્ત મુખવાળી હોય ને શું ? એવી સંધ્યા અસ્તાચલ ઉપર એકદમ પ્રગટ થઈ.

ક્ષણ માત્રમાં સર્વ દિગ્મંડલમાં અંધકાર વ્યાપી ગયું. રાત્રીનો દેખાવ આબેહુબ નજરે પડવા લાગ્યો. અતિશ્યામ એવું ગગનમંડલ તારાઓથી ભરપૂર દીપવા લાગ્યું. ઘુવડોના ભયંકર હુંકારા ચારે તરફ સંભળાવા લાગ્યા.

## ચંદ્રોદય

તેટલામાં નિશાપતિ–ચંદ્રનો ઉદય થયો. શાંત અને તેજસ્વી કિરણોના પ્રભાવથી અંધકારનો તિરો ભાવ થવા લાગ્યો, યુવતીયોનાં માન પણ શિથિલ થવા લાગ્યાં. ચંદ્ર-રૂપી પવનને લીધે વિરહાગ્નિ પ્રદીપ્ત થવા લાગ્યો, જેથી મારૂં હૃદય સેંકડોગણું બળવા લાગ્યું. તે જોઇ હું વિચાર કરવા લાગ્યો.

અરે ! આ ચંદ્ર તો અમૃતમય સંભળાય છે, પરંતુ તેણીના વિરહને લીધે આજે મને વિજળીના પુંજ સમાન આ થઈ પડયો છે.

વળી હે હૃદય ! શા માટે તું આટલું બધું બળે છે ? અને અતિ ઉદ્વેગ કરવાનું તારે શું કામ છે ? તેમજ જે

માણુસ આપણા સ્વાધીન નથી, વળી જેને મળવાનો સર્વથા સંભવ પણ નથી, એવા માણુસ ઉપર પ્રથમથી તું સ્નેહ શા માટે કરે છે ?

હે હૃદય ! જે માણુસ આપણા ઉપર સ્નેહ કરે તેના જ ઉપર સ્નેહ રાખવો તે ઉચિત છે, પરંતુ અતિ દૂર રહેવા છતાં પણ જે હૃદયને બાળે છે, તેની ઉપર રાગ કરવો વૃથા છે.

જે રાગ હૃદય વડે જ વહન કરાય છે, તે જ રાગ વળી હૃદયને બાળે છે, હવે આ વાર્તા કોને કહેવી ? શરણથી જ ભય ઉત્પન્ન થયો, તો પછી શું કરવું ? વળી મારા હૃદયને શાંત કરનારા તો કમલોદર સમાન અતિ-સુકોમલ એવા તેણીના હાથને જ હું માનું છું.

હવે તેણીનો તે સુકોમલ હાથ જે દિવસે મારા હાથનો સ્પર્શ કરે, તેવો દિવસ કોઈ આવશે ખરો ? અરે ! તેણીની સાથે પાણી ગ્રહણાદિક તો દૂર રહ્યું, પરંતુ મારા હૃદયને ઈષ્ટ એવા તેણીના દર્શનને પણ હું દુર્લભ માનું છું.

વિરહ દુઃખને શાંત કરનાર તેણીનું મુખારવિંદ જો મારી દૃષ્ટિગોચર ન થાય તો મારૂં જીવિત વૃથા છે, એટલું જ નહીં પરંતુ આ મનુષ્યભવ પણ નિરર્થક છે. અથવા જો મારૂં દૈવ અનુકૂળ હશે તો આમ્રલતાના કહેવા પ્રમાણે પ્રભાતમાં તેનું મને દર્શન થશે.

પ્રચંડ વિરહાગ્નિની જ્વાલાઓ વડે બહુ તપી ગયેલા

એવા આ હૃદયને શાંત કરવા માટે તે દયિતાના દર્શનરૂપી ઔષધ વિના બીજો કોઇ પણ ઉપાય નથી.

ઇત્યાદિક વિકલ્પચક્રમાં અથડાવાથી મને નિદ્રાદેવીનું દર્શન પણ થયું નહીં અને ચિંતામાં ને ચિંતામાં તે રાત્રી ચાર પ્રહરની હોવા છતાં પણ મને તે સમયે હજાર પ્રહર સમાન દુઃખદાયક થઇ પડી.

મુખેથી વર્ણવી પણ ન શકાય તેવા દુઃસહ સંતાપથી તપી ગયેલું મારૂં હૃદય ફુટવાની તૈયારીમાં હતું, પરંતુ પ્રિયાના દર્શનની આશાને લીધે જ તે ટકી રહ્યું છે, એમ હું માનું છું.

ત્યાર પછી પોતાના શીતલ કિરણોના સમૂહ વડે પણ મારો સંતાપ દૂર કરી શકયો નહીં, તેથી તે ચંદ્ર લજ્જાને પામતો અસ્તાચલ ઉપર ગયો હોયને શું? એમ ક્ષણમાત્રમાં તો અદૃશ્ય થઇ પણ ગયો.

પ્રભાતરૂપી ઉત્તમ હાથીએ નિર્મૂલ કરેલી અને ચંદ્રરૂપી પક્ષીએ ત્યાગ કરેલી એવી રાત્રીરૂપી વેલડીનાં તારારૂપી પુષ્પો જાણે ખરી પડતાં હોય ને શું ? તેમજ સૂર્યમંડલની હવે તૈયારી છે, એમ લોકોને જણાવવા માટે જેમ ક્ષણમાત્રમાં પૂર્વ દિશા કેસુડાં અને પોપટની ચાંચ સમાન લાલ મુખવાળી દેખાવા લાગી.

અનુક્રમે સૂર્યના કિરણો પ્રસરવા લાગ્યા, પ્રચંડ કિરણોથી દિગંતરો છવાઇ ગયાં, જેથી કમલ વનો એકદમ ખીલવા લાગ્યાં. ચક્રવાક પક્ષીઓ જોડલાં સાથે ફરવા લાગ્યાં.

આ પ્રમાણે સૂર્યોદયનો પ્રભાવ મારા જાણવામાં આવ્યો કે, તરત જ હું પણ શયનમાંથી બેઠો થયો અને પ્રભાતનાં કાર્ય કરવા લાગ્યો.

વળી હે **સુપ્રતિષ્ઠ** ! તે દયિતાનું હવે મને દર્શન થશે, એમ જાણી મારા હૃદયમાં અનન્ય હર્ષ થયો.

**વાદ્યનાદ**

મારા મામાનો પુત્ર **ભાનુવેગ** મારી પાસે આવ્યો અને હસતે મુખે મને કહેવા લાગ્યો, **આમ્રલતાના** કહેવા પ્રમાણે તું ઉદ્યાનમાં જા.

તે સાંભળી મારા હૃદયમાં બહુ આનંદ થયો અને મેં તેને કહ્યું, ભાઇ ! હું જાઉં છું, એમ કહી તત્કાલ ઉચિત એવું કાર્ય કરવાનો હું પ્રારંભ કરતો હતો, તેવામાં માંગલિક વાજીંત્રોની ગંભીર ગર્જના મારા સાંભળવામાં આવી.

તે સાંભળતાં જ મારા હૃદયમાં એકદમ આઘાત થયો અને બહુ ગભરાટમાં હું પડી ગયો.

મેં ભાનુવેગને પૂછ્યું, ભાઈ ! આ વાજીંત્ર ક્યાં વાગે છે ?

ભાનુવેગ બોલ્યો. હું પણ એનું બરોબર કારણ જાણતો નથી, પરંતુ **અમિતગતિના** ઘેર આ વાજીંત્રનો નાદ થતો હોય તેમ લાગે છે.

ત્યારબાદ મેં વિચાર કર્યો, રાત્રીનો સમય બહુ કષ્ટથી વ્યતીત કર્યો. હવે પ્રિયાના સમાગમનો સમય

નજીક આવી પહોંચ્યો છે, છતાં પણ આ અધિક સંતાપ આવી પડયો.

હવે મારા દુઃખનો કંઇ પાર રહ્યો નહીં, વળી આ મારૂં વામનેત્ર પણ ફરકી રહ્યું છે. માટે કંઇપણ અહીં કારણ હોવું જોઈએ, હાલનાં ચિહ્નો વિપરીત દેખાય છે.

શાસ્ત્રમાં પણ કહ્યું છે કે–छिद्रेष्वनर्था बहुलीभवन्ति, છિદ્રોની અંદર અનેક પ્રકારના અનર્થ પ્રગટ થાય છે. તેમજ ભાગ્યહીન પુરુષને સતફલની પ્રાપ્તિ દુર્લભ થઇ પડે છે. જેમકે—

દરેક સ્થળે દૈવ સિવાય ફલ પ્રાપ્તિ થઇ શકતી નથી. વિદ્યા અને પરાક્રમ દૈવની આગળ નિરર્થક થાય છે.

કારણ કે દેવ અને દૈત્યોએ એકઠા થઇ રત્નો માટે સમુદ્ર મંથન કર્યો.

ત્યારે હરિને લક્ષ્મી મળી અને શંકરે વિષપાન કર્યું. માટે દેવગતિ બળવાન્ છે. વળી દૈવની આગળ કોઇનો વિચાર સિદ્ધ થતો નથી.

દૈવની રચના એવી છે કે, અઘટિત કાર્યોને સુઘટિત કરે છે અને સુઘટિત કાર્યોને જીર્ણ કરે છે.

જે કાર્યોને પુરૂષ કોઈ દિવસ ચિંતવતો નથી, તેવાં કાર્યોને દૈવ ક્ષણ માત્રમાં સિદ્ધ કરે છે. માટે આટલા ઉપાય કર્યા છતાં મારો મનોરથ સિદ્ધ થતો નથી, તે મારા ભાગ્યની જ ખામી છે.

વળી સાત સાંધે અને તેર તૂટે, એ ન્યાય બરોબર મને લાગુ પડયો છે. ઠીક હવે આથમ્યા કેડે અસૂર અને લુંટયા કેડે ભય શો ? જે બને તે ખરૂં, એમ કેટલોક ઉહાપોહ કરીને પછી મેં **આમ્રલતાને** બોલાવી. તે પણ તરત જ મારી પાસે આવી.

મેં તેને પૂછયું, આ વાજીંત્રો કયાં વાગે છે ? કોઈ પણ સ્થળમાં માંગલિક વાદ્ય તારા સાંભળવામાં આવ્યો છે ? કોઇ પણ કાર્ય તો હોવું જોઈએ, અન્યથા આવાં વાદ્ય વાગે નહીં. માટે તું જલ્દી જા અને એની તપાસ કરી ચોક્કસ હકીકત મને અહીં આવીને તું નિવેદન કર.

## વિવાહ મહોત્સવ

તે સાંભળી **આમ્રલતા** એકદમ ત્યાં ગઇ. તેમજ ત્યાંના સર્વ સમાચાર લઈ ક્ષણમાત્રમાં તે મારી પાસે આવી. તેજ વખતે તેના મુખની કાંતિ બહુ જ ઝાંખી પડી હતી, તેમજ તેની ગતિ પણ કંઇક શોકને સૂચવતી હતી.

આવી તેની સ્થિતિ જોઇ મેં તેને પૂછયું એટલે તે જરા અચકાઈને બોલી, હું અહીંથી નીકળીને **અમિતગતિને** ઘેર ગઈ અને ત્યાં જોયું તો તેના દ્વારમાં એટલી બધી માણસોની ગીરદી જામેલી હતી કે, મારાથી અંદર પ્રવેશ પણ થઇ શકયો નહીં. પછી હું આમતેમ ફંફા મારવા લાગી, તેવામાં **બંધુદત્ત** મારી નજરે પડયો,

બહુ ભીડમાં તેની પાસે જઈ મેં પૂછયું કે આ મહોત્સવ શાનો છે ? પછી તે બોલ્યો.

હે ભદ્રે ! તું જાણતી નથી આ **કનકમાલાનો** લગ્ન મહોત્સવ છે. વળી **ગંગાવર્ત** નામે વિદ્યાધરોનું નગર છે, તેમાં શ્રી **ગંધવાહન** નામે બહુ પ્રસિદ્ધ રાજા છે, તેનો પુત્ર **નભોવાહન** નામે યુવરાજ સંભળાય છે, તે રૂપ ગુણ અને કલાઓમાં બહુ જ પ્રશંસનીય છે, એમ જાણી **કનકમાલા** તેને આપવામાં આવી છે.

આ પ્રમાણે **બંધુદત્ત**ના મુખથી હકીકત સાંભળી હું આપની પાસે આવી છું. હું શું કરૂં ? મારા દુર્ભાગ્યને લીધે આવું કર્ણકટુ વચન વિના ઉપાયે મારે આપની આગળ કહેવું પડે છે.

## ચિત્રવેગની મૂચ્છી

એમ તે ભીરૂનું વચન સાંભળી મારૂં હૃદય એક-દમ ધખવા લાગ્યું તેમજ શોકરૂપી પ્રચંડ મુદ્ગરથી હણાયેલો હું મૂર્છાવશ થઇ ગયો. તેમજ મારાં નેત્ર મીચાઈ ગયાં. હું બેભાન થઇ પૃથ્વી પર પડી ગયો.

તેવી મારી સ્થિતિ જોઇ સર્વ લોકો એકદમ ગભ-રાઇ ગયા અને શીતલાદિક ઉપચાર કરવા લાગ્યા. કપૂર, બરાસ અને ગોશીર્ષ ચંદનના જલનો સેક તેમજ કેટલાક સુકોમલ વીંજણાઓ લઈ મને પવન નાખવા લાગ્યા. જેથી મારી મૂર્છા ઉતરી ગઇ. પછી મને વિચાર થયો કે, આ સર્વ દુર્વિહિત દૈવનું જ કાર્ય છે.

## દૈવને ઉપાલંભ

ક્ષણમાત્રમાં પ્રિયાના સંગમનો મારો મનોરથ નષ્ટ કરવામાં કેવી એણે કમ્મર કસી છે! જુઓ? દુર્દૈવનું કર્ત્તવ્ય કંઇ પણ હવે બાકી રહ્યું? અથવા હર્ષસહિત અભિલાષામાં ઉદ્યત્ થયેલું હૃદય કંઇ અન્ય ચિંતવે છે અને દૈવનિયોગથી કાર્યારંભ કોઇ અન્ય પ્રકારનો જ પરિણમે છે.

વળી એ કન્યા કયાં? અને હું કયાં? અમારા બન્નેનો આટલો બધો દઢ સ્નેહબંધ પરસ્પર કયાંથી થયો? પરંતુ હતાશ એવા વિધિએ આ સર્વ ખેલ બગાડી નાખ્યો.

હે દૈવ! પ્રથમથી જ જો તારી આ પ્રમાણે કરવાની બુદ્ધિ હતી, તો પહેલાં મારો એણીની સાથે દષ્ટિમેળાપ શા માટે તેં કરાવ્યો?

રે! હતાશ દૈવ! ગાઢ પ્રેમસહિત તેણીનું દર્શન મને કરાવીને તે મૃગાક્ષીની અન્ય રાજાની સાથે યોજના કરતાં શું તને કંઇ પણ લજ્જા નહીં આવી?

અરે! આવા અયોગ્ય કાર્યમાં અધમ માણસ પણ વિચારશીલ થાય છે, તો શું તને કંઇ પણ વિચાર નથી? અસ્તુ દૈવગતિ બળવાન્ છે.

વળી આ મારાં નેત્રોની ઉપર વજ્રપાત થવો જોઇએ, અથવા એનાથી પણ કંઈ કઠીન વસ્તુ પડવી જોઇએ.

કારણ કે, અજ્ઞાતજનને દેખીને જેઓ આવો દુઃખદાયક પ્રતિબંધ કરે છે.

હે હૃદય ! ક્ષણમાત્રના પરિચયવાળા અને બહુ દુર્લભ એવા માણુસની પ્રાપ્તિ માટે આટલો બધો તું કેમ સ્નેહ કરે છે? અશકય વસ્તુની આશા રાખવી નકામી છે.

હવે તું ઘણો ખેદ કરવો છોડી દે, કારણ કે હાલમાં દૈવગતિ બહુ વિપરીત છે.

હે હૃદય ! આટલું અસહ્ય ગાઢ દુઃખ તને પડયું છે, છતાં પણ તું વજ્રથી ઘડાયેલું છે એમ હું માનું છું. અન્યથા તારા સેંકડો ટુકડા કેમ ન થઈ જાય ?

એમ કેટલાક હું સંકલ્પ વિકલ્પ કરતો હતો, અને તે પ્રસંગે મારા દુઃખનો તો પાર જ નહોતો. મારૂં હૃદય તો તેણીના વિરહાનલથી બહુ ધગધગતું હતું.

તે પ્રસંગે હે કુમાર ! ફરીથી પણ તે **સોમલતા** મારી પાસે આવી. તે સમયે તેણીનું હૃદય કંઇક હર્ષ-વાળું મને માલુમ પડયું. અત્યંત વિષાદરૂપી કાદવમાં ખુંચી ગયેલો મને જોઈ મારી પાસે બેસી તે બોલી.

હે સુંદર ! તું અતિશય ઉદાસ મનવાળો કેમ દેખાય છે ? શું વિવાહની વાર્તા સાંભળીને તું આવો ઉદાસી બન્યો છે ?

પ્રથમ મારૂં કહેવું તો તું સાંભળ !

પછી મેં કહ્યું, હે **સોમલતે** ! હજુ પણ અમને આ સંબંધી કોઇ પણ આશા હોય ખરી ! જેથી તું આ પ્રમાણે બોલે છે !

**આશાબંધન**

**સોમલતા** બોલી, હે સુભગ! તારા વિરહને લીધે મૂર્છિત થયેલી **કનકમાલાને** જોઇ **આમ્રલતાને** ગઇ કાલે તારી પાસે અમે મોકલી હતી અને તે **કનકમાલાને** પણ તેની સખીઓએ તારા સમાગમને સૂચવનાર વચનો વડે શાંત કરી હતી.

છતાં પણ તે વરાકી તારા સમાગમને નહીં પામતી છતી ક્ષણ માત્રમાં મૂર્છા પામે છે, તો ક્ષણમાં ઉભી થાય છે, વળી મુખેથી હુંકારા કરે છે, ક્ષણમાં હસે છે, વળી ગાય છે, ઘડીમાં કંપે છે, રૂવે છે અને ક્ષણમાં ઉદ્વેગ કરવા લાગી જાય છે.

ગ્રહોથી ગ્રહણ કરાયેલી હોય ને શું? તેમ તે બાલાને અયુક્ત ચેષ્ટાઓ કરતી જોઈ તેનો સખીજન ઉપહાસ કરે છે, તો પણ તે બીચારી કંઇ પણ જાણી શકતી નથી, એવું તેનું હૃદય મુગ્ધ બની ગયું છે.

આવી તેની સ્થિતિ જોઇ મેં વિચાર કર્યો કે, ગાઢ અનુરાગવાળી આ બાલાના પ્રાણ જ્યાં સુધી આબાદ રહે તેટલામાં કોઈ પણ ઉપાય હું કરૂં.

**ચિત્રમાલા**

એમ વિચાર કરી હું તરત જ **ચિત્રમાલા** નામે તેની માતા પાસે ગઈ અને તેને એકાંતમાં બોલાવીને તે સર્વ વૃત્તાંત મેં તેને કહ્યુ.

**ચિત્રમાલા** પણ સર્વ વૃત્તાંતનો સાર જાણી **કનકમાલાની** પાસે આવી અને બોલી,

હે પુત્રી ! તું આટલા બધા ઉદ્વેગમાં શા માટે પડી છે ? તેમજ આવું ખિન્ન મુખ કરીને તું કેમ બેઠી છે ?

આટલું કહેવા છતાં પણ તું પ્રત્યુત્તર કેમ આપતી નથી ? હે પુત્રી ! આ કાર્ય કરવું આપણને કંઇ પણ કઠીન નથી, માટે તારે બિલકુલ ખેદ કરવો નહીં.

હે પુત્રી ! **ચિત્રભાનુ** રાજા આપણે સ્વાધીન છે, અને તું પણ કન્યા છે, તેમજ રૂપ અને કલાઓ વડે **ચિત્રવેગ** તારે માટે લાયક છે, તેની ઉપર તારો અનુરાગ થયો છે. તેથી સર્વ અનુકુલ થયું છે.

હે પુત્રી ! એમાં કોઇ પ્રકારની તારે ચિંતા કરવી નહી.

પરંતુ તારા પિતા હાલમાં ઘેર નથી. કારણ કે **ગંગાવર્ત્ત** નામે વિદ્યાધરોનું એક પ્રખ્યાત નગર છે. તેમાં **ગંધવાહન** નામે વિદ્યાધરોનો રાજા છે.

તેની પાસે કંઈક રાજ કાર્ય માટે તેઓ ગયેલા છે. તેમને આવવા દે, તે આવે કે તરત જ તારા વિવાહ મોટા ઉત્સવસહિત આનંદપૂર્વક **ચિત્રવેગની** સાથે કરાવીશું વળી આ ચૈત્ર માસ પણ પ્રાયે સમાપ્ત થવા આવ્યો છે, એટલે લગ્ન પણ હવે જલદી આવશે. માટે હે પુત્રી ! આ સંબંધી તારે કંઇ પણ ખેદ કરવો નહી.

આ પ્રમાણે તેની માતાના કહેવાથી તેણીનો વિરહાગ્નિ સંબંધી સંતાપ ઓછો થવાથી કંઇક શુદ્ધિમાં આવેલી તેને જોઇ તેની માતા ત્યાંથી ઉઠી.

**અમિતગતિ**

એટલામાં તરત જ તેનો પિતા **અમિતગતિ** ગંગાવર્ત્ત નગરમાંથી ત્યાં આવ્યો.

સર્વ પરિજન લોકોએ તેનો વિનયપૂર્વક સત્કાર કર્યો. પશ્ચાત અભ્યંગ સ્નાન કરી ચંદનનો લેપ કર્યો, બાદ ભોજનની સમગ્ર સામગ્રી તૈયાર હોવાથી નિયમસર ભોજન કરી પોતે પ્રાસાદની ઉપરની ભૂમિએ જઇ અમૂલ્ય આસન ઉપર વિરાજમાન થઇ ગયો, પછી હું પણ **ચિત્રમાલાને** સાથે લઇ ત્યાં આગળ ગઇ.

પ્રથમ તેણીએ પોતાના સ્વામીને કુશલ વાર્ત્તા પૂછી, ત્યારબાદ **ચિત્રમાલાએ** પોતાની પુત્રીની સમસ્ત વાર્ત્તા તેને કહી સંભળાવી.

તે સાંભળી **અમિતગતિનું** મુખારવિંદ એકદમ શ્યામ પડી ગયું, અને તે બોલ્યો કે, અરે ! મારા ઉપર મહાદુઃખ આવી પડયું ? હવે આ દુઃખનો ઉદ્ધાર મારે કેવી રીતે કરવો ?

તે સાંભળી **ચિત્રમાલા** બોલી. હે પ્રિયતમ ! આપના ઉપર દુઃખ પડવાનું શું કારણ બન્યું છે ? તે તો તમે મને કહો.

ત્યારબાદ **અમિતગતિ** બોલ્યો. હે પ્રિયતમે ! તે સાંભળવાની તારી ઈચ્છા હોય તો તું સાંભળ,

## દુઃખનું કારણ

કોઈક રાજકાર્યને લીધે **ગંગાવર્ત્ત** નગરમાં **શ્રી ગંધવાહન** રાજાની પાસે તે વખતે હું ગયો.

રાજા કચેરીની અંદર રાજ્યાસને બહુ આનન્દથી બેઠેલો હતો, ત્યાં જઈ વિનયપૂર્વક હું ઉચિતાસને બેઠો. પરસ્પર અમારૂં સંભાષણ થયા બાદ મેં તેમને રાજકાર્ય નિવેદન કર્યું.

તેટલામાં હે સુંદરી ! ત્યાં દ્વારપાલ આવ્યો અને પ્રણામ કરી તેણે જણાવ્યું કે, હે મહારાજ ! આપના દર્શન માટે કોઇક વિદ્યાધર કુમાર દ્વારમાં ઊભો છે.

તરતજ રાજાએ આજ્ઞા કરી એટલે તે વિદ્યાધરે સભાની અંદર પ્રવેશ કર્યો. રાજાને પ્રણામ કરી તે કુમાર બોલ્યો.

## સુરવાહન મુનીન્દ્ર

હે દેવ ! વૈતાઢ્યગિરિમાં **સુરવાહન** નામે વિદ્યાધરોનો અધિપતિ છે, જે સકલ વિદ્યાઓમાં સિદ્ધ થયેલો છે. સુર, અસુર અને મનુષ્યલોકમાં તે પ્રખ્યાત છે અને સમસ્ત વિદ્યાધરોમાં તે ચક્રવર્તી છે.

જે અપમાનરહિત વિદ્યાધરોની રાજલક્ષ્મીનો અનુભવ કરીને વિખ્યાત યશવાળા પુત્રરૂપ આપને પોતાના સ્થાનમાં

સ્થાપન કરી, પોતે સંસારવાસથી ઉદ્વિગ્ન થયા, તેમજ લૌકિક વિભૂતિની અસારતા તેમના સમજવામાં આવી.

વસ્ત્રના અગ્ર ભાગમાં લાગેલા જીર્ણ તૃણની માફક રાજ્યલક્ષ્મીનો ત્યાગ કરી, શ્રીઋષભદેવ ભગવાને કહેલું સર્વ વિરતિ રૂપ ચારિત્ર ચિત્રાંગદ મુનિવરની પાસે જેમણે લીધું હતું.

તે તમારા પિતા સુરવાહન વિદ્યાધર મુનિવર પોતાના પરમ પવિત્ર ગુરૂ પાસે ગ્રહણ તથા આસેવનરૂપ બન્ને પ્રકારની શિક્ષાનો અભ્યાસ કરી શાસ્ત્રમાં બહુ દક્ષ થઇ,

એકાકી વિહાર પ્રતિમાને અંગીકાર કરી છઠ્ઠ, અઠ્ઠમ, દશમ, દ્વાદશાદિક નાના પ્રકારની તપશ્ચર્યામાં ઉદ્યુક્ત થઇ,

ગ્રામ, નગર, પુર, પાટણ અને આકર આદિકથી-વિભૂષિત એવી વિશાળ પૃથ્વી ઉપર વિહાર કરતા અને ભવ્ય પ્રાણીઓનો સદ્બોધ વડે ઉદ્ધાર કરતા આજે આ વૈતાઢ્યના ચિત્રકુટ શિખર ઉપર પધાર્યા છે.

### કેવળજ્ઞાન

વળી પ્રાપ્ત કરી છે નાના પ્રકારની પ્રતિમાઓ જેમણે અને શુકલ ધ્યાનના પ્રભાવથી ક્ષીણ થયો છે મોહ જેમનો એવા તે મુનીંદ્રને લોકાલોકને પ્રકાશ કરનાર એવું કેવલ જ્ઞાન ઉત્પન્ન થયું છે.

એ પ્રમાણે તે વિદ્યાધર કુમારનું વચન સાંભળી

**ગંધવાહન** રાજાના હૃદયમાંથી એકદમ અમંદ હર્ષ ઉભરાઇ જવા લાગ્યો અને તેનાં નેત્ર પણ પ્રફુલ્લ થઇ ગયાં.

તે ઉત્કંઠા પૂર્વક બોલ્યો. હે સંગત! તું અહીં મારી પાસે આવ, આજે મારા પૂજ્ય પિતાના કેવલ જ્ઞાનની વાર્ત્તા વડે તેં મારૂં જીવિત સફલ કર્યું.

અહો! આજે મારા આનંદની સીમા રહી નથી, એમ કહી તેણે પોતાના શરીરે પહેરેલાં સર્વ આભરણ વસ્ત્રાદિક ઉતારી તેના શરીરે પહેરાવી દીધાં અને ભંડારના અધિપતિને આજ્ઞા કરી કે, પ્રીતિ દાનમાં સાડા બાર કરોડ ઉત્તમ સોનૈયા તમે એને આપો.

ત્યારબાદ રાજાના કહ્યા પ્રમાણે તેણે તેને તે દ્રવ્ય આપ્યું. પછી તરત જ **ગંધવાહન રાજા** વિદ્યાધરોના સમુદાય સહિત પોતાના પિતાને ભક્તિ વડે વંદન કરવા માટે **ચિત્રકુટ** ઉપર ચાલ્યો.

તે સમયે વિદ્યા વડે રચેલાં વિમાનોમાં આરૂઢ થયેલા એવા પોતપોતાના પરિજન સહિત ઉત્તમ પ્રકારનાં શુભ આભરણ વસ્ત્રાદિકથી વિરાજીત સમસ્ત નગરના લોકો પણ તેની પાછળ તૈયાર થઇ ચાલવા લાગ્યા.

તેઓની સાથે મુનિમહારાજના દર્શન માટે હું પણ ચાલ્યો. અનુક્રમે મોટા આડંબર સાથે અમે સર્વે **ચિત્ર-કુટની** પાસે જઈ પહોંચ્યા.

ત્યારબાદ ચિત્રકૂટમાં પ્રયાણ કરતા ચાર પ્રકારના દેવોના સમુહ જોઈ અતિશય પ્રમુદિત થયું છે મન જેનું

એવા ગંધવાહન રાજાનું મુખારવિંદ બહુ પ્રફુલ્લ થઇ ગયું અને પોતાના સમગ્ર પરિવાર સહિત જલદી પ્રયત્નપૂર્વક તે ત્યાં ગયો.

ત્યારપછી દેવોએ કર્યો છે મહિમા જેમનો, તેમજ દેવાંગનાઓ વડે સ્તુતિ કરાતા એવા તે મુનિવરને જોઇ ત્રણવાર તેમની પ્રદક્ષિણા કરીને બહુ માન વડે અત્યંત રોમાંચિત થયું છે શરીર જેનું એવો તે રાજા, ભૂમિતલ ઉપર મસ્તક નમાવીને પંચાંગે સ્પર્શ કરીને પ્રણામ કરવા લાગ્યો.

તેમજ પ્રહર્ષ વડે નેત્રમાંથી ખરતાં છે આનંદાશ્રુ જેનાં એવો તે ગંધવાહન રાજા મસ્તકે અંજલિ જોડી પ્રભુની સ્તુતિ કરવા લાગ્યો.

## મુનિ સ્તુતિ

હે જીવ દયા પાલક! શુક્લ ધ્યાન વડે બાળી નાખ્યાં છે કર્મ રૂપી વન જેમણે,

નિર્મૂળ કર્યાં છે ભવ બંધન જેમણે,

જન્મ, જરા અને મરણના દુઃખને હરણ કરનાર!

શાશ્વતસુખના સાધનભૂત!

પ્રાપ્ત થયેલા વિશુદ્ધ કેવલ જ્ઞાન વડે સમસ્ત જ્ઞેય ભાવને જાણનાર!

યથાખ્યાત ચારિત્રને પ્રાપ્ત થયેલા એવા હે ભગવન્!

અનાદિ અનંત એવા આ સંસાર સાગરમાં પરિ-

ભ્રમણ કરતા એવા અમને હસ્તાવલંબન આપી આપ આ સંસારમાંથી તારો.

આ પ્રમાણે મુનીંદ્રની સ્તુતિ કર્યા બાદ મુનિવરના મુખકમલમાં સ્થાપન કરી છે દૃષ્ટિ જેણે અને તેમનું જ ધ્યાન ધરતો તે રાજા ઘણો દૂર નહીં તેમજ ઘણો પાસે પણ નહીં, તેવી રીતે પૃથ્વી ઉપર બેઠો.

## મુનિ દેશના

પરોપકાર કરવામાં જ એક રસિક એવા શ્રી મુનીંદ્રે ગંભીર વાણી વડે ધર્મદેશનાનો પ્રારંભ કર્યો.

હે ભવ્યાત્માઓ ! અસાર એવા સંસાર સાગરમાં પરિભ્રમણ કરતા અને પોતાના કર્મને સ્વાધીન થયેલા એવા જીવોને કુગતિઓનો બહુ વિસ્તાર હોવાથી મનુષ્ય ભવ બહુ દુર્લભ છે.

વળી તે મનુષ્યત્વ પણ જરાના ભયથી હંમેશાં વ્યાપ્ત રહે છે. તેમજ તે રોગ, શોક અને વ્યાધિઓનું સ્થાન ગણાય છે.

શારીરિક અને માનસિક અનેક દુઃખોને પડવાનું તે એક સ્થાન છે.

તેમજ મનુષ્યોની લક્ષ્મી આદિ સમૃદ્ધિઓ પવનથી કંપતી ધ્વજપતાકા સમાન ચંચલ છે.

મિત્ર, સ્વજન અને પિત્રાદિકનો સ્નેહભાવ અસ્થિર છે.

વિષય સુખ પણ પરિણામમાં દારૂણ દુઃખ આપનાર એવા નરકાદિ દુઃખોનો હેતુ થાય છે.

આરંભ અને પરિગ્રહથી સંચિત એવા પાપનો જ તે પરિણામ છે.

વળી તે પરિણામ અતિ ભયંકર એવા **બંધ** વડે જીવોને અસહ્ય પીડાને આપનાર થાય છે, છતાં મિથ્યા વિકલ્પના વશથી તે સર્વ સુખ રૂપ ભાસે છે.

તેમજ અહર્નિશ પ્રવૃત્ત થયેલો મૃત્યુ રૂપ સુભટ પ્રાણીઓના સમુદાયને ખેંચી લે છે.

આ પ્રમાણે સંસારની સ્થિતિ છતાં, હે ભવ્યાત્માઓ! સમ્યક્ પ્રકારે તમે વિચાર કરો,–સદ્બુદ્ધિ પામવાનું ફલ માત્ર એટલું જ છે કે, ધર્મ તત્ત્વોનો વિચાર કરવો જોઇએ, જેથી આત્મોન્નતિ થાય.

તેમજ આ મનુષ્ય દેહનો સાર એ છે કે, અનેક પ્રકારનાં વ્રત પાલન કરવાં.

વળી અનેક પ્રકારના યત્નોથી મેળવેલા ધનનો સાર એટલો જ સમજવાનો છે કે, સુપાત્રને સદ્બુદ્ધિથી દાન આપવું.

અને વાણીનું ફલ એ છે કે, કોઈપણ પ્રાણીને શ્રવણ કરનારને અપ્રીતિ થાય નહીં.

માટે હે મહાનુભાવો! આવો દુર્લભ મનુષ્ય ભવ પામીને તમે સદ્બુદ્ધિનો ઉપયોગ કરો.

વળી કેવલિ ભગવાને પ્રરૂપેલા સમ્યક્ ધર્મ સિવાય, આ સંસારચક્રથી ભય પામેલા અને ભવસાગરમાં ડૂબેલા એવા ભવ્ય પ્રાણીઓને બીજું કોઈ શરણ નથી.

એમ સમજી હે પુણ્યાત્માઓ! દુષ્પ્રાપ્ય એવા આ માનવજન્મને પામીને શાશ્વત્ શિવ સુખના કારણભૂત શ્રીજિનેશ્વર ભગવાને કહેલા ધર્મમાં ઉદ્યુક્ત થાઓ? અને પોતાનો જન્મ સફલ કરો.

સાવદ્ય કાર્યોનો જેમાં સર્વથા ત્યાગ રહેલો છે એવી પ્રવ્રજ્યા–મુનિદીક્ષાને ગ્રહણ કરીને કર્મ શત્રુનો નાશ કરો! અને શાશ્વતસુખમય એવા મોક્ષસ્થાનને પ્રાપ્ત કરો.

આ પ્રમાણે શ્રીકેવલીભગવાનની દેશના રૂપી અમૃતનું પાન કરી **ગંધવાહન રાજા** મસ્તકે હાથ જોડી વિનય પૂર્વક બોલ્યો.

હે ભગવન્! આપે જે જે વચન કહ્યાં તે સત્ય છે. પરંતુ મારા પુત્ર **નરવાહનને** રાજ્ય સહિત સર્વ વિદ્યાઓ વિધિપૂર્વક આપીને હું આ અસાર ગૃહવાસનો ત્યાગ કરીશ. કારણ કે ગૃહ એ મનુષ્યનો ખરેખર ગ્રાસ કરનાર છે.

**રાજપ્રશ્ન**

તે સમયે હે સુંદરી! પ્રશ્નનો સમય જાણી પ્રણામ કરી મેં પણ શ્રીકેવલી ભગવાનને પુછયું,

હે મુનીંદ્ર ! આપ કેવલજ્ઞાનના પ્રભાવથી લોકાલોકમાં રહેલા સર્વ પદાર્થોને સાક્ષાત્ જાણો છો તથા દેખો છો. તો મારા એક સંદેહને દૂર કરો.

રૂપ, ગુણ, લાવણ્ય અને વિજ્ઞાનથી સંપૂર્ણ એવી મારે એક પુત્રી છે. તેનું નામ **કનકમાલા** છે અને તે મારા પ્રાણોથી પણ મને બહુ વહાલી છે. તો એ કન્યાનો મનોભીષ્ટ સ્વામી કોણ થશે ?

હે ભગવન્ ! આ ચિંતાને લીધે હંમેશાં મારૂં હૃદય પીડાયા કરે છે. જેથી સુખની પ્રવૃત્તિ અણુમાત્ર પણ મારી નજરે આવતી નથી. માટે મારૂં મન શાંત થાય તેવી રીતે આ પ્રશ્નનો ઉત્તર કૃપા કરી આપ મને કહો કે–

તેનો ભર્ત્તા કોઇ વિદ્યાધર થશે ? કે કોઇ અન્ય થશે ? હે સુતનુ ! આ પ્રમાણે મારો પ્રશ્ન સાંભળી શ્રી કેવલી ભગવાને મને કહ્યું,

હે રાજન્ ! આ તુચ્છ બાબતમાં કિંચિત્ માત્ર પણ તું ખેદ કરીશ નહીં, કારણ કે; તે કન્યાનો ભર્ત્તા કોઇને કોઈ મળી જવાનો, ન મળે તેમ બનવું અશકય છે

વળી વિશેષે કરી આ બાબતમાં એટલું તારે ધ્યાનમાં રાખવું કે, આ વૈતાઢય પર્વતમાં સર્વ ગુણ સંપન્ન વિદ્યાધરોનું ચક્રવર્ત્તિપણું જે પાલન કરશે

તે વિદ્યાધરેંદ્ર આ તારી પુત્રીનો ભર્ત્તા થશે અને પૂર્વભવના સ્નેહથી બંધાયેલી તારી પુત્રી તે વિદ્યાધરેંદ્રને પોતાના પ્રાણથી પણ અધિક પ્રિય થશે તેમજ તેના સમસ્ત અંતઃપુરમાં તિલક સમાન તે મહાદેવી થશે.

આ પ્રમાણે કેવળી ભગવાનનું વચન સાંભળી મને ઘણો આનંદ થયો, એટલામાં ગંધવાહન રાજા મુનીંદ્રને વંદન કરી ઉભો થયો. પછી હું પણ તે રાજાની સાથે તે નગરમાં આવ્યો.

## કનકમાલાની માગણી

ત્યારપછી રાજાએ બહુ માનપૂર્વક મને કહ્યું, હે રાજન્! કનકમાલા નામની તમારી પુત્રી તમને બહુ જ વ્હાલી છે, છતાં પણ તમારે તે કોઇક પુરૂષને આપવી તો પડશે, કારણ કે એવો લૌકિક વ્યવહાર છે, તે માટે આપને કહેવાનું એટલું જ છે કે, આપની કનકમાલા પુત્રી આ મારા નભોવાહનને તમે આપો. જેથી તેનો વિવાહ મહોત્સવ કરી તેને હું મારા સ્થાનમાં સ્થાપન કરી પિતાના ચરણકમળની સેવામાં તત્પર થાઉં. અર્થાત્ દીક્ષા ગ્રહણ કરી હું મારો જન્મ સફલ કરૂં.

ત્યારપછી મેં કહ્યું, હે મહારાજ! આ સંબંધી આપને કંઈ પણ કહેવાની જરૂર નથી. આપને પુત્રી આપવી એમાં શી મોટી વાત છે? મારા પ્રાણ પણ આપના સ્વાધીન છે.

તે પુત્રીને પણ ધન્યવાદ છે કે; જે આપની પુત્રવધૂ થશે. વળી આ પ્રમાણે સંબંધ થવાથી શ્રીકેવળીભગવાનની વાણી પણ સફલ થશે, કારણ કે; તેમણે કહ્યું છે કે; વૈતાઢ્યગિરિમાં જે વિદ્યાધરોનો ચક્રવર્ત્તી રાજા થશે તેજ

કનકમાલાનો ભર્ત્તા જાણવો. માટે આપના પુત્ર સિવાય હાલમાં બીજો કોણ ચક્રવર્ત્તી થઈ શકે તેમ છે ?

આ પ્રમાણે મારૂં વચન સાંભળી પ્રફુલ્લ થયું છે મુખકમળ જેનું એવા તે ગંધવાહન રાજાએ તરત જ સોમયશ નામે જોષીને આજ્ઞા કરી કે, વિવાહનું લગ્ન ક્યારે આવે છે, તે તમે નક્કી કરો.

## લગ્ન નિરૂપણ

જોષીએ સારી રીતે યોગાયોગનો તપાસ કરી કહ્યું કે, હે નરાધીશ ! વૈશાખ સુદી પંચમીની રાત્રીએ બહુ ઉત્તમ પ્રકારનું લગ્ન આવે છે, માટે તે મુહૂર્ત આપણે નક્કી રાખવાનું છે.

આ પ્રમાણે લગ્ન નિર્ધાર્યા બાદ મેં રાજાને કહ્યું કે, હવે મને જવાની તમે આજ્ઞા આપો. જેથી હું મારા નગરમાં જઈ વિવાહ કાર્યની સમગ્ર સામગ્રી તૈયાર કરાવું.

હે સુતનુ ! પછી રાજાએ મને આજ્ઞા આપી એટલે તરત ત્યાંથી નીકળી હું અહીં આવ્યો છું.

**કનકમાલાના** વિવાહ માટે **સોમયશ** અને **આદિત્યયશ** નામે **ગંધવાહન** રાજાના મંત્રીઓ પણ મારી સાથે આવેલા છે, તેમજ આવતીકાલે પ્રભાતમાં જ **કનકમાલાનો** વિવાહ મહોત્સવ શરૂ કરવાનો છે.

હવે અહીં આપણે શું કરવું ? એમ છતાં આપણે આ **કનકમાલા** પુત્રી એક જ છે. એથી એની ઉપર

અપાર આપણો પ્રેમ છે, વળી એનો પ્રેમ ચિત્રવેગ ઉપર થયેલો છે. માટે જો આ એક પુત્રીનો પણ મનોરથ સંપાદન કરવામાં હું શક્તિમાન્ ન થાઉં તો, હે સુંદરી! મારા જીવવા વડે શું ?

શ્રી **ગંધવાહન** રાજાએ મોટા ગૌરવ સાથે પોતાના પુત્ર માટે આ આપણી પુત્રીની માગણી કરી છે, વળી મેં પણ તેની માગણીનો સ્વીકાર કરી પુત્રીને અર્પણ કરી છે, માટે હે મૃગાક્ષી ! હાલમાં તે મારૂં વચન અન્યથા કરવા માટે હું શક્તિમાન્ નથી. આ કારણથી મેં તને કહ્યુ કે મારે મોટું દુઃખ આવી પડ્યું."

## ચિત્રમાલાની ચિંતા

હે **ચિત્રવેગ** ! આ પ્રમાણે પોતાના પતિનું વચન સાંભળી મારી સ્વામિની **ચિત્રમાલા** પણ નિસ્તેજ મુખવાળી થઈ ગઈ. અહો ! અનેક પ્રકારના સુખ વૈભવો છતાં પણ દુઃખરૂપી દૂતનો પ્રભાવ કેવો છે ?

"વીર્યનો પ્રતિબંધ કરનાર એવા મંત્રના પ્રભાવથી મોટા મોટા સર્પો ભયભીત થઈ દુ:ખને આધીન થાય છે, તેમજ જળના સંયોગ સિવાય મોટા મોટા માછલાઓ તરફડીને પ્રાણાંત દુ:ખમાં આવી પડે છે. તેમજ વળી સત્પુરૂષો પણ અધર્મીઓના સહવાસથી બહુ દુઃખી થાય છે અને સુખ સમૃદ્ધિથી પરિપૂર્ણ એવા મોટા લોકો પોતાના ઉપર અતિદુઃખ આવવાથી ભારે ભયમાં આવી પડે છે."

તેમ છતાં પણ ધૈર્ય રાખી **ચિત્રમાલા** બોલી. હે સ્વામિન્ ! મારા હૃદયમાં એમ ભાસે છે કે, **ચિત્રવેગનો** વિરહ થશે તો જરૂર તે **કનકમાલા** પોતાના પ્રાણો છોડી દેશે, કારણ કે, પ્રથમ મેં આપના આગમનની વાટ જોવા બદ્દલ કેટલાંક વચન કહીને **કનકમાલાને** ધીરજ આપી છે.

હવે જો તે ચિત્રવેગની વાત નહીં બને તો જરૂર મારા કહેવા પ્રમાણે થવાનું.

ત્યારપછી **અમિતગતિ** બોલ્યો. હે સુંદરી ! હવે આ કષ્ટના સમયે મારે શું કરવું ? કદાચિત્ જો આ કન્યાને હું ન આપું તો **ગંધવાહન** રાજા જરૂર મારી ઉપર રીસાયા વિના રહે નહીં.

વળી કેવલીભગવાનના વચનથી તે રાજાનો **કનકમાલા** ઉપર ઘણો આગ્રહ થયો છે. માટે હવે જો હા કહીને તેને ન આપીએ તો આમાંથી મોટો અનર્થ જાગે અને જો તે રાજા કોપાયમાન થાય તો આપણે આ **વૈતાઢચ** ગિરિમાં રહેવું પણ મુશ્કેલ પડે. એટલું જ નહીં પણ અન્ય અનિષ્ટનો ઘણો સંભવ રહે છે. કારણ કે, મોટાની સાથે વૈર કરવું, એ વિનાશનું જ મૂળ છે અને તેવા મોટા શત્રુને ઉત્પન્ન કરવાથી દાવાનલમાં પડવા જેવું થાય છે.

જે અજ્ઞ પુરૂષો શત્રુને જાગ્રત્ કરી તે તરફ લક્ષ્ય આપ્યા સિવાય, પોતાનું અભીષ્ટ સાધવા ઈચ્છતા હોય,

તો તેઓને નિવૃત્તિ કોઈ દિવસ મળતી નથી. કારણ કે, તે શુષ્ક ઘાસની ગંજીમાં અગ્નિ સળગાવીને તેની નજીકમાં સન્મુખ પવનની લહેરમાં સૂવા જેવું છે.

માટે હે સુંદરી ! આપણે આ બાબતમાં બહુ વિચાર કરવા જેવું છે. વળી આપણે જો આ કન્યા **ગંધવાહન** રાજાને નહીં આપીએ તો તેને બલાત્કારે પણ લીધા વિના તે છોડવાનો નથી, તો પછી આપણે પોતે જ આપવી એ વધારે સારું.

કારણ કે, એમ કરવાથી આપણો સ્નેહ પણ ઉત્તરોત્તર વૃદ્ધિ પામે. અને જો આ કન્યા તે રાજપુત્રને ન આપતાં **ચિત્રવેગ**ને આપીશું તો પછી આપણા અને **ચિત્રવેગ**ના પ્રાણ આબાદ રહેવા મુશ્કેલ છે. માટે હે મૃગાક્ષી ! અહીં હવે આપણે બહુ વિકલ્પ કરવાની કંઈ પણ જરૂર નથી, તેમજ તું **કનકમાલા**ને સમજાવ કે, તે **ચિત્રવેગ**નો પ્રેમ છોડી દે.

વળી આ **નભોવાહન** રાજકુમાર ઉત્તમ કુલમાં જન્મેલો છે, પ્રિય વચન બોલવામાં બૃહસ્પતિ સમાન, સમસ્ત લોકોના મનને આનંદ આપવામાં બહુ દક્ષ, પરાક્રમમાં અદ્વિતીય, ધૈર્યમાં સાગર સમાન અને દાન આપવામાં કર્ણ સમાન, એવો તે પોતાના પિતાની લક્ષ્મી વડે વિભૂષિત છે. તેમજ **નભોહવાહન** કુમાર સમગ્ર **વૈતાઢય** ગિરિમાં રૂપ, યૌવન, કલા, વિદ્યા અને નિર્મલ ગુણો વડે વિખ્યાત છે. માટે આપણા કુલને લાયક અને

ક્રમપરંપરાથી પ્રાપ્ત થયેલો તે જ વર કનકમાલાને માટે લાયક છે.

રૂપ, યૌવન, ગાંભીર્ય અને ઉત્તમ ગુણો જેની અંદર રહેલા હોય; તેવા લાયક પુરૂષને પોતાની કન્યા આપવી; પરંતુ જેવા તેવાને કન્યા આપવી નહીં.

કન્યાની ઇચ્છા વરના રૂપ તરફ હોય છે, માતાનો વિચાર એવો હોય છે કે, મારો જમાઈ બહુ વૈભવવાળો હોય તો સારું તેમજ કન્યાનો પિતા પોતાના જમાઇની વિદ્વત્તાને પ્રસન્ન કરે છે.

વળી બાંધવ લોકો ધનની ઇચ્છા કરે છે, અને અન્ય સંબંધી લોકો મિષ્ટાન્નના ઇચ્છુક હોય છે.

એમ દરેકનો ભિન્નભિન્ન અભિપ્રાય હોય છે, પરંતુ તે સર્વ અભિપ્રાય આ **નભોવાહન** કુમારમાં સિદ્ધ થાય તેમ છે. માટે હવે આપણે બહુ વિઘ્નોથી ભરેલા બીજા પુરુષનો વિચાર કરવાની કંઈ પણ જરૂર નથી.

આ પ્રમાણે **અમિતગતિનું** વચન સાંભળી **ચિત્રમાલાએ** મને કહ્યું, હે **સોમલતે**! હવે હાલમાં આપણે શી વ્યવસ્થા કરવી?

ત્યારે મેં કહ્યું, તમે પોતે કનકમાલાનો વિચાર સારી રીતે જાણો છો, એમાં હું શું કહું? પછી ચિત્રમાલાએ મને કહ્યું, તું કનકમાલાની પાસે જા અને ગુણ તથા દોષના વર્ણનથી તે બાળા અન્ય પુરુષની

ઇચ્છા કરે છે કે કેમ? તેમ કરવાથી તેનું તાત્પર્ય જરૂર તારા સમજવામાં આવશે.

વળી તેમાં પણ તારે એવી યુક્તિ કરવી કે, બહુ જ અતિશયોક્તિ ભરેલા ગુણો વડે નભોવાહન રાજકુમારની પ્રશંસા વધારે કરવી અને ચિત્રવેગની જેમ બને તેમ નિંદા કરવી. એમ કરીને પણ નભોવાહનની સાથે તે બાળા લગ્ન કરે તેવું કાર્ય તું કર.

ત્યાર પછી મેં કહ્યું, હે સ્વામીની! શું તું પોતાની પુત્રીનો મનોગત વિચાર નથી જાણતી? જેથી મને આ પ્રમાણે તું આદેશ આપે છે?

વળી તે અન્ય પુરુષની સાથે પરણવાનું કબુલ કરે તે વાત તો દૂર રહી, પરંતુ તે આવી વાત સાંભળીને પણ જરૂર પોતાના પ્રાણ છોડી દેશે.

આ પ્રમાણે મારું વચન સાંભળી એકદમ તેણીના નેત્રોમાંથી કજ્જલ સહિત અશ્રુની ધારાઓ વહેવા લાગી, જેથી તેનાં ગંડસ્થલ ભીંજાઈ ગયાં.

મહાન્ દુઃખના આઘાતથી વિહ્‌વલ બની ચિત્રમાલા બોલી, હે ભદ્ર! તું જે બોલે છે, તે જ પ્રમાણે મારા હૃદયમાં પણ મને સત્ય ભાસે છે. પરંતુ હતાશ વિધિના વિપરીતપણાથી આપણા ઉપર આ અતિ દુષ્કર દુઃખ આવી પડ્યું છે; દૈવની આગળ કોઈનું સામર્થ્ય ચાલી શકતું નથી.

નિરપરાધી એવો પેલો મૃગલો વનમાં શુષ્ક ઘાસ ચરતો હતો, તેવામાં ત્યાં કોઈ એક પારધીની જાળમાં પકડાઈ ગયો.

પારધી આમ તેમ અન્ય મૃગોની શોધમાં ફાંફાં મારતો હતો, તેટલા અરસામાં તે મૃગલાએ દાંતથી પાશને કાપી નાખ્યો અને કૂટરચનાવાળી તે જાળને પોતે ભાંગી નાખીને એકદમ જીવ લઈ ત્યાંથી તે નાઠો.

આગળ ચાલતાં ચોતરફ ભયંકર અગ્નિની જ્વાળાઓથી વ્યાપ્ત એવું એક ભયંકર વન આવ્યું; તેમાંથી પણ પોતાનો બચાવ કરી તે મૃગલો મહામુસીબતે દૂર નીકળી ગયો.

સમયેમાં ત્યાં ધનુષબાણ ચઢાવી કેટલાક શિકારી લોકો તૈયાર થઈ ઉભા હતા. તેઓના મારનો પણ અતિ શીઘ્રગતિથી બચાવ કરી તે આગળ ઉપર દોડવા લાગ્યો;

પરંતુ છેવટે દુઃખનો માર્યો તે મૃગલો અણધાર્યો ગભરાટથી કૂવામાં પડચો અને તરત જ મરણ પામ્યો.

જુઓ! પોતાના દુઃખના ઉદ્ધાર માટે આ મૃગલાએ કેટલા ઉપાય કર્યા? પરંતુ દૈવ જ્યાં વિપરીત હોય ત્યાં પુરુષ પ્રયત્ન શું કરી શકે?

આ દુનિયામાં સુખ તથા દુઃખનો આધાર તો પ્રાયઃ દૈવના ઉપર જ રાખવામાં આવે છે, જો એમ ન હોય તો વસંત ઋતુમાં દરેક વૃક્ષો ફૂલફૂલ અને પત્રાદિકથી વિરાજીત થાય છે, પરંતુ કેરડાનું ઝાડ પત્ર વિનાનું તેવું

ને તેવું જ રહ્યા કરે છે, એમાં વસંતનો અપરાધ કેવી રીતે ગણી શકાય?

સૂર્યનો ઉદ્યોત દરેક પ્રાણીઓને પ્રકાશ આપે છે, પરંતુ ઘુવડ પક્ષીને દેખવાની શક્તિ મળતી નથી, એમાં સૂર્યનો દોષ કેવી રીતે કહી શકાય?

મેઘના આગમનથી અખિલ ભૂમંડલ શાંત થાય છે, છતાં નિરંતર મેઘનું રટણ કરનાર ચાતક પક્ષીના મુખમાં તેની એક પણ ધારા પડતી નથી; તેમાં મેઘનો દોષ કેવી રીતે ઘટી શકે?

આ ઉપરથી માત્ર એટલું સમજવાનું કે, પૂર્વ ઉપાર્જિત કર્મના અનુસારે લલાટમાં જે સુખદુઃખનો અંક નિર્માણ કરાયેલો હોય છે, તેને અન્યથા કરવાને કોઈ પણ સમર્થ થઇ શકતો નથી.

એમ સમજી અત્યંત શોકથી રૂદન કરતી પોતાની સ્ત્રીને જોઈ **અમિતગતિ** બોલ્યો.

હે સુંદરી! હવે રૂદન કરવાથી કંઈ પણ કાર્ય સરે તેમ નથી; તો પછી શા માટે નકામાં આંસુ પાડવાં?

શું તારા કરતાં મને થોડું દુઃખ છે? પરંતુ આ અન્યથા કરવાની મારી શક્તિ ચાલતી નથી; વળી મેં આ કાર્ય સંબંધી દીર્ઘકાલ સુધી ઘણો વિચાર કર્યો, પરંતુ અન્ય કોઈ પણ ઉપાય મને સૂઝતો નથી, માટે હવે સ્ત્રીબુદ્ધિ છોડી દઈને તું ભાવીનો વિચાર કર.

અને **નભોવાહનને** કન્યા નહીં આપવાથી આપણને કેટલી હાનિ તથા કેટલો ગુણ છે, તેનો તું વિચાર કર.

આ **કનકમાલા** આપણને બહુ પ્રિય છે, તેમજ આપણે એને બહુ માનદૃષ્ટિથી જોઇએ છીએ. માટે આપણે એને આ વિષયમાં ગુણદોષ સમજાવીશું, એટલે તે આપણું વચન માન્ય કરશે.

ગુરૂ અને વૃદ્ધજનોની આજ્ઞાથી જ કન્યા પોતે ભર્તાને મેળવી શકે છે. કારણ કે, સ્વયંવરાદિક પણ કુલ વૃદ્ધોની આજ્ઞા સિવાય થતાં નથી.

**નભોવાહન** રાજકુમારને એણીએ જોયો નથી, ત્યાં સુધી જ એણીનો અનુરાગ અન્ય પુરૂષ ઉપર ટકી રહ્યો છે. કામદેવના રૂપને જીતનાર તે કુમારને જોયા પછી એણીનો સ્નેહ એની ઉપર જ થવાનો છે. એમાં કોઇ પણ જાતનો સંદેહ નથી.

હે સુંદરી! હવે આપણે વિકલ્પ સંકલ્પ કરવાની કંઈ પણ જરૂર નથી.

હે સુતનુ! હવે **કનકમાલાની** પાસે જેમ બને તેમ તું જલદી જા! અને યુક્તિપૂર્વક તેને તું સમજાવ, આ પ્રસંગ બનવાથી આપણને કાંઇ પણ દુઃખ નથી.

આ પ્રમાણે **અમિતગતિના** કહેવાથી ચિત્રમાલા અને કહેવા લાગી, હે **સોમલતે**! સ્વામીના કહેવા પ્રમાણે તું ત્યાં જલદી જા, અને તેમનું વચન સિદ્ધ

થાય એવા કોઈ પણ ઉપાયો કરીને કનકમાલાને તું સમજાવ

તે સાંભળી તરત જ હું ત્યાંથી ઉભી થઈ અને કનકમાલાના આવાસમાં ગઈ; તો ત્યાં ચંદન નામે તેની એક દાસી હતી; મેં તેને પૂછયું, હાલમાં કનકમાલા કયાં છે ? તેણીએ કહ્યું કે, એ તો આ આપણા પ્રાસાદના ઉપરના માળથી નીચે ઉતરીને નિસ્તેજ મુખે આપણા ગૃહઉદ્યાન તરફ ગઈ છે.

તે સાંભળતાં જ મારા મનમાં એવો વિકલ્પ થયો કે, જરૂર એણીએ અલક્ષ્ય રીતે ત્યાં ઊભા રહીને પોતાના પિતાનું વચન સાંભળ્યું હશે, તેથી જ વિચ્છાય મુખ કરી આ બાલા ઉદ્યાનમાં ગઈ હશે, એમ મારા સમજવામાં આવે છે.

ત્યાં જઈ તે બાલા કંઇ પણ આત્મઘાતાદિક વિરૂપ ન કરે તેટલામાં, જલદી ત્યાં જઈ હું તેના નિવારણનો કોઈ પણ ઉપાય કરું.

એમ વિચારતી હું તેની પાછળ ચાલી અને ચારે તરફ તેની શોધ કરતી હું તે ગૃહઉદ્યાનમાં ગઈ.

ત્યાં ગાઢ તરૂવરોને લીધે દૃષ્ટિ પ્રસાર પણ સુખેથી ન થઈ શકે, તેવા પ્રકારના લતા મંડપો હોવાથી એકદમ તેનો પત્તો મને લાગ્યો નહીં, તેથી હું આમ તેમ ફરવા લાગી.

અનુક્રમે જોતાં જોતાં વિશાલ પત્રોથી સુશોભિત એવાં કદલીગૃહોને લીધે બહુ રમણીય એવા એક પ્રદેશમાં

બહુ પત્રોથી છવાઈ ગયેલા એક તમાલ વૃક્ષની નીચે બેઠેલી તે બાલા મારા જોવામાં આવી.

તે પ્રસંગે તે બાલા પોતાના હૃદયમાં કંઈ પણ વિચાર કરતી હોય તેમ દેખાતી હતી.

નેત્રોમાંથી ખરતાં સ્થૂલ આંસુઓ વડે તેણીનાં ગંડસ્થલ ભીંજાઇ ગયાં હતાં.

પોતાનો ધારેલો વિચાર પાર નહીં પડવાથી બહુ દુઃખને માનતી અને બહુ વ્યાકુળતામાં આવી પડેલી એવી તે **કનકમાલા** મારા જોવામાં આવી.

મેં વિચાર કર્યો, પોતાનું ઘર છોડીને આ એકલી અહીં ઉદ્યાનમાં આવી છે, માટે એ મને ન જોઇ શકે તેવી રીતે અદૃષ્ટ રહી હું જોઉં.

પોતાના પિતાનું વચન સાંભળી જાણ્યો છે સમગ્ર વૃત્તાંતનો સાર જેણીએ એવી આ બાલા શું કરે છે?

એમ વિચાર કરી મૌન મુખે ગુપચુપ એક કેળના થાંભલાની પાછળ રહી એક ક્ષણવાર હું તપાસ કરૂં છું; તેટલામાં ત્યાં જે કંઇ હકીકત બની તે તમે સાંભળો.

## કનકમાલાનો પશ્ચાત્તાપ

બહુ લાંબો નિઃશ્વાસ મૂકી **કનકમાલા** બોલવા લાગી-

હવે હાલમાં બહુ સંકલ્પ વિકલ્પ કરવાથી કંઇ પણ વળવાનું નથી. તો શા માટે મારે નકામો કાળક્ષેપ કરવો? બહુ વખત ઘણો વિચાર કર્યો છતાં પણ તે ઈષ્ટ-

જનની સાથે મારો પુણ્યરહિત અને દુર્ભાગિણીનો સમાગમ ન થયો. તે સર્વ હતાશ દુર્દૈવનો જ વિલાસ છે.

અરે! સમાગમનું સુખ તો દૂર રહ્યું, પરંતુ તેના દર્શનની આશા પણ દુર્લભ થઈ ગઈ.

તેના વિયોગજન્ય દુ:ખને લીધે ફુટી જતું હૃદય મેં હજી સુધી ધારી રાખ્યું છે; માટે હે હૃદય! શું હજી તને કોઇ પણ આશા છે કે; જેથી ક્ષણમાત્ર દેખેલા સ્વામીના વિયોગરૂપ વજ્ર વડે તું ભેદાયેલું છે, છતાં પણ હજુ તું જલદી ફુટી જતું નથી.

પતિનો વિરહ કરાવનાર એવું પિતાનું વચન સાંભળીને હે હૃદય! તું શત ખંડ નથી થતું; એ ઉપરથી હું એમ માનું છું કે, વજ્રથી જ તારી ઘટના થયેલી છે.

માતા અને પિતાને પણ હું બહુ પ્રિય છું; એ પ્રકારનો જે ગર્વ મારા હૃદયમાં હતો તે પણ હાલમાં ઉતરી ગયો.

હે પુત્રી! "આ કાર્ય બહુ સુગમ છે, એ સંબંધી તારે કંઇ પણ વિષાદ કરવો નહીં," એવાં વચનો વડે અત્યાર સુધી મને મારી માતાએ છેતરી.

"હે પુત્રી! જેની ઉપર તારી ઈચ્છા હશે, તેની સાથે તારૂં લગ્ન કરાવીશ." આ પ્રમાણે પિતાએ કહેલું હતું; છતાં પણ પોતાનું વચન તેમણે આજે અન્યથા કર્યું.

મારૂં વૃત્તાંત જાણતા છતાં પણ પિતા જો અન્યથા

કરવા ધારે છે, તો પછી મારી મનોવાંછિત સંપત્તિનો સંભવ કયાંથી થાય?

હે હૃદય! આ પ્રમાણે તું જાણે છે, છતાં પણ આશાને કેમ છોડતું નથી? જેથી હજુ પણ ઇષ્ટજનના સમાગમમાં ઉત્કંઠિત થયેલા જીવિતને તું ધારણ કરે છે?

પોતાના સ્વામિના તાબામાં રહેલા તાતનો પણ આ બાબતમાં કોઇ પ્રકારનો દોષ નથી. કારણ કે, લોકમાં પણ પ્રસિદ્ધપણે આ વાત સંભળાય છે કે, **સેવકભાવ** એ ખરેખર દુઃખદાયક છે.

કેટલાક પંડિતોએ સેવાવૃત્તિને કુતરાની વૃત્તિસમાન કહેલી છે, પરંતુ તેઓનું કહેવું તે યથાર્થ નથી. કારણ કે; કુતરો તો પૂંછડા વડે પોતાના પાલકને પ્રીતિ ઉપજાવે છે અને સેવક તો મસ્તક વડે ચાટુપણું કરે છે. માટે ભૃત્યવૃત્તિ બહુ કઠિન છે અને તેમાં કોઇ પણ પ્રકારનું સુખ નથી.

સેવકને સ્વપ્નમાં પણ સુખનો પ્રસંગ મળતો નથી; કારણ કે, જો તે મૌનમુખે રહે તો મૂર્ખ ઠરે છે.

બોલવામાં કુશળ હોય તો તે વાચાલ ગણાય છે,
ક્ષમા વડે થોડું બોલે તો તે બીકણ ગણાય છે.

કોઈનું વચન સહન ન કરે તો તે ઘણું કરીને ઉલ્લંઠ ગણાય છે.

તે સ્વામીની પાસે રહે તો ઉદ્ધત ગણાય છે અને જો દૂર રહે તો સામાન્યતામાં લેખાય છે.

માટે સેવાધર્મ એ ઘણો ગહન છે અને તે યોગીઓને પણ અગમ્ય છે.

હવે અહીંયાં મારે પિતાનો દોષ કાઢવાનો નથી.
જો કે, રૂપ વડે કામદેવના સ્વરૂપને જીતનાર હોય,
યદ્યપિ સર્વ સંપત્તિઓથી સંપૂર્ણ હોય.
અથવા ઉત્તમ વંશમાં ઉત્પન્ન થયેલો હોય,
કિંવા ઇંદ્રસમાન વિભૂતિવાળો હોય તો પણ

મનોવાંછિત એવા તે પુરુષને છોડી હું અન્ય પુરૂષ તરફ દૃષ્ટિ કરૂં નહીં.

હે હૃદય ! એવો જો તારો નિશ્ચય હોય તો શા માટે તું વિલંબ કરે છે ?

અતિ દુર્લભ એવો આ પ્રસંગ તને પ્રાપ્ત થયો છે, એમ જાણીને હે હૃદય ! ચિંતિત અર્થમાં તું ઉદ્યુક્ત થા, જેથી નિર્વિઘ્નપણે તારી ઈષ્ટ સંપત્તિ તને સિદ્ધ થશે.

એમ કરવાથી **ગંધવાહન** રાજા પણ મારા પિતાનો કોઈ પણ પ્રકારે દોષ કાઢશે નહીં, તેમજ દુઃસહ એવા મારા વિયોગ દુઃખનો પણ વિનાશ થશે.

હે **ચિત્રવેગ** ! આ પ્રમાણે બહુ વિકલ્પ કરીને તે બાળા મરણનો નિશ્ચય કરી તમાલવૃક્ષની ઉપર ચઢી.

**મરણ સાહસ**

બાલાનું આ સાહસ જોઇને મારું શરીર એકદમ કંપવા લાગ્યું; મેં બોલવાનો ઘણોએ પ્રયત્ન કર્યો પણ

મારી જીભ ચાલી શકી નહીં; મારા શરીરના સર્વ સંધીઓ સ્થિર થઇ ગયા.

ત્યારબાદ **કનકમાલા** તમાલ વૃક્ષની શાખાએ ચઢીને પોતાના ઓઢવાના વસ્ત્રનો એક છેડો શાખાએ બાંધ્યો અને બીજો છેડો પોતાને ગળે બાંધ્યો.

ત્યારપછી તે ક્ષમાપૂર્વક બોલવા લાગી, હે **જનની**! બાલ્યઅવસ્થાથી આરંભીને જે કંઈ મારાથી તારો અપરાધ કરાયો હોય તે સર્વની તારે મારા ઉપર ક્ષમા કરવી.

હે **તાત**! સ્નેહને લીધે પ્રથમ જે કાંઇ આપને મેં ક્લેશ આપ્યો હોય, તે સર્વ મારા અપરાધની હાલમાં આપ ક્ષમા કરશો. કારણ કે, હવે હું પરલોકમાં પ્રયાણ કરૂં છું.

જનની સમાન હાર્દિક સ્નેહને ધારણ કરતી એવી હે **સોમલતે**! તારો પણ જે કંઇ અપરાધ મારાથી કરવામાં આવ્યો હોય તેની તારે પણ ક્ષમા કરવી.

ઉત્તમ સ્નેહને ધારણ કરતી એવી હે સખીઓ! જે કંઇ મારાથી આપનો અવિનય કરાયો હોય તેની તમારી પાસે હું ક્ષમા માગું છું.

ક્ષણમાત્ર દૃષ્ટિગોચર થયેલા અને હૃદયની અંદર રહેલા એવા હે **વલ્લભ**! આપ મારૂં વચન સાંભળો?

હે **સ્વામિન**! પ્રાણ ત્યાગના સમયે મારે કંઈક પ્રાર્થના કરવાની છે.

તમારા સમાગમથી રહિત એવી મેં મંદભાગિનીએ

આ જન્મ તો વ્યતીત કર્યો; પરંતુ હે સ્વામિન્ ! અન્ય ભવમાં તમે જ મારા પ્રાણેશ્વર થશો.

હે સ્વામિન્ ! અન્ય પણ મારે આપને કહેવાનું છે. જો કે, આ મારૂં વચન બહુજ નિષ્ઠુર છે, તો પણ આપની આપત્તિને દૂર કરવા માટે ખાસ મારે કહ્યા વિના ચાલે તેમ નથી.

મારા પ્રાણથી પણ અધિક પ્રિય એવા હે સ્વામિન્ ! મારા હૃદયમાંથી હવે તમે નીકળી જાઓ.

કારણ કે, મેં ગળામાં પાશ નાખ્યો છે, તેથી હવે કંઠના રોધથી તમે પછી નીકળી શકશો નહીં, માટે જલદી તમે ચાલ્યા જાઓ.

હું માનું છું કે, દુષ્ટ દૈવને મારા મરણ સંબંધી બીજુ કંઈ પણ કારણ મળી શક્યું નહીં; તે માટે તમારી સાથે મારા દર્શનનો યોગ તેણે કર્યો.

હે વન દેવતાઓ ! કૃપા કરી મારૂં એક વચન તમે સાંભળો.

આપના પ્રસાદથી જન્માંતરમાં પણ ક્ષણમાત્ર જોએલો અને ઈષ્ટ એવો પુરૂષ મને પ્રાપ્ત થાઓ, પરંતુ અન્ય કોઈ ન થાય એવી હું પ્રતિજ્ઞા કરૂં છું. એમ સર્વની ક્ષમાપના માગી તેણીએ પોતાનો દેહ તે શાખા ઉપરથી એકદમ નીચે મુખે લબડતો મૂકયો.

તે સમયે આકાશવાણી થઈ.

**આકાશવાણી**

હે ભદ્રે! બહુ ઉત્સુક થઇ તું આવું સાહસકાર્ય મા કર! મા કર!! તે **ચિત્રવેગ** જ તારો ભર્ત્તા થશે; એમાં કોઈ પણ સંદેહ નથી.

હે સુંદરી! તેજ લગ્નના દિવસે તેની સાથે તારૂં પાણિગ્રહણ થશે; માટે એ સંબંધી કિંચિત્ માત્ર પણ તારે વિષાદ કરવો નહીં',

એમ આકાશવાણી થયા બાદ તરતજ તેણીનો પાશ તુટી ગયો; એટલે હું પણ ભયમાંથી મુક્ત થઈ અને મારૂં શરીર પણ શુદ્ધિમાં આવ્યું, જેથી હું તેની પાસે ગઈ.

ત્યારબાદ તે **કનકમાલા** મને જોઈ લજ્જિત થઈ નીચે મુખે જોઇ રહી.

પછી મેં કહ્યું કે, હે પુત્રી! તારાં માતાપિતા વિગેરેને બહુ દુઃખદાયક એવું આ સાહસ કરવું તને યોગ્ય નથી. વળી આત્મઘાત કરવો, એ મોટું પાપ ગણાય છે.

જેઓ મોહબુદ્ધિથી મુઝાઇને આપઘાત કરે છે, તેઓ બહુ દુઃખી થાય છે, એટલું જ નહીં પરંતુ તેને ચિરકાલ નરકની વેદનાઓ સહન કરવી પડે છે.

આત્મહત્યાથી થયેલા પાપની નિવૃત્તિ થવી બહુ અશકય છે; જેથી તે આત્મહત્યા વજ્રલેપસમાન ગણવામાં આવી છે. તો પછી આવી અસહ્ય વેદનાઓની આગળ આ તારૂં દુઃખ શા હિસાબમાં છે? તેથી તું સ્વલ્પ દુઃખને માટે આ અકૃત્ય કરવા તૈયાર થઈ હતી.

શ્રીજિનેંદ્ર ભગવાને કહેલા, મોક્ષ સુખના કારણભૂત એવા વિશુદ્ધ ધર્મના સ્વરૂપને વિષયમાં વ્યામૂઢ થયેલો જે પ્રાણી જાણતો નથી; તે મનુષ્યલોકમાં અતિ નિંદિત એવો આત્મઘાત કરવામાં બીલકુલ વિચાર કરતો નથી. અર્થાત્ તે આત્મઘાત કરે છે.

પરંતુ હે સુભગે ! તું કંઇ તેવી અજ્ઞાત નથી, જેથી આ અકૃત્ય તારે કરવું પડે છે? ધર્મની વાત તો દૂર રહી.

પરંતુ લોકમાં પણ આમ કરવાથી કેટલી ખરાબી દેખાય ?

વળી તારાં માતાપિતાને આ વાત સાંભળીને કંઇ દુઃખનો પાર રહે ખરો ?

ત્યારબાદ તે બોલી. હે અંબે ! આવા અસહ્ય દુઃખના સમયે અમારા સરખાંને મરણ સિવાય અન્ય ઉપાય શો કરવો ?

વલ્લભનો વિરહ વેઠવા કરતાં મરણ કરવું, એ કંઇક સારૂં છે. કારણ કે; વિરહ દુઃખ અમને બહુ જ અસહ્ય લાગે છે.

મરણનું દુઃખ તો એક જ વાર છે, કે જેથી સર્વ દુઃખ તેની અંદર સમાપ્ત થાય છે. માટે એની શ્રેષ્ઠતા અમને માલુમ પડે છે.

ત્યારબાદ મેં તેણીને પૂર્વોક્ત સર્વ વૃત્તાંત નિવેદન કર્યું. વળી ફરીથી પણ મેં કહ્યું કે;

હે પુત્રી ! હાલમાં તારૂં પરિહાસ થાય તેવું કરવાથી

શું ? પછી તેણીએ લજ્જા છોડી દઈને મને કહ્યું.

આ જન્મમાં તો અન્ય પુરૂષનો હાથ મારા હસ્ત-કમલમાં લાગે તે વાત બીલકુલ તમારે સમજવી નહીં.

તે સાંભળી કિંચિત્ હાસ્ય કરી હું બોલી; દેવતાના વચનથી તારો ધારેલો મનોરથ સિદ્ધ થશે, પરંતુ તારા પિતા **ગંધવાહન** રાજા પાસેથી કેવી રીતે છુટા થશે ?

એમ તેઓ બંનેનો સંવાદ ચાલતો હતો, તેવામાં ફરીથી આકાશવાણી થઈ, તમારે હવે બહુ વિકલ્પ કરવા નહીં, પ્રથમ મારૂં એક વચન તમે સાંભળો !

**સોમલતા** અહીંથી જઈ આ બાળાના પિતાને કહે કે, મેં બહુ પ્રકારે સમજાવી, ત્યારે **કનકમાલાએ** કહ્યું છે કે, પિતાજી જે પ્રમાણે આજ્ઞા કરે તે સર્વ મારે સર્વથા માન્ય છે.

વળી આ બાબતમાં જો સારૂં થશે તો તે પિતાની જ શોભા કહેવાશે; માટે નિઃશંક થઈ આપ તેનાં લગ્નાદિક કાર્ય કરો અને એમ કરવાથી અનુક્રમે આપને કોઇપણ પ્રકારે હરકત આવશે નહીં."

આ પ્રમાણે દેવતાનું વચન સાંભળી 'હે **ચિત્રવેગ** ! અમને બહુ જ સંતોષ થયો, પછી મેં તેણીને કહ્યું.

હે પુત્રી ! તારા મનોવાંછિત અર્થમાં તારે કોઇપણ સંદેહ કરવો નહીં.

તેવા પ્રકારના કપટ વડે પણ પોતાના પિતાનું

વચન તારે માનવું અને આ પ્રમાણે દેવતાનું વચન બીજા કોઈની આગળ તારે કહેવું નહીં.

કારણકે, આ વૃત્તાંત જો રાજાના જાણવામાં આવે, તો તે વિરૂપ આચરણ કરે. એટલા માટે આ વાત છુપાવી રાખવી, કેમકે, આ વાત જો પ્રગટ થાય તો લોકપરંપરાએ રાજા પણ તે વાત જાણી જાય અને અવશ્ય તે રાજા તારા સ્વામીનું અશુભ કર્યા સિવાય રહે નહીં.

ત્યાર બાદ **કનકમાલા** બોલી. હે અંબે ! તમારૂં વચન સત્ય છે, એમાં કોઈ પ્રકારનો સંદેહ નથી.

માટે હવે તમે વેળાસર અહીંથી પધારો ! અને આ બાબતનો ઉદ્યમ કરો ! અહીં બહુ કહેવાની કંઈપણ જરૂર નથી.

તે સાંભળી હું તરત જ ત્યાંથી નીકળી **ચિત્રમાલાની** પાસે ગઈ અને તેને કહ્યું.

મેં **કનકમાલાને** બહુ પ્રકારે સમજાવી એટલે તેણીએ કહ્યું છે કે;

મારા પિતાની ધ્યાનમાં આવે અને જે પ્રમાણે મારી માતા મને આજ્ઞા કરશે, તે પ્રમાણે વર્ત્તવાને હું તૈયાર છું.

મારા માતા પિતાને જે અનુકુલ હશે, તે મને પણ અનુકુલ જ છે; એમને જે રૂચે તે મને પણ રૂચેલું જ છે, એમાં મને પૂછવાની કંઈ પણ જરૂર નથી.

વળી મારા પિતાનો જે રીતે અભ્યુદય થાય અને

તેમને કોઈ પણ પ્રકારની આપત્તિ આવે નહીં, તે પ્રમાણે મારે પણ કરવું. અન્યની મારે શી જરૂર છે ?

આ પ્રમાણે સાંભળી **ચિત્રમાલા** પોતાના પતિ પાસે ગઈ અને સર્વ વૃત્તાંત તેમને નિવેદન કર્યું, તે સાંભળી **અમિતગતિ** બહુ ખુશી થઈ બોલ્યો.

અહો ! પિતૃભક્તિમાં સ્નેહવાળી મારી પુત્રીએ બહુ સારૂં કર્યું, આ ઉપરથી એના વચન તથા વિજ્ઞાન અને દાક્ષિણ્યતાની ઉત્કૃષ્ટતા કેટલી છે, તે સ્પષ્ટ દેખાઇ આવે છે. સંતતિ આવી વિનયવાળી જ હોવી જોઈએ.

### લગ્ન મહોત્સવ

રાજા અને અમાત્યમંડલ વિગેરે સર્વ મળીને તેઓએ તે **કનકમાલાના** શુભ લગ્ન માટે પ્રભાતકાલમાં આ મોટો ઉત્સવ પ્રારંભ્યો છે, જેથી સર્વ લોકોમાં મહાન્ આનંદ થઈ રહ્યો છે.

આવો પ્રસંગ જોઈ હે **ચિત્રવેગ** ! તમારૂં હૃદય શાંત કરવા માટે **કનકમાલાના** કહેવાથી હું અહીં આવી છું. હવે આપના મનમાં આપે કોઈપણ પ્રકારનો સંશય કરવો નહી. એમ કહેવા માટે ખાસ મારે આપની પાસે આવવું પડ્યું છે.

હે સુંદર ! આ અતિ ઉત્તમ લગ્નની વાત સાંભળીને તમારે બિલકુલ મન દુભાવવું નહીં. કારણ કે દેવનું

વચન કોઇ દિવસ મિથ્યા થાય નહીં; માટે તે કનકમાલા તમને જ પોતાને વરવાની છે.

આ પ્રમાણે હે નાથ! ખાસ કનકમાલાએ મારા મુખથી આપને કહેવરાવ્યું છે.

વળી વિશેષમાં તેણે કહ્યું છે કે, તમને મૂકીને અન્ય પુરૂષનો હાથ મારા હસ્તકમલને આ જન્મમાં તો અડકવાનો નથી.

જો તે દેવનું વચન સત્ય થશે, તો હું મારા પોતાના પ્રાણને ધારણ કરીશ, અન્યથા મરણ એજ મારૂં શરણ છે. આ મારો સત્ય નિશ્ચય છે. કારણ કે ઉત્તમજનો પોતાની પ્રતિજ્ઞાનો ત્યાગ કરતા નથી.

"સમુદ્રમંથન કરતાં તેમાંથી કાલકૂટ વિષ નીકળ્યું. તેનો કોઈ પણ ગ્રાહક ન મળ્યો, ત્યારે શંકરે તેનો સ્વીકાર કર્યો અને તે ત્યાજ્ય છે, છતાં પણ હજુ તેનો તેમણે ત્યાગ કર્યો નથી.

પોતાના ખાસ પીઠભાગ ઉપર કૂર્મ—કાચબાએ પૃથ્વીને ધારણ કરી છે. તે પણ તેના અસહ્ય ભારથી કંટાળી તેનો ત્યાગ કરતો નથી.

સમુદ્ર પણ દુઃખે વહન કરી શકાય તેવા વડવાગ્નિને હંમેશાં ધારણ કરે છે, પરંતુ તેનો ત્યાગ કરતો નથી.

એનું કારણ માત્ર એટલું જ છે કે, સુજ્ઞ જનો પોતે સ્વીકારેલી પ્રતિજ્ઞાનો ભંગ કરતા નથી."

હે સુપ્રતિષ્ઠ ! સોમલતાનું વચન સાંભળવાથી તે વખતે મારૂં હૃદય કંઈક સ્વસ્થ થયું, ત્યારબાદ મેં વિચાર કર્યો.

કેવલી ભગવાને આ પ્રમાણે કહ્યું છે, પૂર્વભવના સ્નેહથી બંધાયેલી ભાર્યા આ જન્મમાં મનુષ્યને પ્રાપ્ત થાય છે, માટે તે વચન ખરેખર સંભવે છે, પરસ્પર એકબીજાના દર્શનથી અમારો ગાઢ અનુરાગ પ્રગટ થયો છે.

વળી લોકપ્રવાદ સંભળાય છે કે, જાતિનું સ્મરણ કરનારા દરેક મનુષ્યોનાં નેત્રો પ્રિયનું દર્શન થવાથી વિકસ્વર થાય છે અને દ્વેષીનું અવલોકન કરવાથી તરત મીંચાઇ જાય છે. માટે આ વાત સત્ય થવાની છે.

પરંતુ આ પ્રસંગ બનવો મને બહુ જ દુર્ઘટ લાગે છે. કારણ કે, રાજકુમારે પરણેલી સ્ત્રી મારે સ્વાધીન કેવી રીતે થાય ? અથવા દૈવગતિ બળવાન્ છે. અસંભવિત કાર્ય પણ સંભવિત દેખવામાં આવે છે.

જે વસ્તુનો અસંભવ માનવામાં આવે, તે વસ્તુ પણ પ્રત્યક્ષપણે દેખવામાં આવે છે. અર્થાત્ જે થવાનું હોય છે, તે લાખ ઉપાયે પણ થાય છે.

જેમકે, નાળીએરની અંદરથી મિષ્ટ જળ નીકળે છે તે સર્વ લોકોને વિદિત છે; પરંતુ તે પાણીનો પ્રવેશ તેમાં કેવી રીતે થયો હશે, તેનો ખ્યાલ કરવો પણ બહુ અશક્ય છે.

તેમજ જે વસ્તુ જવાની થાય છે, તે કોઇપણ પ્રકારે

રહી શકતી નથી, જેમકે હાથીએ ગળેલા કેઠાની આકૃતિ અખંડિત રહે છે, છતાં તેની અંદરનો ભાગ સર્વથા નષ્ટ થાય છે.

અર્થાત્ તે કોઠાના ગર્ભને જવાનું કોઇપણ છિદ્ર હોતું નથી, છતાં પણ જવાની વસ્તુ જાય છે અને થવાનું હોય તે થયા કરે છે.

એમ વિચાર કરી મેં **સોમલતાને** પાનનું બીડું આપ્યું અને કહ્યું, હે અંબે ! હવે જે કંઇ આ બાબતમાં નવાજુની બને તેની ખબર તમારે પોતે આવીને મને આપવી.

**સોમલતાએ** પણ કહ્યું,

હે સુભગ ! આ કાર્ય સંબંધી આપ કોઇ પ્રકારની ચિંતા કરશો નહીં. આપના કાર્યમાં હું હાજર છું, એમ કહી તે પ્રણામ કરી પોતાના સ્થાનમાં વિદાય થઈ.

**સ્વપ્નનો અર્થ**

ત્યારપછી **ભાનુવેગ** બોલ્યો.

પ્રથમ જોયેલા તે સ્વપ્નનો લેશમાત્ર કોઈ પણ અર્થનો મેં નિશ્ચય કર્યો છે, તેનું તું શ્રવણ કર !

પ્રથમ જે તેં પુષ્પની માલા જોઈ, તે આ **કનકમાલા** સમજવી; તેણીનો જે રાગ તે તેનું ગ્રહણ જાણવું, વળી તેણીની જે અપ્રાપ્તિ તે તેનું લગ્ન જાણવું.

આટલો અર્થ હું સ્પષ્ટ સમજી શકયો છું અને બાકીનો અર્થ સ્પષ્ટ રીતે મારા સમજવામાં આવ્યો નથી.

વળી કંઈક **સાધારણ** અર્થ જાણું છું, તે પણ તું સાંભળ. કોઈપણ પુરૂષે ઉપાય વડે તે પુષ્પમાલા તને પાછી આપી, તેમ તે **કનકમાલા** પણ પુનઃ તને પ્રાપ્ત થશે.

તે માલા તારા હાથમાંથી પડી ગઈ, તે ઉપરથી તે **કનકમાલા** બહુ દુર્ધર એવી આપત્તિને પામશે. તેમજ તે આપત્તિથી કોઈપણ પુરૂષ તેનું સંરક્ષણ કરી પુનઃ તારી પાસે લાવી મૂકશે.

માટે તે સ્વપ્નનો પરિણામ બહુ સારો છે. એમ મેં નિશ્ચય કર્યો છે.

તે સાંભળી મેં તેને કહ્યું.

હે સુભગ! આપે જે નિશ્ચય કર્યો છે, તે ખરોખર છે. કારણ કે આવો અર્થ ઘટે છે, પરંતુ આ લાભ સિદ્ધ થવો એ ઘણો જ દુર્ઘટ છે.

તે સાંભળી **ભાનુવેગ** બોલ્યો.

હે મહાનુભાવ! જો દૈવ અનુકુલ હોય તો આ લોકની અંદર એવી કોઇ પણ વસ્તુ નથી, કે જે પ્રાપ્ત ન થઈ શકે? એમ મારૂં માનવું છે.

**લગ્નદિવસ**

હે **સુપ્રતિષ્ઠ**! આ પ્રમાણે પ્રતિદિન તેની કથાના વિનોદને લીધે તેની પ્રાપ્તિની આશા વડે કેટલાક દિવસો મારા ચાલ્યા ગયા.

અનુક્રમે લગ્નદિવસ નજીકમાં આવ્યો, ત્યારે વિદ્યાધરોના પરિવારથી સુશોભિત અને બંધુજનનો સમુદાય

જેની સાથમાં રહેલો છે એવો **નભોવાહન** રાજકુમાર મોટા ઉત્સવસહિત **કનકમાલાને** પરણવા માટે ત્યાં આવ્યો.

એટલામાં પંચમી તિથિ પણ આવી પહોંચી. ત્યારે અપરાન્હ કાળના સમયે મારા હૃદયમાં વિકલ્પ ઉત્પન્ન થયો. અરે ! તે દેવતાનું વચન શું અહીં વૃથા થશે ? અથવા કંઇ પણ તેના કહેવા પ્રમાણે ચિન્હ દેખાતું નથી. માટે મને તો એમ જ લાગે છે કે, તે બનવું મુશ્કેલ છે, તેમજ **સોમલતાનું** કહેવું પણ સર્વ વૃથા થયું.

એમ વિચાર કરતાં મારૂં હૃદય એકદમ ઉદ્વેગથી ઘેરાઈ ગયું; અને કોઇપણ પ્રકારે મારું ધૈર્ય રહ્યું નહીં. તેથી હું તે નગરમાંથી બહાર નીકળ્યો અને અસ્વસ્થ ચિત્તે તે ઉદ્યાનમાં ગયો.

ત્યાર પછી પ્રથમ મેં જ્યાં આગળ તેણીને જોઇ હતી, તેજ હીંચકાવાળા વૃક્ષની નીચે જઈ હું બેઠો.

પછી હું વિચાર કરવા લાગ્યો, હવે મારે શું કરવું ? યોગ્યાયોગ્ય કાર્યનો વિચાર કર્યા સિવાય કોઈપણ સાહસ કાર્ય કરવું નહીં.

"વ્યવહારમાં નિપુણ એવા કોઈ પણ પુરૂષે લોભબુદ્ધિથી સાહસકાર્ય કરવું નહીં. કારણ કે, અવિવેકી પુરૂષો અતિશય આપત્તિઓનું સ્થાન થઈ પડે છે.

વિચારવંત પુરૂષને દરેક સંપત્તિઓ અન્યની પ્રેરણા સિવાય આપોઆપ પોતે જ પ્રાપ્ત થાય છે. કારણ કે

તેઓ ગુણાનુરાગિણી હોય છે.” માટે મારે અહીં વિવેકી થવું જોઇએ.

એમ મેં વિચાર તો કર્યો, પરંતુ ચિત્તની વ્યાકુળતાને લીધે હું અનુચિત વિકલ્પ કરવા લાગ્યો.

### દુર્વિકલ્પ.

અરે ! મારા દેખતાં મારી સ્ત્રી પારકાના હાથમાં ગઈ અને દૈવવાણીની આશામાં પડી રહીને મેં કોઇ જાતનો ઉપાય પણ કર્યો નહીં. વળી હાલમાં કોઈપણ અન્ય ઉપાય કરવાની મારી શક્તિ નથી.

તેમજ આ પ્રમાણે કાર્ય થયું તો પણ મારે તેના પ્રત્યે ગાઢ બંધાયેલો અનુરાગ કોઇપણ રીતે તુટતો નથી. ઉલટો પ્રતિસમયે વિરહને લીધે સંતાપ વધતો જાય છે.

તેમજ જેનો લાભ થવો અશક્ય હોય છે, તે મનુષ્ય ઉપર જે પુરૂષ અનુરાગ કરે છે, તે નાની તળાવડીના પાણીની માફક પ્રતિદિવસ શોષાઇ જાય છે; માટે દુષ્પ્રાપ્ય વસ્તુની વાંછા કરવી તે દુઃખજનક છે.

આજ સુધી પ્રિયાનો સમાગમ થશે, એવી આશા મને છોડતી નહોતી, પરંતુ આજે તો તે સંબંધી સર્વ મારો વિચાર નિર્મૂલ થઇ ગયો. જેથી મારૂં હૃદય પ્રચંડ દુઃખથી ઘેરાઈ ગયું, હવે મારે તેને કેવી રીતે સ્થિર રાખવું, તેનું પણ મને બીલકુલ ભાન રહ્યું નહીં.

તેથી હું ચિંતા કરવા લાગ્યો કે, હવે મારે શું કરવું ? અથવા અહીં બહુ વિકલ્પ સંકલ્પ કરવાની જરૂર

નથી. કારણ કે, મોટા વિરહ દુઃખને શાંત કરવામાં પ્રાણ ત્યાગ કરવો એજ યોગ્ય ઉપાય છે.

જો કે, વિવેકી એવા ઉત્તમ પુરૂષોને આ આત્મઘાત કરવો એ ઉચિત નથી. કારણ કે, "આત્મઘાત કરનાર પ્રાણી મહાપાપી ગણાય છે." તો પણ મારૂં જીવિત તેણીના વિરહથી રહી શકે તેમ નથી.

માટે તેણીના આંદોલનથી પવિત્ર થયેલા આ તરૂવરની જ શાખાએ પાશ વડે મારા દેહને બાંધીને હું મારા પ્રાણનો ત્યાગ કરૂં, અન્યથા દુઃખની શાંતિ થવાની નથી.

અહો! હું કોણ? અને કયા રસ્તે ચાલનાર? છતાં આવા અધર્મ માર્ગનું મારે સ્મરણ કરવું, સર્વથા અઘટિત છે. પરંતુ વિરહી પુરૂષ ધર્માધર્મને દેખી શકતો નથી.

ઘુવડ વિગેરે પ્રાણીઓ આંખ હોવા છતાં પણ દિવસે દેખી શકતા નથી, અર્થાત્ દિવસે આંધળા હોય છે. તેમજ કેટલાક અન્ય પ્રાણીઓ રાત્રીએ દેખતા નથી.

વિવેકરૂપી નેત્ર વિનાનો કામી પુરૂષ તો તેઓ બન્નેથી વિચિત્ર પદ્ધતિનો હોય છે. કારણ કે, કામથી અંધ બનેલો પુરૂષ તો રાત્રી અને દિવસે બીલકુલ દેખી શકતો નથી.

વળી કર્તવ્ય અને અકર્તવ્યમાં મૂઢ બનેલો પુરૂષ

પોતાનું હિત સાધી શકતો નથી. તેમજ પાપકર્મમાં ઉદ્યુક્ત થયેલાઓને ધર્મપ્રાપ્તિ દુર્લભ થઈ પડે છે.

"જેઓનું હૃદય પાપક્રિયામાં આસક્ત હોય, તેઓના ચિત્તમાં ધાર્મિક કથાઓ બીલકુલ સ્થાન પામતી નથી.

ગળીમાં રંગેલા વસ્ત્ર ઉપર કુંકુમનો રંગ ચઢાવવો કોઈ ધારે તો પણ તે ચઢી શકતો નથી."

અહીં આશ્ચર્ય એ છે કે, આવા બુદ્ધિમાન્ પુરૂષો પણ આવાં અધમ જનને લાયક કાર્ય કરતાં બીલકુલ અચકાતા નથી.

આનું મૂલ કારણ તો માત્ર વિષયવાસના જ છે, જેથી આવો ઉત્તમ મનુષ્ય દેહ મળવા છતાં પણ તુચ્છ વસ્તુના મોહથી કેવી પાપપ્રવૃત્તિમાં પડવું પડે છે!

કુમાર્ગમાં પડેલા પ્રાણીઓ પાપકાર્યોમાં પુરતો પ્રયાસ કરે છે, તેમજ કોઇ સજ્જનનો પ્રસંગ પ્રાપ્ત થાય છતાં પણ તેઓ ધર્મનું આચરણ કરતા નથી. એ મોટું એક આશ્ચર્ય આ મનુષ્યલોકમાં જોવા મળે છે.

સ્વાભાવિક પ્રાપ્ત થયેલા દૂધનો ત્યાગ કરી કેટલાક જનો વિષપાનમાં રૂચી ધરાવે છે.

મૂઢ પુરૂષની બુદ્ધિ પાપનું જ આચરણ કરે છે.

હે ભવ્યાત્માઓ! જેના હૃદયમાં બીલકુલ દયા ન હોય તેવો અધમ પુરૂષ પાપ કરતાં છેવટ સુધી અટકતો નથી.

જેના હૃદયમાં દયા હોય છે, તેવો મધ્યમ બુદ્ધિનો મનુષ્ય જ્યારે આપત્તિમાં આવી પડે છે, ત્યારે પાપાચરણ છોડી દે છે.

પોતાના પ્રાણો છુટી જાય તો પણ સજ્જન પુરૂષ સમુદ્ર જેમ કાંઠાનો ત્યાગ કરી આગળ ચાલી શકતો નથી, તેમ પોતાના સદાચારનો ત્યાગ કરવા સમર્થ થતો નથી. અર્થાત્ પોતાની કુલમર્યાદા છોડતો નથી.

પાપી પુરૂષો પાપમાંને પાપમાં રખડયા કરે છે.

ઉદરમાં રહેલા અન્નને પચાવનાર જઠરાગ્નિ હોય છે, વૃક્ષોનાં ફલ પણ પોતાના સમય પ્રમાણે પાકી જાય છે, તેમજ રાજા પણ કુમંત્રો વડે વિપાકદશાને અનુભવે છે અને પાપી પુરૂષ પોતાના પાપ વડે બહુ દુઃખી થાય છે.

આ સંસારની અંદર કોઇ પણ જીવ કોઇ પણ કારણને લીધે હંમેશાં પ્રાયે દુઃખી જ હોય છે. એમાં કંઇ નવાઈ જેવું નથી.

જે નિર્ધન હોય છે, તેને હંમેશાં ધનની ચિંતા રહ્યા કરે છે.

જેની પાસે પુષ્કલ દ્રવ્ય હોય છે, તે તેનું રક્ષણ કરવામાં અત્યંત વ્યાકુળ રહે છે.

જે સ્ત્રી વિનાનો હોય છે, તે ચારે તરફ સ્ત્રી માટે ફાંફાં માર્યા કરે છે કે, હવે હું કયો ઉપાય કરૂં તો મને સ્ત્રી પરણવા મળે, એમ તેની બુદ્ધિ વિચાર કર્યા કરે છે.

જેને સ્ત્રી મળી હોય છે, તે વિચારે છે કે, મારે હવે પ્રજા ક્યારે થશે ? અને તે પણ અભિગ્રહ પૂર્ણ થયા બાદ પણ હંમેશાં અનેક રોગોથી તે પીડાયા કરે છે. પરંતુ કોઈ પણ માનવ કોઈ પણ સમયે સુખી જોવામાં આવતો નથી.

હું પણ આ અસહ્ય એવા વિરહ દુઃખથી અત્યંત પીડાઉં છું. તો હવે મારે પૂર્વોક્ત વિચાર જ કાયમ રાખવો ઠીક છે. એમ નિશ્ચય કરી તે વૃક્ષ ઉપર હું ચઢી ગયો અને ગળે પાશ નાખી કહેવા લાગ્યો.

રે દૈવ ! છેવટની હું તને આટલી પ્રાર્થના કરૂં છું કે, દુર્લભ એવા મનુષ્ય ઉપર મારો સ્નેહ કોઇ જન્માંતરમાં પણ તારે કરાવવો નહીં.

પ્રાણી માત્ર રાગથી બંધાય છે, અને તે બંધનમાં પડયા બાદ બહુ અધર્મ ગતિને પ્રાપ્ત થાય છે.

દરેક દુઃખો રાગથી ઉત્પન્ન થાય છે, વળી તે દુઃખને સ્વાધીન થયેલો પ્રાણી કોઇપણ ઠેકાણે સ્થિર બુદ્ધિથી શાન્ત થતો નથી. પરંતુ નિરંતર દુઃખમાં જ પોતાની સ્થિતિ ગુજારે છે.

હવે આ સંબંધી મારે કંઇપણ વિચારવાનું રહ્યું નથી.

કારણ કે, તે કેવલીભગવાનનું વચન, આકાશમાં થયેલી તે દેવવાણી અને તે સ્વપ્ન આ સર્વની ઉપર આધાર રાખી આજ સુધી પ્રિયાની આશામાં મેં મારા દિવસો વ્યતીત કર્યા.

પરંતુ હે દૈવ! હાલમાં તે વચનાદિક સર્વે તેં વૃથા કર્યાં.

એમ કહી તરતજ મેં મારા દેહને અધોમુખે ત્યાં લટકતો કર્યો.

પછી શરીરના ભારથી ગળાની અંદર રહેલો પાશ સજ્જડ બેસી ગયો.

જેથી મારો કંઠ રૂંધાઈ ગયો.

નાડીઓ ખેંચાવા લાગી.

અંગોમાં સર્વત્ર વેદનાઓ પ્રસરવા લાગી.

નેત્રોનું તેજ મંદ પડી ગયું.

પવનનો સંચાર બંધ પડવા લાગ્યો.

હાથપગ વગેરે અવયવ અસ્તવ્યસ્ત થઈ ગયા.

ઉદર પણ વાયુથી ભરાઇ ગયું.

ઇન્દ્રિયોનો વિષય બંધ પડી ગયો.

અનુક્રમે ચૈતન્યશક્તિ બહુ ક્ષીણ થઈ ગઇ.

એમ સર્વથા દુઃખોથી હું ઘેરાઈ ગયો.

ત્યાર બાદ હે **સુપ્રતિષ્ઠ!** ઇન્દ્રિયોનો વ્યાપાર બંધ પડવાથી બેભાન હાલતમાં હું પડ્યો હતો, તેટલામાં કંઈક ચેતનામાં હોવાથી એક શબ્દ મારા સાંભળવામાં આવ્યો.

હે ભદ્ર! કાયર પુરુષોએ આચરવા લાયક આવું સાહસકાર્ય કરવાને તું લાયક નથી. માટે સર્વથા આ કાર્ય તારે નહીં કરવું જોઈએ.

દેવતાઓને દુર્લભ એવા આ મનુષ્યદેહને આવા અકાર્યનું આચરણ કરી શા માટે તું નષ્ટ કરે છે ?

અરે ! આ માનવભવ મહાપુણ્યથી પ્રાપ્ત થાય છે.

અનેક પૂર્વભવોમાં ઉપાર્જન કરેલા પુણ્યના ઉદયથી અત્યંત દુર્લભ એવો આ મનુષ્યજન્મ પ્રાપ્ત થાય છે. છતાં આવા તુચ્છ કાર્યને લીધે તેનું કંઇપણ સાર્થકપણું કરવામાં ન આવે, તો તે પુરુષનું જીવન અસાર છે. અર્થાત્ આ મનુષ્યભવ પામી તેણે કંઇપણ કર્યું ગણાય નહીં.

## પાશનો છેદ

જ્યારે તે દિવ્ય શબ્દ નહીં જેવો મારા સાંભળવામાં આવ્યો; તેટલામાં કોઈક પુરુષ ત્યાં આવ્યો અને વૃક્ષની શાખાએ મને લટકતો જોઈ એકદમ તેણે મારા ગળાનો પાશ કાપી નાખ્યો; તેમજ મને સાચવીને નીચે સુવાડીને ઠંડો પવન નાખવા લાગ્યો.

ત્યારપછી તે પુરુષ હિમસમાન શીતલ એવા પ્રવાહનું પાણી લાવી મારા શરીરે સિંચન કરવા લાગ્યો, તેથી મારું હૃદય ફરકવા લાગ્યું અને કંઇક શુદ્ધિનાં ચિહ્ન દેખાયાં.

પછી તેણે ધીમે ધીમે મારા સર્વ અંગનું મર્દન કર્યું. તે વખતે મારાં નેત્ર મૂર્છાથી મીંચાઇ ગયેલાં હતાં. તેમજ સ્વપ્ન સમાન બાહ્ય સ્થિતિને હું અનુભવતો હતો. પછી મને તેણે ઉપાડીને સુકોમલ પલ્લવોથી રચેલી શય્યા ઉપર સાચવીને સુવાડી દીધો.

અહો ! સજ્જન પુરુષો નિરપેક્ષ બુદ્ધિએ કેવા ઉપકાર કરે છે ? આ દુનિયામાં આવા સત્પુરૂષો બહુ વિરલા હોય છે.

આ દુનિયામાં સંગ્રામની અંદર જય મેળવનાર શૂરવીર પુરૂષો હજારો વિદ્યમાન છે.

તેમજ દરેક સ્થળે વિવિધ વિદ્યાઓના જાણકાર સેંકડો પુરૂષો દષ્ટિગોચર થાય છે.

વળી ઋદ્ધિમાં કુબેર સમાન અથવા તેથી અધિક પણ લક્ષ્મીવાન્ પુરૂષો આ સૃષ્ટિમાં ઘણા જોવામાં આવે છે.

પરંતુ દુઃખથી પીડાયેલા અન્ય માનવને સાંભળીને અથવા જોઈને જેમનું મન તદાકાર થઈ જાય તેવા સત્પુરૂષો આ જગતમાં પાંચ કે છ જોવામાં આવે છે. અર્થાત્ બહુ થોડા હોય છે.

વળી ફરીથી તે સત્પુરૂષે પવનાદિક અનેક પ્રકારના બહુ શીતલ ઉપચાર કર્યા, તેથી મારી કેટલીક વેદના શાંત થઈ.

ત્યારપછી ક્ષણ માત્રમાં હું સાવધાન થઇ ગયો અને મારાં નેત્ર ઉઘડી ગયાં.

તે સમયે ત્યાં બેઠેલો ઉત્તમ સંસ્થાનવાળો અને ભરયુવાવસ્થાને શોભાવતો સાક્ષાત્ કામદેવ સમાન એક ભવ્ય પુરૂષ મારા જોવામાં આવ્યો.

તે પુરૂષે મને કહ્યું, હે ભદ્ર ! હવે આપને કયાં પીડા થાય છે ? મેં મારો કંઠ બતાવ્યો, ત્યારે તેણે મર્દનાદિક ઉપચાર વડે મારા કંઠની પીડા પણ દૂર કરી.

મારી સર્વ પીડાઓ દૂર થવાથી હું સાવધાન થયો.

પરંતુ વિરહાનલની પીડાથી મારાં અંગો બળતાં હતાં, મુખમાંથી મોટા શ્વાસ ચાલતા હતા અને વિરહ સંબંધી ખેદને લીધે મારું હૃદય બહુ વ્યાકુલ હતું.

## પુરુષનો ઉપદેશ

વિરહ દુઃખને લીધે મુખની કાંતિ બહુ જ ઝાંખી થયેલી અને નેત્રોમાંથી અશ્રુધારા ચાલુ હતી. તેમજ હસ્તતલમાં લમણાનો ભાગ સ્થાપન કરી શૂન્યની માફક મને બેઠેલો જોઈ તે દયાલુ પુરૂષ બોલ્યો.

હે સુંદર ! તારા સરખા ઉત્તમ પુરૂષોને કુગતિના દ્વારભૂત અને અધમ પુરૂષોએ આચરેલો એવો આત્મવધ કરવો ઉચિત નથી. કારણ કે, ઉત્તમપુરૂષો આપત્કાલમાં વ્યાકુલ થતા નથી.

વિપત્કાળમાં ધૈર્ય રાખવું.

અભ્યુદના સમયે ક્ષમા રાખવી.

સભાની અંદર બોલવામાં દક્ષતા રાખવી.

રણસંગ્રામમાં પરાક્રમની બુદ્ધિ રાખવી.

ઈચ્છા રાખવી હોય તો માત્ર યશ મેળવવાની રાખવી.

ધર્મશાસ્ત્રોના શ્રવણનું જ વ્યસન રાખવું.

આ સઘળી પ્રવૃત્તિઓ મહાત્માઓને સ્વભાવ સિદ્ધ હોય છે.

હે મહાશય ! તું કોણ છે ? તારા પિતાનું નામ શું ?

તું ક્યાંથી આવ્યો છે ? ગળે પાશ નાખવાનું તારે શું કારણ ?

હે સુંદર ! તું ગાઢ શોકમાં શાથી આવી પડયો છે ?

નિરંતર ભારે અશ્રુપાત શા માટે કરે છે ?

આ પ્રમાણે તેનાં વાક્ય સાંભળીને પ્રથમ તો મેં મોટા નિઃશ્વાસ મૂકયા, પછી મેં કહ્યું.

હે સુતનુ ! વૃથા આ વાર્તા કહેવાથી શું ફલ ? જેના કહેવાથી કંઈપણ ગુણ થાય તો તે કહેવું યોગ્ય ગણાય. અન્યથા ફોતરાં ખાંડવાની જેમ કહેવાથી કંઇપણ ફલ નથી.

બધિરની આગળ વાર્તાલાપ કરવો તે વૃથા છે.

પાણી વલોવવું તે પણ અર્થ વગરનું છે.

અશક્ય એવી કોઈપણ વાર્તા પોતાને ઇષ્ટ હોય, પરંતુ તે અન્યની આગળ નિરર્થક વ્યક્ત કરવી તે ફોતરાઓને ખાંડવા સમાન નિષ્ફલ થાય છે.

હે મહાશય ! પોતાનું કાર્ય પ્રાયે નાશ પામ્યા પછી તે કહેવાથી પણ તેનો નિવારક કોણ થઈ શકે !

પાણી ગયા પછી પાળ બાંધવી એથી શો ગુણ થાય ? અર્થાત્ શ્રમ સિવાય અન્ય કંઈપણ ફલ નથી.

મરણ થયા બાદ મનુષ્યોને સુધામય અંબુપાન કરાવવું શા કામનું ?

જન્માંધ પ્રાણીઓની આગળ વસ્ત્રાદિક અલંકારોની શોભા દેખાડવાથી એમને શો આનંદ ઉપજવાનો છે?

સમુદ્રની અંદર વૃષ્ટિપાત થાય તો પણ તેથી જીવાત્માઓને શું ફલ થઈ શકે ?

તેમજ પાણી ગયા પછી તેને રોકવા માટે જેઓ પાળ બાંધવાનો શ્રમ ઉઠાવે, તેનું કંઇપણ ફલ નથી. મારે પણ હવે આપની આગળ વાર્તા કરવાથી માત્ર કંઠશોષણ જ છે, તેથી આપને કહેવાનું મારે એટલું જ છે કે, આપ કૃપા કરી મારા આ કાર્યમાં વિઘ્નભૂત થશો નહીં.

હવે મારે પ્રાણ ત્યાગ કર્યા સિવાય છુટકો નથી. કારણ કે તે સિવાય મારૂં દુઃખ જાય તેમ નથી.

આવા દુઃસહ દુઃખને આધીન થઈ હું હવે જીવવાની આશા બિલકુલ રાખતો નથી. માટે મારા દુઃખનો ઉદ્ધાર જો આપે કરવા ધાર્યો હોય તો હું જે કરૂં છું, તેમાં તમારે હવે વચ્ચે પડવું નહીં.

ત્યારપછી તે પુરૂષ બોલ્યો. હે ભદ્ર ! આ પ્રમાણે આ કુકૃત્યનો આગ્રહ તું છોડી દે.

પ્રથમ આનું મૂલ કારણ શું છે? તે તું મને જણાવ કારણ કે, વૃત્તાંત જાણ્યા પછી કોઈ ઉપાય પણ મળી આવે છે.

ત્યારપછી મેં તેને સર્વ પૂર્વોક્ત મારી વાર્ત્તા સવિસ્તર ઠેઠ પાશબંધન સુધીની કહી સંભળાવી.

પછી હે **સુપ્રતિષ્ઠ** ! તે વાત સાંભળી તેણે મને કહ્યું, હે ભદ્ર ! માત્ર યુવતીને માટે ઉત્તમ પુરૂષોએ આ પ્રમાણે પ્રવૃત્તિ કરવી ઉચિત નથી, તેમાં પણ નીતિશાસ્ત્રમાં કુશલ એવા તારે તો વિશેષે કરીને આવું કાર્ય સર્વથા ન કરવું જોઇએ.

કારણ કે, જીવતા પુરૂષો સેંકડો શુભ કાર્યોના ભોક્તા થાય છે. જીવતો માણસ સેંકડો ભદ્ર જોઇ શકે છે.

વળી હે સુભગ ! તું ધન્યવાદને લાયક છે. કારણ કે, તમે બન્ને જણ તો પરસ્પર એકબીજાની વાર્તા અન્ય દ્વારા સાંભળી શકો છો.

તેમજ દેવવાણી થયેલી છે, જેથી તેણીના સમાગમની આશા પણ બંધાયેલી છે.

વળી અન્યોઅન્ય ભાવને સૂચવનાર એવા એક નગરમાં તમારા બંનેનો નિવાસ છે. તો પછી શા માટે તું આટલો બધો શોક કરે છે ?

ધન્યવાન્ અને પુણ્યવાન્ પણ તું છે. વળી પુણ્ય હીન તો ખરેખર હું જ છું કે, તેણીનું દર્શન તો દૂર રહ્યું, પરંતુ દર્શનની આશા પણ દુર્લભ થઇ પડી છે. તો પણ હું પ્રાણ ધારણ કરૂં છું. તારી જેમ કંટાળતો નથી.

વળી હે ભદ્ર ! તમારે વાર્તાલાપનો સંબંધ ક્રમ-પરંપરાએ વિદ્યમાન છે, તો પછી તારૂં દુઃખ શા હિસાબમાં છે ? અને હું તો મારી મનોભીષ્ટ સ્ત્રીના સ્થાનાદિકની પ્રવૃત્તિને પણ જાણતો નથી. તો મને કેટલું બધું દુઃખ થતું હશે ?

ત્યાર પછી મેં તેને કહ્યું.

હે મહાશય! પ્રથમ તમે તમારૂં વૃત્તાંત મને કહો; તમે પોતાની સ્ત્રીનું સ્થાન પણ કેમ જાણતા નથી? તમે કયા નગરમાં રહો છો? અને શા માટે અહીં આવ્યા છો?

ત્યારપછી તે બોલ્યો. હે ભદ્ર! એકાગ્ર મન કરી મારૂં વૃત્તાંત તું સાંભળ.

અનેક વિદ્યાધરોના નગરોથી વિરાજીત એવા આ **વૈતાઢય** પર્વતમાં ઉત્તરશ્રેણી છે, ત્યાં **સુરનંદન** નામે ઉત્તમ નગર છે. તે નગરમાં ત્રિક–(ત્રણ,) ચતુષ્ક (ચાર) રસ્તાઓના સંયોગ અનેક સ્થલે શોભે છે.

તેમજ અનેક પુષ્પ વાટિકાઓ જેની આસપાસ સુગંધી આપી રહી છે.

કિલ્લાની વિશાલતા અદ્‌ભુત પ્રકારની દીપી રહી છે અને શોભામાં તે ઇંદ્રપુરી સમાન આનંદ આપે છે.

**હરિશ્ચંદ્ર વિદ્યાધરેંદ્ર**

આ **સુરનંદન** નગરમાં સ્વાધીન છે સમગ્ર વિદ્યાઓ જેને તેમજ સર્વે વિદ્યાધરોના સમુદાય જેના ચરણ કમળમાં પ્રણામ કરે છે.

કમલની પાંખડી સમાન ભવ્ય છે નેત્રો જેનાં,

સમસ્ત જનોનાં નેત્ર અને હ્રદયને આનંદ આપનાર,

અદ્‌ભુત પરાક્રમ વડે શત્રુઓનો પરાજય કરનાર,

સૂર્યની માફક તેજસ્વી પુરૂષોના સમગ્ર તેજનો પરાજય કરનાર,

અખંડિત પ્રતાપને ધારણ કરતો,

મદોમન્ત વૈરી રૂપી હસ્તીઓને ભેદવામાં સિંહના બાલ સમાન,

દિગંતોમાં પ્રસરી ગઈ છે વિમલ કીર્તિ જેની

વિદ્યાધરોમાં સુપ્રસિદ્ધ એવો **હરિશ્ચંદ્ર** નામે વિદ્યાધરેંદ્ર રહે છે.

કમલ સમાન મુખવાળી, નીલકમલના પત્ર સમાન મનોહર નેત્રવાળી, કમલના મધ્ય ભાગ સમાન સ્નિગ્ધ છે શરીરની કાંતિ જેની એવી **રત્નવતી** નામે તેની સ્ત્રી છે.

વળી તે સ્ત્રી સમગ્ર અંતઃપુરમાં પ્રધાનપણે રહેલી છે. પોતાના પ્રાણથી પણ પ્રિય એવી તે દેવી સાથે ધર્મ, અર્થ અને કામમાં સારભૂત એવા વિષય સુખને અનુભવતાં તે વિદ્યાધરેંદ્રના કેટલાક દિવસ વ્યતીત થયા.

## પ્રભંજન અને બંધુસુંદરી

ત્યારપછી **રત્નવતીને** દેવ કુમાર સમાન તેજસ્વી કુમાર ઉત્પન્ન થયો.

ઉચિત સમયે માતા પિતાએ **પ્રભંજન** એવું તેનું નામ પાડયું.

તેમજ અદ્વિતીય છે રૂપ અને લાવણ્ય જેનું એવી **બંધુસુંદરી** નામે તેણીને એક પુત્રી થઇ.

અનુક્રમે તેઓ બન્ને નવીન યૌવન અવસ્થાને પામ્યાં.

કોઈએક દિવસે તેઓ બન્ને જણ પરસ્પર પ્રેમને

ધારણ કરતાં એક સ્થાનમાં એકાંત જગાએ એકઠાં થઈ બેઠાં હતાં. તેવામાં એક બીજાની સાથે વાર્તાલાપ થયો.

અવસર જાણી **પ્રભંજન** બોલ્યો.

હે બહેન ! આપણી આવી અપૂર્વ પ્રીતિ બંધાઈ છે; તે જોઇ મને બહુ આનંદ થાય છે.

પરંતુ ભવિષ્યમાં પણ તે પ્રીતિ તેવીને તેવી વૃદ્ધિ પામતી રહે તેમ મારી ઇચ્છા છે.

માટે તારે પ્રથમ જે પુત્ર અથવા પુત્રી થાય તે મારા પુત્ર અથવા પુત્રીને આપવાં અને મારે જે પ્રથમ થશે તે તારા પુત્રને અથવા પુત્રીને આપીશ.

આ પ્રમાણે પરસ્પર:સંબંધ કરવાથી આપણો સ્નેહ ઘણા કાલ સુધી સારી રીતે જાગ્રત રહેશે.

તે સાંભળી સહોદરના અતિશય સ્નેહમાં મગ્ન થયેલી **બંધુસુંદરીએ** તે પ્રમાણે પોતાના ભાઇનું વચન માન્ય કર્યું.

**ચિત્રલેખા**

**વૈતાઢય** પર્વતમાં ઉત્તર શ્રેણી છે, તેમાં સર્વઋતુ સંબંધી અનેક ફલ પુષ્પોથી વિરાજીત, નાના પ્રકારનાં વૃક્ષોના સમુદાય વડે સુશોભિત, **ચમરચંચા** નામે નગરી છે.

તે નગરીમાં **ભાનુગતિ** નામે ખેચરેંદ્ર રહે છે, જેના પરાક્રમના શ્રવણ માત્રથી વૈરીઓ ગુહાઓના આશ્રય લઇ સૂર્યના પ્રકાશમાં ઘુવડની જેમ ગુપ્ત વૃત્તિને પાલન કરે છે;

રૂપ અને સૌભાગ્યમાં કામદેવ સમાન તેમજ તે પ્રમદા જનના હૃદયને અતી આનંદ આપવામાં અગ્રણી એવા તે **ભાનુગતિ** વિદ્યાધરેંદ્રને **હરિશ્ચંદ્ર** વિદ્યાધરે પોતાની **બંધુસુંદરી** નામે કન્યાને બહુ પ્રીતિપૂર્વક ઘણા મોટા ઉત્સવ સાથે પરણાવી.

**ભાનુગતિ**એ પણ ઉત્તમ રૂપ, ગુણ અને શીલથી વિભૂષિત જાણી તેણીનો સ્વીકાર કર્યો.

ત્યારપછી તેણીની સાથે બહુ પ્રેમપૂર્વક પાંચ પ્રકારના વિષય સુખને અનુભવતા તેમજ પોતાના રાજ્યનું પાલન કરતા, તે ખેચરેંદ્રના દિવસો આનંદપૂર્વક વ્યતીત થવા લાગ્યા.

એમ અનુક્રમે કેટલોક સમય વ્યતીત થતાં તેણીને એક પુત્રી ઉત્પન્ન થઈ.

જેણીના શરીરની કાંતિને લીધે આજુબાજુના દિગ્વિભાગો પ્રકાશિત થઇ ગયા અને ઉચિત સમયે **ચિત્રલેખા** એવું તેનું નામ પાડ્યું.

ત્યારપછી તે દેવીએ અતિ સુંદર સ્વપ્નોથી સૂચિત એવા એક ઉત્તમ અને તેજસ્વી પુત્રને જન્મ આપ્યો.

માતાપિતાએ મહોત્સવપૂર્વક ઉત્તમ તિથિ, વાર, નક્ષત્ર અને યોગ્ય સમયમાં **ચિત્રગતિ** એવું નામ પાડ્યું.

## સુમુખચારણ શ્રમણ

**હરિશ્ચંદ** રાજા પણ **સુમુખ** નામે ચારણ મુનિના ચરણકમલમાં સિદ્ધ સુખના દ્વારભૂત, સંસારસમુદ્રમાં

યાનપાત્ર સમાન, પરમશાંતિનું મૂલકારણ એવા અતિ પવિત્ર શ્રીજૈનધર્મને સાંભળીને,

સંસાર વાસથી ભયભીત થઇ ગયો. અને વિષય-ભોગને વિષસમાન ગણુવા લાગ્યો,

અરે ? આ ગૃહાવાસ એજ કારાગૃહ છે, એમ જાણીને તે રાજા રાજ્ય વ્યાપારથી ઉદ્વિગ્ન થયો.

અને પોતાના પુત્ર **પ્રભંજનને** રાજ્યમાં સ્થાપન કરીને પોતે ગુરુ મહારાજના ચરણુમાં સર્વનિવૃત્તિના કારણુ-ભૂત એવું ચારિત્રવ્રત અંગીકાર કર્યું.

અનુક્રમે તે **હરિશ્ચંદ્રમુનિ સુમુખ** ચારણુમુનિની પાસે નિરવદ્ય ચારિત્ર પાલવા લાગ્યા અને દ્વાદશાંગી વિગેરે શાસ્ત્રોનો અભ્યાસ કર્યા બાદ ગીતાર્થ થયા.

ઉત્તમ ચારિત્રના પ્રભાવથી કર્મજાળને ખપાવી અંતકૃત્ કેવલી થયા.

અહો ! ચારિત્રનો પ્રભાવ કેવો છે ? નિર્મલ જ્ઞાનદિક ગુણો જેના આધીન થાય છે, એટલું જ નહીં પણુ શાશ્વ-તસુખ પણુ તેનાથી જ પ્રાપ્ત થાય છે. કહ્યું છે.

જે ચારિત્રને સદ્ભાવપૂર્વક પાલન કરવાથી અસત્ કર્મોનો ક્ષય કરવા પ્રયાસ કરવો પડતો નથી.

મલીન સ્વભાવવાળી યુવતિ, પુત્ર અને સ્વામીનાં કટુ વાકયોના દુઃખને સહન કરવાનો પ્રસંગ આવતો નથી.

ચારિત્રની મહત્તાને લઇને નૃપાદિકને પ્રણુામ કરવો પડતો નથી.

ભોજન, વસ્ત્ર, દ્રવ્ય કે સ્થાન વિગેરેની કોઈ પણ ચિંતા બીલકુલ રહેતી નથી,

ઉત્કૃષ્ટ જ્ઞાનની પ્રાપ્તિ થાય છે.

લોકો બહુ પૂજ્ય ભાવથી ચારિત્રવાન સાધુઓની ભક્તિ કરે છે.

શાંતિસુખમાં બહુ પ્રીતિ રહે છે.

આલોકમાં ઉત્તમ સુખસાધન મેળવીને દેહાંતમાં મોક્ષાદિકની પ્રાપ્તિ થાય છે.

માટે હે ભવ્ય પ્રાણીઓ! ચારિત્રમાં આ સર્વ ગુણો રહેલા છે, એમ સમજી સદ્બુદ્ધિનો ઉપયોગ કરો કરો ? અને ઉત્તમ ચારિત્ર પાળવામાં હંમેશાં યત્ન કરો ? જેથી ઉભય લોકનું કાર્ય સિદ્ધ થાય. જુઓ ! હરિશ્ચંદ્ર મુનિરાજ ચારિત્રના પ્રભાવથી અંતકૃત્ કેવળી થયા.

**પ્રભંજન રાજા**

બહુ પ્રતાપી **પ્રભંજન** પણ વિદ્યાધરોનો અધિપતિ થયો.

હંમેશાં પ્રમાદરહિત પોતે નીતિપૂર્વક રાજ્ય ચલાવે છે.

નિઃશંક થઈ પિતાએ આપેલા રાજ્યના અભ્યુદયમાં જ નિરંતર પ્રેમ ધરાવે છે.

મિત્ર અને શત્રુ તરફ નીતિનો ભંગ કરતો નથી.

કોઈ પણ વ્યસનીને પોતાના રાજ્યમાં સ્થાન આપતો નથી.

પક્ષપાતરહિત સ્વપરને સૌમ્યદૃષ્ટિથી જુએ છે.

ઉત્તમ વંશમાં જન્મેલી અને સૌભાગ્યાદિકગુણોના આવાસભૂત **કલહંસીકા** તથા **મંજુષા** નામે તેને બે સ્ત્રીઓ છે. તેઓ બન્નેનું સમસ્ત અંતઃપુરમાં પ્રધાનપણું છે.

**જ્વલનપ્રભ અને કનકપ્રભ**

તે બંનેની સાથે ભોગવિલાસ કરતાં **પ્રભંજન** રાજાનો કેટલોક સમય વ્યતીત થયો, પછી **કલહંસિકાને** એક પુત્ર થયો. તેનું **જ્વલનપ્રભ** નામ પાડ્યું, તેમજ **મંજુષાને** પણ એક પુત્ર થયો, તે લઘુ પુત્રનું **કનકપ્રભ** નામ સ્થાપન કર્યું.

હવે પોતાના બંધુનું તે વચન **બંધુસુંદરી** દેવીના સ્મરણમાં રહ્યા કરે છે પોતાની પુત્રી **ચિત્રલેખા** પણ યૌવન અવસ્થામાં આવી પહોંચી.

તેને પરણાવવા લાયક જોઈ **બંધુસુંદરીએ** પણ પોતાના પતિ **ભાનુગતિ** તે પોતાના ભાઇનું વચન સવિસ્તર કહી સંભળાવ્યું.

ત્યાર પછી **ભાનુગતિ** રાજાએ પોતાની પુત્રી તે **ચિત્રલેખાને**, રૂપમાં બહુ તેજસ્વી એવા **પ્રભંજનના** જ્યેષ્ઠ પુત્ર **જ્વલનપ્રભની** સાથે પરણાવી.

તેણે પણ પોતાને યોગ્ય જાણી પ્રીતિપૂર્વક તેણીનો સ્વીકાર કર્યો.

સ્ત્રી અને પુરૂષનું જોડલું. જો સમાન હોય તો

તેઓનો ગૃહાવાસ બહુ સારી રીતે સુધરે છે.

ગુણ અને રૂપ વડે જેઓ સમાન ભાવવાળા હોય,
ધારણા વિષયમાં સમાન પ્રકૃતિ જેમની હોય.
સમાનકુલમાં જેઓ ઉત્પન્ન થયેલાં હોય.
તેવાં સ્રી–પુરૂષોનાં જોડલાં સુખેથી વિલાસ કરે છે.

ત્યાર પછી તે **જ્વલનપ્રભ** રાજા **સુરનંદન** નગરની અંદર તેણીને લઇ ગયો.

પ્રેમાળુ સ્વભાવવાળી તે **ચિત્રલેખાની** સાથે ઉત્તમ પ્રકારે વિષયભોગનો અનુભવ કરતો **જ્વલનપ્રભ** રાજા દેવલોકમાં દેવની માફક આનંદપૂર્વક વિલાસ કરવા લાગ્યો.

**પ્રભંજન રાજા**

એક દિવસ વિદ્યાધરોનો અધિપતિ **પ્રભંજન** રાજા આકાશમાં ચંદ્ર સમાન ઉજ્વલ અને દેવના મંદિર સમાન ગૌરકાંતિને ધારણ કરતા એક પ્રાસાદને જોઇ વિચાર કરવા લાગ્યો.

અહો ! આ કેવો સુંદર પ્રાસાદ દીપી રહ્યો છે. એની આકૃતિ પ્રમાણે બહુ મજાનો એક જિનપ્રાસાદ હું બંધાવું.

પોતાના મનમાં એમ નિશ્ચય કરી ઉભો થઇને મણિમય ભૂમિમાં તે પ્રાસાદની આકૃતિ ચિતરવા માટે જેટલામાં તે પ્રવૃત્ત થાય છે, તેટલામાં એકદમ પવનના આઘાતથી હણાયેલ મેઘનું તે વાદળું સર્વથા વિખરાઈ

ગયું અને ક્ષણમાત્રમાં શ્યામ આકાશમંડલનો દેખાવ જોઇ પોતે હૃદયની અંદર વિચાર કરવા લાગ્યો.

આ વાદળની માફક પુરૂષોની સંપદાઓ અસ્થિર છે. જેમ આ વાદળનો ખંડ ક્ષણમાત્ર જોવામાં આવ્યો અને ક્ષણમાત્રમાં નષ્ટ પણ થઈ ગયો.

તેમ સર્વે પદાર્થો પ્રાણીઓને ક્ષણ માત્ર આનંદ આપનાર થાય છે.

વળી રૂપ, જીવિત, યૌવન અને સર્વ પ્રકારના બંધુઓના સંબંધો પણ એ પ્રમાણે અનિત્ય છે.

આ સંસારવાસને ધિક્કાર છે.

બાલ્યાવસ્થામાં જે રૂપ હોય છે તે યૌવનમાં અને જે યૌવનમાં હોય છે, તે વૃદ્ધાવસ્થામાં હોતું નથી. અર્થાત્ ઉત્તરોત્તર નવીનતાને પામે છે, એમાં સંદેહ નથી.

કહ્યું છે કે—

કોઈપણ વસ્તુ એવી નથી કે, સદૈવ નિર્ભયપણે એકરૂપે રહી શકે!

જેમ કે, ભોગની અંદર રોગોનો ભય રહ્યો છે.

પોતાના કુળની સ્થિતિ બહુ ઉત્તમ પ્રકારની હોય છે, પરંતુ તેમાં પણ અવનતિનો ભય રહે છે.

અનેક પ્રયત્નથી ભાગ્યવાન્ પુરૂષો દ્રવ્ય મેળવી શકે છે, પરંતુ તેનો સદુપયોગ કરવો તે ભાગ્યે જ બની શકે છે.

કારણ કે, તેની ઉપર રાજા વિગેરેનો સતત ભય રહે છે.

શાસ્ત્રનો અભ્યાસ અથવા શ્રવણ કરવાથી ઉત્તમ પ્રકારનું જ્ઞાન મળે છે. પરંતુ તેમાં પણ વિતંડાવાદનો ભય હોય છે.

રૂપ અને સૌંદર્ય દૈવયોગે કેટલાક જનોને પ્રાપ્ત થાય છે, પણ અવસ્થાંતરના ભેદે કરીને તે રહી શકતું નથી. અર્થાત્ તેમાં જરા દેવીનો ભય રહે છે.

કેટલાક સ્વધર્મની અપેક્ષાએ મૌન રાખી પોતાની પ્રવૃત્તિ કર્યા કરે છે, પરંતુ તેમાં દીનતાનો ભય જાગ્રત્ રહે છે. અર્થાત્ તે દીનપણાને લીધે છોડવું પડે છે.

કોઈપણ સુભટ એમ જાણે કે મારા સરખો કોઈ પરાક્રમી નથી, પરંતુ તે નિર્ભય નથી, તેની ઉપર શત્રુનો ભય કાયમ રહે છે.

સર્વાંગ સુંદર એવી આ શરીરની આકૃતિ જોઈને કેટલાક મુગ્ધજનો જાણે છે કે, આ દેહનગરી અચલ રહેશે, પરંતુ તેની ઉપર નિરંતર મૃત્યુ સુભટ તલપ મારી રહ્યો છે, માટે તે નિર્ભય કેમ કહેવાય ?

આ પ્રમાણે દરેક પદાર્થો આ દુનિયામાં ભયયુક્ત છે અર્થાત્ અસ્થિર છે.

માત્ર સત્પુરૂષોને હિતકારક એવો વૈરાગ્યભાવ જ નિર્ભય છે.

માટે ભવ્ય પ્રાણીઓએ વિષય તરફ લક્ષ્ય નહીં આપતાં અભયપદની જ ઇચ્છા રાખવી.

કેટલાક વિષયવાસનામાં આસક્ત થયેલા પ્રાણીઓ પ્રત્યક્ષપણે અનિત્ય પદાર્થોને જાણીને પણ તેઓને સત્ય અને સ્થિર તરીકે માને છે. તે તેઓના અવિવેકનું જ સામર્થ્ય છે.

કામમાં આસક્ત થયેલા પુરૂષો શ્રીજૈનસિદ્ધાંતને જાણતા છતાં પણ આરંભ અને પરિગ્રહાદિક સાવદ્ય કાર્યોમાં પ્રવૃત્તિ કરે છે. એ મોટું આશ્ચર્ય છે.

જૈનતત્ત્વના જાણકારોને પણ મોહ મહિમાની કેટલી બધી પ્રબલતા છે !

માટે આ રાજ્યસંપત્તિ કેવલ સંસારવાસનું જ કારણ છે, તો હવે મારે એનું કંઈ પણ પ્રયોજન નથી.

કારણ કે, જેના મોહથી આત્માની અધોગતિ થાય, તેનો પ્રસંગ મારે સ્વપ્નમાં પણ જોઈએ નહીં.

જે સોનું પહેરવાથી કાન તુટે તેથી સર્યું.

અરે ! હું જિનેન્દ્રભગવાનનું વચન સમજું છું, છતાં પણ મહાદુઃખના હેતુભૂત પદાર્થોની હું શા માટે અભિલાષા રાખું છું ?

હવે સર્વ સાવદ્ય કાર્યનો ત્યાગ કરીને સર્વ સુખમય પારમેશ્વરી દીક્ષાગ્રહણનો ઉદ્યમ કરૂં.

દુર્ગતિના હેતુભૂત આ અસાર રાજ્ય વડે શું ફલ છે ?

વળી મારા વંશમાં ઘણા રાજાઓ પોતાના પુત્રોને રાજ્ય આપીને દીક્ષિત થઈ મોક્ષસ્થાનમાં ગયેલા છે.

માટે તેમના વંશમાં જન્મ ધરીને મારે પણ ચારિત્ર ગ્રહણ કરવું ઉચિત છે.

એ પ્રમાણે પોતાના હૃદયમાં વિચાર કરી રાજા પોતાની નજીકમાં રહેલા વિદ્યાધરોને કહેવા લાગ્યા.

આ સંસારવાસ મને કારાગૃહ સમાન ભાસે છે.

રાજ્ય સંપત્તિઓ વિપત્તિઓ સમાન હોવાથી પ્રીતિકર થતી નથી.

વિષયવાસના વિષ સમાન થઇ પડી છે.

આ અલંકારો પણ સર્પની તુલનાને વહન કરે છે.

## સુઘોષચારણ મુનિ

એ પ્રમાણે પોતાના વૈરાગ્યની વાર્તા પ્રભંજન રાજા કરતો હતો. તે સમયે ચાર જ્ઞાનના ધારક સુઘોષ નામે ચારણમુનિ વિહાર કરતા કરતા ભવ્યજનોને ઉપદેશ આપવા માટે ત્યાં પધાર્યા.

ત્યારપછી પ્રભંજન રાજા પોતાના પુત્ર જ્વલનપ્રભને રાજ્યસ્થાન આપીને તેમજ કનકપ્રભને પ્રવર એવી પ્રજ્ઞપ્તિ વિદ્યા આપીને પોતે વિદ્યાધરોનો અધિપતિ છતાં પણ સમગ્ર રાજ્ય લક્ષ્મીનો ત્યાગ કરીને સુઘોષ મુનીંદ્રના ચરણકમલમાં દીક્ષા ગ્રહણ કરી.

બાદ જ્વલનપ્રભ પણ વિદ્યાધરોના સમૂહ વડે

વિરાજીત છતાં સમગ્ર અંતઃપુરમાં પ્રધાનપદે સ્થાપન કરેલી **ચિત્રલેખાની** સાથે રાજ્યલક્ષ્મીનો આનંદથી ઉપભોગ કરે છે.

**કનકપ્રભ** પણ પ્રજ્ઞપ્તિ વિદ્યાને પણ વિધિપૂર્વક સિદ્ધ કરીને તે વિદ્યાના પ્રભાવથી બહુ શક્તિમાન્ થયો.

સર્વત્ર લોકમાં વિદ્યાને લીધે તે પ્રસિદ્ધ થયો. તેનું સામર્થ્ય દિગન્ત વ્યાપી થઈ ગયું. અહો ! વિશુદ્ધ વિદ્યાનો મહિમા ગુપ્ત રહેતો નથી. તે સંબંધી અન્યત્ર પણ કહેવામાં આવ્યું છે કે—

જેના શ્રવણમાત્રથી આશ્ચર્યને પ્રગટ કરનારી વાર્તા,
પ્રગટ ચમત્કારજનક વિશુદ્ધ એવી વિદ્યા,
અપૂર્વ એવો કસ્તૂરીનો સુગંધ,

એ ત્રણેય વસ્તુઓ જલની અંદર નાખેલા તેલના બિંદુની માફક રોકવાથી પણ સર્વત્ર પ્રસરી જાય છે, એમાં શું આશ્ચર્ય છે?

## કનકપ્રભનો અવિનય

વિદ્યાના પ્રભાવથી **કનકપ્રભ** બહુ મદોન્મત્ત થઈ ગયો. જેથી પોતાના વંશજોની મર્યાદા છોડીને પ્રવૃત્તિ કરવા લાગ્યો.

લોકોમાં તેનો અપકીર્તિરૂપ પટહ વાગવા લાગ્યો, છતાં તે તરફ તે બિલકુલ લક્ષ આપતો નથી.

તે વિવેકહીન થઈ અનાચારને મુખ્ય સ્થાને માનવા લાગ્યો.

અન્યાય કરવાથી દુર્ગતિમાં પતન થાય છે. તેનો વિચાર પણ તે સર્વથા ભૂલી ગયો.

પોતાનાથી મોટા અને પૂજ્ય સ્થાને મનાતા એવા ગુરૂઓના સત્કાર પણ વિસરી ગયો.

દાક્ષિણ્યપણાનો સર્વથા તેણે ત્યાગ કર્યો.

વિદ્યાના પ્રભાવથી રાજ્યલક્ષ્મીને પોતાને સ્વાધીન કરવામાં તે બહુ લુબ્ધ થયો અને વિદ્યાના ગર્વથી બહુ મદાન્ધ થઇ ગયો.

ઉત્તરોત્તર વેગમાં આવેલા તે **કનકપ્રભે** પોતાના મોટાભાઈ **જ્વલનપ્રભની** પાસેથી પોતાના પિતાએ આપેલું રાજ્ય ખુંચાઇ લીધું.

ત્યારપછી તેણે પોતાના પ્રચંડ પરાક્રમ વડે તે સમગ્ર રાજ્ય પોતાને સ્વાધીન કર્યું તેમજ સામ, દામ, ભેદ અને દંડ વડે સમગ્ર વિદ્યાધરોને પોતાને વશ કર્યા.

ત્યારપછી ઉન્મત્ત થયેલા **કનકપ્રભે જ્વલનપ્રભને** પોતાના રાજ્યમાંથી પણ કાઢી મૂકયો.

**ચમરચંચા**

**જ્વલનપ્રભ** રાજા **ચમરચંચા** નામે નગરીમાં પોતાના સસરાને ત્યાં ગયો. તેમની ખબર મળવાથી **ભાનુગતિ** રાજાએ બહુમાનપૂર્વક **જ્વલનપ્રભને** પોતાના નગરમાં પ્રવેશ કરાવ્યો.

હે **ચિત્રવેગ** ! **ચિત્રલેખાની** સાથે પોતાના સસરાને

ત્યાં બહુ આનંદથી નિવાસ કરતા એવા તે જ્વલન-પ્રભના કેટલાક દિવસો વ્યતીત થયા.

એક દિવસે જ્વલનપ્રભ રાજા ચિત્રગતિ નામે પોતાના સાળાની સાથે તે નગરમાંથી બહાર ફરવા માટે નીકળ્યો.

સુંદર વૃક્ષોથી શોભતાં એવાં અનેક પ્રકારનાં ઉપવનો જોતા જોતા તે બંને જણ આગળ ઉપર ચાલવા લાગ્યા.

કોઈક સ્થળે તેઓ ભારંડ તથા ચક્રવાક પક્ષીઓથી સુશોભિત અને નિર્મલ જળથી ભરેલી એવી દીર્ઘિકાઓના વૃંદને તેઓ જોવા લાગ્યા.

અનેક વિદ્યાધરોનાં જોડલાં જ્યાં વિલાસ કરે છે એવાં સુંદર કદલીગૃહોથી વિરાજીત, તેમજ ચારે તરફ ઉજ્વલ કાંતિઓ જેમની પ્રસરી રહી છે તેવાં અનેક પ્રકારનાં ગિરીન્દ્રનાં શિખરોને જોઇ તેઓ આનંદ માનવા લાગ્યા.

એમ અનેક પ્રકારની શોભાઓના અવલોકનમાં આસક્ત થયેલા તેઓ બંને જણ કૌતુકિત થઈને અતિ મધુર નાદવાળી કોયલોના મનોહર કોલાહલ વડે બહુ રમણીય, સર્વત્ર પરિભ્રમણ કરતા ભ્રમરાઓના વિશાલ ગુંજારવને લીધે બહુજ પ્રેમને ઉત્પન્ન કરવામાં અદ્વિતીય અને બહુ ફૂલોના ભારથી નમી ગયેલા વિવિધ વૃક્ષોના સમૂહથી હંમેશા વ્યાપ્ત એવા એક વન નિકુંજમાં ગયા.

ત્યાં મંદમંદ સંચાર કરતા સુકોમળ પવન વડે કંપતા સુંદર પલ્લવોના સમૂહને લીધે બહુ શોભાયમાન, તેમજ અનેક ભ્રમરીઓનાં ટોળાં વડે વાચાલિત થયેલાં અને રક્તપુષ્પો વડે દેખાવમાં લાલ કાંતિમય એવું એક અશોક વૃક્ષ તેમના જોવામા આવ્યું.

## પ્રભંજન મુનિ

તે અશોકની નીચે સુવર્ણકમળની ઉપર બેઠેલા એક મુનિવરનાં તેમને દર્શન થયાં,

તે મુનીંદ્રની આગળ તેમના ચરણકમલમાં અનેક વિદ્યાધર, નર, કિંનર અને દેવતાઓના સમુદાય બહુ પ્રેમથી નમન કરતા હતા, તેમજ સુરેંદ્રો જેમની સ્તુતિ કરતા હતા અને ઉત્પન્ન થયું છે શ્રીકેવલજ્ઞાન જેમને એવા તે મુનીંદ્રની પાસે તેઓ બન્ને ગયા.

**જ્વલનપ્રભે** તેમને ઓળખ્યા. અને તરતજ તે બોલ્યો.

આ તો તે મારા પિતા **પ્રભંજન** મુનીશ્વર છે. આ પ્રમાણે **ચિત્રગતિને** કહીને તેઓ બંને જણ આનંદમાં મગ્ન થયા છતાં ત્રણ પ્રદક્ષિણાં દઇ હર્ષ વડે રોમાંચિત થઈને શ્રીકેવલી ભગવાનના ચરણ કમલમાં વિનયપૂર્વક પ્રણામ કરી ભૂમિ ઉપર બેઠા.

મનુષ્યોને વિનયગુણ મુખ્ય ગણાય છે. કારણ કે વિનયવાન પુરૂષ સર્વત્ર સુખી થાય છે.

"કોઈની પણ લાગણી દુભાય નહીં; તેમજ શત્રુતાનો સંબંધ પણ કોઈ સમયે જોવામાં આવે નહીં; વિગેરે અનેક ફાયદાઓ જેમાં રહેલા છે તેવા વિનય વડે દરેક માનવ ગુણવાન થાય છે.

જ્યારે ગુણવાન થાય છે, ત્યારે તેને જોઇ લોકો બહુજ ખુશી થાય છે, તેમજ સેંકડો લોકોની પ્રસન્નતા મેળવેલા તે સત્પુરૂષને અનેક પ્રકારની સહાય મળવી બહુ સુલભ થાય છે,

તે સહાયવાન્ પુરૂષને અનેક પ્રકારની સંપત્તિઓ પ્રાપ્ત થાય છે. જેથી ઉભયલોકમાં વિનયવાન પુરૂષને કોઇપણ અનર્થનો ભય રહેતો નથી."

## પ્રભંજન મુનિની દેશના

ત્યારપછી શ્રી કેવલીભગવાને સજલ મેઘની ગર્જનાનો પરાજય કરતી અને ગંભીર એવી મધુર વાણી વડે તે સભાની અંદર ધર્મદેશનાનો પ્રારંભ કર્યો.

બાલહાથીના કાન સમાન લક્ષ્મી બહુ ચંચલ છે.

મનુષ્યોના આયુષ્યની અનિત્યતા હમેશાં સર્વને અનુભવાય છે.

પ્રાણીઓનું યૌવન પણ જરારૂપી રાક્ષસીથી એકદમ નષ્ટ કરાય છે.

કેટલાએક પ્રાણીઓનું યૌવન રોગ અને શોક વડે જ વિલય પામે છે.

ઈષ્ટનો વિયોગ અને અનિષ્ટની પ્રાપ્તિ સંબંધી અનેક દુઃખો વડે ઘણા ખરા લોકોનું યૌવન ચાલ્યું જાય છે.

જેની સીમા બહુ જ થોડી છે છતાં ચંચલ અને રોગ, શોક, જરા તેમજ વ્યાધિ જેમાં વિઘ્નભૂત રહેલા છે એવા યૌવનમાં જીવોનો પ્રતિબંધ કેટલો દ્રઢ થયો છે!

હે ભવ્ય પ્રાણીઓ! તુચ્છ એવા વિષયોનો ઉપભોગ કરવાથી કુગતિનાં અનેક દુઃખો પ્રાપ્ત થાય છે. તેમજ તે વિષયો પરિણામમાં અતિ દારૂણ દુઃખ આપનાર નીવડે છે.

માટે તેવા અસાર વિષયોમાં તમારે બીલકુલ રાગ કરવો નહિ. તેમજ તમારે પોતે જ તેઓનો ત્યાગ કરવો જેથી અનંત સુખ પ્રાપ્ત થાય છે.

બહુ લાંબા વખત સુધી વિષયો રહી શકે છે, તો પણ તેમનો નાશ તો અવશ્ય થવાનો જ છે, તો પછી તેમના વિયોગમાં શો ભેદ રહ્યો?

જો તેઓ સ્થિર હોય તો વિયોગ એ દુઃખરૂપ ગણાય, પરંતુ એ બાબત તો છે જ નહી. એમ સમજી મનુષ્યો પોતેજ તેમનો શા માટે ત્યાગ કરતા નથી?

તેઓ પોતાના સ્વતંત્રપણાથી મનુષ્યોનો ત્યાગ કરી જો ચાલ્યા જાય છે, તો કંઈ પણ મનને દુઃખદાયક થાય છે.

કદાચિત્ જો તે વિષયોનો પોતે જ ત્યાગ કરે તો તેઓ અનંત શાંતિ સુખને આપે છે.

હે ભવ્યપ્રાણીઓ ! આ સંસારસમુદ્રમાં વિપરીત-પણાથી જે કંઈ સારભૂત તમને દેખાય છે, તે પણ સેંકડો દુ:ખોનો હેતુ થાય છે. એમ જાણી શ્રીજિનેંદ્રભગવાને કહેલા ધર્મને વિષે તમે ઉદ્યુક્ત થાઓ.

આ અનાદિ અનંત ભવરૂપી સમુદ્રમાં અનેક વાર પરિભ્રમણ કરતાં બહુ પુણ્યયોગને લીધે અપૂર્વ એવી આ દુર્લભ ધર્મ સામગ્રી પ્રાપ્ત થઇ છે. તેને તમે નિષ્ફલ ન કરો.

કારણ કે; ચોરાશી લાખ જીવા યોનિથી વ્યાપ્ત એવા આ સંસારમાં ફરીથી આ મનુષ્યભવ આદિક સામગ્રી મળવી બહુ દુર્લભ છે. વળી આ દુરંત ભવસાગરમાં પરિભ્રમણ કરતા લોકોનું શ્રીજૈનધર્મ સિવાય અન્ય કોઇ રક્ષણ નથી.

માટે હે ભવ્યાત્માઓ ! શ્રીજિનેંદ્રભગવાને કહેલા દીક્ષા વ્રતને તમે ગ્રહણ કરો ! તેમજ સર્વ સુખમય એવા સંયમનું આરાધન કરો. વળી આ સંસારનો ત્યાગ કરી ઉત્તમ એવા સિદ્ધિ સુખને પ્રાપ્ત કરો.

એમ શ્રીકેવલીભગવાને પ્રરૂપેલી દેશનારૂપી અમૃતનું પાન કરીને કેટલાક ભવ્ય જીવોએ દીક્ષા ગ્રહણ કરી, તેમજ સર્વ વિરતિ પાળવામાં અશક્ત એવા કેટલાક જનોએ શ્રાવક ધર્મનો સ્વીકાર કર્યો. અન્ય પુરૂષોએ સમ્યક્ત્વવ્રતનો સ્વીકાર કર્યો.

**જ્વલનપ્રભનો પ્રશ્ન**

તે સમયે **જ્વલનપ્રભે** પોતાના પૂજ્ય પિતા રૂપ શ્રીકેવલી ભગવાનને પ્રણામ કરી પૂછ્યું.

હે ભગવાન ! હવે ફરીથી મારૂં રાજ્ય મને મળશે કે કેમ ?

તે સાંભળી શ્રીકેવલી ભગવાન બોલ્યા કે; હે વિનીત ! તું રાજ્ય ભોક્તા થઈશ, એમાં સંદેહ નથી.

**જ્વલનપ્રભ** બોલ્યો, હે ભગવન્ ! તે રાજ્યની પ્રાપ્તિ મને ક્યારે થશે ?

કેવલજ્ઞાનવડે જાણ્યા છે સર્વભાવ જેમણે એવા શ્રીકેવલીભગવાન્ બોલ્યા.

હે ભદ્ર ! **ભાનુગતિએ** આપેલી રોહિણી વિદ્યાને જ્યારે તું સિદ્ધ કરીશ; ત્યારે તું ફરીથી પણ વિદ્યાધરોનો અધિપતિ થઈશ. એમાં કોઈપણ સંદેહ નથી.

આ પ્રમાણે મુનીંદ્રનું વચન સાંભળી, અપૂર્વ હર્ષને ધારણ કરતો **જ્વલનપ્રભ** હસતે મુખે શ્રીકેવળીભગવાનને વંદન કરવા લાગ્યો.

સર્વે પરિષદના લોકો જેમ આવ્યા હતા, તેમ પોતપોતાના સ્થાનમાં ગયા.

ત્યારપછી **જ્વલનપ્રભ** પણ **ચિત્રગતિ** સહિત પોતાના નગરમાં જલદી આવ્યો. **ચિત્રગતિએ** શ્રીકેવલીભગવાને કહેલું સર્વવૃત્તાંત પોતાના પિતાને કહી સંભળાવ્યું.

## રોહિણીવિદ્યા

ત્યારપછી **ભાનુગતિએ** શ્રેષ્ઠ નક્ષત્ર જોઇ પોતાના જમાઇ અને પુત્ર એ બન્નેને એક સાથે **રોહિણી** વિદ્યા આપી અને વિશેષમાં તેણે કહ્યું.

છ માસ સુધી વસ્તિમાં તમારે બન્ને જણે સાથે રહીને કરજાપના વિધાનથી સમ્યક્ પ્રકારે આ વિદ્યાની સેવા કરવી.

ત્યારપછી અટવીમાં રહીને એકેક જણાએ બહુ કઠિન એવી તેની ઉત્તર સેવા કરવી, અને તે ઉત્તર સેવાના સમયે એકબીજાએ પરસ્પર ઉત્તર સાધક થવું.

સાધનાના સમયે મહા ભયંકર ઉપસર્ગો આવી પડે તો પણ તમારે મનને નિર્ભય રાખવું, એમ કરતાં જ્યારે સાતમો માસ પૂર્ણ થશે, ત્યારે તે વિદ્યાદેવી તમને દર્શન આપશે.

આ પ્રમાણે રાજાનું વચન સાંભળી તે બંને જણ રાજાને પ્રણામ કરી પોતાના સ્થાનમાં ગયા.

છ માસ જ્યાં સુધી પૂર્ણ થાય ત્યાં સુધીનો નિશ્ચય કરી વિદ્યા સાધવાનો તેઓ બંને જણે પ્રારંભ કર્યો. અનુક્રમે છ માસ પૂર્ણ થયા.

ત્યારપછી ઉત્તર સેવાનો સમય આવ્યો, એટલે સાતમા માસના પ્રારંભમાં તે બંને જણ અરણ્યમાં ગયા.

સર્વ વિધિનો **જ્વલનપ્રભે** પ્રથમ પ્રારંભ કર્યો,

વિધિ પ્રમાણે આસન લગાવી જાપાદિકનું અનુષ્ઠાન શરૂ કર્યું. બાદ હાથમાં **વસુનંદક** નામે ખડ્ગને ધારણ કરી **ચિત્રગતિ** તેની રક્ષામાં તત્પર થયો. **જ્વલનપ્રભ** પણ પોતાના કાર્યમાં અનન્ય મન વડે ઉદ્યુક્ત થયો.

## ભયભીત ચિત્રલેખા

અન્યદા અતિ ભયને લીધે બહુ વેગ વડે ચાલતી અને ધ્રુજતું છે શરીર જેનું એવી **ચિત્રલેખાને** ભયભ્રાંત થઈ તે સ્થાનમાં આવતી જોઈ.

**ચિત્રગતિએ** વિચાર કર્યો.

આ શૂન્ય અરણ્યમાં મારી બ્હેન કયાંથી આવે છે ?

એમ ચકિત થઇ **ચિત્રગતિ** બોલ્યો.

હે ભદ્રે ! મહાભયંકર એવી આ અટવીમાં તું એકલી કયાંથી આવી ?

હે ભગિની ! કોના ભયથી તું અતિશય કંપે છે. ?

તે બોલી. દાસ અને દાસીઓ સહિત હું નગરમાંથી બહાર નીકળી ઉદ્યાનમાં ગઈ અને ત્યાં કામદેવનું વિધિસહિત પૂજન કરી પોતાના ઘર તરફ હું આવતી હતી.

એટલામાં કોઇક કાર્મણિક પુરુષે એકદમ મને મોહિત કરી નાખી. જેથી તે પુરુષ સિવાય અન્ય કંઈપણ મારી દૃષ્ટિએ દેખાવા લાગ્યું નહીં.

હું તેની પાછળ દોડવા લાગી.

ચાલતાં ચાલતાં અનુક્રમે આ અટવીમાં હું આવી, તેટલામાં એકદમ **કનકપ્રભ** મારી નજરે પડ્યો. તેમજ તે પાપીની દૃષ્ટિ મારી ઉપર પડી કે તરતજ તેણે કહ્યું;

હે સુતનુ! હવે તું મારી સાથે સુખવિલાસ કર! એવું તેનું ક્રૂરવાક્ય સાંભળતાં જ મને અત્યંત ક્રોધ વ્યાપી ગયો; અને મેં તેને બહુ ધિક્કાર આપી કહ્યું

રે! અધમ! આવું અસભ્ય વચન બોલતાં તને બિલકુલ લજ્જા કેમ આવતી નથી?

આ પ્રમાણે બહુ નિષ્ઠુર એવાં મારાં વચન સાંભળી, તે પાપીએ અતિ ભયંકર ખડ્ગ ઉગામીને કહ્યું;

તું મને ઇચ્છે છે કે કેમ? જો તું મને ન ઇચ્છતી હોય તો આ ખડ્ગ વડે હું તારા મસ્તકના બે વિભાગ કરીશ, એમ તેનું વચન સાંભળી બહુ ભયથી કંપતી ત્યાંથી નાઠી અને ધ્રૂજતી ધ્રૂજતી હું અહીં તારી પાસે આવી છું.

હવે આ પાપીથી તું મારું રક્ષણ કર! રક્ષણ કર! અહો! પ્રાણીઓને જીવન ઉપર કેટલી આસક્તિ હોય છે!

આ દુનિયામાં વ્હાલામાં વ્હાલું કોણ છે? એમ તપાસ કરીએ તો માતા, પિતા, ભર્ત્તા, પુત્ર અને સ્ત્રી એ બધાઓનો પ્રેમ પરસ્પર અધિક જોવામાં આવે છે.

પરંતુ આ દુનિયામાં પ્રેમની બાબતો કેટલીક ઉપચારથી કહેવામાં આવે છે. ખરો પ્રેમ તો પોતપોતાની જીવનદોરીમાં જ રહ્યો છે.

પોતાના રક્ષણમાં દરેક રક્ષણ સમાયેલાં પ્રાયે જોવામાં આવે છે અને તે માતાપિત્રાદિકથી પણ પોતાના જીવનની આશા બલવત્તર હોય છે."

દરેક પ્રાણીઓને પોતાનું જીવન બહુ જ પ્રિય હોય છે.

તે સંબંધ એવો છે કે; પોતાના પુત્રોને માટે ધનનું રક્ષણ કરવું અર્થાત્ ધનનો વ્યય કરીને પોતાના બાળકોનું પોષણ કરવું.

તેમજ તે ધનસંપત્તિના ઉપભોગો વડે પોતાની સ્ત્રીનું સંરક્ષણ કરવું. અર્થાત્ સ્ત્રી થકી ધનને અધિક ગણવામાં આવ્યું નથી.

તે ધન અને સ્ત્રીઓ વડે સર્વદા પોતાના આત્માનું રક્ષણ કરવું. તાત્પર્ય માત્ર એટલું જ છે કે,

આત્મરક્ષણ એ મુખ્ય ગણેલું છે.

માટે દરેકને પોતાના જીવિત ઉપર વિશેષ પ્રીતિ હોય છે.

## ચિત્રલેખાનું હરણ

ત્યારપછી આક્રંદ કરતી એવી તે **ચિત્રલેખાની** પાસે આવીને એકદમ પોતાના હાથે તેને પકડી લઇ **કનકપ્રભ** રાજા તમાલપત્રના સરખું કાંતિમાં શ્યામ એવા આકાશમાર્ગે ઉપડી ગયો.

હા ! ભાઈ ! મારૂં રક્ષણ કર ! રક્ષણ કર !!

હા! પ્રિયતમ? આ અસહ્ય દુઃખથી તમે મારૂં રક્ષણ કરો!

એમ વિલાપ કરતી અને તે દુષ્ટના પાશમાં પડેલી પોતાની બહેનને જોઇ **ચિત્રગતિ** બોલ્યો.

રે! પોતાના કુલમાં કલંક કરનાર! હવે મારી દૃષ્ટિગોચર થયેલો તું ક્યાં જઈશ!

હવે જો તારામાં સત્ત્વ હોય તો તું તારૂં પુરૂષત્વ પ્રગટ કર!

જો આ હું તારા મસ્તકનો છેદ કરુ છું.

એ પ્રમાણે રોષથી બોલતો **ચિત્રગતિ** પ્રચંડ તરવાર હાથમાં લઈ પોતાની બ્હેનને આપત્તિમાંથી મુક્ત કરવા માટે તે દુષ્ટની પાછળ આકાશ માર્ગે ચાલ્યો.

## વિમોહીની વિદ્યા

**કનકપ્રભ** વિદ્યાધર મધુર વચનો વડે **ચિત્રલેખાને** વિમોહિત કરતો છતો પોતાના નગર તરફ ચાલવા લાગ્યો.

આકાશગામી **ચિત્રગતિ** વિદ્યાધર પણ તેના માર્ગને અનુસરતો તેની પાસે જઈ પહોંચ્યો. ત્યારપછી **વિમોહીની** વિદ્યાવડે **ચિત્રગતિને** વિમૂઢ બનાવી **કનકપ્રભ** રાજા **સુરનંદન** નામે પોતાના નગરમાં પેશી ગયો.

## ચિત્રગતિની મૂઢતા

હવે તે વિમૂઢ બુદ્ધિવાળો **ચિત્રગતિ** ત્યાં બહારના ઉદ્યાનમાં કૌતુકને સ્વાધીન થઇ નીચે ઉતર્યો.

પોતાની બહેનનું હરણ તો મૂઢતાને લીધે તે ભૂલી ગયો હતો.

હવે તે ઉદ્યાનમાં શ્રી ઋષભદેવ ભગવાનનું બહુ સુંદર એક મંદિર હતું, જેની અંદર યાત્રાના સમયને લીધે અનેક દિવ્યવસ્ત્રાભરણોની સમગ્ર શોભાને ધારણ કરતા ઘણા લોકો એકઠા થયા હતા.

તે જોઈ **ચિત્રગતિ**એ પણ શ્રીજિનેંદ્ર ભગવાનના મંદીરમાં પ્રવેશ કર્યો.

ત્યાં શ્રીઋષભદેવ ભગવાનની મૂર્તિનાં દર્શન કરી તે પોતાના હૃદયમાં બહુ આનંદ માનવા લાગ્યો. તેમની ભક્તિભાવને લીધે રોમાંચિત થઈ શ્રીઆદિનાથ ભગવાનને વંદન કરીને પછી તે **ચિત્રગતિ** વિદ્યાધરોના મધ્ય-ભાગમાં નીચે બેસી ગયો.

**દમઘોષ**

કેટલીકવાર પછી જ્વલનપ્રભે મોકલેલો **દમઘોષ** નામે એક પુરુષ ચિત્રગતિની શોધ માટે પૂછતો પૂછતો ત્યાં શ્રીજિનમંદિરમાં આવ્યો.

તે વિદ્યાધરોની અંદર બેઠેલા **ચિત્રગતિ**ને જોઈ પ્રણામ કરી તેને એકાંતમાં લઈ ગયો.

તેણે કહ્યું, હે મહાશય! તમે તમારી પોતાની બહેનને તે મહાદુષ્ટની પાસેથી મુક્ત કરવા માટે ત્યાંથી નીકળીને આકાશમાર્ગે ચાલતા થયા, ત્યારબાદ આપની જે બાબત બની હોય તે ખરી.

હવે મારી હકીકત આપ સાંભળો.

## રોહિણીવિદ્યા

ચિત્રલેખાનું હરણ તેમજ તેની પાછળ તમારું નિગમન વિગેરે સર્વ હકીકત જાણવા છતાં પણ તે જ્વલનપ્રભનું હૃદય બીલકુલ ક્ષોભાયમાન થયું નહીં. તેમજ પોતાના કાર્યમાંથી કિંચિત્ માત્ર પણ તે ચલાયમાન થયો નહીં.

મંત્રજાપમાં અત્યંત ઉદ્યોગી એવા તે જ્વલનપ્રભના ચિત્તની સ્થિરતા જોઈને એકદમ પ્રત્યક્ષ થઈ રોહિણી વિદ્યા બોલી.

હે પુત્ર ! અસાધારણ એવા તારા ધૈર્યને જોઈ હું તને સિદ્ધ થઈ છું. માટે તારે જે કંઇ કરવાનું હોય તે તું બોલ !

જ્વલનપ્રભ બોલ્યો. હે વિદ્યાદેવી ! જો તું સિદ્ધ થઇ હોય તો કનકપ્રભ વિદ્યાધર જે મારી સ્ત્રીને લઈ ગયો છે, તેને તું જલદી અહીં મારી પાસે લાવ.

તે સાંભળી વિદ્યાદેવી બોલી.

હે પુત્ર ! પ્રથમ તારે અહીં એક વૃત્તાંત સાંભળવાની જરૂર છે.

એમ કહી વિદ્યાદેવીએ શ્રીકેવલીભગવાનના મુખમાંથી જે પ્રમાણે વૃત્તાંત નીકળ્યો હતો તે સર્વ તેને કહ્યો. માટે તે કનકપ્રભ તને ક્ષુભિત કરવા સારૂં તારી, પાસે આવ્યો હતો અને તેણે પોતાની માયા વડે આ સર્વ દેખાવ કરેલો છે.

તારી સ્ત્રી ઉપદ્રવરહિત પોતાના ઘેર સુખવૃત્તિમાં રહેલી છે. તેમજ **કનકપ્રભે** પોતાની **મોહીની** વિદ્યા વડે વિમોહિત કરેલો **ચિત્રગતિ સુરનંદન** નગરની બહાર શ્રી**આદિનાથ** ભગવાનના દિવ્ય મંદિરમાં બેઠેલો છે. માટે હે પુત્ર! તે સંબંધી કોઇપણ પ્રકારનો તારે ઉદ્વેગ કરવો નહીં.

આ પ્રમાણે કહી તરત જ **વિદ્યાદેવી** અદૃશ્ય થઈ ગઈ.

ત્યારપછી **જ્વલનપ્રભે** મને આપની પાસે મોકલ્યો.

આ પ્રમાણે **દમઘોષ**ના કહેવાથી **ચિત્રગતિ** શુદ્ધિમાં આવી ગયો અને **દમઘોષ**ની સાથે પોતાના સ્થાન તરફ ચાલવા લાગ્યો.

તે સમયે શ્રીજિનેંદ્રભગવાનનો સ્નાત્ર મહોત્સવ પણ પ્રાયે પૂર્ણ થયો; એટલે નાના પ્રકારનાં વાહનોમાં બેસી સર્વ લોકો પણ પોતપોતાના નગરમાં જવા માટે તૈયાર થયા.

કેટલાક પુરૂષો પાલખીઓમાં બેઠા.

કેટલાક અનેક પ્રકારના ઉત્તમ રથોમાં આરૂઢ થયા.

કેટલાક હાથી, ઘોડા અને ખચ્ચરો ઉપર બેઠા,

કેટલાક વિવિધ પ્રકારની ડોળીઓમાં બેસી ચાલતા થયા.

## મદોન્મત્ત હાથી

નગરના સર્વે લોકો પોતપોતાના વાહનોમાં વિરાજમાન થઇ આનંદપૂર્વક નગરમાં પ્રવેશ કરતા હતા,

તેટલામાં મહા ઉન્નત શરીરવાળો અને મદોન્મત્ત કનકપ્રભ વિદ્યાધરનો હાથી, પોતાના સ્થાનમાંથી છુટીને બહાર નીકળ્યો કે તરતજ લોકો બુમાબુમ પાડવા લાગ્યા.

બંધનમાંથી મુક્ત થયેલો તે હાથી સ્વેચ્છા પ્રમાણે કૂદવા લાગ્યો.

*માર્ગમાં આવતાં દરેક ગૃહદ્વારને નષ્ટ પ્રાય કરતો,*

કેટલીક ભીંતોને ભાંગવા લાગ્યો.

કેટલાક માણસોને મારવા લાગ્યો,

પોતાની દૃષ્ટિગોચર થતા અનેક રથોને ઉછાળીને ફેંકી દેવા લાગ્યો.

આ પ્રમાણે અનેક ઉપદ્રવ કરતો સાક્ષાત્ યમસમાન અને ઉંચી સૂંઢ કરીને ભયંકર મુખાકૃતિને ધારણ કરતો, તે હાથી બહુ ત્રાસદાયક થઈ પડયો.

તે જોઇ સર્વ લોકો એકદમ ભયભીત થઇ ગયા અને દરેક દિશાઓમાં વિખરાઈ જવા લાગ્યા.

તે હાથી પણ પોતાના દાંતના પ્રહાર વડે રથાદિક વાહનોનો સંહાર કરી સૂંઢથી ઉછાળતો પોતાની ઈચ્છા પ્રમાણે ચારે તરફ ફરવા લાગ્યો.

સાક્ષાત્ જાણે મૃત્યુનું મુખ હોયને શું ? એમ દૃષ્ટિને પણ દુઃખદાયક એવા મદોન્મત્ત તે હાથીને જોઇ, આકાશમાર્ગે પ્રયાણ કરતા તે **ચિત્રગતિને** એકદમ આશ્ચર્ય થયું અને મનમાં ચકિત થઇ વિચાર કરવા લાગ્યો.

હવે આ હાથી શું કરે છે ? તે મારે જોવું તો ખરૂ ? એમ ધારી આકાશમાં ઉભો રહીને તે જોયા કરે છે.

## એક યુવતિ

આવો મહા ભયંકર પ્રસંગ ચાલી રહ્યો છે તેવામાં, એક મનોહરરથમાં બેઠેલી, નવીન યૌવનવયમાં રહેલી, અનેક પ્રકારનાં દીવ્ય વસ્ત્રાભરણોથી વિભૂષિત અને રૂપમાં રતિસમાન કોઈ પ્રમદા તે હાથીના પ્રસંગમાં આવી પડી.

તે હાથીને જોઈ તેણીના રથના ઉત્તમ જાતિના ઘોડાઓ ભડકીને ઉન્માર્ગે ચાલવા લાગ્યા.

અનુક્રમે ઘોડાઓના ઉન્માદને લીધે રથ પણ ભાગી ગયો, તેમાં બેઠેલી યુવતિ પણ અચેતનની માફક ભૂમિ ઉપર પડી ગઈ.

નવીન શ્યામ કમલસમાન વિશાળ અને ચંચળ છે નેત્ર જેનાં એવી તે બીચારીના કર્ણનાં કુંડલો લમણાના આઘાતથી ભાગી ગયાં.

ઉત્તમ પ્રકારનાં સુગંધિત પુષ્પોથી નિયમિત કરેલો કેશપાશ વિખરાઇ ગયો.

સુવર્ણની ઘુઘરીયોથી સુશોભિત એવી મનોહર કટિમેખલા પણ વિચ્છિન્ન થઈ ગઈ.

ઓઢવાનું વસ્ત્ર ખસી જવાથી કંઠમાં પહેરેલા મુક્તાફલના હારને લીધે કંઈક સ્તનમંડળની મર્યાદા સચવાઇ રહી છે.

કેશપાશમાંથી કુસુમો વિખરાઇને સ્થાનભ્રષ્ટ થઇ ગયાં, બન્ને હાથના બાજુબંધ તુટી પડયા, કંકણો પૃથ્વી ઉપર પડી ગયાં.

કંઠનાં આભરણ અંતે વ્યસ્ત થઇ ગયાં,

હારનું સૂત્ર તુટી જવાથી વેરાઇ ગયેલાં મોતીઓ વડે શરીરની શોભા દીપવા લાગી.

બન્ને પગનાં ઝાંઝર બહુ અથડાવાથી જીર્ણપ્રાય થઇ ગયાં,

રત્નોની માળાઓ પણ છિન્નભિન્ન થઇ ગઇ.

ભૂમિ ઉપર પડેલી તેણીના દેહની બહુજ શિથિલતા થઇ ગઇ, એવી તે યુવતિને જોઈ તે હાથી એકદમ તેને મારવા માટે સૂંઢને વીંઝોળતો તે તરફ દોડવા લાગ્યો. તે જોઈ તે યુવતિનો પરિવાર ભયભીત થઈ ગયો અને એકદમ હાહારવ કરવા લાગ્યો.

**ચિત્રગતિની સહાય**

સુઘટિત છે અંગોપાંગ જેનાં,

પૂર્ણિમાના ચંદ્રસમાન છે મુખ જેનું,

કર વડે ગ્રહણ કરવા લાયક છે મધ્યભાગ જેનો,

વિશાળ છે નિતંબ સ્થલ જેનો,

પોતાની નજીકમાં આવેલા હાથીને જોઇને પણ ચાલવાને અશક્ત,

મરણના ભયથી અત્યંત શરીરને કંપાવતી,

હૃદયમાં મહાક્ષોભને ધારણ કરતી,

કોઇપણ પોતાના રક્ષકને નહીં જોતી, અને

ચંચલદૃષ્ટિએ દરેક દિશાઓમાં નિરીક્ષણ કરતી એવી તે યુવતિને જોઈને.

આકાશમાં રહેલો **ચિત્રગતિ** પોતાના હૃદયમાં વિચાર કરવા લાગ્યો;

હા ! હા ! મહા ખેદની વાત છે;

કામદેવનું એક નિવાસસ્થાન એવી આ સ્ત્રી રત્ન અકાલ મરણ પામશે ! આ બહુ જ અયોગ્ય થાય છે.

એમ વિચાર કરી તરત જ તે વિદ્યાધર આકાશમાંથી નીચે ઉતર્યો.

તેની પાસે આવીને તે યુવતિને પોતાના ખોળામાં લઇ લીધી.

ત્યારપછી તેને ઉંચકીને ત્યાંથી નિર્વિઘ્ન સ્થાનમાં તે પોતે જલદી લઈ ગયો, અને એક તરૂવરની ઠંડી છાયામાં સુંદર બાંધેલી ભૂમિ ઉપર તેને સુવાડી દીધી.

ત્યારપછી તેણે પોતાના ઓઢવાના વસ્ત્ર વડે મંદ-મંદ પવનના સંચારથી તેણીને શાંત કરી. પરંતુ તે યુવતિનો કંપારો જાગ્રત હતો. કારણકે; આ દુનિયામાં મરણ સામાન અન્ય ભય નથી. કહ્યું છે કે;—

આ સંસારમાં પ્રયાણ કરવા સમાન અન્ય કોઇ જરા નથી,

વ્યવહાર દૃષ્ટિએ નિર્ધનતાથી બીજો કોઇ પરાભવ નથી. અર્થાત્ દરિદ્રતા એ જ પરાભવ છે.

સર્વ પ્રાણીઓને મરણ સમાન અન્ય કોઈ ભય નથી,

ક્ષુધા સમાન દુઃખદાયક બીજી કોઇ વેદના નથી.

માટે તે હાથીના ભયથી પોતાનો બચાવ થયો છે તો પણ તે યુવતિ ચકિત થઇ જોવા લાગી. પોતાની પાસમાં ઉભેલા પુરૂષને જોઈ લજ્જા તેમજ ભયને લીધે તેણીનાં નેત્ર મીચાઇ ગયાં.

ત્યારપછી લાંબા સમયનો પરિચિત હોયને શું ? તેમ તે યુવાનને જોઇ તે યુવતિના હૃદયમાં અત્યંત સ્નેહ ભરાઇ ગયો.

કપોલ સ્થલ પ્રફુલ્લ થઇ બહુ દીપવા લાગ્યાં. અને સર્વ અંગોપાંગ અમૃતથી સિંચાયેલાં હોયને શું ? તેમ વિકસ્વર થઇ ગયાં.

**ચિત્રગતિ** પણ તે યુવતિનું અપૂર્વ રૂપ જોઇ તેણીના મુખકમલને અનિમેષ દૃષ્ટિએ જોવા લાગ્યો.

તેટલામાં તે યુવતિની ધાવમાતા કેટલીએક યુવતિઓને સાથે લઇ ત્યાં આવી અને મધુરવાણી વડે **ચિત્રગતિને** કહેવા લાગી;

હે મહાશય ! મદોન્મત્ત ગજેંદ્રના ભયથી આ કન્યાને આપે બચાવી;

સજ્જન પુરૂષો પરોપકારમાં જ રસિક હોય છે; એ વાક્યની સત્યતા આજે આપે કરી બતાવી.

અહો ! સત્પુરુષો પોતાના પ્રાણ વડે પણ પરોપકારથી વિમુખ થતા નથી. કહ્યું છે કે;—

પરોપકારમાં રસિક એવા બુદ્ધિમાન પુરૂષો

શાસ્ત્રને બોધ માટે ધારણ કરે છે, પણ વિવાદ માટે નહીં.

ધન સંપત્તિને સત્પાત્રમાં દાન આપવા માટે જ.
પોતાના જીવિતને ધર્મારાધન માટે અને

આ નશ્વર શરીરને પરોપકાર માટે ધારણ કરે છે. એ પ્રકારના પુરૂષરત્નો આ પૃથ્વીના આધારભૂત ગણાય છે.

આ રત્નવતી પૃથ્વી બે પુરૂષોને જ ધારણ કરે છે. અથવા બે પુરૂષોએ જ આ પૃથ્વીને ધારણ કરી છે.

તે બે પુરૂષ કયા ?

જેની ઉપકાર કરવામાં જ હંમેશાં બુદ્ધિ હોય,

તેમજ જે કરેલા ઉપકારને વિસ્મરી જાય નહીં; તેઓ (બંને પ્રકારના પુરૂષો) આ દુનિયામાં પ્રશંસનીય ગણાય છે.

હે નિષ્કારણ વત્સલ ! આપના પ્રભાવથી આ કન્યાને જીવિતદાન મળ્યું છે.

એમ કેટલાક વચન બોલી તેના ગુણોની પ્રશંસા કર્યા બાદ ફરીથી બોલી.

હે સુભગ ! હવે અમે અમારા ઘેર જઇએ છીએ. કારણ કે અમારે જવાનું બહુ મોડું થાય છે.

તે સાંભળી **ચિત્રગતિએ** કહ્યું, હા તમે એકલાં છો માટે સુખેથી જાઓ ! મોડું કરવું ઠીક નહિ.

ત્યારપછી તે યુવતિની ધાવમાતા વિગેરે ત્યાંથી પોતાના નગર પ્રત્યે ચાલ્યાં. તે સમયે તે યુવતિએ **ચિત્રગતિના** હાથમાંથી તેની ઉત્તમ મુદ્રિકા બહુ ઝડપથી

લઇ લીધી અને પોતાની આંગળીએ રહેલી મુદ્રિકા **ચિત્ર-ગતિને** કોઈ ન જાણે તેવી રીતે આપી દીધી.

પછી તે બાલા ભયથી કંપતી તેઓની પાછળ ચાલવા લાગી. પરંતુ તેણીનું હૃદય તો **ચિત્રગતિમાં** જ નિમગ્ન થયું હતું.

આગળ ચાલતી તે યુવતી ગ્રીવાને વાળીને અત્યંત પ્રેમને ધારણ કરતી એવી સ્નિગ્ધ દૃષ્ટિવડે તે પ્રમાણે તેને લક્ષ્યમાં લીધો કે, એકદમ તે કામને વશ થઇ ગયો.

ત્યારબાદ તે કન્યાએ પોતાની સખીઓ સહિત અનુક્રમે પોતાના નગરમાં પ્રવેશ કર્યો.

પછી તેણીના રૂપ અને અદ્ભૂત યૌવન વડે હણાયું છે હૃદય જેનું એવો **ચિત્રગતિ** પણ ક્ષણમાત્રમાં ચિત્રા-મણની માફક બીજાં બધાં કાર્યોમાં શૂન્ય વ્યવહારવાળો થઈ ગયો.

તેમજ કાર્યાકાર્યનો વિવેક પણ તેનો સર્વથા નષ્ટ થઇ ગયો.

આ પ્રમાણે તેનું અસ્થિર ચિત્ત જોઇ **દમઘોષ** વિનયપૂર્વક બોલ્યો.

હે કુમાર ! હવે સૂર્યદેવ દિગંતરમાં પ્રયાણ કરી અસ્તાચલના શિખર ઉપર આરૂઢ થયો છે. તેથી એના તેજનો પ્રભાવ પણ ક્ષીણ થયો છે.

માટે આપણે પોતાના સ્થાનમાં જવું ઉચિત છે. વિલંબ કરવાની બિલકુલ જરૂર નથી.

આ પ્રમાણે **દમઘોષનું** વચન સાંભળી બાહ્ય આકારને ગોપવીને તે બોલ્યો.

ભાઈ ! હવે અહીં રહેવાની આપણે કંઈ જરૂર નથી. પરંતુ અહીં રહેવાનું કારણ તો માત્ર એટલું જ છે કે, મારી આંગળીએથી મારી મુદ્રિકા અહીં કોઈપણ સ્થળે પડી ગઇ છે, તેની શોધ કરી સવારમાં જ હું આવીશ. અને તું જલદી જા.

આ સર્વ વૃત્તાંત તું **જ્વલનપ્રભને** કહેજે.

તે સાંભળી કંઇક હાસ્ય કરી **દમઘોષ** બોલ્યો.

હે કુમાર ! આપની સર્વ બીના પ્રત્યક્ષપણે હું જાણું છું, છતાં આવું જૂઠું બોલવાનું તમારે શું કારણ છે?

તમારા હાથમાંથી મુદ્રિકાને ગ્રહણ કરતી તે કન્યાને શું મેં નથી જોઇ? માટે કપટની વાત પડતી મૂકો અને સાચી વાત કહો કે; તે કન્યાનું મૂળ તપાસ કરીને હું આવીશ.

આ પ્રમાણે **દમઘોષના** કહેવાથી **ચિત્રગતિ** હાસ્ય કરી બોલ્યો.

હે **દમઘોષ**! મારા હૃદયની વાત તું બરાબર જાણે છે.

ત્યારબાદ **દમઘોષ ચિત્રગતિને** પ્રણામ કરી આકાશ માર્ગે પ્રયાણ કરી પોતાના સ્થાનમાં ગયો.

## ચિત્રગતિની ચિંતા.

બાદ **ચિત્રગતિ** પણ અતિ રમણીય એવા **શ્રીઆદીશ્વર** ભગવાનના મંદિરમાં ગયો. ત્યાં શ્રી જિનેન્દ્ર ભગવાનની

મૂર્તિઓનાં દર્શન કરી ચૈત્યવંદન કર્યા બાદ જિન મંદિરની બહાર એકાંતમાં જઈ તેણે આસન કર્યું, તેટલામાં રાત્રિનો સમય થયો.

ત્યારબાદ તે વિચાર કરવા લાગ્યો. મારે અહીં શું માનવું ?

મારા હાથમાંથી મુદ્રારત્ન લઇને તેણીએ પોતાનું મુદ્રારત્ન મને આપ્યું. એનો સ્પષ્ટાર્થ કંઇ પણ મારા સમજવામાં આવ્યો નહીં.

એણીના કુળની સ્થિતિ મારે કેવી રીતે જાણવી ? અથવા તે યુવતિને કેવી રીતે મારે પ્રાપ્ત કરવી ?

જો હું તે કન્યાને પરણું તો જ આ મારૂં જીવિત સફલ થાય.

તેવા અદ્ભૂત પ્રકારના રૂપવાળી સ્ત્રીની સાથે આ દુનિયામાં વિષયસુખ ભોગવવું તે ઉચિત છે. અન્યથા વિષયસુખની આશા મને વિડંબના લાગે છે.

કેળના ગર્ભસમાન સુકોમળ છે હસ્તલતા જેની, હંસસમાન ગમન કરતી એવી તે બાળા જે પુરૂષના હસ્તતલનો સ્પર્શ કરશે તે પુરૂષના જન્મને હું કૃતાર્થ માનું છું.

તે સુતનુને મેં મારા ખોળામાં લીધી એટલા માત્રથી મારા આત્માને હું ધન્ય માનું છું અને ખોળામાં લીધા પછી તેણીનું જે ગાઢ આલિંગન મેં ન કીધું એ મોટી મારી ભૂલ થઈ છે.

પરંતુ હવે જો ફરીથી આવી યાત્રા આવે અને હાથીના ભયથી તે કન્યા ભૂમિ ઉપર પડી જાય તો તેને એકદમ પકડી લઇને હું ખુબ આલિંગન કરૂં.

એમ બહુ પ્રકારના સંકલ્પ વડે તે કન્યાનું સ્મરણ કરતા એવા તે ચિત્રગતિની રાત્રિ નિદ્રાની સાથે જ નાશ પામી ગઈ અને સૂર્યનો ઉદ્યોત થયો.

## ચિત્રગતિનું પ્રયાણ

કન્યાનું જ સ્મરણ કરતો **ચિત્રગતિ** પ્રભાતમાં વિધિપૂર્વક શ્રીપ્રથમજિનેન્દ્ર શ્રી આદિનાથ ભગવાનને વંદન કરી મંદિરની બહાર નીકળ્યો.

તે કન્યાનું કુળ તથા ઘર શોધી કાઢવું જોઇએ. એમ વિચાર કરી તે નગર તરફ ચાલ્યો અને નગરની અંદર તેણે પ્રવેશ કર્યો.

ચારે તરફ તેની દૃષ્ટિ પડવા લાગી. દરેક ઠેકાણે વિશાલ, સુંદર અને અતિ ઉન્નત હવેલીઓ દેખવામાં આવી. પરંતુ મનુષ્યોનો સર્વથા અભાવ જોવામાં આવ્યો.

આ પ્રમાણે નગરની રમ્યતા અને શૂન્યતાને જોઈ તે વિચાર કરવા લાગ્યો; નગરની લક્ષ્મીએ ત્યાગ કરેલું આ નગર અરણ્ય સમાન ઉજ્જડ શાથી થયું હશે ?

એમ વિચાર કરતો તે ફરીથી જોવા લાગ્યો. જેમ જેમ વિશેષ અવલોકન કરે છે, તેમ તેમ તેના હૃદયમાં કૌતુકમાલા વધતી જાય છે.

અરે ! અકસ્માત્ આવા અલૌકિક નગરની આવી સ્થિતિ શાથી થઈ હશે ? શું આ ઈંદ્રજાલ હશે ? ખરેખર ઉજ્જડ થયું હશે ?

કોપાયમાન થયેલો કોઈક દેવ આ સ્થાનમાંથી સમગ્ર વસ્તિને શું અન્યત્ર હરી ગયો હશે ? કોઇના પણ ભયને લીધે આ નગરમાંથી સર્વ લોકો નાસી ગયા હશે ?

એમ વિચાર કરતો તે **ચિત્રગતિ** નગરની અંદર આગળ પ્રવેશ કરે છે, તેટલામાં સન્મુખ આવતો એક પુરૂષ તેના જોવામાં આવ્યો; અને તેણે બહુ સત્કારપૂર્વક મધુર વાણી વડે આગંતુક પુરૂષને પૂછયું.

હે ભદ્રમુખ ! આ ભવ્ય નગર અકસ્માત્ શાથી ઉજ્જડ થયું છે ?

તે પુરૂષ બોલ્યો,

હે મહાશય ! આપના પ્રશ્નનો જવાબ હું કહું છું, તે આપ સાંભળો.

### કનકપ્રભ વિદ્યાધરેંદ્ર

**પ્રજ્ઞપ્તિ વિદ્યાના** પ્રભાવથી ગર્વિષ્ટ થયેલો, મહાપરાક્રમી અને વિદ્યાધરોનો અધિપતિ **કનકપ્રભ** નામે રાજા આ નગરનું પાલન કરે છે, આ વાત સુપ્રસિદ્ધ છે.

તે વિદ્યાધરે પોતાના જ્યેષ્ઠબંધુ **જ્વલનપ્રભની** પાસેથી પિતાએ આપેલા રાજ્યને ખુંચી લઈ પોતાની સત્તા ચલાવી એટલું જ નહીં પરંતુ તેને રાજ્યમાંથી પણ

કાઢી મૂકયો. તે **જ્વલનપ્રભ** પોતાના સસરાના નગરમાં ગયો.

આ **કનકપ્રભ** રાજા રાજ્યનો અનુભવ કરતો છતો આ નગરમાં રહે છે.

**જ્વલનપ્રભને ભાનુગતિ** નામે તેના સસરાએ **રોહીણી** નામે વિદ્યા આપી. **જ્વલનપ્રભ** તે વિદ્યાને સાધવા માટે પ્રવૃત્ત થયો.

તે વૃત્તાંત **કનકપ્રભને** પોતાની વિદ્યાએ કહ્યું. એટલે તેના વિઘ્નને માટે એકદમ **કનકપ્રભ** રાજા ત્યાં ગયો અને બહુ ઉપદ્રવ કરવા લાગ્યો.

પરંતુ પોતાની દૃઢતાને લીધે તે કિંચિત્ માત્ર પણ ક્ષુભિત થયો નહીં, તેથી તે વિદ્યાધરેંદ્ર ભયભીત થઇ ગયો અને વિલક્ષ્ય થઈ પોતાના નગર તરફ તે વ્યાકુલ ચિત્તે આવતો હતો.

તેવામાં તે પ્રમાદને લીધે શ્રીજિનેન્દ્ર ભગવાનનું મંદિર ઉલ્લંઘીને ચાલ્યો ગયો એ મોટી એની ભૂલ થઈ.

કારણ કે સર્વ ખેચરોને માટે પ્રથમથી જ ધરણેંદ્રે એવો નિયમ બાંધ્યો છે કે; શ્રીજિનેંદ્રભગવાનનું મંદિર તેમજ સાધુમહારાજની પ્રતિમાનું જે ઉલ્લંઘન કરશે, તેવા અધમ વિદ્યાધરની વિદ્યાનો તત્કાલ લોપ થશે.

આ પ્રમાણે આ **વૈતાઢય** પર્વતમાં પ્રવૃત્તિ ચાલે છે. તે બાબત દરેક વિદ્યાધરો જાણે છે. માટે હે ભદ્ર !

શ્રીજિનેંદ્રભગવાનના મંદિરને ઉલ્લંઘન કરવાથી એની ઉપર ધરણેંદ્ર કોપાયમાન થયો છે. જેથી એણે તત્કાલ તે અધમ વિદ્યાધરની વિદ્યાનો વિચ્છેદ કર્યો.

**જ્વલનપ્રભ**ને વિદ્યાસિદ્ધ થઇ છે એમ જાણીને **કનકપ્રભ** વિદ્યા રહિત થવાથી અહીં રહેવાની અશક્તિ હોવાને લીધે અહીંથી નાસી ગયો.

તે ભયભીત થઇને દક્ષિણશ્રેણીમાં **ગંગાવર્ત્ત** નગરમાં ગયો છે. ત્યાં પોતાના જ્ઞાતિવર્ગ સહિત તે અધમ વિદ્યાધર **શ્રીગંધાવહન** રાજાનું શરણ લઈ રહ્યો છે.

આ વાત સર્વ નગરના લોકોના જાણવામાં આવી, એટલે લોકો પણ બહુ ચિંતામાં પડી ગયા. રાજા વિના નગરમાં કેવી રીતે રહી શકાય ? ખાવા–પીવાની શુદ્ધિ પણ ભૂલી ગયા. લોકોના હૃદય ભયને લીધે બહુ જ અધીરાં થઈ ગયાં. વળી તેઓ પરસ્પર કહેવા લાગ્યા કે; આપણો રાજા તો નાશી ગયો. હવે આ નગરને વસાવવા માટે કોઇ શક્તિમાન્ રહ્યો નથી, અને રાજા સિવાય હાલમાં આપણે અહીં રહેવું ઉચિત નથી. આપણો રક્ષક કોઇ છે નહિ છતાં આપણે અહીંયાં રહીએ અને કદાચિત્ આપત્તિ આવી પડે તો આપણી શી ગતિ થાય ?

જલદી આ નગરનો આપણે ત્યાગ કરવો જોઈએ. કારણ કે, નિર્બળ એવી પ્રજાનું સંરક્ષણ નરેંદ્ર સિવાય અન્ય કોઈથી થઇ શકતું નથી. કહ્યું છે કે,

બુદ્ધિહીન પુરૂષોને મૌન રહેવું, તે તેમનું બલ ગણાય છે.

ચોર લોકોને અનૃત–જૂઠું બોલવું, તે તેમનું જીવન છે. અર્થાત્ તે સિવાય અન્ય બલ હોતું નથી.

દુર્બલ પ્રજાનું બળ માત્ર રાજા ગણાય છે અને બાળકનું બલ રૂદનમાં જ રહેલું છે.

આ નગરમાં હવે ક્ષણમાત્ર પણ રહેવું અનર્થ ભરેલું છે, એમ નિશ્ચય કરી વિચારમાં બહુ કુશલ એવા નગરના મુખ્ય પુરૂષોની સંમતિથી સર્વે નાગરિક લોકો અહીંથી નાશી ગયા. જેથી આ નગર એકદમ ઉજ્જડ થઈ રહ્યું છે.

આ પ્રમાણે તે પુરૂષના કહેવાથી નગરની શૂન્યતાનું કારણ **ચિત્રગતિ**ના જાણવામાં આવી ગયું અને તરત જ તેણે પૂછ્યું.

હે ભદ્ર ! આ સર્વ લોકો અહીંથી નાશીને ક્યાં ગયા છે ?

પુરૂષ બોલ્યો, હે સુભગ ! કેટલાક **ગગનવલ્લભ** નામે નગરમાં ગયા.

કેટલાક **વિજયપુર** નગરમાં ગયા.

કેટલાક **વૈજયંત** નગરમાં ગયા.

કેટલાક **શત્રુંજય** નગરમાં ગયા.

કોઈક **અરિંજય** નગરમાં ગયા.

કોઈક **નંદન** નગરમાં ગયા.

કેટલાક **વિમલ** નગરમાં ચાલ્યા ગયા.

કેટલાક **રથનુપુર** નગરમાં ગયા.

કેટલાક **આનંદપુર**માં ગયા.

કેટલાક **શકટામુખ** નગરમાં ગયા.

કેટલાક **વજયંતીપુરી**માં ગયા.

કેટલાક **રત્નપુર**માં ગયા.

કેટલાક **રત્નસંચિય** નામે શ્રીનગરમાં ગયા.

કેટલાક **જલાવર્ત** નગરમાં ગયા.

કેટલાક **શંખનાભ** નગરમાં ગયા.

શત્રુના ભયને લીધે સર્વ નગરવાસી લોકો ભિન્ન-ભિન્ન નગરોમાં વાયુના વેગથી હણાયેલા સથ્થુના ઢગલાની માફક વિખરાઈ ગયા છે.

આ પ્રમાણે કહી તે પુરૂષ ચિત્રગતિને પ્રણામ કરી પોતાના માર્ગે ચાલતો થયો.

ત્યારપછી ચિત્રગતિ પણ તેનાં વચન સાંભળી એકદમ મુદ્ગર વડે હણાયો હોય ને શું ?

ક્ષુધાતુર રાક્ષસ વડે ગ્રસાયેલો હોય ને શું ?

વજ્ર વડે તાડન કરાયેલો હોય ને શું ?

તેમ અતિ દુઃસહ દુઃખસાગરમાં તે ડુબી ગયો.

ત્યાર બાદ તે વિચાર કરવા લાગ્યો, અરે ! હવે મારે કયાં જવું ? તે બાલાનું દર્શન મને કયાં થશે ? એના દર્શનથી મારા હૃદયને બહુ જ આનંદ થયો હતો. છતાં આ સર્વ વ્યવસ્થા હતવિધિએ ઉચ્છિન્ન કરી નાખી.

વળી સેંકડો કોટી જાતિ કુલોથી વ્યાપ્ત અને વિશાળ વસ્તીથી ભરપૂર એવા આ નગરમાં ફરવાથી મને તે બાળાનું દર્શન થવું પણ અતિ દુર્લભ છે.

કારણ કે તેણીનું નામ કે ઠેકાણું પણ હું બિલકુલ હું જાણતો નથી.

હાલમાં આ નગરના સર્વ લોકો પોતપોતાની મરજી માફક અનેક નગરોમાં ચાલ્યા ગયા છે.

તે યુવતી કયાં ચાલી ગઈ હશે? તેની પ્રવૃત્તિ માત્ર પણ મળી શકે તેવો સંભવ નથી.

હવે મારે અહીં શું કરવું? દુષ્ટ દૈવે મારો સઘળો મનોરથ નષ્ટ કર્યો. હવે તેની પ્રવૃત્તિ કયાંથી મળે? અને તેનું દર્શન પણ કયાંથી થાય?

મારે કોને પૂછવું? તેણીનું કુળ તથા ઘર બતાવે તેવો પુરૂષ મને કયાંથી મળે?

જ્યાં આગળ તે મારી પ્રાણપ્રિયા ગઈ હોય તે સ્થલ મને કોણ બતાવે?

કોઈ પણ દૈવયોગને લીધે તેણીનું દર્શન મને થયું. હતું. હવે દુર્દૈવના યોગમાં હું આવી પડયો છું.

ફરીથી તેણીનું દર્શન કોણ જાણે થશે કે નહીં?

વિરહરૂપી પિશાચને શાંત કરવામાં મંત્રસમાન, તેણીના નામાક્ષરો મારા કર્ણગોચર ન થયા.

અરે! હવે મારે કયાં જવું?

હા! બહુ ખેદની વાત છે; હે હૃદય! તું શા માટે શોકથી ઝુર્યા કરે છે?

હવે મનોભીષ્ટ એવી તે દયિતા ઉપરથી મમત્વભાવ દૂર કરી તું શાંત થા.

અપ્રાપ્ય વસ્તુ ઉપર પ્રેમ કરવો તે નિષ્ફલ છે, માત્ર તે શરીરને દુઃખદાયક થાય છે.

જે પદાર્થની પ્રાપ્તિ દુર્લભ હોય તેની ઉપર પ્રેમ રાખવાથી શું ફલ થઇ શકે? એથી કંઇ પોતાનો વિચાર સિદ્ધ થતો નથી.

માત્ર તેવા અસત્ આગ્રહમાં પડેલા મૂઢ પુરૂષોને આલોક તથા પરલોકમાં ઝાંઝવાંના જળની માફક સુખાભાસ દુઃખદાયક થઈ પડે છે,"

હે હૃદય! તેણીનું સ્થાન માત્ર પણ તારા જાણવામાં નથી. છતાં હજુ પણ તેણીની આશા તું શામાટે રાખે છે?

હે હૃદય! હવે તારે જો બળવું હોય તો ભલે બળ્યા કર? તારે જેમ કૂટવું હોય તેમ સુખેથી કૂટ્યા કર? હું તને ના પાડવાનો નથી.

હાલમાં સ્ત્રીની પ્રવૃત્તિ માત્ર પણ દુર્લભ થઈ છે.

નકામી બહુ શોકને વધારનારી આવી ચિંતા કરવાથી શું? હવે તો ધૈર્ય રાખી કંઈપણ ઉપાય કરૂં. કારણ કે; ઉપાય કરવામાં પ્રવૃત્ત થયેલા પુરૂષો ઇચ્છિત અર્થને પ્રાપ્ત કરે છે.

તેમજ લોકમાં પણ પ્રસિદ્ધ છે કે-"સુતેલા પુરૂષો સ્વપ્ન દેખે છે"

હવે મારે ઉપાય કરવાનો એ છે કે; દરેક વિદ્યાધરોના નગરોમાં હંમેશાં મારે ફરવું, જેથી કોઈ ન કહે તો પણ કોઈ ઠેકાણે કોઈપણ તેની ખબર કહેનાર મળી આવશે.

પરિભ્રમણ કરતાં કોઈપણ નગરમાં ચંદ્રસમાન મુખવાળી તે બાલાનો સાક્ષાત્ સમાગમ પણ થઇ જાય તો બહુ જ સુંદર થાય.

એમ નિશ્ચય કર્યો બાદ હે **ચિત્રવેગ** ! હું ત્યાંથી નીકળ્યો.

મારૂં હૃદય તો મારી પ્રિયાના વિયોગથી ઉત્પન્ન થયેલા મહાન્ દુઃખરૂપી વજ્રથી ભેદાઇ ગયું હતું.

સર્વ પરિજનનો ત્યાગ કરી એકાકી હું વિચિત્ર પ્રકારની ગતિ કરતો બહુ રાગને વશ થઇને પરિભ્રમણ કરવા લાગ્યો.

અનુક્રમે **વૈતાઢયની** ઉત્તરશ્રેણીમાં દરેક નગરોમાં હું ફરી વળ્યો. પરંતુ કોઈપણ સ્થાને મારી પ્રાણપ્રિયાની ખબર પણ મને મળી નહીં.

ત્યાંથી નીકળી હું દક્ષિણ શ્રેણીમાં આવ્યો ત્યાં પણ સર્વે નગરોમાં ફરી ફરીને થાકયો. પરંતુ કોઇપણ ઠેકાણે મારો મનોરથ સિદ્ધ થયો નહીં.

આજે ભમતો ભમતો અહીં આપના **કુંજરાવર્ત નગરમાં** હું આવ્યો અને આ ઉદ્યાનમાં પ્રવેશ કરતાં મને શુકન બહુ સારા થયા.

મારો જમણો હાથ અને જમણું નેત્ર ફરકવા લાગ્યાં.

તરતજ મારા મનમાં સંકલ્પ થયો; આજે જરૂર તે સ્ત્રીનું મને દર્શન થશે અથવા તો બીજું કોઈપણ ઉત્તમ કાર્ય સિદ્ધ થશે.

પુરૂષોનાં સર્વ જમણાં અંગ જો ફરકે તો તે શુભફલ આપનારાં જાણવાં. તેમજ સ્ત્રીઓનાં દરેક ડાબાં અંગ ફરકે તો તે શ્રેષ્ઠફલ આપનાર કહ્યાં છે. એમાં કોઈ પ્રકારનો સંશય નથી.

એમ વિચાર કરતો હું આ કદલીગૃહમાં આવ્યો, પછી પાદશૌચ કરી સ્વચ્છ બાંધેલી ભૂમિ ઉપર હું બેઠો.

તેવામાં ત્યાં હે સુતનુ! ક્ષણ માત્રમાં સ્વચ્છ હવાને લીધે હું નિંદ્રાવશ થઈ ગયો. ત્યારબાદ તારા પ્રલાપનો શબ્દ સાંભળી હું નિંદ્રામાંથી એકદમ જાગી ઉઠયો.

અરે! અહીંયાં કોઈ માનવજાતિ દેખાતી નથી, તો આ શબ્દ કોણે કર્યો હશે?

એમ વિચાર કરી હું દિશાઓનું અવલોકન કરતો હતો, તેટલામાં વૃક્ષની શાખાએ લબડતો તું મારી દૃષ્ટિગોચર થયો કે તરતજ હું હાહાકાર કરવા લાગ્યો.

અરે! કામદેવ સમાન તેજસ્વી એવો આ યુવાન્ પુરૂષ ગળે પાશ નાખી શા માટે આત્મઘાત કરવા લાગ્યો છે?

એમ વિચાર કરી હાહાકાર કરતો હું તારી પાસે આવ્યો અને એકદમ તારા ગળાનો પાશ મેં કાપી નાખ્યો.

હે **ચિત્રવેગ**! હવે અહીંથી બાકીનું સર્વ વૃત્તાંત તું પોતે જ પ્રત્યક્ષપણે જાણે છે.

હે ભદ્ર! પોતાની સ્ત્રીનું સ્થાન પણ તું કેમ નથી જાણતો ?

એમ જે તેં મને પૂછયું હતું, તેનો સર્વ ઉત્તર મેં તને કહ્યો. માટે હે **ચિત્રવેગ**! રૂપ અને યૌવન વડે અદ્‌ભુત એવા આ મનુષ્યભવને પામીને તું બુદ્ધિનો ઉપયોગ કર.

ફક્ત સ્ત્રીના કારણને લીધે અમંગલિક એવો આત્મઘાત કરવો તને યોગ્ય નથી.

હે **ચિત્રવેગ**! જો કે ઉત્તમ એવા કુલીન પુરૂષોને સ્ત્રીના વિરહમાં અત્યંત દુઃસહ એવું દુઃખ ઉત્પન્ન થાય છે; તો પણ આ અઘટિત મરણ કરવું તેઓને ઉચિત નથી.

હું પણ જાણું છું કે; નરકસ્થાનમાં નારકીની માફક પ્રાણપ્રિય એવા મનુષ્યના વિયોગથી દારૂણ દુઃખ પ્રગટ થાય છે. તથાપિ સમજુ પુરૂષોએ સર્વથા આત્મવધ કરવો નહી. પરંતુ કોઇપણ એવો ઉપાય કરવો જોઇએ; જેથી પોતાની મનોવાંછિત પ્રિયાનો સમાગમ થાય.

હે **સુપ્રતિષ્ઠ**! આ પ્રમાણે **ચિત્રવેગનું** વચન સાંભળી મોટો નિઃશ્વાસ મૂકી મેં કહ્યું કે; હવે તે વાત

ગઈ; હાલમાં કોઈપણ ઉપાય કરવાનો સમય રહ્યો નથી. કારણ કે; આજની રાત્રીએ જ તેણીનો વિવાહ થવાનો છે.

**ચિત્રગતિ** બોલ્યો. હે સુતનુ! જો તને અનુકુલ હોય અને તે ઠીક લાગે તો, હજુ તે બાળાને મેળવવાનો એક ઉપાય મારા હૃદયમાં સ્કુરી રહ્યો છે.

મેં કહ્યું કે; ભાઈ! તેવો કયો ઉપાય છે?

તે બોલ્યો, હે ભદ્ર! તારી ઇચ્છા હોય તો તું સાંભળ.

**દક્ષિણશ્રેણી**માં વિદ્યાધરોનો એવો કુલાચાર છે.

લગ્નના સમયે એકલી કન્યા કામદેવની પૂજા માટે જાય છે અને પૂજન કર્યા બાદ તે કન્યા પોતાના કુલના ક્રમ પ્રમાણે ઉચિત વરની સાથે લગ્ન કરે છે.

પોતાના કુલની મર્યાદાને અનુસરતી તે કન્યા આજે કામદેવના પૂજન માટે આવશે.

વળી આપણે બન્ને જણ પણ પ્રથમથી જ કામદેવના મંદિરમાં જઈ છુપાઇ રહીએ.

તે કન્યા જયારે પૂજન માટે આવશે, ત્યારે તેનાં વસ્ત્ર પહેરી લઈ હું સ્ત્રીનો વેશ કરી વરની પાસે જઈશ અને તું **કનકમાલા**ને લઇને તે જ વખતે પલાયન થઈ જજે. ત્યારબાદ હું પણ ત્યાંથી કોઈ ઉપાયથી લાગ શોધીને નાસી જઇશ.

હે ભદ્ર! આ પ્રમાણે કરવાથી તે કન્યાની જરૂર પ્રાપ્તિ થશે. અન્યથા તમે કન્યાની આશા રાખશો નહીં.

વળી આ પ્રમાણે કરવાથી દૈવનું વચન પણ સત્ય થશે.

પોતાનો ઈષ્ટ અર્થ સાધવા માટે પુરૂષોએ પ્રથમ પુરૂષાતન કરવું જોઇએ.

કાર્યસિદ્ધિ તો દૈવ યોગથી થાય છે.

હે **સુપ્રતિષ્ઠ**! આ પ્રમાણે યોગ્ય ઉપાય તેણે બતાવ્યો. મારૂં હૃદય તો તે યુવતીના રાગમાં વિમૂઢ થઈ ગયુ હતું, જેથી કંઈપણ મેં વિચાર કર્યો નહીં. કે ભવિષ્યમાં અસહ્ય દુઃખ આવી પડશે.

**મદનગૃહમાં કનકમાલા**

પોતાના સંચાર વડે દિગંતરોને પવિત્ર કરી સૂર્યદેવ સમસ્ત આકાશ મંડલની મુલાકાત લઈ, માર્ગના શ્રમથી ખિન્ન થયેલો હોય ને શું? એમ મજ્જન માટે પશ્ચિમ સમુદ્રને પ્રાપ્ત થયો. અર્થાત્ અસ્ત થયો.

રાત્રીનો દેખાવ થવા લાગ્યો એટલે **ચિત્રગતિ** બોલ્યો;

હે ભદ્ર! હવે આપણે આપણા પ્રસ્તુત કાર્યની સિદ્ધિ માટે તૈયારી કરવી જોઇએ, ચાલો આપણે બન્ને જણ કોઈ ન જાણે તેવી રીતે આ **મદનગૃહમાં** હાલ પ્રવેશ કરીએ.

ત્યારબાદ મેં કહ્યું તારૂં કહેવું સત્ય છે, એમ કહી અમે બન્ને તે ઉદ્યાનમાંથી કેટલાંક પુષ્પો વીણીને **મદનગૃહમાં** ગયા.

**કામદેવની** પૂજા કર્યા બાદ સ્તુતિ પ્રસંગે અમોએ કહ્યું કે; હે ભગવન્ ! આપના પ્રસાદથી અમારો ઈષ્ટ મનોરથ સિદ્ધ થાઓ !

એમ પ્રાર્થના કરી અમે બન્ને જણ **કામદેવના** પાછળના ભાગમાં સંતાઈ ગયા.

એક પ્રહરથી કંઈક અધિક રાત્રીનો સમય વ્યતીત થયો એટલે, બહુ પરિજનથી પરિવારિત,

ઉત્તમ પ્રકારનાં સેંકડો મંગલગીતોથી ગવાતી હતી,

નાના પ્રકારનાં વાજીંત્રો વિવિધ સ્વરથી વાગતાં હતાં,

પોતાની સખીઓ ચારે પાસ વીંટાઈ વળી હતી, તેમજ પોતે ઉત્તમ શિબિકામાં બેઠી હતી,

દરેક માંગલિક ઉપચારો કરવામાં આવ્યા હતા,

શરીરે શ્વેત અને સ્વચ્છ આભૂષણો ધારણ કર્યા હતાં, તેમજ વસ્ત્રો પણ શ્વેત પહેરેલાં હતાં.

સુગંધિત પુષ્પો વડે જેણીનો કેશપાશ ગુંથેલો હતો,

એવી તે **કનકમાલા મદનગૃહના** દ્વારમાં આવી પહોંચી.

ત્યાર પછી શિબિકામાંથી નીચે ઉતરીને પૂજન માટે પુષ્પાદિક સામગ્રીને ગ્રહણ કરીને પોતાના સમસ્ત પરિજનને દ્વાર દેશમાં જ ઉભો રાખ્યો.

ત્યાર પછી **કામદેવના** પૂજન માટે પોતે એકલીએ અંદર પ્રવેશ કર્યો.

ત્યારબાદ તે બાલાએ અંદર જઈને દ્વારનાં કમાડ બંધ કરી અર્ગલા ( ભૂગોળ ) ભીડાવી દીધી.

ત્યાર પછી તે બાલા કામદેવનું પૂજન કરીને તેના ચરણકમલમાં પ્રણામ કરવા લાગી.

પ્રણામ કર્યા બાદ તે બહુ નિઃશ્વાસ નાખવા લાગી. તેમજ તેણીના નેત્રોમાંથી ધારા પ્રવાહ અશ્રુપાત થવા લાગ્યા.

મંદમંદ શબ્દથી ગદ્‌ગદ્‌કંઠે આક્ષેપ સહિત તે બાલા બોલવા લાગી,

હે ભગવન્ ! દેવ અને મનુષ્યોને જીતનાર હોવા છતાં પણ આપ શા માટે આ સ્ત્રી–જાતિને દુઃખી કરો છો ?

હે ભગવન્ ! તે પ્રાણપ્રિયને વિષે મારો અતિશય અનુરાગ થયો છે, છતાં તેને છોડીને અન્ય પુરૂષની સાથે મને તમે શા માટે યોજવા તૈયાર થયા છો ?

વળી આલોકમાં સંભળાય છે; હે ભગવન્ ! તમારાં પાંચ જ બાણ છે, પરંતુ મને તો હજાર બાણ સમાન તમે થઈ પડયા છો. એવી મને ખાત્રી થઈ છે.

હે ભગવન્ ! જો તમારે મને પ્રહાર કરવો હોય તો સુખેથી પ્રહાર કરો તમને કોણ નિવારણ કરે છે ?

પરંતુ જો મારી ઉપર પ્રહાર કરવો હોય તો તેવો કરો કે; જેથી મૃત્યુના મુખમાં જલદી હું ચાલી જાઉં.

હે કામદેવ ! તમોએ મને એવો માર માર્યો કે;

નહીં તો મૃત્યુ થયું, તેમ જીવતી પણ હું નથી. માટે આપને હું શું કહું ?

હાલમાં હું આપને શરણે આવી છું. અગ્નિથી બળેલાં થયેલા માણસને જેમ અગ્નિ જ ઔષધ થાય છે, તેમ તમોએ મારા શરીરે બહુ જ પીડા કરી છે. માટે તમારા શરણે હું આવી છું.

જો તમે મારી ઉપર પ્રસન્ન થયા હોવ તો મારા પ્રાર્થિત એવા તે વરને તમે આપો અને આવી વિડંબના અન્ય જન્મમાં પણ મને મા થાઓ.

પ્રથમ આ મારા જન્મને પ્રાણપ્રિયની આશા વડે મેં નિષ્ફલ વ્યતીત કર્યો. હે ભગવન્ ! જન્માંતરમાં પણ તેજ મારા પ્રિયપતિનો સંયોગ તમારે કરાવવો.

આ પ્રમાણે કહ્યા બાદ હે **સુપ્રતિષ્ઠ** ! નેત્રમાંથી ખરતાં ધારાબદ્ધ આંસુઓના પ્રવાહવડે ભીંજાઈ ગયું છે સ્તનમંડલ જેનું એવી તે **કનકમાલાએ** નાના પ્રકારનાં રત્નોથી બનાવેલા, ચારે તરફ પ્રસરતા છે શુદ્ધ કિરણો જેના અને ગભારાના દ્વારમાં બાંધેલા સુંદર તોરણને વિષે પોતાના ઓઢવાના વસ્ત્રથી પાશ બાંધ્યો.

ત્યારબાદ ફરીથી તે બોલી.

હે કામદેવ ! હાલમાં હું તારી આગળ પ્રાણ ત્યાગ કરૂં છું. મને કોઇપણ ઠપકો ન આપે કે;

**કનકમાલાએ** આ બહુ ખોટું કર્યું. એટલા માટે આશા વડે આટલો સમય મેં નિર્ગમન કર્યો.

વળી હાલમાં હું મારી પ્રતિજ્ઞાનો ભંગ કરવા માટે સમર્થ નથી થઈ શકતી કે, મારા ઇષ્ટ એવા તે પ્રાણ-પ્રિયને છોડીને અન્ય પુરુષ મારા હાથનો સ્પર્શ કરે. માટે હું મારી પ્રતિજ્ઞાનો ભંગ કરવાને શક્તિમાન્ નથી. કહ્યું છે કે,

"અગાધ જળથી ભરેલા સમુદ્રો જેમ પોતાની મર્યાદાને છોડતા નથી,

શીલગુણને પાલનારા મનુષ્યો જેમ પોતાના શીલ વ્રતને પ્રાણાંતે પણ છોડતા નથી.

જેમ રાજનીતિમાં કુશલ એવા રાજાઓ નીતિનું ઉલ્લંઘન કરતા નથી.

તેમ સજ્જન પુરૂષો પ્રાણાંતમાં પણ પોતાની પ્રતિજ્ઞાનો ભંગ કરતા નથી.

આ સુકોમલ શરીર ઉપર વજ્રપાત થાય તો તેને હું શ્રેષ્ઠ માનું છું.

અગ્નિમાં પ્રવેશ કરવો એ પણ ઉત્તમ ગણાય છે.

વિષભોજનને પણ ઉચ્ચકોટીમાં હું માનુ છું, પરંતુ પોતાની પ્રતિજ્ઞાનો ત્યાગ કરવો તેને હું બહુ જ અધમ માનુ છું. અર્થાત્ ઉપરોક્ત વિષય કરતાં આ પ્રતિજ્ઞાનો ભંગ કરવો એ અધિક દુઃખદાયક ગણાય છે.

દેવો કોઇપણ સમયે જૂઠું બોલતા નથી, છતાં પાપિણી એવી મારાં દુષ્કૃતો વડે તે પણ અન્યથા થયું.

અથવા તો કોઇ પણ કપટ વડે પિશાચનું રૂપ ધરી, **નરવાહન** રાજાના કોઈક ભક્તે અથવા અન્ય કોઇ વિદ્યાધરે તે વખતે મને છેતરી હોય તેમ પણ હોય ખરૂં. માટે હાલમાં પણ મારા મનોવાંચ્છિત અર્થનો વિઘાત ન થાઓ.

હે ભગવન્! આપના પ્રસાદથી હવે મારૂં નિર્વિઘ્નપણે મરણ સિદ્ધ થાઓ.

હે ભગવન્ ! પ્રિયના વિરહરૂપ પ્રચંડ મુદ્‍ગર વડે જીર્ણ હૃદયવાળી અને પાપપુંજથી ઘાયલ થયેલી હું આ સમયે મરણ સિવાય અન્ય કંઈપણ હિત ધારતી નથી.

છતાં પણ હાલમાં મારૂં મરણ થશે કે નહી થાય તે સંબંધી હજુ પણ મારા હૃદયમાં શંકા રહે છે.

પ્રિય વિરહના દુઃખને શાંત કરનાર મરણ પણ સંપૂર્ણ પુણ્યના ઉદયથી પમાય છે.

માટે જો તે મરણ પણ હાલમાં થાય તો હું કૃતાર્થ થાઉં, એમ કહી તેણીએ પોતાનો દેહ નીચે મુખે પાશના આધારે એકદમ લટકતો મૂકચો.

તે જોઈ એકદમ હું ત્યાં ગયો અને તેણીનો પાશ મેં ઝડપથી છેદી નાખ્યો. પછી તેને મારા ખોળામાં લઇને મેં ધીમે સ્વરે કહ્યું.

હે સુતનુ ! સુર અને અસુરેંદ્રોનો પરાજય કરનાર કામદેવ તારી ઉપર પ્રસન્ન થયો છે. હવે તારે કોઈ

પ્રકારની ચિંતા કરવી નહીં. કારણ કે;

તારી ઉપર કામદેવની અસાધારણ કૃપા થઈ છે, જેથી તેણે તારો હૃદયવલ્લભ તેજ પુરૂષ આ જન્મમાં જ તને મેળવી આપ્યો છે.

માટે હવે તું નિઃશંક થઈ ગાઢ પ્રેમથી મારા કંઠનું આલિંગન કર! તારી ઉપર આ પ્રિયજન બહુ ઉત્કંઠિત થયો છે.

આ પ્રમાણે મારૂં વચન સાંભળીને તે બાલા લજ્જા વડે નીચું મુખ કરી ઉભી રહી;

ત્યારપછી **ચિત્રગતિ** પણ ત્યાં આગળ આવ્યો. બાદ મેં તે બાલાને કહ્યું.

હે સુંદરી! આ મારો અનન્ય મિત્ર છે.

હે સુતનુ! તારા વિયોગને લીધે જ્યારે હું અસહ્ય દુઃખમાં આવી પડચો હતો; ત્યારે હું આત્મવધ કરવાને તૈયાર થયો હતો; તે સમયે નિષ્કારણ પરોપકારી અને ધૈર્યવાન એવા આ મહાત્માએ મને આત્મઘાતથી બચાવ્યો હતો.

તારા સમાગમનો આ ઉપાય કરાવનાર પણ આ પુરૂષ જ છે. એના કહેવાથી અમે અહીં આવ્યા છીએ; અને એની સહાયથી આ મારૂં ઇચ્છિત કાર્ય સિદ્ધ થશે.

માટે હે સુતનુ! હવે તું કન્યાના સ્વભાવને સુલભ એવા ભયનો ત્યાગ કરીને તારાં પોતાનાં સર્વ વસ્ત્ર એને જલદી તું આપી દે.

હે મૃગાક્ષી ! જે વસ્ત્ર અને અલંકારો વડે તારા રૂપને ધારણ કરી આ મારો મિત્ર બહાર નીકળશે. એટલે તે તારો પરિજનવર્ગ પણ વિમોહિત થઇ જશે અને તેઓ કિંચિત્ માત્ર પણ આપણા આ કપટને જાણી શકશે નહી. વળી આ મારો મિત્ર પરકાર્ય કરવામાં બહુજ રસિક અને ધીર છે.

આ પ્રમાણે મારા કહેવાથી તેણીને અત્યંત હર્ષ થયો અને રોમાંચિત થઈ તરતજ તેણીએ પોતાનો સર્વ વેષ ઉતારીને તેને આપી દીધો. પછી હું તે બાળાને સાથે લઈ **કામદેવની** મૂર્તિ પાછળ પ્રથમનીમાફક સંતાઈ ગયો.

## ચિત્રગતિનું કપટ

**ચત્રગતિ** પણ તેણીનાં સર્વ વસ્ત્ર અને આભરણ પહેરી તૈયાર થઈ દ્વાર ઉઘાડીને બહાર નીકળ્યો.

**કનકમાલાનો** પરિજન તેની વાટ જોઇને તૈયાર ઉભો હતો.

**ચિત્રગતિને** જોઈ કોઇને પણ ભ્રાંતિ થઇ નહીં અને તેઓ **કનકમાલા** આવી એમ જાણી શિબિકાને પાસમાં લાવ્યા એટલે **ચિત્રગતિ** એકદમ તેની અંદર બેસી ગયો.

ત્યારપછી તે લોકો ત્યાંથી નીકળીને ચાલ્યા ગયા એટલે તેઓનો કોલાહલ બંધ પડયો.

આ સ્થાનમાં હવે કોઈ નથી એમ જાણી મેં કહ્યું,

હે સુંદરી ! હવે આપણે અહીં શું કરવું ? તે સાંભળી લજ્જાને લીધે તેણીનું મુખારવિંદ નમ્ર થઇ ગયું અને ભયને લીધે તેનાં સર્વઅંગ કંપવા લાગ્યાં. છતાં પણ મહાન્ વિરહ દુઃખથી પીડાયેલી તે બાલા ગદ્ગદ્ કંઠે મહા કષ્ટ વડે બોલી;

હે પ્રિયતમ ! દૈવયોગને લીધે મને આપનો આજે સમાગમ થયો છે. હવે હું આપને શરણે આવી છું, આપને જેમ યોગ્ય લાગે તેમ આપ પોતે જ કરો.

આ પ્રમાણે તેણીના કહેવાથી મેં તે બાલાની સાથે ગંધર્વ વિધિ વડે લગ્ન કર્યું. લગ્ન સમયે કામદેવને સાક્ષીભૂત કરવામાં આવ્યો હતો.

ત્યાર પછી અનેક પ્રકારનાં વચનો વડે તે બાલાનો ભય મેં દૂર કર્યો. પછી તેણીનું હૃદય સ્વસ્થ થયું એટલે તેની સાથે ક્ષણ માત્ર ક્રીડા કરીને તેની સાથે ગાઢ આલિંગન દઇ ત્યાં હું સુઇ ગયો.

પાછળની રાત્રીએ હું જાગી ઉઠયો અને તે બાલાને મેં કહ્યું.

હે મૃગાક્ષી ! હવે અહીંથી આપણે ચાલી નીકળવું જોઈએ. કારણ કે; આવું ચૌર્ય કર્મ કરીને આ સ્થાનમાં રહેવું એ ઠીક નહીં કારણ કે; આ વાત લોકોના જાણવામાં આવે તો આપણા બન્નેની પૂરી બેઇજ્જતિ થાય.

આ પ્રમાણે મારો અભિપ્રાય જાણી મોટો નિઃશ્વાસ મૂકી મારી પ્રાણપ્રિયા બોલી.

હે આર્ય પુત્ર! ક્રમાનુસાર મારૂં જો મરણ થયું હોત તો બહુ સારૂં. કારણ કે; હે સ્વામિન્! મારા માટે હાલમાં આપને ઘણી આપત્તિ વેઠવાની આવી પડી.

તેમજ **નભોવાહન** રાજા વિદ્યાના બળથી બહુ ગર્વિષ્ઠ થયેલો છે અને પરાક્રમમાં બહુ પ્રચંડ છે.

હે નાથ! આપણે અહીંથી નાસી જઈશું તો પણ આપણું કોઈપણ શરણ થવાનું નથી. માટે હે પ્રાણપ્રિય! ખરેખર હું તમારી વૈરિણી થઈ છું.

હે સ્વામિન્! હાલમાં આપના માથે આવી પડેલી આપત્તિને જોઈ મને જે દુઃખ થયું છે, તેટલું દુઃખ પ્રથમ આપના વિરહ તાપનું પણ મને નહોતું થયું.

હે નાથ! આપ મને પ્રાપ્ત થયા છો છતાં પણ મારા દુષ્કૃતને લીધે હાલમાં આપ અહીં રહેવાના નથી પુણ્યહીન પ્રાણીઓને પ્રાપ્ત થયેલી વસ્તુ સહેજમાં નષ્ટ થાય છે. કહ્યું છે કે,

પ્રથમકાલમાં ઉપાર્જન કરેલા પુણ્ય વડે દરેક પ્રાણીઓ કર્માનુસાર સર્વ સંપત્તિઓને પ્રાપ્ત કરે છે. તેમજ–

પુણ્યહીન લોકો કર્મરૂપી યંત્રમાં જકડાયા છતાં હંમેશાં આપત્તિના ભોક્તા બને છે.

હે સ્વામીન્! સ્વપ્નમાં પણ મને સુખ મળે તેમ હું ધારતી નથી.

હે સુપ્રતિષ્ઠ ! આ પ્રમાણે પોતાનો અભિપ્રાય જણાવી તે બાલા મારાં કંઠને અવલંબીને બહુ દુઃખને લીધે અત્યંત રૂદન કરવા લાગી ત્યારે મેં કહ્યું.

હે સુંદરી ! આવો અસાધારણ શોક તું શા માટે કરે છે ? જે થયું તે ખરૂં અને હાલમાં જે થવાનું હશે તે થશે.

તારો સમાગમ થયા સિવાય જો મારૂં મરણ થયું હોત તો તે મને બહુ દુઃખદાયક થાત, પરંતુ હે સુંદરી ! હાલમાં મારૂં મરણ થશે તો પણ મને તે સંબંધી કંઇ પણ દુઃખ નથી.

જેમ તારી સાથે અચિંતિત એવો આ મારો સમાગમ થયો છે, તેમ કદાચિત્ અન્ય પણ શુભકાર્ય પ્રાપ્ત થાય.

પ્રથમ ઇષ્ટ સિદ્ધિને માટે ઉપાય કરવો જોઈએ. પછી જે થવાનું હોય તે થાય, એમાં યોજકનો શો દોષ ?

મૃત્યુશય્યામાં પડેલા પ્રાણીઓને મરણ તો સ્વાભાવિક રીતે આધારભૂત હોય છે, છતાં પણ માંદગીમાં ઉપચાર કરવો જરૂરનો છે.

વળી હે સુંદરી ! તે નભોવાહન વિદ્યાધરને જોઈને જ મેં આ કાર્ય કરેલું છે. ભવિષ્યમાં જે થવાનું હશે તે થશે, મને જે કંઈ ઉચિત લાગ્યું તે પ્રમાણે મેં કર્યું છે.

તે વિદ્યાધરથી મરણ તો અવશ્ય મેં સ્વીકારેલું છે, તો પણ તેનાથી નાસવું તો ખરૂં. જલને ચાવવામાં ઉદ્યત થયેલા પ્રાણીઓને કોઇપણ સમયે કાંકરો ગળવાનો પ્રસંગ આવતો નથી. માટે હે સુતનુ ! તું હવે શોકનો ત્યાગ કર.

ચાલો, આપણે **રત્નસંચય** નગરમાં જઈએ, પછી સમયોચિત જેમ જેમ યોગ્ય લાગશે તેમ આપણે કરીશું. એમ કહી તેણીની સાથે હું કામદેવને પ્રણામ કરી ત્યાંથી નીકળ્યો.

ત્યાર પછી તેણીના કંઠમાં આલિંગન દઈ હું આકાશમાર્ગે પ્રયાણ કરવા લાગ્યો. રાગરૂપી અંધકારથી મોહિત થયેલા મનુષ્યોના મોહગ્રસ્ત ચરિત્રને જોવા માટે જેમ દૂરથી અંધકારનો સંહાર કરતો સૂર્યદેવ એકદમ પ્રગટ થયો.

ત્યાર પછી તે સુવીત બોલી, હે સ્વામિન્ ! મને બહુ તૃષા લાગી છે. મારૂં ગળુ હવે સુકાઈ જાય છે. હજુપણ આપણું તે નગર કેટલું દૂર છે ?

હે સુંદરી ! આપણું નગર તો હજી બહુ દૂર છે. પરંતુ આ અરણ્યની ઝાડીમાં આપણે ઉતરીયે કારણ કે; અહીં જરૂર પાણી હશે.

એમ કહી અમે બંને જણ ત્યાં ઉતર્યાં, પછી લતા-ગૃહોથી સુશોભિત એવા તે મનોહરવનમાં ઠંડા જળથી ભરેલો એક નિર્મલ ઝરો અમારા જોવામાં આવ્યો.

ત્યાર પછી તે યુવતિ જલપાન કરી ગાઢ પત્રવાળા વૃક્ષની શીતલ છાયામાં બેઠી; તેટલામાં હું પણ શારીરિક ચિંતા કરીને ત્યાં આવ્યો,

હે **સુપ્રતિષ્ઠ**! આ પ્રમાણે પ્રાભાતિક કાર્ય કરી ક્ષણુ માત્ર ત્યાં હું વિશ્રાંતિ લેતો હતો, તેટલામાં નજીક રહેલા કદલીગૃહમાંથી એક શબ્દ મારા સાંભળવામાં આવ્યો.

હે સુંદરી! તારૂં શરીર હવે સ્વસ્થ થયું છે. ચાલો હવે આપણે પોતાના સ્થાનમાં જઈએ.

આ પ્રમાણે શબ્દ સાંભળીને મારા હૃદયમાં વિકલ્પ થયો;

જરૂર આ શબ્દ **ચિત્રગતિનો** છે. બીજા કોઈનો આ શબ્દ હોય તેમ લાગતું નથી અથવા આ વનની અંદર વૃક્ષોની ઘટામાં તેનો સંભવ કયાંથી હોય?

એમ હું વિચાર કરતો હતો; તેટલામાં ગાઢ વૃક્ષોથી આચ્છાદિત એવા તે કદલીગૃહમાંથી એક તરૂણ સ્ત્રી સહિત ચિત્રગતિ એકદમ બહાર નીકળ્યો.

ત્યારપછી હું તેની પાસે ગયો અને બહુ હર્ષને લીધે મારૂં શરીર એકદમ રોમાંચિત થઇ ગયું.

બાદ સ્નેહ વડે મેં તેને આલિંગન દીધું. તે પણ પ્રેમપૂર્વક મને ભેટયો, પરસ્પર અમારા આનંદનો પાર રહ્યો નહીં.

પછી અમે બન્ને જણુ ત્યાં આગળ બેઠા.

ત્યારપછી મેં કહ્યું, હે મિત્ર ! મદનગૃહમાંથી નીકળ્યા બાદ તેં શું કર્યું ? અને બહાર ઉભેલા તે **કનકમાલાના** પરિજનને તેં કેવી રીતે વિમોહિત કર્યો ?

ત્યાં ગયા બાદ તું ત્યાંથી કેવી રીતે છુટયો ?

આ મનોહર આકૃતિવાળી સ્ત્રી કોણ છે ? અને આ સ્ત્રીની પ્રાપ્તિ તને કેવી રીતે થઈ ? આ સર્વ હકીકત મને તું સવિસ્તર સંભળાવ.

## ચિત્રગતિનું વૃત્તાંત

ત્યાર પછી સાહસ કાર્યમાં રસિક એવો **ચિત્ર-ગતિ** બોલ્યો.

હે **ચિત્રવેગ** ! એકાગ્ર મન કરી મારૂં વૃત્તાંત તું સાંભળ.

પ્રથમ હું **કનકમાલાનું** રૂપ કરી ત્યાંથી બહાર નીકળ્યો.

પછી શિબિકામાં બેસી ગયો.

અનુક્રમે હું વરની પાસમાં પહોંચી ગયો અને મારી સાથ વિદ્યાધરીઓ વિવિધ પ્રકારનાં મંગલ ગીત ગાતી હતી.

અનેક પ્રકારનાં વાજીંત્રો પણ વાગતાં હતાં,

લગ્નનો સમય પણ આવી પહોંચ્યો.

માંગલિક ઉપચારો થવા લાગ્યા.

આશીર્વાદના અનેક મંત્રો સંભળાવા લાગ્યા.

વરકન્યાનાં માબાપ પણ આનંદપૂર્વક પોતપોતાનાં કાર્ય કરવા લાગ્યાં.

**નભોવાહન** રાજાએ હર્ષપૂર્વક મારા હાથ સાથે પોતાનો હાથ મેલાપ કર્યો.

ત્યારપછી અનુક્રમે વિવાહમંગલ વર્ત્તાવા લાગ્યા.

વિવાહ કાર્ય પૂર્ણ થયા બાદ **નભોવાહન** રાજાની આગળ વારાંગનાઓએ વિવિધ હસ્તાદિકના અભિનય સાથે બહુ સુંદર નાટચનો પ્રારંભ કર્યો. તેમજ મધુરસ્વર વડે કેટલીક વારાંગનાઓ ગાયન કરવા લાગી,

તેટલામાં ભય વડે પૂર્ણ છે હૃદય જેનું એવી એક યુવતી ત્યાં આવી અને તેણીએ પોતાના હાથમાં રહેલી એક ઉત્તમ મુદ્રિકા મને બતાવી.

તે જોઈ મેં વિચાર કર્યો આ મુદ્રિકા મારી જ છે. અહો! એની પાસે આ મુદ્રિકા અહીં કયાંથી આવી હશે? એમ હું ઉહાપોહ કરતા હતો; તેવામાં મને સ્મૃતિ આવી.

હાથીના ભયથી પ્રથમ જે કન્યાને મેં બચાવી હતી, તે જ આ કન્યા છે અને તેણીએ તે વખતે મારી પાસેથી આ મુદ્રિકા લઈ લીધી હતી.

ફરીથી બહુ કિંમતી એવી તે મુદ્રિકાનો નિશ્ચય

કર્યા બાદ તેણીના સન્મુખ મેં જોયું તો એકદમ તે મારા ઓળખવામાં આવી અને મને નિશ્ચય થયો.

હાથીના ભયથી મુક્ત કરી હતી, તે જ આ મારી સ્ત્રી છે. દૈવયોગથી જે પીડા થવાની હોય તે કોણ મિથ્યા કરે ?

વળી જુઓ, આ પ્રાણપ્રિયાનું દર્શન બહુ જ દુર્ઘટ હતું, છતાં પણ તે સદ્ભાગ્યને લીધે મને અકસ્માત્ થઇ ગયું અથવા દૈવ અનુકૂલ હોય તો કોઈપણ એવી વસ્તુ નથી કે જે પ્રાપ્ત ન થાય.

આ દુનિયામાં કર્મરેખા બલવાન્ છે. તે સિવાય અન્ય ધૈર્યાદિકગુણો સુખદુઃખ આપવા સમર્થ થતા નથી.

પ્રાણીઓને સુખદુઃખ આપવામાં પોતાનું પરાક્રમ કારણ ગણાતું નથી.

કેટલાક વળી કહે છે; તપશ્ચર્યા કરવાથી સુખની પ્રાપ્તિ અને દુઃખની હાનિ થાય છે, એ પણ તેમનું માનવું ઉચિત નથી.

તેમજ ત્રણે લોકમાં વ્યાપ્ત થયેલો યશ પણ સુખ-દુઃખ કારણ થતો નથી.

રૂપ, દયા અને દાક્ષિણ્યાદિક ગુણો પણ સુખદુઃખ આપવામાં કારણ થતા નથી.

માત્ર પૂર્વભવમાં ઉપાર્જન કરેલું શુભાશુભ કર્મ જ કારણભૂત ગણાય છે.

આ પ્રમાણે વિચાર કરીને તેણીએ પ્રથમ મને આપેલી તે મુદ્રિકાથી સુશોભિત એવો મારો હાથ મેં તેને બતાવ્યો, એટલે તરતજ તે મારી આંગળીએ રહેલી મુદ્રિકાને જોઇ પોતાના હૃદયમાં સમજી ગઇ કે આ મારો પ્રાણપ્રિય છે.

પછી પોતાની પાસમાં ઉભેલી સખીના કાનમાં તેણીએ કહ્યું.

ઉજાગરાને લીધે **કનકમાલાનું** માથુ દુખે છે. માટે તે થોડીકવાર અશોક વાટિકામાં વિશ્રાંતિ માટે છે. કેમકે; ક્ષણમાત્ર ત્યાં સુઈ રહેવાથી કંઇક શાંતિ મળે.

વળી તમે સર્વે અહીં સુખેથી રહો અને આ નાટારંભ પૂર્ણ થાય એટલે જલદી અમને સમાચાર આપજો. આ પ્રમાણે કહીને હે **ચિત્રવેગ!** તેણીએ મને ત્યાંથી ઉઠાડ્યો.

## અશોક વાટિકા

ત્યારબાદ ઉત્તમ વૃક્ષોથી સુશોભિત એવા ગૃહ ઉદ્યાનોમાં તિલક સમાન.

વિકસ્વર અને સુગંધિત એવી મંજરીઓના મકરંદને લીધે અતિશય સુગંધને આપતી.

તેમજ અપૂર્વ શોભા વડે દરેકના મનને સુખદાયક એવી એક અશોક વાટિકામાં બહુ આનંદથી અમે ગયાં.

ત્યાં તેણીએ બહુ ઉલ્લાસપૂર્વક મને આસન આપ્યું, તેની ઉપર હું બેઠો. તે પણ મારી આગળ બેઠી, પરંતુ તેણીનું હૃદય ભયથી વ્યાકુલ હતું.

જ્યારે તે કંઇપણ ન બોલી અને ગભરાટને લીધે મૌન મુખે બેસી રહી, મેં પોતાની સર્વ પ્રવૃત્તિ હે ચિત્રવેગ! તેને જે પ્રમાણે પૂર્વે કહી તેવી જ રીતે વિસ્તારપૂર્વક તને કહી સંભળાવી અને છેવટે આ સ્ત્રીનો વેષ પહેરી હું અહીંયાં આવ્યો ત્યાં સુધીની સર્વ વાર્તા કહી.

હે સુંદરિ! તારા વિયોગને લીધે મારૂં હૃદય બહુ દુઃખમાં આવી પડયું. તારા માટે સર્વ વિદ્યાધરોના નગરોમાં ભ્રમણ કરીને હું થાકી ગયો. મને દુઃખ પડવામાં કંઈ બાકી રહ્યું નથી.

હે મૃગાક્ષિ! હવે લજ્જાનો ત્યાગ કરી મધુરવાણીથી મારા હૃદયને તું આનંદ આપ.

બોલ તારૂં નામ શું?

કયા કુલમાં તારો જન્મ થયેલો છે?

તારા પિતાનું નામ શું?

કયા નગરમાંથી તું અહીં આવી છે?

આ લોકોની અંદર તું કેવી રીતે આવી હતી?

હે સુતનુ! સ્ત્રીનો વેષ પહેરીને આવેલા એવા મને તેં કેવી રીતે ઓળખ્યો?

એ પ્રમાણે મારૂં વચન સાંભળી તેણીના હૃદયમાં કંઈક ધૈર્ય આવ્યું.

ત્યાર પછી તે બાલા ગદ્‌ગદ્ કંઠે પોતાનું વૃત્તાંત મને કહેવા લાગી.

**પ્રભંજન ખેચર**

હે પ્રિયતમ ! આપે જે પ્રશ્ન કર્યા તે સંબંધી હું સર્વ હકીકત કહુ છું, તે આપ કૃપા કરી સાંભળો.

બહુ પ્રસિદ્ધિને પ્રાપ્ત થયેલું **સુરનંદન** નામે નગર છે. તે આપના જાણવા બહાર નથી. વળી તે નગરમાં સુપ્રસિદ્ધ **પ્રભંજન** નામે વિદ્યાધરેંદ્ર રાજ્ય કરે છે

નીતિશાસ્ત્રોમાં અતિ કુશલ અને પોતાના સ્વામી ઉપર બહુ ભક્તિમાન તેમજ વળી ચાર પ્રકારની બુદ્ધિ વડે સંપન્ન અને રાજાનો ખાસ વિશ્વાસપાત્ર એવો **મેઘનાદ** નામે તેનો પ્રવરમંત્રી છે.

તેની પ્રાણપ્રિયા **ઈંદુમતી** નામે ભાર્યા છે. વળી તે ઉત્તમકુલમાં જન્મેલી એટલું જ નહીં પરંતુ ઉત્તમ સૌંદર્યાદિ ગુણોનું સ્થાનભૂત તેમજ પતિભક્તિમાં જ કેવલ પ્રીતિવાળી હોવા છતાં હંમેશાં ધર્મ કાર્યમાં તત્પર રહે છે.

તેણીની સાથે વિષયસુખનો અનુભવ કરતા તે **મેઘનાદને** રૂપમાં કામદેવ સમાન, **અશનિવેગ** નામે એક પુત્ર થયો.

તે માતાપિતાને અત્યંત આનંદ આપવા લાગ્યો.

અનુક્રમે સમસ્ત કલાઓનો પારગામી થયો.

વિદ્યાધરોને ઉચિત એવી વિવિધ પ્રકારની વિદ્યાઓ સિદ્ધ કરી ક્રમાનુક્રમે સમગ્ર ગુણોનો આધારભૂત એવો તે **અશનિવેગકુમાર** યૌવનવયને શોભાવવા લાગ્યો.

**ચંદ્રગતિ વિદ્યાધર.**

હવે **વૈતાઢયગિરિની** આ દક્ષિણ શ્રેણીમાં **કુંજરાવર્ત્ત** નામે નગરમાં છે. **ચંદ્રગતિ** નામે વિદ્યાધરેંદ્ર રહે છે. તેમજ હૃદયને અતિ ઇષ્ટ એવી **મદનરેખા** નામે તેની ભાર્યા છે.

સાંસારિક સુખનો વિલાસ કરતાં તેઓને કેટલોક સમય વ્યતીત થતાં **અમિતગતિ નામે** એક પુત્ર થયો.

ત્યારપછી ચંપકના પુષ્પસમાન ગૌરવર્ણી **ચંપકમાલા** નામે તેઓને એક પુત્રી થઇ. અનુક્રમે તે બાલા વિદ્યાધરોના કુમારવર્ગના હૃદયને હરણ કરનાર નવીન યૌવનને પ્રાપ્ત થઇ.

તે **ચંપકમાલા સુરનંદન** નગરના રહીશ એવા તે મંત્રીના પુત્ર **અશનિવેગને** વરી. તેણે પણ પ્રીતિપૂર્વક તે નવયૌવનાનો સ્વીકાર કર્યો.

ત્યારપછી તે પોતાના નગરમાં તેને લઇ ગયો.

મુખવડે ચંદ્રસમાન, કાંતિમાં રતિ સમાન અને નેત્રો વડે હરિણીસમાન તે **ચંપકમાલાની** સાથે આનંદપૂર્વક માનવ યોગ્ય ભોગોના વિલાસમાં તે **અશનિવેગ** પોતાનો સમય વ્યતીત કરવા લાગ્યો.

**દીક્ષા ગ્રહણ**

**મેઘનાદ** મંત્રી પોતાના અધિકાર પ્રમાણે રાજ્યકારભાર ચલાવતો હતો. પરંતુ નીતિમાર્ગનો કોઇ પ્રકારે

વિરાધક થતો ન હતો; તેમજ રાજાને તથા પ્રજાને પણ તે અપ્રિય ન હતો. રાજા અને પ્રજા એ બંનેને શાંતિકારક એવો કાર્યવાહક ક્વચિત જ મળી આવે છે, કહ્યું છે કે;–

અધિકારના આવેશમાં રહીને જો, મંત્રી રાજ્યપક્ષનું જ કેવલ હિત સાધવામાં સાવધાન રહે તો તે સમગ્ર પ્રજાનો દ્વેષી બને છે.

જો પ્રજાનું હિત કરવામાં ઉદ્યુક્ત થાય તો, રાજા તરત જ તેને વિદાય કરે છે.

માટે રાજા અને પ્રજા એ બન્નેને રંજન કરી ઉભયનું હિત કરનાર એવો અધિકારી બહુ દુર્લભ હોય છે.

એમ છતાં પણ આ મંત્રી સર્વને પ્રીતિમાત્ર થઈ પડયો. એનું કારણ માત્ર એ જ હતું કે, તે લેશ માત્ર પણ નીતિમાર્ગનું ઉલ્લંઘન કરતો ન હતો. તેમજ તે ધર્મશાસ્ત્રમાં પણ બહુ કુશલ હતો.

શ્રીજિનેંદ્રભગવાનની પૂજા ભક્તિમાં તે અગ્રણી હતો. સાધર્મિકવાત્સલ્ય તથા મુનિસેવા તો તેનું જીવન જ હતું.

પોતાના ભાવની વિશુદ્ધિને લીધે તેને સંસારની અનિત્યતા ભાસવા લાગી.

માનવભવની સફલતા કરવી એજ બુદ્ધિની સફલતા ગણાય છે; એમ ચિંતવતાં તેને વૈરાગ્ય દશા પ્રગટ થઈ.

આ સંસારવાસ કારાગૃહ સમાન દુઃખદાયક છે. સુખશાંતિ તો માત્ર મુનિપદમાં જ રહેલી છે. કહ્યું છે કે;

મુનિ દીક્ષા ગ્રહણ કર્યા બાદ, દુષ્કર્મ કરવાનો પ્રયાસ બીલકુલ સેવવો પડતો નથી.

અસદ્ આચારમાં પ્રવૃત્તિ કરનાર સ્ત્રી, પુત્ર કે; સ્વામીના દુર્વાક્યોનું દુઃખ સર્વથા છુટી જાય છે.

રાજાદિકને પ્રણામ કરવાની આપત્તિ સેવવી પડતી નથી.

ભોજન, વસ્ત્ર, દ્રવ્ય કે સ્થાનની ચિંતા રહેતી નથી.

અવિવેકને નિર્મૂલ કરવામાં મુખ્ય હેતુભૂત, એવા સદ્જ્ઞાનની પ્રાપ્તિ થાય છે.

લોકોમાં પૂજ્યતા પ્રવર્ત્તે છે,

શાંતરસમાં પ્રીતિ પ્રગટે છે,

મરણ થયા બાદ મોક્ષાદિક સુખની પ્રાપ્તિ પણ થાય છે,

એવા અનેક ગુણો મુનિપણામાં રહેલા છે;

માટે હે ભવ્યાત્માઓ ! સંસારમાં માનવભવ પામીને તમે સદ્‌બુદ્ધિનો સદા સદુપયોગ કરો. તેમજ મુનિ-માર્ગને વિષે યત્ન કરો.

આ પ્રમાણે વૈરાગ્યદશામાં રક્ત થયેલો તે **મેઘનાદ** મંત્રી પોતાના પુત્ર **અશનિવેગને** મંત્રીપદ આપીને પોતે નિવૃત્ત થયો.

ત્યારપછી વૈરાગ્યમાં દૃઢ અને ધૈર્યશીલ એવા તે મંત્રીએ **પ્રભંજન રાજાની** સાથે સુગુરૂના ચરણકમલમાં દીક્ષા ગ્રહણ કરી. તેમજ તેઓ બંને જણ ગુરૂભક્તિમાં લીન થઇ નિરવદ્ય ચારિત્ર પાળવા લાગ્યા.

**અશનિવેગ**

મંત્રીપદ ધારણ કર્યા બાદ **અશનિવેગ** વિદ્યાધર પોતાની પ્રાણવલ્લભા **ચંપકમાલાની** સાથે ગૃહસ્થાશ્રમના ફલરૂપ વિષયસુખનો અનુભવ કરવા લાગ્યો.

કેટલોક સમય વ્યતીત થતાં તે **ચંપકમાલાને** પાંચ પુત્ર ઉત્પન્ન થયા.

હે પ્રિયતમ! તેમનાં નામ અનુક્રમે આપ શ્રવણ કરો.

પ્રથમ **વજ્રગતિ**, બીજો **વાયુગતિ**, ત્રીજો **ચંદ્ર**, ચોથો **ચંદન** અને પાંચમો **સુશિખ.**

વળી તે પાંચ પુત્રોની ઉપર હું એક પુત્રી થઈ. જેથી મારા પિતાને ઘણો જ આનંદ થયો.

ત્યાર પછી બહુ પ્રીતિને લીધે મારા પિતાએ હર્ષ-પૂર્વક પુત્રોના મહોત્સવથી પણ બહુ ભારે મહોત્સવ મારા જન્મસમયે કરાવ્યો.

જન્મકાલથી બાર દિવસ થયા, ત્યારે **પ્રિયંગુમંજરી** એવું મારૂં નામ પાડયું. અનુક્રમે બાલચંદ્રની માફક શરીરના અવયવોની સાથે હું વૃદ્ધિ પામવા લાગી.

મારાં માતા પિતા મને જોઈ બહુ જ આનંદ માનવા લાગ્યાં.

હંમેશાં મારા લાલનપાલનમાં પાંચ ધાવમાતાઓ રોકાયલી હતી.

એમ કરતાં હું કુમારી ભાવને પ્રાપ્ત થઇ એટલે સર્વ પરિજન વર્ગને હું બહુ જ પ્રીતિપાત્ર થઇ પડી.

યુવતિજનને લાયક એવી નૃત્યાદિક સર્વ કલાઓ સારી રીતે મેં ગ્રહણ કરી હું નવીન યૌવનને શોભાવવા લાગી.

ગાઢ સ્નેહવાળી સખીઓની સાથે વિવિધ ક્રીડાઓ તેમજ ઉત્તમ ચિત્ર, પત્ર, છેદ્ય, નર્તન, ગાંધર્વવિદ્યા અને વીણાવાદન વડે હું ક્રીડા કરવા લાગી.

તેમજ હે પ્રિયતમ ! સ્વભાવથી જ હું પુરૂષોનો દ્વેષ કરનારી થઇ પડી.

મને વરવા માટે બહુ વિદ્યાધરો આવવા લાગ્યા. પરંતુ મારા સ્વભાવને લીધે કોઈપણ મને રૂચિકર થયો નહીં.

મારા પિતા પણ જે જે વિદ્યાધરો ત્યાં આવતા હતા, તે સર્વેના ઉત્તમ રૂપ, ગુણ અને વૈભવોનો પરિચય મને કરાવતા હતા.

પરંતુ તે વાત મને બિલકુલ ગમતી નહી અને જે જે વર આવતા હતા, તેઓને મારા પિતા મારી અપ્રીતિને લીધે વિદાય કરતા હતા.

એ પ્રમાણે જ્યારે કોઈ પણ વર મને પ્રસંદ ન પડયો નહી, ત્યારે મારા પિતા **અશનિવેગ** બહુ શોકાતુર થઇ ગયા.

**ચંપકમાલા**

પોતાના સ્વામીને શોકાતુર જોઇને તે **ચંપકમાલા** કહેવા લાગી.

હે સ્વામિન્ ! આપ બહુ શોકમાં આવી પડયા હો, તેમ મને લાગે છે.

વળી આપને આટલી અધિક ચિંતા કરવાનું શું કારણ આવી પડયું છે ? આપની આકૃતિ ઉપરથી આ બાબત સાબીત થાય છે;

દરેક મનુષ્યોની આકૃતિ ઉપરથી જ ગુણાદિકનો પ્રકાશ થઇ આવે છે.

તેમજ નમ્રતા ઉપરથી કુલની વિશુદ્ધતા સ્પષ્ટ થાય છે.

વાણીના વિસ્તાર ઉપરથી અનુક્રમે શાસ્ત્ર જ્ઞાન કેટલું છે ? તેની પરીક્ષા બુદ્ધિમાન પુરૂષો કરી શકે છે.

તમારો સંયમ-ધાર્મિક નિયમ વયની અપેક્ષાએ બહુ અધિક છે. હું આપની મુખાકૃતિ ઉપરથી સમજુ છું કે; આપ કંઇપણ વિપત્તિમાં આવી પડયા છો.

આ પ્રમાણે પોતાની સ્ત્રીનું વચન સાંભળી અશનિવેગ બોલ્યો;

હે મૃગાક્ષિ ! મારી કન્યા કામદેવની રાજધાની સમાન નવીન યૌવન દશાને પ્રાપ્ત થયેલી છે. છતાં હે સુંદરી ! કોઇપણ વરને તે ઇચ્છતી નથી. તો પછી આથી મોટું બીજું કયું દુઃખ છે ? માત્ર મારી ચિંતાનું મુખ્ય કારણ તો તે જ છે.

યૌવન વયને પ્રાપ્ત થયેલી કન્યા જો પરણાવવામાં ન આવે અને વર વિના રહે તો કંઇક વિપરીત કરી બેસે એવો સંભવ રહે છે;

સુખી માણસ પારકાના દુઃખને જાણતો નથી,

યુવાવસ્થામાં રહેલા લોકો શીલવ્રતને ગણતા નથી;

આપત્તિમાં આવી પડેલા મનુષ્યો નિર્દય હોય છે, અને દુઃખી પુરૂષો અધર્મપરાયણ થાય છે.

કદાચિત્ એવો પ્રસંગ બને તો કુલને કલંક લાગ્યા સિવાય રહે નહી અને કુલને ડાઘ લાગ્યા પછી આપણે આ દુનિયામાં કેવી રીતે જીવવું ?

વળી ઉમ્મરલાયક પુત્રીને ઘેર રાખવી તે પણ બહુ અનિષ્ટફળદાયક છે.

હવે આ પુત્રીનો મનોવાંછિત ભર્ત્તા કોણ થશે ? તે સંબંધી ચિંતા મને બહુજ રહ્યા કરે છે.

હે સુંદરી ! વધારે શું કહેવું ? એને લીધે રાત્રીએ સુતાં મને નિદ્રા પણ આવતી નથી. કહ્યું છે કે,

દ્રવ્યમાં આસક્ત થયેલા પુરૂષોને મિત્ર કે બંધુની પરવા હોતી નથી,

ક્ષુધાથી વ્યાકુલ થયેલા પુરૂષોને શરીર તથા તેજની વ્યવસ્થા હોતી નથી,

કામીજનોને ભય, લજ્જા હોતી નથી.

ચિંતામાં આવી પડેલા પુરૂષોને સુખ તથા નિંદ્રા દુર્લભ થઇ પડે છે.

હે મૃગાક્ષિ ! મારા દુઃખનું કારણ મેં તને નિવેદન કર્યું.

આ પ્રમાણે પોતાના પતિનું વચન સાંભળી મારી માતા ચંપકમાલા પણ હે સુંદર ! મારા માટે બહુ શોકાતુર થઈ.

ધારિણી સખી

હે પ્રિયસખી ! આજે તું હરણ કરાયેલીની માફક, અથવા વિકૃતિમાં ફસાયેલીની માફક અથવા ઉદાસીની પેઠે કેમ દેખાય છે ?

ખરેખર આજે પરાધીન ચિત્તની માફક તારા મુખની આકૃતિ બદલાઈ ગયેલી દેખાય છે.

જરૂર આજે તું શોકમાં ગુંચાયેલી દેખાય છે.

હે પ્રિયસખી ! ઘણા દીવસે હું આવી છું, છતાં પણ તું મારી સંભાવના કેમ કરતી નથી ?

તારા શોકનું જે કંઇ કારણ હોય તે તું મને જલદી નિવેદન કર. એ પ્રમાણે મારી સખીએ જ્યારે મને પૂછયું ત્યારે મેં તેણીને કહ્યું.

હે પ્રિયસખી ધારિણી ! તેં બરોબર મારા ચિત્તની પરીક્ષા કરી; હવે હું મારા દુઃખનું વૃત્તાંત તને કહું છું તે તું સાંભળ.

હે પ્રિયસખી ! તારી સાથે નાના પ્રકારની ક્રીડાઓ રમીને સાયંકાલના સમયે હું મારા ઘેર આવી.

ત્યાર પછી પ્રાસાદની ઉપરિભૂમિએ ચઢી હું પોતાની બેઠકમાં પ્રસાર થઈ.

ત્યાં ક્ષણમાત્ર બેઠા બાદ નાના પ્રકારના મણીરત્ન તથા સુવર્ણથી સુશોભિત અને અમૂલ્ય એવી હંસતૂલિકા

–તળાઈ જેની અંદર બીછાવેલી છે એવા મનોહર પલંગ ઉપર હું સુઇ ગઈ.

## દુંદુભિનાદ

ત્યારપછી અર્ધરાત્રીના સમયે દુંદુભિનો નાદ સાંભળી, હું જાગ્રત થઇ ચારે તરફ જોવા લાગી.

આ દીવ્યધ્વનિ કયાં થતો હશે ?

આકાશ તરફ દૃષ્ટિ કરતાં અનેક દિવ્ય વિમાનો આકાશ માર્ગે ચાલતાં મારી દૃષ્ટિગોચર થયાં.

જેઓના તેજથી આકાશમંડળ ઝગઝગી રહ્યું છે.

દેવાંગનાઓના સમુદાય સહિત અનેક દેવતાઓના સમૂહને તે વિમાનોમાં જોઈ મારા હૃદયમાં વિચાર થયો.

કોઈપણ ઠેકાણે આ દિવ્યવિમાનો મેં પ્રથમ જોએલાં છે.

તેમજ આવા દેવ તથા દેવીઓને પણ કોઇ ઠેકાણે મેં જોયાં છે.

એમ વિચાર કરતાં એકદમ મને મૂર્છા આવી ગઈ.

ક્ષણવાર પછી હું મૂર્છાથી મુક્ત થઇ એટલે મને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું.

બાદ મનુષ્ય અને દેવ સંબંધી મારા બન્ને પૂર્વભવનું મને જ્ઞાન થયું.

હે ધારિણિ ! તે સર્વ વૃત્તાંત યથાસ્થિત હું કહું છું, તેનું તું શ્રવણ કર.

**હરિદત્ત શ્રેષ્ઠી**

**જંબૂદ્વીપ** નામે દ્વીપમાં મેરૂગિરિના ઉત્તર ભાગમાં **ઐરવત** નામે ઉત્તમ ક્ષેત્ર છે.

તે ક્ષેત્ર શ્રેષ્ઠગુણોએ કરીને ત્રણે લોકમાં પ્રસિદ્ધ છે.
તે **ઐરવત** ક્ષેત્રના **આર્યક્ષેત્રના** મધ્યખંડમાં,
સુંદર શોભામાં અમરાવતી સમાન,
પ્રતિપક્ષ રાજાઓને દુર્ગમ્ય,
ત્રણ ભુવનની લક્ષ્મીનું કુલગૃહ,
હજારો ધનાઢય શેઠીઆઓ વડે સુશોભિત,
ત્રિક, ચતુષ્ક અને દુકાનોની સરખી શ્રેણીઓ વડે બહુ વિશાલતાને વહન કરતું,
પ્રાચીનકાલથી પ્રતિષ્ઠિત થયેલું **સુપ્રતિષ્ઠ** નામે ઉત્તમ નગર છે.

તેમાં પોતાના વૈભવ વડે કુબેરનું ઉપહાસ કરતો,
સમગ્ર લોકોના ઉપકાર કરવામાં અહર્નિશ પ્રીતિવાળો,
દેવ અને ગુરૂજનની સેવા પૂજામાં તત્પર,
બંધુજનોના વાત્સલ્યમાં સદૈવ ઉદ્યુક્ત,
દાક્ષિણ્ય અને દયા વડે વ્યાપ્ત છે હૃદય જેનું એવો સમસ્તવણિક લોકોમાં અગ્રપદને પામેલો **હરિદત્ત** નામે શ્રેષ્ઠી છે.

વળી રતિના સૌભાગ્યને તિરસ્કાર કરનારી,
દરેક કલાઓમાં કુશલ બુદ્ધિવાળી,
વાગ્વિલાસમાં મધુર કંઠવાળી;

તેમજ પ્રિયવાદિની,

શીલવ્રતમાં દૃઢ ધૈર્યવાળી,

વિનયગુણમાં બહુ કુશલ એવી **વિનયવતી** નામે તે શ્રેષ્ઠીની પ્રાણપ્રિયા ભાર્યા છે.

તેણીની સાથે પાંચપ્રકારના વિષયસુખને ભોગવતાં તેને **વસુદત્ત** નામે એક મુખ્ય પુત્ર થયો.

તે પોતાની કીર્તિવડે સર્વત્ર પ્રસિદ્ધ થયો.

ત્યાર પછી તે **વિનયવતી**ને અનુક્રમે ત્રણ પુત્રીઓ થઈ.

જેઓના રૂપના અતિશયવડે ઇંદ્રાણીઓ પણ લજ્જા પામે છે.

તેઓમાં મુખ્ય **સુલોચના**, બીજી **અનંગવતી** અને ત્રીજીનું નામ **વસુમતી**.

હવે પોતાના સૌંદર્યગુણ વડે ત્રણેલોકને ચકિત કરતી તે ત્રણે બ્હેનો અનુક્રમે વૃદ્ધિ પામવા લાગી.

કુમારભાવનો ત્યાગ કરી યુવાન્ પુરૂષોને ઉન્માદ કારક અને દેખાવમાં બહુ જ મનોહર એવા નવીન યૌવનપણાને તેઓ પ્રાપ્ત થઈ.

**સુલોચના કન્યા**

અદ્ભુત સમૃદ્ધિઓના નિવાસ સ્થાનભૂત **મેખલાવતી** નામે એક નગરી છે.

તેમાં **સાગરદત્ત** નામે શ્રેષ્ઠી વસે છે. **સુબંધુ** નામે તેનો પુત્ર છે. તે વણિક્ કલામાં બહુ જ હોંશિયાર છે.

તેની સાથે **સુલોચના** કન્યા પરણી. તેમજ **વિજય-વતી** નગરીમાં **ધનભૂતિ** સાર્થવાહનો પુત્ર **ધનવાહન** છે, તેની સાથે **અનંગવતીનું** લગ્ન થયું.

**વસુમતી** કન્યા પણ **મેખલાવતી** નગરીમાં **સમુદ્ર-દત્તનો** પુત્ર **ધનપતિ** છે તેની સાથે વરી.

**વસુમતી કન્યા**

સર્વકલાઓનો પારગામી અને રૂપમાં કામદેવ સમાન એવો તે **ધનપતિ** વણિક પોતાની ભાર્યા **વસુમતિની** સાથે મનુષ્યના સુખવિલાસને ભોગવે છે.

એ પ્રમાણે પ્રતિ દિવસે વૃદ્ધિગત છે સ્નેહ જેમનો,
પરસ્પર રક્ત છે ચિત્ત જેમનાં.

નવીન યૌવનને લાયક એવા વિવિધ પ્રકારના વિષય-સુખને સેવતાં,

ગુરૂ આદિક પૂજ્યોના વિનયમાં હંમેશાં બહુ પ્રેમી,
પરસ્પર વિરહદુઃખથી રહિત

બંધુવર્ગને નિરંતર આનંદ આપતાં એવાં તે બન્ને સ્ત્રી પુરૂષના દિવસો બહુ આનંદથી વ્યતીત થાય છે.

એક દિવસ તે **ધનપતિ** વણિક પોતાના પ્રાસાદના ઉપરના ભાગમાં સુખશય્યામાં પોતાની **વસુમતી** સ્ત્રીની સાથે સુતો હતો.

નિર્મલચંદ્રના કિરણોને લીધે અતિ ઉજ્વલ એવી રાત્રીના છેલ્લા પ્રહરે નિદ્રા દૂર થવાથી બીચારી મુગ્ધા તે **વસુમતી** જાગ્રત થઈ;

પોતાના પલંગમાં સુતેલો પરપુરૂષ તેણીના જોવામાં આવ્યો કે; તરતજ તે ભયથી ચમકી ઉઠી; અને એકદમ પવનથી હણાયેલી સુકોમલ તરૂલતાની માફક તે બહુ કંપવા લાગી;

ત્યાર પછી ભયભીત હૃદય વડે તે વિચાર કરવા લાગી;

તે મારો પોતાનો પતિ કયાં ગયો હશે ?

દુઃખે કરીને પણ જેમાં પ્રવેશ અશકય છે એવા આ ઘરની અંદર આ અન્ય પુરૂષ કેવી રીતે આવ્યો હશે ?

આ પાપીએ શું મારા પ્રાણપ્રિયને મારી નાખ્યો હશે?

આ મારો તે પ્રાણપતિ જ હશે. પરંતુ મને વિપરીત ભાસ થવાથી અન્ય પુરૂષના સરખો તે લાગે છે.

જરૂર આ મારો સ્વામી નથી, એ મારો નિશ્ચય સત્ય છે.

આ કોઈપણ દિવ્ય અનુકરણ કરનારો અપૂર્વ વિદ્યાધર દેખાય છે. તેમજ પારકાગૃહમાં પ્રવેશ કરીને આ પુરૂષ અત્યંત વિશ્વાસુ બની સુઈ ગયો છે.

જરૂર આમાં કાંઈપણ કારણ હોવું જોઇએ. કદાચિત્ કોઇ અન્યપુરૂષ હશે અથવા મારો સ્વામી હશે તો પણ મારે આ વખતે યથાસ્થિત આ બાબત મારી સાસુને જણાવવી જોઈએ, વળી જો આ હકીકત કોઇ પણ કારણને લીધે હું પોતાની સાસુને ન જણાવું તો જન્મપર્યંત મારે માથે દુઃસહ એવું મોટું કલંક આવી પડે.

એમ વિચાર કરી તે બાલા એકદમ ઉપરના માળામાંથી નીચે ઉતરી અને પોતાની સાસુ **સુદર્શના** જ્યાં સુતી હતી ત્યાં આવી.

ધીમે સ્વરે તેને જાગ્રત્ કરી. એટલે **સુદર્શના** બેઠી થઇને બોલી;

હે વધૂ! એકદમ તારે અચિંત્ય અહીં આવવાનું શું કારણ પડયું ? પછી **વસુમતીએ** પોતાની યથાર્થ વાત જણાવી.

**સુદર્શના** બોલી. અન્ય પુરૂષ આવી શકે તેવો સંભવ નથી. નિદ્રાને લીધે તને આ ભ્રમ થયો હોય તેમ મને લાગે છે.

**વસુમતીએ** કહ્યું; હે જનની! આપને જો એવો વહેમ હોય તો તમે પોતેજ તેની તપાસ કરો.

આ પ્રમાણે **વસુમતીનું** વચન સાંભળી **સુદર્શના** એકદમ મેડા ઉપર ગઈ અને તેની પાસે જઇને જોયું તો નિર્ભય થઇ ભર નિદ્રામાં તે પુરૂષ સુતો હતો.

**સુદર્શનાએ** જાણ્યું કે; આ મારો પુત્ર નથી. પરંતુ કોઈ ઉદ્ધંઠ આવીને ઘરમાં ઘુસી ગયો છે.

અહો! આ પાપી કેવો દુષ્ટ છે! પરદારાના સંગમાં લુબ્ધ બનેલો આ કોઈ બદમાસ હોવો જોઇએ;

એને આજે એના પોતાના અવિનયનું ફલ બરોબર મળવું જોઇએ. એમ વિચાર કરી સુદર્શનાએ એકદમ મોટા નાદથી પોકાર કર્યો;

અરે ! નગરવાસીલોકો ! દોડજો ? દોડજો ? અમારા ઘરમાં ચોરની માફક કોઈક જારપુરૂષ પેઠો છે.

એ પ્રમાણે સુદર્શનાનો પોકાર સાંભળી આસપાસના સર્વે લોકો એકદમ ચકિત થઈ,

અરે ! એ લુચ્ચાને પકડો; પકડો; દોડો, દોડો; તે દુષ્ટ ક્યાં ગયો ?

ક્યાં સંતાઈ પેઠો છે ? એમ બોલતા સર્વે પરિજન લોકો પણ ત્યાં આગળ એકઠા થઈ ગયા.

જેમ જેમ આ વાત ફેલાતી ગઇ તેમ તેમ લોકો બહુજ એકઠા થયા.

અરે ! આ શું છે ? શા માટે આ કોલાહલ થઈ રહ્યો છે ? વિગેરે શબ્દોથી જાગ્રત્ થઇ સમુદ્રદત્ત શ્રેષ્ઠી પણ કહેવા લાગ્યો.

હે પ્રિયે ! આ દુરંત આપત્તિમાં તું શાથી આવા પડી છે ?

એવો બદમાશ કોણ છે ? જેથી તે આવી હેરાનગતિ કરી રહ્યો છે ?

એમ તે સમુદ્રદત્ત બોલતો હતો તેટલામાં; એકદમ તે શયનમાં સુતેલો પુરૂષ પણ બેઠો થયો, અને સમગ્ર લોકોનો મહાન કોલાહલ સાંભળીને તે કહેવા લાગ્યો;

હે માતા ! તારો પરાજય કોણે કર્યો છે ? જેથી આ પ્રમાણે તું બોલે છે ?

કોઈપણ દુષ્ટમતિ એવો અહીં દેખાતો નથી, જેથી તું ઉદ્વિગ્ન થઈ આવા આલાપ કરે છે?

એ પ્રમાણે તેનું વચન સાંભળી સુદર્શના બોલી.

તું કોણ છે? તું કોનો પુત્ર છે? હે પાપી! તું કોના ઘરની અંદર પેઠો છે?

હે ધૃષ્ટ! મને અંબા એ પ્રમાણે કહીને તું શા માટે બોલાવે છે? તારી જે મા હોય તેને તું મા કહી બોલાવ. મુખ સંભાળીને જરા બોલ? શું જેમ તેમ બોલતાં તને લજ્જા આવતી નથી?

હે નિર્લજ્જ! અહીંયાં મારા પુત્રની શય્યામાં તું શા માટે આવીને સુતો છે?

હે હતાશ! મારો પુત્ર તો ધનપતિ છે. તેને તું ક્યાં મૂકી આવ્યો છે? અને તે હાલમાં કેવી સ્થિતિમાં છે? જલદી તું સત્ય વાત પ્રગટ કર?

**દિવ્યપુરૂષ**

એ પ્રમાણે સુદર્શનાનાં નિષ્ઠુર વચન સાંભળી પોતાના હૃદયમાં અતિ વિસ્મિત થયેલો તે પુરૂષ પોતાના શરીરને વારંવાર જોવા લાગ્યો;

બહુ સમય સુધી અવલોકન કરી તે પુરૂષ ત્યાંથી આકાશમાર્ગે ગમન કરવા માટે પોતાના હૃદયની અંદર જેટલામાં વિચાર કરે છે;

તેટલામાં ઉત્તમ વિદ્યાનો બુડબુડ એ પ્રમાણે મુખની અંદર અવ્યક્ત શબ્દવડે જાપ કરતો હોયને શું? તેમ

આકાશમાં ઉડયો કે તરતજ તે ફરીથી દેડકાની માફક પૃથ્વી ઉપર નીચે પડયો.

અને નષ્ટ થઈ છે ઉત્તમ વિદ્યા જેની એવો તે વિદ્યાધરનો કુમાર ક્ષણમાત્રમાં બહુ પામર અવસ્થામાં આવી પડયો.

ત્યારબાદ તે પુરૂષની તેવી સ્થિતિ જોઈ **સુદર્શના** બોલી;

હે પાપિષ્ઠ! કેમ તું બોલતો નથી? મારા પુત્રની તેં શી વ્યવસ્થા કરી છે? ખરેખર જે સત્ય વાત હોય તે તું જલદી પ્રગટ કર?

એમ **સુદર્શનાએ** બહુ તિરસ્કારપૂર્વક તેને કહ્યું તો પણ; તે વિદ્યાધરકુમાર નીચું મુખ કરી કંઇપણ બોલ્યો નહીં;

ત્યારે ત્યાં આવેલા સર્વલોકો અનેક પ્રકારના વિતર્ક કરી કહેવા લાગ્યા:

આ પુરૂષ દ્રવ્યના લોભથી આ શેઠના ઘરમાં ચોરી કરવા પેઠેલો છે.

વળી કેટલાક લોકો કહે છે કે;

જો ચોર હોય તો તે આ **વસુમતિના** શયન પર આવીને શા માટે સુઇ રહે?

તેથી એમ સમજાય છે કે; પરસ્ત્રીમાં લંપટ એવો આ પુરૂષ અહીં આવ્યો છે.

તેમજ અન્ય લોકો કહે છે;

જો આ જારપુરૂષ હોય તો;

હે જનની ! એ પ્રમાણે કહી **સુદર્શના**ને તે શા માટે બોલાવે ?

તે પ્રમાણે બોલવાથી જરૂર એમ જણાય છે કે; કૌતુકના કાર્યમાં પ્રીતિવાળા એવા કોઇક દેવ અથવા તો જ્ઞાનવે આ **ધનપતિ**ને રૂપાંતરમાં લાવી મૂકયો છે.

વળી કેટલાક કહે છે.

એમ નહીં, પરંતુ આ દુષ્ટાત્મા પિશાચની માફક આવા પ્રકારનું રૂપાંતર ધારણ કરી આપણને છેતરવા માટે અહીં આવ્યો છે.

અન્ય લોકો કહેવા લાગ્યા,

નહીં નહીં, આ બધી તમારી કલ્પનાઓ અસત્ય છે; પરંતુ ખરી વાત એ છે કે; **વસુમતિ**ના શીલની પરીક્ષા કરવા માટે આ કોઈ સાક્ષાત્ દેવ આવેલો છે.

આ પ્રમાણે હે પ્રિયસખી **ધારિણી** ! અનેક પ્રકારના ભિન્ન ભિન્ન વિકલ્પ કરી સર્વલોકો પોતપોતાની બુદ્ધિ પ્રમાણે પરસ્પર બોલતા હતા, તેટલામાં ત્યાં જે હકીકત બની તે તું સાંભળ.

બાજુબંધ, હાર તથા કડાં વિગેરેથી વિરાજિત મનોહર શરીરવાળાનું,

તેમજ પોતાની સુંદર કાંતિવડે દિશાઓને ઉજ્વલ કરતો એવો એક દેવ ત્યાં એકદમ પ્રગટ થયો, અને બોલ્યો

**સુમંગલનું વૃત્તાંત**

હે ભદ્રિકજનો ! આ અતિ દુષ્ટજનનું વૃત્તાંત તમે સાંભળો.

એની ખરી હકીકત જાણ્યા વિના તમે અસત્ય કલ્પનાઓ શા માટે કરો છો ?

અને તેમ નકામો કાલક્ષેપ કરવાથી શું ફલ છે ?

બહુ પાપકારી એવો આ **સુમંગલ** નામે વિદ્યાધર છે. એણે બહુ ઉત્તમ પ્રકારની વિદ્યાઓ સિદ્ધ કરી હતી, તેમજ દરેક વિદ્યાધરોના નગરોમાં એની બહુ જ પ્રસિદ્ધિ છે.

હવે એક દિવસ યૌવનમદના આવેશથી આ વિદ્યાધર નભોગામિની વિદ્યા વડે પોતાનાં અભીષ્ટ નગરોમાં ફરતો ફરતો અહીંયાં આ નગરમાં આવ્યો, કેવળ યૌવનથી જ આ વિદ્યાધર ઉન્મત્ત ન હતો, પરંતુ વિદ્યાબળ તથા સ્વામીત્વ વિગેરેના પ્રભાવથી પણ બહુ ગર્વિષ્ઠ થયેલો હતો, તો પછી એના અવિનયનું શું કહેવું ? કહ્યું છે કે;

અહો ! યૌવનરૂપી ચત્વરમાં ભ્રમણ કરતો પુરૂષ કયા અનર્થને સ્વાધીન નથી થતો ?

ધનસંપત્તિનો ગર્વ પણ તેવો જ અનર્થકારક કહેલો છે.

પોતાના પરાક્રમ વડે જેમને સ્વામીત્વનો અધિકાર મળ્યો હોય છે તે; અને વિવેકરહિતપણું પણ કેવલ અનર્થદાયક જ કહેલું છે.

યૌવન, દ્રવ્ય, વૈભવ, સ્વામીત્વ અને અવિવેકપણું એ ચારેમાંથી એકેક હોય તો પણ બહુ અનર્થદાયક થાય તો, જેની અંદર આ ચારે રહેલાં હોય તેની તો વાત જ શી કરવી ?

આ વિદ્યાધર તો દરેક બાબતમાં સંપૂર્ણ છે. તો પછી એની ઉદ્ધતાઇનું શું કહેવું ?

એક દિવસ આ દુરાત્મા નગરના ઉપરિભાગમાં રહી નગર ચર્ચા જોતો હતો.

તેવામાં આ **વસુમતી** સ્નાન કરી તરત જ સ્વચ્છ વસ્ત્રાદિક પહેરી હવેલીની અગાશીમાં બેઠી હતી. તે; આકાશમાં રહેલા એવા આ દુષ્ટ વિદ્યાધરની નજરે પડી,

પોતાના મનમાં દીર્ઘકાલ સુધી આ વિચાર કરવા લાગ્યો.

અહો ! આ સુંદરીનું અદ્ભુત રૂપ લાવણ્ય વિધિએ નિર્માણ કર્યું છે.

એમ ધ્યાન કરતાં એનું હૃદય ક્ષણ માત્રમાં ક્ષુભિત થઇ ગયું.

એ વિદ્યાધર પોતાની વિદ્યા વડે **ધનપતિનું** સ્વરૂપ ધારણ કરી આ ઘરની ઉપર ઉતર્યો.

**વસુમતી** પણ આ દૈવકપટને કંઇ સમજી નહીં. જેથી એને પોતાનો પ્રાણપતિ જાણીને એની સાથે તેણીએ ભોગવિલાસ કર્યો.

વિષયભોગમાં આનંદિત હૃદયવાળો આ દુરાત્મા વિચાર કરવા લાગ્યો.

**ધનપતિ**ના સ્વરૂપમાં રહીને હું અહીં રહીશ. તેમજ એમ કરવાથી આ સર્વ લોકો મને ઓળખી શકશે નહિ અને વળી આ મૃગાક્ષીની સાથે હંમેશાં હું બહુ આનંદથી વિષયસુખ ભોગવીશ.

પરમ સૌભાગ્યના ખજાનારૂપ આ યુવતીનો સમાગમ થયો છે, તો હવે મારે વિદ્યાધરીઓ અથવા અન્ય યુવતીઓનું શું કામ છે? બસ આ સુંદરીનો સંયોગ મને બહુ સુખદાયક છે.

એમ વિચાર કરી આ દુરાત્માએ **ધનપતિ**નો અહીંથી અપહાર કર્યો અને ભરતક્ષેત્રમાં રહેલી **અયોધ્યાનગરી**માં તેને મૂકી દીધો.

પછી તે અહીં આવી **વસુમતી**ની સાથે વિષયસુખમાં આસક્ત થઇને પોતાની વિદ્યા વડે **ધનપતિ**નું સ્વરૂપ ધારણ કરી પોતાનું સ્વરૂપ પલટાવીને હંમેશાં અહીં રહે છે.

## ધનપતિ વણિક

હવે તે **ધનપતિ** વણિક્ પણ **અયોધ્યાનગરી**માં ગયા બાદ પામર અવસ્થામાં રહીને તે અપૂર્વ નગરીનો દેખાવ જોઇ વિસ્મિત થઈ વિચાર કરવા લાગ્યો.

આ ઉત્તમ વૈભવવાળી નગરી કઈ છે? અને તે **મેખલાવતી** નગરી ક્યાં ગઇ?

આ શું કોઈ દુરાત્માએ મારો અપહાર કર્યો ? અથવા મને આ સ્વપ્ન આવ્યું ?

એમ વિચાર કરતો તે નગરીના બહારના પ્રદેશમાં ફરતો હતો, તેટલામાં ત્યાં આગળ ઉત્તમ પ્રકારના સુગંધિત પુષ્પ અને ગાઢ છાયાવાળા વૃક્ષોથી સુશોભિત એવા એક મનોહર ઉદ્યાનમાં શ્રીકેવલીભગવાન્ પધાર્યા હતા; તે તેના જોવામાં આવ્યા.

વળી શ્રીકેવલીભગવાનનો જન્મ **શ્રી ઋષભદેવ** ભગવાનના પવિત્ર વંશમાં થયેલો હતો. જેમની ઉજવલ કીર્ત્તિનો પ્રભાવ ત્રણે લોકમાં પસાર થયેલો છે એવા **શ્રીદંડવિરત** નામે તે રાજર્ષિને જોઇ **ધનપતિ** વણિક્ બહુ સંતુષ્ટ થયો.

ત્રણ પ્રદક્ષિણા દઈ તેમના ચરણકમલમાં પ્રણામ કરી ઉચિત સ્થાનમાં તે બેઠો. અહો ! જ્ઞાનીમહાત્માઓનું દર્શન અપૂર્વ આનંદ આપે છે. કહ્યું છે કે;—

જેમની ઉજવલ કીર્ત્તિ દિગંતોમાં પ્રસરી રહી છે એવા સજ્જન પુરુષોની સંગતિ તો દૂર રહી.

પરંતુ તેમની સાથે વૈરયોગ થયો હોય તો પણ તે વૈરભાવ અતિશય મોટી ઉન્નતિને વિસ્તારે છે.

જેમકે, જેના શરીરનો સર્વદા અભાવ છે અને મસ્તક માત્રથી ઓળખાતા એવા રાહુએ ત્રણે લોકમાં વિખ્યાત તેજવાળા ચંદ્ર અને સૂર્યની સાથે કદાચિત્ વૈરપણું ન કર્યું હોત તો તે કોને શ્રવણગોચર થઇ શકત ?

અર્થાત્ મહાત્માઓની સાથે વૈરતાથી થયેલો સમાગમ પણ શ્રેષ્ઠ ગણેલો છે, તો ભાવપૂર્વક તેમના દર્શન કરવાની તો વાત જ શી કરવી ? **ધનપતિ** વણિક્ શ્રીકેવલી ભગવાનના દર્શનથી પ્રમુદિત થઇ તેમના મુખારવિંદનું ધ્યાન કરી એક દૃષ્ટિએ બેઠો.

## દંડવિરત કેવલી

બાદ શ્રી દંડવિરત કેવલી ભગવાને વૈરાગ્યજનક ધર્મદેશનાનો પ્રારંભ કર્યો.

હે ભવ્યલોકો ! આ સંસાર સાગરમાં અતિ દુર્લભ એવો મનુષ્યભવ પામીને તમે શ્રીજિનેન્દ્ર ભગવાને કહેલા સમ્યક્ત્વ ધર્મમાં ઉદ્યુક્ત થાઓ.

જેથી આ ભવાટવીમાં વારંવાર તમારે પરિભ્રમણ કરવું પડે નહીં. હંમેશા દરેક મનુષ્યોએ ધર્મારાધન કરવું, ધર્મ વિનાનો માનવભવ વૃથા છે. કહ્યું છે કે,—

દાંત વિનાનો હાથી,
શીઘ્ર ગતિ વિનાનો ઘોડો,
ચંદ્ર વિનાની રાત્રી,
સુગંધ વિનાનાં પુષ્પો,
જલ વિનાનું સરોવર,
છાયા વિનાનાં વૃક્ષો,
લાવણ્ય વિનાનું રૂપ,
ગુણ વિનાનો પુત્ર,
ચારિત્રથી ભ્રષ્ટ થયેલો યતિ અને

દેવ વિનાનું મંદિર જેમ શોભતું નથી;
તેમ ધર્મવિનાનો આ માનવભવ શોભતો નથી.

હે સજ્જનો ! તમે કુપથનો ત્યાગ કરો અને સન્માર્ગમાં પ્રવૃત્ત થઓ.

આ પ્રમાણે ધર્મદેશનાનો પ્રસંગ ચાલતો હતો, તેવામાં યોગ્ય સમય જાણીને **ધનપતિએ** પ્રભુને પ્રણામ કરી કહ્યું.

હે ભગવન્ ! અહીંયાં મને કોણ લાવ્યું ?
અને આ ક્ષેત્રનું નામ શું ?
તેમજ આ નગરીનું નામ શું ?
તે આપ કૃપા કરીને મને કહો.

એ પ્રમાણે તેના પૂછવાથી શ્રીકેવલીભગવાને પ્રથમ જે વૃત્તાંત કહ્યું; તે સર્વ તે સમયે વિસ્તારપૂર્વક કહી સંભળાવ્યું.

બાદ **ધનપતિ** વણિક્ પોતાનું અસમંજસ વૃત્તાંત જાણી બહુ શોકાતુર થઈ ગયો અને ચિંતા કરવા લાગ્યો કે; મારાં માતા, પિતા, ભાર્યા અને બંધુઓથી હું વિયુક્ત થયો.

કુટુંબ પરિવારનો હું ઉપયોગી રહ્યો નહીં. હવે અહીં મારે શું કરવું ?

એમ ચિંતાતુર થઇ ઉદાસીની માફક બેઠેલો તેને જોઇ શ્રીકેવલીભગવાન્ બોલ્યા.

હે ભદ્ર ! આ સંસારની સ્થિતિ આવા પ્રકારની જ હોય છે; એમ સમજી તારે કંઇપણ શોક કરવો નહીં;

વળી હે સુભગ ! આ સંસારની સ્થિતિ એવી છે કે; જેની અંદર ઇષ્ટનો વિયોગ અને અનિષ્ટની પ્રાપ્તિ થયા કરે છે.

હે ભદ્ર ! આ અસાર સંસારમાં નિવાસ કરતા ઘણા મૂઢ પ્રાણીઓ વિષયસુખમાં લુબ્ધ થાય છે. જેથી તેઓના સંયોગ અને વિયોગ અનંતવાર થયા કરે છે.

વસ્તુતઃ વિચાર કરીએ તો જે કંઈ દુઃખ થાય છે તે પોતાના દુષ્કર્મને લીધે જ થાય છે.

વળી બાહ્ય અર્થમાં બાકીનું સર્વ નિમિત્તમાત્ર જ ગણાય છે. માટે તે વિદ્યાધરે મારૂં કંઇપણ બગાડયું નથી અને આ દુઃખ પણ તેણે કર્યું નથી એમ તારે સત્યપણે સમજવું;

પરંતુ જે કંઈ થયું તે મારા પોતાના કર્મથી જ થયું છે, એ પ્રમાણે પોતાના હૃદયમાં તું સમજ.

વળી કોઇક મનુષ્ય કુતરાને પથરો મારે છે; તો તે અજ્ઞાની કુતરો તે પાષાણને બચકુ ભરવા દોટ મારે છે; અને સિંહને કોઈ બાણ મારે તો તે બાણની તરફ લક્ષ્ય નહીં કરતો, બાણ ફેંકનાર પુરુષ તરફ દૃષ્ટિ કરે છે.

માટે આપણે સુખ કે; દુઃખ તરફ દૃષ્ટિ કરી સુખ દુઃખ માનવાનું નથી,

તેના કારણભૂત કર્મ તરફ લક્ષ આપની જરૂર છે. જેથી અન્ય ઉપર રાગદ્વેષ થાય નહીં અને પોતાના આત્માનું અકલ્યાણ પણ થાય નહીં.

હે ભદ્ર ! શ્રીજિનેંદ્રભગવાનની આજ્ઞા માની તું પોતાના કર્મનો ઉચ્છેદ કરવામાં તત્પર થા અને તેમ કરવાથી તારા કર્મનો વિલય થશે એટલે આવા દુઃખનો તું ભોગી થઈશ નહીં.

એ પ્રમાણે શ્રીકેવલી ભગવાનનું વચન સાંભળી તે **ધનપતિ** વણિક સમજી ગયો કે; આ સંસારવાસ પ્રાણીઓને દુઃખદાયક થાય છે.

મનુષ્ય ભવ પામીને આત્મ સાધનમાં ઉદ્યુક્ત થવું, એજ માનવજાતિનું મુખ્ય કર્ત્તવ્ય છે.

એમ પ્રતિબોધ પામી પોતે વિનયપૂર્વક કહેવા લાગ્યો.

હે ભગવન્ ! હું આપની આજ્ઞા માગુ છું કે, સંસારના ભયને ઉચ્છેદ કરનારી એવી મુનિ દીક્ષા આપ મને આપો.

ત્યારબાદ મુનિએ પણ તેનો ભાવ જાણી તે જ વખતે તેને સર્વપાપરૂપ મળને દૂર કરવામાં પ્રબળ એવી મુનિ દીક્ષા આપી.

શ્રમણદીક્ષા લીધા બાદ તે **ધનપતિ** મુનિ સર્વ સાધુ ગુણોમાં સારી રીતે પ્રવીણ થયા અને નિરવદ્ય

રિત્ર પાલવા લાગ્યા. તેમજ ત્રીસલાખપૂર્વ વર્ષ ઉગ્ર તપશ્ચર્યા કર્યા બાદ ત્રણમાસનું અનશ ન વ્રત ગ્રહણ કરીને તેમણે સ્વદેહનો ત્યાગ કર્યો.

**ચંદ્રાર્જુન દેવ.**

પછી તે ઈશાનદેવ લોકમાં અનેક અપ્સરાઓનોગણ વિલાસ કરે છે એવા **ચંદ્રાર્જુન** નામે વિમાનમાં **ચંદ્રાર્જુન** નામે દેવપણે ઉત્પન્ન થયો.

ત્યારપછી અવધિ જ્ઞાનવડે તેજ હું પોતે સમગ્ર પોતાનું વૃત્તાંત જોઈને હે ભદ્રિક લોકો ! આ નગરીમાં આવ્યો છું.

પોતાનું સ્વરૂપ પલટાવીને **ધનપતિનું** સ્વરૂપ ધારણ કરી આ દુરાત્મા વિદ્યાધર અહીં આવી **વસુમતીના** કંઠનું આલિંગન કરી તેની શય્યામાં નિર્ભયપણે સુતો છે તે મારા જોવામાં આવ્યો;

તેથી મને બહુ ક્રોધ ભરાઈ આવ્યો, જેથી મેં વિચાર કર્યો; મારી સ્ત્રી સાથે સુતેલા આ દુષ્ટને હું મારી નાખું.

મારાં માતાપિતાને તેમજ સમગ્ર નગરીના લોકોને આ દુરાત્માનું દુષ્ટ ચારિત્ર જણાવીને પછી હું તેને યથાયોગ્ય શિક્ષા કરીશ.

એમ વિચાર કરી આ દુષ્ટની સર્વવિદ્યાઓનો પ્રથમ મેં અપહાર કર્યો. તેથી તે પાપી પોતાના મૂળસ્વરૂપમાં આવી રહ્યો છે. અર્થાત્ તેની વિદ્યાનો ચમત્કાર સર્વ નષ્ટ થયો છે.

પછી **વસુમતી** ભરનિદ્રામાં સુતી હતી, તેને નિદ્રામાંથી મેં જાગ્રત્ કરી.

તેથી તેણીએ જાણ્યું કે; અરે ! આ મારી સાથે કોણ સુતો છે ? આ મારો પ્રાણપતિ નથી. આ તો કોઈ અન્ય પુરૂષ છે.

એમ નિશ્ચય કરી તે પોતાની સાસુ પાસે ગઈ અને આ સર્વ વાર્ત્તા તેણીની આગળ તેણીએ નિવેદન કરી.

ત્યારબાદ **સુદર્શના**એ આ દુષ્ટને જોઇ બહુ કોલાહલ કર્યો એટલે આ દુરાત્મા પણ જાગી ઉઠયો.

તેણે **સુદર્શના**ને "જનની" એ પ્રમાણે કહીને બોલાવી.

પછી તે **સુદર્શના**નું નિષ્ઠુર વચન સાંભળીને તે દુરાત્માએ પોતાના સ્વરૂપ સામું જોયું તો,

પૂર્વસ્વરૂપને પ્રાપ્ત થયેલા પોતાના સ્વરૂપને જોઇ આ વિદ્યાધર પોતાના હૃદયમાં બહુ આશ્ચર્ય પામ્યો.

આજે મારી વિદ્યાનો પ્રભાવ કોણે હરણ કર્યો ! જેથી આ પ્રકારની દુર્દશામાં હું આવી પડયો ?

એમ વિચાર કરી અહીંથી ઉપડી જવાની એણે તૈયારી કરી અને તરતજ ઉત્તમ એવી **નભોગામિની** નામે પોતાની વિદ્યાનું એણે સ્મરણ કર્યું.

પરંતુ એની સર્વવિદ્યાઓનો પ્રથમથી જ મેં અપહાર કર્યો હતો, તેથી આ અહીંથી ઉડી શકયો નહીં.

ત્યારે એણે જાણ્યું મારી ઉપર કોઇક કુપિત થયો છે, અને જરૂર મારી વિદ્યાઓનો તેણે જ અપહાર કર્યો છે. તેથી જ હું મૂળસ્વરૂપમાં આવી ગયો છું. આકાશમાર્ગે ચાલવાને હવે મારી શક્તિ બંધ પડી છે. એમ વિચાર કરતો આ વિદ્યાધર રંક અવસ્થાને પ્રાપ્ત થયો છે અને મૌનમુખે બેસી રહ્યો છે.

**સમુદ્રદત્તશ્રેષ્ઠી.**

એ પ્રમાણે હે પ્રિયસખી ધારિણી !

તે દેવનું વચન સાંભળી **સમુદ્રદત્ત** શ્રેષ્ઠી અને તેની સ્ત્રી **સુદર્શના** એ બન્નેનાં હૃદય પુત્રના વિયોગ દુઃખથી ભરાઈ આવ્યાં, અને તે બન્ને જણ તે દેવને આલિંગન કરી લાંબા સ્વરે રૂદન કરવા લાગ્યાં. તેમજ પુત્રના દુઃખથી બહુ જ દીન મુખે વિલાપ કરવા લાગ્યાં.

તેવા દયાજનક અને સ્નેહ ભરેલા તેમના વિલાપ સાંભળીને ત્યાં આગળ આવેલા અન્ય સર્વે નાગરિક લોકો પણ બહુ રૂદન કરવા લાગ્યા;

તેવી રીતે તેઓએ પુત્ર વિયોગના લીધે કલ્પાંત કરી મૂક્યો કે; પક્ષી સરખાઓ પણ મૌનમુદ્રાએ સ્થિર થઇ ગયાં.

તેમજ ત્યાં રહેલા સર્વ લોકોના રૂદનનો શબ્દ સાંભળી નગરના અન્ય સર્વ લોકો પણ બાલ અને વૃદ્ધ સહિત **સમુદ્રદત્ત** શ્રેષ્ઠીને ઘેર આવ્યા.

અને પરસ્પર તેઓ વાર્તાલાપ કરવા લાગ્યા;

આ દુરાત્માએ બહુ સાહસ કર્યું. એ પ્રમાણે તે દુષ્ટનું સર્વવૃત્તાંત સાંભળીને નગરની નારીઓ સુમંગલને બહુજ તિરસ્કારપૂર્વક કહેવા લાગી;

આ પાપીના મસ્તક પર અકસ્માત્ વિદ્યુત્પાત થવો જોઈએ, અથવા,

આ પાપીષ્ઠ સુતોને સુતો મરી જવો જોઇએ, કારણકે; જે આ પાપીએ નિર્દોષ છતાં પણ ધનપતિનો અપહાર કરી બહુજ અકૃત્ય કરેલું છે.

હા! દુષ્ટ! સુંદર રૂપવાળી વિદ્યાધરીઓ શું તને ન મળી? જેથી ધર્મશીલ એવી આ વસુમતીના શીલ-વ્રતનું તેં ખંડન કર્યું?

માટે હે પાપિષ્ઠ! અનાર્યકાર્યમાં રક્ત થયેલા એવા હે નિર્લજ્જ! તું હવે પોતાના દુષ્કૃત્યને લાયક ઉભયલોકમાં બહુ દુઃખદાયક એવા કડવા ફલને ભોગવ?

વળી આ દુષ્ટનું નામ સુમંગલ રાખેલું છે, પરંતુ એનું ચરિત્ર તો બહુ જ દુષ્ટ છે, માટે એનું નામ અમંગલ ઉચિત છે. કારણ કે અમંગલ સિવાય આવું અકૃત્ય કોઇ કરી શકે નહીં.

એ પ્રમાણે કર્ણ કટુ એવાં અસભ્ય વચનો વડે તે લોકોએ તેનો બહુ પ્રકારે તિરસ્કાર કર્યો. તે બીચારો મુડદાલ બની મૌન મુખે નીચું જોઇ બેસી રહ્યો.

ત્યારપછી તે દેવે ત્યાં રૂદન કરતાં એવાં પોતાનાં માતાપિતાને બહુ ઉપદેશ આપીને શાંત કર્યાં, એટલે તેઓ રૂદન કરતાં બંધ રહ્યાં અને કંઈક શાંત થયાં.

## સુધર્મસૂરીશ્વર

ત્યારબાદ સ્થુલ અશ્રુધારાને વહન કરતી **વસુમતી** અનન્ય શોકને સ્વાધીન થઈ પડી. લોકોએ બહુ સમજાવી છતાં કોઈપણ રીતે તે શાંત થઈ નહીં.

ત્યારે તે દેવે કહ્યું; હે ભદ્રે! **વસુમતિ!** હવે બહુ શોક કરવાથી આત્મકલ્યાણ થાય તેમ તારે માનવું નહીં. કારણકે; આર્ત્તધ્યાન કરવાથી ઉલટું આત્માનું અહિત થાય છે. એમ સમજી હવે તું વિલાપ કરવા છોડી દે! અને હવે તારા હૃદયની શી ઉત્કંઠા છે? તે તું જલદી જણાવ.

તે સાંભળી લજ્જાને લીધે નીચું છે મુખ જેનું એવી તે **વસુમતી** બોલી;

હે સ્વામિન્! આપ જે પ્રમાણે આજ્ઞા કરો તે પ્રમાણે વર્ત્તવાને હું તૈયાર છું.

હે પ્રાણનાથ! આપની આજ્ઞા એજ મારી ઇચ્છા છે. કહ્યું છે કે;—

આ દુનિયામાં ધર્મચારિણી સ્ત્રીઓને પોતાનો પતિ એ જ ઉત્તમોત્તમ દેવ છે, તેમજ તેની આજ્ઞામાં રહીને સતી સ્ત્રીઓ હંમેશાં ધર્મપ્રવૃત્તિઓને પ્રેમથી સ્વીકારે છે.

અને તેઓ નિરંતર પોતાના પતિની સેવામાં જ તત્પર રહે છે;

એ પ્રમાણે નિરંતર વર્તવાથી સતીયોનું શીલવ્રત અખંડિત રહે છે અને છેવટે શિવસુખ પણ તેઓને પ્રાપ્ત થાય છે. માટે હે સ્વામિન્ ! જેથી મારૂં કલ્યાણ થાય તેવો હિતમાર્ગ આપ મને બતાવો.

ત્યારપછી તે દેવે કહ્યું હે સુંદરી ! જો તારી એવી ઈચ્છા હોય તો તું સમગ્ર પાપને શુદ્ધ કરનારી એવી મુનિ દીક્ષાને ગ્રહણ કર ! અને કર્મરૂપી મોટા કંદને ઉચ્છેદ કરવામાં કોદાળા સમાન, શ્રીજિનેંદ્રભગવાને કહેલા શુદ્ધધર્મનું પાલન કર !

હે સુંદરી ! જો કે, તેં અજાણતાં શીલખંડનનું પાપ આચરેલું છે, તેમ છતાં પણ આ તારા પાપરૂપી રોગને નિર્મૂલ કરવામાં દીક્ષા એ પરમ ઔષધરૂપ થાઓ.

આ પ્રમાણે સાંભળીને **વસુમતી**એ પણ દેવવચનને માન્ય કર્યું.

પછી પોતાના બંધુવર્ગની આજ્ઞા માગી એટલે તેઓએ પણ સંમતિ આપી.

તેજ નગરીમાં **સુધર્મ** સૂરીશ્વરની **ચંદ્રયશા** નામે મહત્તરિકા એટલે મુખ્ય શિષ્યા હતી; જેના ચરણકમલની સેવામાં અનેક સાધ્વીઓના સમુદાય રહેતા હતા, તે ગુરૂણીની પાસે તે દેવ પોતે જ મોટી વિભૂતિ સાથે **વસુમતીને** લઈ ગયો.

તે **ચંદ્રયશા** સાધ્વીની પાસે આગમોક્ત વિધિ પ્રમાણે તેણીએ દીક્ષા લીધી.

તે દેવ **સુમંગલ** વિદ્યાધરની ઉપર બહુ કોપાયમાન થયો હતો, પરંતુ તેના મુખની દીનતા જોઇને તેના હૃદયમાં દયા આવી,

તેથી તે બીચારાને તેણે માર્યો નહીં, પરંતુ માનુષોત્તર પર્વતથી પણ આગળ ઉપર ઘણો દૂર લઇ જઇને તેને ત્યાં છોડી મૂકયો.

ત્યારબાદ તે **ચંદ્રાર્જુન** દેવ પણ ઝડપથી પોતાના વિમાનમાં ચાલ્યો ગયો.

## વસુમતી સાધ્વી

દીક્ષા ગ્રહણ કર્યા બાદ **વસુમતી** સાધ્વી પણ સમિતિ અને ગુપ્તિ પાલવામાં નિરંતર સમ્યક્ પ્રકારે ઉપયોગ રાખવા લાગી.

સ્વાધ્યાય ધ્યાનમાં હંમેશાં તત્પર અને વિનય કરવામાં બહુજ ઉદ્યુક્ત થઇ.

અનુક્રમે બહુ પૂર્વ લાખ વર્ષ સુધી શ્રમણ દીક્ષા પાળીને અંતે વિધિપૂર્વક સંલેખના વડે પોતાના દેહને તેણે ક્ષીણ કર્યો, પરંતુ અનુરાગના વશથી પોતાના હૃદયમાં તે દેવનું ધ્યાન કરતી એવી તે **વસુમતી** સાધ્વીએ અનશનવ્રત ગ્રહણ કરીને પોતાના શરીરનો ત્યાગ કર્યો;

અને તેવા પ્રકારના ધ્યાનબળથી તે બીજા ઈશાન-કલ્પમાં ચંદ્રાર્જુન નામે દિવ્ય વિમાનમાં ચંદ્રાર્જુન દેવની ચંદ્રપ્રભા નામે મુખ્ય દેવીપણે ઉત્પન્ન થઈ.

**ચંદ્રપ્રભા**

**ચંદ્રપ્રભા** દેવી પૂર્વ જન્મના સ્નેહથી પ્રાપ્ત થયેલા **ચંદ્રાર્જુન** દેવની સાથે ગાઢ અનુરાગિણી થઈને અનેક પ્રકારનાં દેવલોકનાં સુખ ભોગવવા લાગી.

એમ અધિકાધિક તે દેવની સાથે દિવ્ય સુખ-વિલાસ કરતાં **ચંદ્રપ્રભા** દેવીનો બહુ સમય વ્યતીત થયો.

ત્યારબાદ કોઈ એક દિવસ **ચંદ્રપ્રભા** દેવી પોતાના સ્વામીનું શરીર કાંતિહીન જોઈને બહુ ભયભીત થઈ ગઈ, અને તે દેવને કહેવા લાગી, હે સ્વામિન્ ! મહાન્ દુઃખથી પીડાયેલાની માફક તમે આટલા બધા શંકિતમનવાળા કેમ દેખાઓ છો ?

હે પ્રિયતમ ! હાલમાં તમારૂં શરીર રૂધિર રહિત કંગાલની માફક દુર્દશાને શાથી પામ્યું છે ?

તમારા મસ્તકમાં ગુંથેલા સુગંધિત પુષ્પો અકસ્માત્ કેમ સૂકાવા લાગ્યાં છે ?

હે નાથ ! આપના શરીરે ધારણ કરેલાં નિર્મળ વસ્ત્રો હાલમાં શ્યામ વર્ણવાળાં કેમ દેખાય છે ?

આપની દૃષ્ટિ સ્થિર રહેતી નથી તેનું શું કારણ ?

હાલમાં ભોગવિલાસ પર આપની અરૂચી કેમ દેખાય છે ?

તમે વારંવાર પોતાના અંગને આટલું બધું શા માટે મરડો છો ?

હે સ્વામિન્ ! આપનું સત્ય સ્વરૂપ મને કહો.

**ચંદ્રાર્જુનદેવનું ચ્યવન**

પોતાની સ્ત્રીએ પૂછેલા પ્રશ્નો ધ્યાનમાં લઈ **ચંદ્રાર્જુન** દેવ બોલ્યા.

હે સુંદરી ! જે તું પૂછે છે, તે શું તું નથી જાણતી ? જેથી આ પ્રમાણે તું મને પુછે છે ?

હે સુતનુ ! દેવો જયારે પોતાના વિમાનમાંથી ચ્યવે છે, ત્યારે આગળથી આવાં ચિન્હો પ્રગટ થાય છે. માટે મારે પણ ચ્યવન (મરણ) નો સમય હવે નજીકમાં આવ્યો છે.

એ પ્રમાણે બહુ પ્રિય એવા પોતાના સ્વામીનું વચન સાંભળીને **ચંદ્રપ્રભા** દેવી અસહ્ય એવા મહાશોકમાં આવી પડી અને તે નરક સમાન દુઃખને અનુભવવા લાગી.

ત્યારબાદ અન્ય કોઈ પણ દિવસે **ચંદ્રાર્જુન** દેવ પોતાનું આયુષ પૂર્ણ કરી તે દેવીના જોતજોતામાં પ્રચંડ પવનથી હણાયેલા દીવાની માફક અદૃષ્ટ થઈ ગયો.

પછી **ચંદ્રપ્રભા** દેવી પોતાના સ્વામીનું ચ્યવન જોઈને અત્યંત દુઃખના આઘાતથી મૂર્છિત થઈ ગઈ.

કેટલોક સમય વ્યતીત થતાં મૂર્ચ્છા ઉતરી ગઈ એટલે તે દેવી કરૂણ સ્વરે વિલાપ કરવા લાગી.

**ચંદ્રપ્રભાને વિલાપ**

હા! નાથ હા! પ્રાણવલ્લભ! મને એકલી મૂકીને આપ કયાં ગયા?

હે દેવ! હે પ્રિયપતિ! તમારા વિના હવે હું કોના શરણે જાઉં?

હે નાથ! મારા વિના આપ ક્ષણમાત્ર અથવા લેશમાત્ર પણ રહી શકતા ન હતા, છતાં નેત્રને આનંદ આપનાર એવા હે સ્વામિન્! મને અહીં મૂકીને આપ કયાં ચાલ્યા ગયા?

હે દેવ! તમે જ મારું શરણ છો. તમે જ સ્વામી અને તમે જ મારું જીવિત છો.

હે સ્વામિન્! તમને છોડીને “આપ કહો” હાલમાં હું કયાં જાઉં?

હા પ્રિયવલ્લભ! મને અનાથને એકલી અહીં રખડતી મૂકીને તમે કયાં ગયા?

હે સ્વામિન્! આપે જ્યારે મને ત્યજી દીધી તો પછી હાલમાં અન્ય મારું કોણ શરણ?

હે નાથ! હજારો દેવોથી સુશોભિત અને મનોહર! એવો આ દેવલોક તેને તેજ છે; પરંતુ તમારા વિના આ સર્વ મને હાલમાં નરક સમાન ભાસે છે.

હે નાથ! સુવર્ણ અને મણિરત્નોથી વ્યાપ્ત એવું આ વિમાન પણ તેનું તેજ છે, પરંતુ આપના અભાવને લીધે ઘડીયાળના ઘરની માફક શૂન્ય લાગે છે.

હે નાથ! પ્રિય વચન બોલીને આનંદ આપતો અને વિનય કરવામાં બહુ જ દક્ષ એવો આ ભૃત્યવર્ગ પણ આપના વિરહને લીધે મને પરમાધામી દેવ સમાન અપ્રિય લાગે છે.

હે પ્રાણવલ્લભ! પુનાગ, નાગકેસર, ચંપક, નમેરૂ અને મંદાર વિગેરે દિવ્ય વૃક્ષોથી વિભૂષિત અને રમણીય એવો આ ઉદ્યાન પણ આપના સમાગમ વિના ખડ્ગ ધારાઓના વનની માફક અસહ્ય લાગે છે.

સ્વચ્છ જલથી ભરેલી મનોહર અને ઉત્તમ એવી સ્નાન કરવાની આ વાવડીઓ પણ આપના વિરહ વડે વૈતરણી નદી સમાન ભાસે છે.

જે સ્રીઓ મરેલા પતિની પાછળ પોતાના દેહનો ત્યાગ કરે છે, તે ભૂલોકવાસી નારીઓને ધન્યવાદ ઘટે છે.

આ દેવ ભવને વિષે તે પણ મારાથી થઈ શકે તેમ નથી. હવે હું શું કરું?

એ પ્રમાણે બહુ વિલાપ કરતી તે દેવી પોતાના હાથ વડે છાતી કુટવા લાગી અને કરૂણ શબ્દો વડે રૂદન કરતી આક્રંદ કરવા લાગી.

ક્ષણમાત્રમાં અસહ્ય દુઃખને આધીન થઈ પડી અને તરત જ મૂર્છિત થઈ નિરાધાર પૃથ્વી પર પડી ગઈ.

ફરીથી શુદ્ધિમાં આવી અને વિલાપ કરવા લાગી.

હે નાથ ! વિલાપ કરતી આ હીન વનિતાને આપ કેમ દૃષ્ટિગોચર કરતા નથી ? મને પ્રત્યુત્તર તમે કેમ આપતા નથી ?

હે સ્વામિન્ ! શું ! તમે મારાથી રીસાયા છો ? શું ? મેં તમારો કંઈ અપરાધ કર્યો છે ?

હે સ્વામિન્ ! સંભોગના આ સમયે હું જ્યારે કલહ કરતી હતી, ત્યારે આપ મને હજારો પ્રિય વચન બોલીને મનાવતા હતા. એમ છતાં હાલમાં વિલાપ કરતી અનાથ એવી આ પ્રિયાને તમે અકસ્માત્ કેમ ત્યજી દીધી છે ?

કોઈ પણ મારો અવિનય થયો હોય તો પણ આપને આ અબળા ઉપર ક્રોધ કરવો લાયક નથી; અથવા ક્રોધ કરવો એ ઉત્તમ પુરૂષોનું લક્ષણ નથી. કારણ કે; ક્રોધને મોટો શત્રુ કહ્યો છે.

ક્રોધ રૂપી વૈરીનું એટલું બધું બળ છે કે, જેના સ્મરણમાત્રથી બુદ્ધિમાન્ પુરૂષો પણ તેને આધીન થઈ અતિશય કલેશના પાત્ર થઇ પડે છે.

તેનો મહિમા એટલો પ્રબળ છે કે, જેના પ્રભાવથી ક્ષમાધારી પુરૂષો તો કેવા ક્રોધીનું મુખ પણ જોતા નથી.

એટલું જ નહીં પરંતુ તેવા ક્રોધી પુરૂષોની નિંદાના અંકુરાઓ દરેક ઠેકાણે પ્રસરી જાય છે અને તે ક્રોધી

પુરૂષો આલોકમાં અપાર દુઃખ ભોગવીને પરલોકમાં પણ બહુ દુઃખી થાય છે.

હે સ્વામિન્! આપને આવા અનાર્ય ક્રોધને વશ થવું ઘટતું નથી.

આપની મધુરવાણી સંભળાવીને મને કૃતાર્થ કરો.

હે નાથ! શું આપ નથી જાણતા કે; આપના પ્રેમમાં મુગ્ધ બનેલી એવી આ સ્ત્રીની તમારા વિના શી ગતિ થશે! જેથી એકદમ મને મૂકીને આપ અદૃશ્ય થઈ ગયા?"

એ પ્રમાણે પોતાના પતિના વિરહ વડે અનેક પ્રકારના વિલાપ કરતી તે **ચંદ્રપ્રભાદેવી** મૂળમાંથી ઉખાડેલી કમલની વેલીની માફક કરમાયેલા મુખવાળી થઈ ગઈ.........

## સ્વયંપ્રભા સખી

બહુ શોકમાં ગરક થયેલી અને અતિશય દુઃખથી હણાયેલી તે દેવીને જોઈ તેણીની પ્રિયસખી **સ્વયંપ્રભા** પોતાના અનન્ય સ્નેહની ખાતર કહેવા લાગી.

હે પ્રિયસખી! શ્રી જિનેન્દ્રભગવાનનો સિદ્ધાન્ત પણ તમે જાણો છો. તેમજ આ સંસારનું સ્વરૂપ પણ તમે સાંભળેલું છે. છતાં પણ તમે સાધારણ સ્ત્રીની માફક આવા અઘટિત વિલાપ કરો છો તે શું ઉચિત ગણાય ખરું?"

હે પ્રિયસખી! આપણે બહુ વિલાપ કરીએ તેથી પણ આપણું કંઈ વળે તેમ નથી. માટે બકરીની ડોકમાં લબડતા સ્તનની જેમ વૃથા રૂદન કરવાથી શું વળવાનું છે?"

હે પ્રિયસખી! જો કે; તું સેંકડો હજારવાર વિલાપ કરે, શરીરને કુટે, ભાગે અને બહુ ભારે શોક કરે તો પણ કાલરૂપી યમરાજાએ ગ્રહણ કરેલો તારો સ્વામી હવે અહીં પાછો આવવાનો નથી.

આ પ્રમાણે નિશ્ચય જાણીને તું હવે પતિ સંબંધી સ્નેહપાશને શિથિલ કર તેમજ બહુ શોકને છોડી દે.

આવા પ્રકારના અનેક દુઃખને શમાવનાર એવા શ્રી જૈનધર્મને વિષે તું નિરંતર ઉદ્યમ કર.

તપ અને સંયમરૂપ તે શ્રી જિનેન્દ્રનો ધર્મ તું દેવભવમાં રહેલી છે માટે હાલ તારાથી થઈ શકે તેમ નથી.

માટે હે સુંદરી! સમ્યક્ત્વ ધર્મની શુદ્ધિ માટે હાલમાં તું ઉદ્યમ કર.

હે દેવી! તું હવે વિદેહ ક્ષેત્રમાં જા અને ત્યાં ત્રણલોકના એક બંધુ સમાન એવા શ્રી જિનેન્દ્ર ભગવાનની વંદનાદિક ભક્તિ કર, તેમજ શ્રી કેવલીભગવાનને તથા સંયમ પાળવામાં ઉદ્યુક્ત અને ધીર એવા મુનિઓને પ્રણામ કર. શાશ્વત જિનાલયોમાં રહેલી શ્રી જિનેન્દ્ર ભગવાનની પ્રતિમાઓને તેમજ સુમેરુ દ્વીપ અને અન્ય પર્વતોમાં રહેલી શ્રી જિનપ્રતિમાઓને પરમ ભક્તિપૂર્વક તું તે તે સ્થાને જઈને પ્રણામ કર.

આ પ્રમાણે ભક્તિ કરવાથી તું શુદ્ધ સમ્યક્ત્વ ધર્મને પામીશ અને તે સમ્યક્ત્વના પ્રભાવથી તું મનુષ્ય-

ભવ પામીને શ્રી જિનેન્દ્ર ભગવાનની દીક્ષા ગ્રહણ કર્યા બાદ કર્મનો સર્વથા ક્ષય કરી મોક્ષ સુખને પામીશ.

હે પ્રિયસખી! દેવભવમાં શાશ્વત સુખ મેળવી શકાતું નથી. કારણ કે તેવા પ્રકારની ધર્મસામગ્રી દેવોને પ્રાપ્ત થતી નથી, માટે મોક્ષ સુખની પ્રાપ્તિ તો મનુષ્ય ભવમાં જ થઇ શકે છે. કારણ કે તેવી ધર્મસામગ્રી મનુષ્યભવમાં જ હોઇ શકે છે. કહ્યું છે કે;—

દેવોની સમૃદ્ધિઓ બહુ અદ્ભુત હોય છે, તેમજ તેઓ દિવ્ય વિમાનોમાં બેસી સ્વેચ્છા પ્રમાણે દ્વીપાંતરોમાં પર્યટન કરે છે. પરંતુ તેઓ વિષય સેવનમાં બહુ જ આસક્ત હોય છે,

નારકીના જીવો અનેક પ્રકારનાં દુઃખોથી પીડાયેલા હોય છે, જેથી તેઓને ધર્મશ્રવણ સ્વપ્નમાં પણ દુર્લભ હોય છે. તિર્યંચો પણ વિવેકશૂન્ય હોય છે.

માત્ર માનવભવમાં જ ધર્મસામગ્રી પ્રાપ્ત થાય છે.

હે દેવી! હાલમાં તમે પૂર્વોક્ત પ્રમાણે ધર્મનો ઉદ્યોગ કરો.

મનુષ્યભવ પામીને અનુક્રમે સિદ્ધ સ્થાનમાં ગયા બાદ આવાં દુઃખોનો અનુભવ તમને બીલકુલ થશે નહીં અને સદાકાલ જન્મ, જરા, મરણ અને શોક વડે રહિત તું થઇશ.

**ચંદ્રપ્રભાદેવી :**

એ પ્રમાણે **સ્વયંપ્રભાનું** વચન સાંભળી **ચંદ્રપ્રભા** દેવીએ તેજ વખતે પોતાના પતિનો શોક દૂર કર્યો.

પોતાની સખી **સ્વયંપ્રભાને** સાથે લઈ તે દેવી આ ભૂલોકમાં આવી બહુ ભાવપૂર્વક શ્રી જિનબિંબોને વાંદીને પછી **નંદીશ્વર** દ્વીપમાં તે ગઇ.

ત્યાંથી આ ભરત ક્ષેત્રમાં તે આવી, ત્યાં રાજગૃહ નગરીની બહાર ઉદ્યાનમાં સેંકડો મુનિવરો જેમના ચરણ-કમલની સેવા કરે છે, તેમજ સુર, અસુર અને મનુષ્યો જેમની સેવામાં હાજર રહ્યા છે અને શુદ્ધધર્મની પ્રરૂપણા કરતા એવા શ્રી **શુભંકર** નામે કેવલી ભગવાન્ તેણીના જોવામાં આવ્યા.

બાદ તે દેવી પોતાની સખી સહિત આકાશમાર્ગે પ્રયાણને બંધ કરી નીચે ઉતરી, ત્યારબાદ તે દેવી ભવ્ય પ્રાણીઓને સુખકારી ઉપદેશ આપતા એવા તે **શ્રીશુભંકર** કેવલી ભગવાનને વંદન કરીને બાકીના સમગ્ર મુનિસંઘને પણ વાંદીને **સ્વયંપ્રભા** સહિત તે **ચંદ્રપ્રભા** ઉચિત સ્થાનમાં વિનયપૂર્વક બેઠી.

**શુભંકર કેવલી :**

હવે તે શ્રીકેવલીભગવાને દેવ, અસુર અને મનુ-ષ્યાદિક પ્રાણીઓથી યુક્ત તે સભામાં મધુર અને ગંભીર વાણી વડે ધર્મદેશનાનો પ્રારંભ કર્યો.

હે ભવ્યાત્માઓ! આ સંસારમાં મનુષ્યભવ મળવો બહુ દુર્લભ છે.

તેમાં પણ સત્કુલની પ્રાપ્તિ અતિ દુર્લભ કહેલી છે.

કદાચિત્ ઉત્તમ કુલ પણ મળી શકે છે, પરંતુ શ્રી જિનેંદ્ર કથિતધર્મ મળવો ઘણો જ દુર્લભ છે.

માટે હે ભવ્યપ્રાણીઓ! અત્યંત દુર્લભ એવો શ્રી જૈનધર્મ પ્રાપ્ત થયે છતે હંમેશાં અન્ય વાસનાઓનો ત્યાગ કરી શુદ્ધ ધર્મમાં જ તમે ઉદ્યુક્ત થાઓ,

પ્રમાદનો સર્વથા ત્યાગ કરો,

પ્રમાદને વશ થએલા પ્રાણીઓ બહુ અનર્થના પાત્ર થાય છે.

ઉભયલોકમાં દુઃખદાયક પ્રમાદને જ કહેલો છે કહ્યું છે કે—

આ જગતની અંદર દરેક પ્રાણીઓ વૈભવની ઇચ્છાવાળા હોય છે, છતાં તેઓ જે સંપત્તિઓથી વિમુખ રહે છે, તેનું કારણ માત્ર પ્રમાદ છે. તે દુષ્ટ પ્રમાદને લીધે જ પ્રાણીઓ આપત્તિઓથી મુક્ત થતા નથી. અર્થાત્ આધિ (માનસિક) અને વ્યાધિ (શારીરિક) પીડાઓને ભોગવ્યા કરે છે.

તેમજ ઉત્તમ પ્રકારના સમગ્ર ગુણોના ભોક્તા પણ તેઓ થઈ શકતા નથી.

વળી તેજ કારણને લીધે સ્વર્ગસુખ પણ તેઓ મેળવી શકતા નથી.

અને સમસ્ત સુખના આવાસભૂત એવું મોક્ષસુખ પણ તેઓને બહુ દુર્લભ થાય છે.

વળી આ પ્રમાદની પટુતા સર્વ શુભકાર્યોના વિનાશમાં જ રહેલી છે.

માટે હે ભવ્યાત્માઓ ! આ પ્રમાદ શત્રુને કોઈ પણ સમયે તમે આશ્રય આપશો નહીં.

વળી હે ભવ્યજનો ! હાથમાં રહેલા જળની માફક આ આયુષ્ય દરેક ક્ષણે ક્ષીણ થાય છે.

માટે શ્રી જિનેન્દ્ર ભગવાને કહેલા ધર્મનું આરાધન કરો. કોઈ પણ સમયે તમે પ્રમાદ કરશો નહીં.

દર્ભ અને સોયના અગ્રભાગમાં રહેલા જલબિંદુની માફક પ્રાણીઓનું જીવિતવ્ય ચંચળ હોવાથી ભાવપૂર્વક સારભૂત એવા શુદ્ધ ધર્મમાં ઉદ્યુક્ત થવું કારણ કે; તે કર્મગતિ બહુ જ વિષમ કહેલી છે.

કર્મની ગતિ બહુ ગહન છે, માટે તે કર્મને નિર્મૂલ કરવામાં આળસ રાખવી નહીં.

હે ભવ્યાત્માઓ ! આ સંસારમાં સર્વ દુઃખો પ્રમાદથી ઉત્પન્ન થાય છે.

માટે ચારે ગતિને વિષે દરેક પ્રાણીઓએ અવશ્ય પ્રમાદનો ત્યાગ કરવો જોઇએ.

વળી આ સંસારમાં જન્મ, જરા, રોગ, મરણ અને સેંકડો દુઃખોનો હેતુ આ પ્રમાદ છે અને તેના વશ થયેલા પ્રાણીઓ ઘોર એવા ભવસાગરમાં ભમ્યા કરે છે.

માટે હે મુમુક્ષુપુરુષો ચેતો ! ચેતો !! ચેતો !!!

આ પ્રમાદરૂપી પિશાચનો ત્યાગ કરો અને સંસાર સમુદ્રમાં નાવસમાન શ્રી જૈનધર્મને વિષે સ્થિર મન કરીને ઉત્તમ પ્રકારે તમે ઉદ્યુક્ત થાઓ.

હે મહાનુભાવો ! ખરેખર આ સંસારમાં બંધુસમાન સમ્યક્ત્વ ધર્મ ગણાય છે.

અન્ય બંધુઓ તો સ્વાર્થનો સંબંધ ધરાવે છે, માત્ર ધર્મ એક જ પ્રાણીઓને સદાને માટે સુખદાયક કહ્યો છે. કહ્યું છે કે—

જ્યાં સુધી મનુષ્યો કાર્યદક્ષ હોય છે; ત્યાં સુધી દ્રવ્યાદિક સર્વ પદાર્થો પોતાને ઉપભોગ થઈ પડે છે. જ્યારે આ જીવ દેહનગરનો ત્યાગ કરી લોકાંતરમાં પ્રયાણ કરે છે; ત્યારે દ્રવ્યસંપત્તિઓ પૃથ્વીમાં દાટેલી હોય તો તેઓ ત્યાં ને ત્યાં જ રહે છે.

હાથી, ઘોડા અને બળદ વિગેરે પશુઓ પોતપોતાના સ્થાનમાં બાંધ્યા રહે છે.

પોતાની પ્રાણપ્રિયા ભાર્યા બહુ શોકાકુલ થઈ હાયપીટ કરતી ઘરના દ્વાર સુધી અનુગમન કરે છે.

અન્ય સંબંધીઓ અશ્રુપાત કરતા સ્મશાન ભૂમિ સુધી જઈને અટકી પડે છે અને પોતાનો દેહ પણ છેવટે ચિતામાં આરૂઢ થઈ ભસ્મીભૂત થઈને છુટો પડે છે.

પરંતુ એક ધર્મબંધુ લોકાંતરમાં સહાયને માટે જીવની પાછળ ચાલ્યો જાય છે.

જગતમાં સારભૂત એવા આ ધર્મની જ આરાધના કરવી.

જેથી હે ભવ્યાત્માઓ! સર્વ પાપને દૂર કરી તમે મોક્ષ સુખને પ્રાપ્ત કરો.

એ પ્રમાણે શ્રી કેવલી ભગવાન ઉપદેશ આપતા હતા, તેવામાં પોતાને પૂછવાનો અવસર જાણી ચંદ્રપ્રભા દેવી બોલી.

## ચંદ્રપ્રભાનો પ્રશ્ન

હે ભગવન! મારો પ્રિયપતિ ચંદ્રાર્જુન દેવ અહીંથી ચ્યવીને ક્યાં ઉત્પન્ન થયો છે?

મારું આયુષ હવે કેટલું બાકી રહ્યું છે?

અહીંથી ચ્યવ્યા બાદ મારો જન્મ ક્યાં થશે?

અને તે મારા પતિનું મને દર્શન થશે કે નહીં?

આ પ્રમાણે બહુ માનપૂર્વક તે શ્રીદેવીના પૂછવાથી ભગવાન શ્રી શુભંકર કેવલી કહેવા લાગ્યા;

હે ભદ્રે! તે તારો પતિ **ચંદ્રાર્જુન** અહીંજ ભરત-ક્ષેત્રમાં રહેલા મનોહર એવા **વૈતાઢયપર્વતની** ઉત્તરશ્રેણીમાં **ચમરચંચા** નામે નગરી છે.

તેમાં **ભાનુગતિ** નામે વિદ્યાધર રહે છે, તેની પ્રાણ પ્રિયા ભાર્યાની કુક્ષિએ તે પુત્રપણે ઉત્પન્ન થયો છે.

વળી હે ભદ્રે! જન્મથી આરંભીને તારું સર્વ આયુષ આઠ પલ્યોપનું છે. તેમાંથી શેષ આયુષ હાલમાં એક લાખ વર્ષનું બાકી રહ્યું છે. તે લાખ વર્ષ પૂર્ણ થયા બાદ તું પણ અહીંથી ચ્યવીને તેજ ઉત્તરશ્રેણીમાં **સુરનંદન** નામે નગરમાં **અશનિવેગ** નામે વિદ્યાધરને ત્યાં પુત્રીપણે ઉત્પન્ન થઈશ.

વળી હે ભદ્રે! રૂપસૌંદર્યમાં બહુ ઉત્કૃષ્ટ એવી **પ્રિયંગુ-મંજરી** નામે તું પ્રસિદ્ધ થઈશ અને ત્યાં જ તારા પૂર્વ પતિનું તને દર્શન થશે.

તે સાંભળી દેવી બોલી, હે ભગવન્! તે મારા પતિને મારે કેવી રીતે ઓળખવો? અથવા તેની સાથે કેવી રીતે મારું લગ્ન થશે?

પછી શ્રી કેવલી ભગવાન બોલ્યા; હે ભદ્રે! આ જે હકીકત હું કહું તે તું સાંભળ.

શ્રી જિનેંદ્રભગવાનની યાત્રાના સમયે પોતાના સ્થાનમાંથી છુટીને ઉન્મત્ત થયેલો હાથી ત્યાં આવશે અને તેના ભયમાંથી જે તને બચાવશે, તેજ તારો પૂર્વભવનો સ્વામી છે એમ તારે નક્કી જાણવું.

તેમજ ફરીથી પણ તેની સાથે વિશેષ પ્રકારે તારૂં દર્શન થશે કે; તારા મામાની દીકરી **કનકમાલાના** પાણિગ્રહણના સમયે પોતાના મિત્રને માટે તે **કનકમાલાનું** સ્વરૂપ ધારણ કરીને આવશે.

હે ભદ્રે! ચંદ્રપ્રભે! જે કનકમાલાનું રૂપ ધારણ કરી ત્યાં આગળ આવે તે તારે તારો પૂર્વનો પતિ જાણવો. એમાં કોઇ પ્રકારનો તારે સંદેહ રાખવો નહિ.

ત્યાર પછી તારૂં લગ્ન પણ તેની સાથે થશે અને તે સમયે તું જાતિ સ્મરણ જ્ઞાન વડે આ મારું વચન પણ સંભાળીશ.

એ પ્રમાણે હે પ્રિયસખીધારિણી! શ્રીકેવલી ભગવાનનું વચન સાંભળી તે દેવી પોતાના હૃદયમાં બહુજ ખુશી થઇ અને શ્રી કેવલીભગવાનના ચરણકમલમાં પ્રણામ કરી ત્યાંથી આકાશ માર્ગે ચાલતી થઇ.

પછી શાશ્વતજિનાલયોમાં જઈને સર્વ જિનબિંબોને અભિવંદન કરી તે દેવી મહાવિદેહક્ષેત્રમાં સર્વ તીર્થંકરોની યાત્રા પૂર્ણ કર્યા બાદ પોતાના સ્થાનમાં ગઈ. પરંતુ પોતાના હૃદયની અંદર તે દેવી **ચંદ્રાર્જુન** દેવનું જ ધ્યાન કરવા લાગી.

એમ કરતાં અનુક્રમે પોતાનું આયુષ્ય પૂર્ણ થવાથી **ચંદ્રપ્રભા દેવી** પણ ત્યાંથી ચ્યવી.

હે સુતનુ! પ્રથમ જે **વસુમતી** આર્યા હતી, તે મરીને સુરલોકમાં **ચંદ્રપ્રભા** દેવી થઇ. ત્યારબાદ ત્યાંથી

ચ્યવીને તેજ હું **પ્રિયંગુમંજરી** નામે અહીં ઉત્પન્ન થઈ છું.

## શોકનું કારણ

આજે આ દેવોના સમુદાયને જોઇ મને જાતિ સ્મરણ જ્ઞાન થયું, જેથી દેવલોકમાં જે મારો પ્રાણપ્રિય દેવ હતો, તે આજે સાંભળી આવ્યો છે.

હે પ્રિયસખી! ઘણા કાળના પરિચયને લીધે હાલમાં હું બહુજ ઉત્કંઠિત થઇ છું અને તે પ્રાણપ્રિયના સમાગમની ઇચ્છા વડે હાલમાં મારૂં હૃદય અતિશય આતુર બનેલું છે.

સ્નિગ્ધ દૃષ્ટિ વડે બહુ પ્રેમપૂર્વક પૂર્વના સ્નેહથી બંધાયેલા તે મારા પ્રાણપ્રિયને જ્યારે હું જોઈશ–તેવો દિવસ ક્યારે આવશે?

વળી હે સખી! તે પ્રાણપ્રિય મારી દૃષ્ટિગોચર કેવી રીતે થશે?

અને જલદી તેમની સાથે મારો સમાગમ કેવી રીતે થશે? એ પ્રકારની ચિંતા વડે હું આ શોકને સ્વાધીન થઇ પડી છું.

આ ચિંતાને લીધે મારૂં ચિત્ત બહુ વ્યાકુલ થયું છે. તેવામાં તમારૂં પણ આગમન થયું, તેથી હે સખી! તારો કંઇ સત્કાર મારાથી થઈ શક્યો નહિ. વળી તેજ કારણને લીધે તને મેં બોલાવી પણ નહિ. હે પ્રિયસખી.

ધારિણી! મારા શોકનું કારણ તમોએ જે મને પૂછ્યું, તે સર્વ મેં તમને કહ્યું. હવે કાંઇ બાકી રહ્યું નથી.

**ધારિણીસખી**

હે ભદ્રે! હવે તારે કંઇપણ શોક કરવાનું કારણ રહ્યું નથી. કેમકે, શ્રીકેવલીભગવાનનું વચન કોઈ દિવસ અન્યથા થાય નહીં.

જ્ઞાની પુરૂષો જે જે કહે છે, તે સત્ય જ થાય છે.

માટે તારે હવે આનંદમાં રહેવું, એમના વચન પ્રમાણે તારો મનોરથ સિદ્ધ થશે.

આ પ્રમાણે **ધારિણી**નું વચન સાંભળી મને કિંચિત્ હાસ્ય આવ્યું.

પછી મેં કહ્યું

હે સુતનુ! તારા કહેવા પ્રમાણે તે વાત ખરી છે. પરંતુ અતિ ઉત્કંઠાને લીધે મારૂં હૃદય બહુ જ ઉતાવળું થાય છે.

એ પ્રમાણે હું **ધારિણી**ની સાથે વાત કરતી હતી, તેટલામાં હે પ્રિયતમ! **ચંપકમાલા** નામે મારી માતા મારી પાસે આવી મને કહેવા લાગી;

હે પુત્રી! તું જલદી સ્નાન કરીને ભોજન કરી લે. પછી ઉત્તમ પ્રકારનાં વસ્ત્રાભરણ પહેરી જલદી તું તૈયાર થા.

તે સાંભળીને મેં કહ્યું કે; હે જનની! આજે હજુ પ્રભાત કાળ તો થયો પણ નથી, છતાં આટલી બધી

ઉતાવળ શી છે? અને આજે રસોઇ આટલી વહેલી કેમ બનાવી છે?

તે સાંભળી મારી માતા બોલી, હે પુત્રી! આજે ઉદ્યાનની અંદર શ્રીજિનેંદ્રભગવાનના મંદિરમાં શ્રીઆદિનાથભગવાનનો શાંતિસ્નાત્ર મહોત્સવ બહુ વિસ્તારથી થવાનો છે. તે સાયંકાલે સમાપ્ત થવાનો છે.

ત્યાં આગળ સર્વ નગરના લોકો શાંતિસ્નાત્ર જોવા માટે જવાના છે અને આપણે પણ સર્વ પરિવાર સહિત ત્યાં જવાનાં છીએ, એટલા માટે આજે વહેલી રસોઈ કરાવેલી છે. માટે જલદી તૈયાર થાઓ. જેથી આપણે શ્રીજિનેશ્વરભગવાનના મંદિર જઇએ.

એ પ્રમાણે પોતાની માતાનું વચન સાંભળી એકદમ હું ત્યાંથી ઉઠી અને સ્નાન ભોજનાદિક સર્વ કાર્યથી પરવારી ઉત્તમ રથમાં હું બેસી ગઇ.

મારો સર્વ પરિવાર પણ મારી સાથે તૈયાર થઈ ચાલવા લાગ્યો.

તે ઉદ્યાનના આભૂષણ સમાન એવા શ્રીઆદિનાથ ભગવાનના મંદિરમાં અમે ગયાં અને ત્યાં સારી રીતે ભગવાનનું પૂજન કરીને ચૈત્યવંદન કર્યું.

ત્યારબાદ બહુ ભક્તિપૂર્વક વિદ્યાધરો ત્યાં સ્નાત્ર ભણાવતા હતા, તે જોવા માટે અમે બેઠાં.

શાંતિસ્નાત્ર પ્રાયે પૂર્ણ થયું એટલે હું મારા પરિવાર

સહિત ભવ્ય રથની અંદર બેઠી એટલે નગર તરફ મારો રથ ચાલતો થયો.

## ઉન્મત્ત હાથી

મારો રથ નગર તરફ જતો હતો, તેટલામાં એક ઉન્મત્ત થયેલો હાથી નગરમાંથી બહાર નીકળીને લોકોને બહુ ત્રાસ આપતો મારા રથથી સન્મુખ આવતો મારી નજરે પડયો.

તરત જ હું ભયભીત થઈ ગઇ અને મારા રથને મેં એકદમ ઉન્માર્ગે ચલાવ્યો. જેથી મારો રથ ભાગી ગયો. હું પણ પૃથ્વી ઉપર પડી ગઇ. હાથીના ભયને લીધે પતન થવાથી હું તરત જ મૂચ્છાં વશ થઇ ગઈ.

અહો ! હાથી પણ એક પ્રાણી છે, છતાં તેનો ભય કેટલો પ્રબળ છે ! શાસ્ત્રમાં પણ કહ્યું છે કે; હાથીની પાસમાં જવું નહીં; તેથી બહુ દૂર રહેવું.

આત્મહિત ઈચ્છનાર મનુષ્યોએ ચાલતા ગાડાથી પાંચ હાથ દૂર રહેવું.

અશ્વથી દશ હાથ દૂર રહેવું.

હાથીથી હજાર હાથ દૂર રહેવું અને દેશનો ત્યાગ કરીને પણ દુર્જનથી તો સર્વદા દૂર રહેવું.

આ પ્રમાણે સામાન્ય હાથીને વર્જવો કહેલો છે, તો ઉન્મત્ત હાથીની તો વાત જ શી ? તેથી મેં પોતાના

બચાવ માટે ઉપાય તો ઘણોયે કર્યો; પરંતુ ભવિતવ્યતાને લીધે આવા કષ્ટમાં આવી પડી.

હે પ્રિયતમ! મૂર્છિત થયા બાદ પછી શું થયું તે હું જાણતી નથી.

પરંતુ પોતાના ઓઢવાના વસ્ત્ર વડે મને પવન નાખતા નાખતા આપને મેં જોયા. આપને જોયા બાદ મારા હૃદયમાં ઘણો જ આનંદ થયો.

## પૂર્વપતિની પ્રાપ્તિ

ત્યારપછી હે પ્રિયતમ! મારા હૃદયમાં એવો સંકલ્પ થયો કે; શ્રીકેવલીભગવાને તે સમયે જે વચન કહ્યું હતું, તે આજે સત્ય થયું.

પૂર્વભવમાં જે મારો પતિ હતો, તેજ આ મારો સ્વામી છે. કારણ કે; એને જોવાથી મારી દૃષ્ટિ બહુ પ્રફુલ્લ થઇ છે અને મારૂં હૃદય પણ અપૂર્વ આનંદ વહન કરે છે.

વળી એના દર્શન માત્રથી મારૂં શરીર પણ અમૃતથી સિંચાયેલું હોય ને શું? તેમ પ્રફુલ્લ થયું છે.

તેમજ વિકસ્વર છે નેત્ર જેનાં એવો આ પુરૂષ પણ મારી ઉપર બહુરાગી હોય તેમ દેખાય છે. માટે જરૂર તે આ મારો પ્રાણપ્રિય છે.

એમ હું વિચાર કરતી હતી, તેટલામાં પોતાના પરિવાર સહિત મારી ધાવમાતા ત્યાં આવી અને તેણીએ કહ્યું;

હે સત્પુરૂષ! આ મારી પુત્રીને આપે જીવિતદાન આપ્યું. માટે આપના ઉપકારથી સદૈવ અમે ઋણી છીએ.

અહો! સત્પુરૂષોના ઉપકારની સીમા હોતી નથી. કહ્યું છે;—

મન, વચન અને કાયાને વિષે પુણ્યરૂપી અમૃતથી ભરેલા, ત્રણે લોકને અનેક ઉપકારોની શ્રેણીઓ વડે પ્રસન્ન કરતા અને હંમેશા પારકાના પરમાણુ સમાન ગુણોને પર્વત સમાન માનીને પોતાના હૃદયને વિષે અહર્નિશ ઉલ્લાસ પામતા એવા કેટલાક સત્પુરૂષો આ દુનિયામાં વિદ્યમાન છે.

આપના અનન્ય ગુણોનું વર્ણન કરવા હું સમર્થ નથી, એમ કેટલીક તેણીએ પ્રશંસા કરીને; હે પ્રિયતમ! પછી આપને કહ્યું;

હવે અમે અમારા નગરમાં જઈએ છીએ. કારણ કે; અમારે જવાનું બહુ મોડું થાય છે. એમ કહી તે ચાલી;

પછી મેં મારા મનમાં વિચાર કર્યો,

બહુ પુણ્ય વડે આજે પ્રિયનું દર્શન થયું છે. તેને મૂકીને અહીંથી ચાલવા માટે મારૂં હૃદય માનતું નથી.

આ પ્રિયના મુખકમલના નિરીક્ષણનો ત્યાગ કરીને અહીંથી જવા માટે આ મારી દૃષ્ટિ કાદવમાં ખૂંપી ગયેલી દુર્બલગાયની જેમ અશક્ત થઈ પડી છે.

વળી આવા પ્રકારના મુહૂર્તમાં મળેલું કોઈ પણ મનુષ્યનું નેત્ર કાદવમાં ખુંચી ગયેલા હાથીની જેમ બહુ જ દુઃખ વડે પાર ઉતરી શકે છે અર્થાત્ છૂટાં પડતાં નથી.

એમ છતાં આ મારી ધાવમાતા પણ આ મારા પ્રિયતમને મૂકીને ચાલવા લાગી. તે સમયે લજ્જાને લીધે કંઈ પણ તેને કહી શકી તો નહીં, પરંતુ કંઇપણ એનું આભૂષણ મારે લઈ લેવું તે ઠીક છે, જેથી તે આભરણનું અવલોકન કરી મારૂં હૃદય શાંત થાય.

વળી આ મનોવલ્લભને અહીં મૂકીને હું પોતાના ઘેર ગયા બાદ તે આભરણનું મારા હૃદયમાં ધ્યાન ધરીશ.

તેમજ **કનકમાલા**ના લગ્ન સમયે આ મારો પ્રાણપ્રિય સ્ત્રીનું સ્વરૂપ ધારણ કરી જરૂર ત્યાં આવશે. એટલે ફરીથી પણ એ મહાપુરૂષનું મને દર્શન થશે.

એ પ્રમાણે તે શ્રીકેવલીભગવાને મને તે સમયે કહેલું છે. વળી એની પાસેથી ગ્રહણ કરેલું તે આભરણ તે સમયે ઓળખાવનાર થશે.

### મુદ્રા ગ્રહણ.

હે સ્વામિન્ ! એ પ્રમાણે વિચાર કર્યા બાદ તેજ વખતે તમારા હાથમાંથી મુદ્રારત્ન મેં લઇ લીધું અને મારી મુદ્રિકા મેં તમને આપી.

પછી આપના હાથ સ્પર્શથી પવિત્ર થયેલી તે મુદ્રિકાને બહુ જ આનંદ વડે મેં મારી આંગળીએ પહેરી લીધી.

ત્યારપછી પરિવાર સહિત હું પણ ત્યાંથી નગર તરફ ચાલી, પરંતુ મારી દૃષ્ટિ તો પાછળ જોતી હતી.

રસ્તામાં ચાલતાં **ધારિણી નામે** મારી સખીએ કાનમાં આવી મને કહ્યું કે,—

હે પ્રિય સખી ! શ્રીકેવલી ભગવાનનું આ એક વચન તો પ્રથમ સિદ્ધ થયું. પૂર્વભવમાં જે તારો પતિ હતો, તે જ આ દેવનો જીવ છે.

એ પ્રમાણે તેણીના કહેવાથી રોષ સહિત મેં તેને કહ્યું.

હે **ધારિણી** ! જા ! જા ! તને જોઈ લીધી, મારા દૃષ્ટિ માર્ગથી દૂર ચાલી જા. કારણ કે મારી આગળ આવું અવિચારિત બોલતાં તને શરમ નથી આવતી ?

પ્રથમ મારો જે વલ્લભ હતો અને હાલમાં શું તે મને પ્રિય નથી ?

તે સાંભળી કિંચિત્ હાસ્ય કરી હાથ જોડીને **ધારિણી** બોલી.

હે પ્રિય સખી ! તારી આગળ જે કંઇ મેં કહ્યું તે સર્વ મારી ભૂલ થઈ. આ મારા અપરાધની હું તારી ક્ષમા માગું છું, જેમ પ્રથમ ભવમાં તારો સ્વામી હતો, તેમ હાલમાં પણ આ તારો પ્રિયતમ હોય તો એને છોડીને કેમ તું ચાલી જાય છે ?

માટે હે પ્રિયસખી ! મારી ઉપર બિલકુલ તું રોષ કરીશ નહીં. મારૂં કહેવું બરોબર સત્ય છે. કંઈપણ અઘટતું નથી.

એમ કેટલાક વિકલ્પ કરતી તે **ધારિણીની** સાથે હાસ્ય વિનોદ કરતી હું પોતાના ઘેર જઈ પહોંચી. તેટલામાં અનુક્રમે સૂર્ય પણ આથમી ગયો.

ત્યારબાદ મારી સખી **ધારિણીએ** જાતિસ્મરણાદિક સર્વ મારૂં વૃત્તાંત મારી માતાની આગળ કહ્યું. તે સાંભળી મારી માતા બહુ જ ખુશી થઇ.

## અશનિવેગ વિદ્યાધર

મારી માતા પણ તરત જ મારા પિતા **અશનિવેગની** પાસે ગઇ અને આ સર્વ મારી હકીકત તેમની આગળ નિવેદન કર્યું.

તે સાંભળતાં જ તેમનું હૃદય બહુ પ્રફુલ્લ થઈ ગયું અને તેમણે કહ્યું.

હે સુંદરી ! આ કન્યાની મને ઘણી ચિંતા રહેતી હતી. કારણ કે તે પુરૂષ દ્વેષિણી સ્વભાવથી જ થયેલી હતી. કોઈપણ વરની તે ઈચ્છા કરતી ન હતી. હવે એને હું શું કરીશ ? એમ અનેક પ્રકારની મને ચિંતા હતી. એને જે જાતિસ્મરણ થયું તે બહુ જ સારૂં થયું. તેથી આપણો પણ મહાન્ ઉદય સમજવો. કારણ કે અંકુરના સમયે વૃષ્ટિપાત થયો.

વળી કેટલાક પુરૂષોએ મને કહ્યું છે કે; આ કન્યાને જેણે હાથીના ભયમાંથી બચાવી છે, તે ભાનુગતિ વિદ્યાધરનો પુત્ર ચિત્રગતિ નામે કુમારેંદ્ર છે. તેને જ આ મારી કન્યા હું આપીશ. પરંતુ જો તેની ઉપર તે કન્યાની ઈચ્છા હશે, તો આ યોગ બહુ સારો છે.

તે સાંભળી ચંપકમાલા બહુ ખુશી થઈને બોલી. ઉત્તમ પ્રકારના સૌંદર્યથી સુશોભિત એવી આ મારી કન્યાને લાયક તે કુમાર જ છે. વળી તેની ઉપર આ કન્યાનો ઘણો જ પ્રેમ થયેલો છે.

પરંતુ હે સ્વામિન્ ! એક બાબત આપને સંભાળવાની છે;

કનકપ્રભ રાજાને અને આ ભાનુગતિ રાજાને પરસ્પર બહુ જ ભારે વૈર થયું છે. તેનું મુખ્ય કારણ તો જ્વલનપ્રભ રાજા છે. આ બાબત તમે પણ સારી રીતે જાણો છો,

તે કારણથી ચિત્રગતિ કુમાર પરણવા માટે અહીં કેવી રીતે આવશે ? અને જો તે નગરમાં સ્વયંવરા એવી આપણી કન્યાને મોકલીએ તો તે પણ ઠીક નહીં. કારણ કે; એમ કરવાથી મારા હૃદયને આનંદ થાય નહીં.

વળી હે પ્રિય ! આ એક જ આપણને પુત્રી મળી છે, તેનાથી આ દુનિયામાં કંઈપણ આપણને અધિક પ્રિય નથી. છતાંપણ જો એનો વિવાહ મારી દષ્ટિગોચર ન થાય તો મારૂં જીવવું પણ વૃથા છે.

એ પ્રમાણે મારી માતા **ચંપકમાલા** ત્યાં કહેતી હતી; તેવામાં **ચંદન** નામે મારો ભાઈ ત્યાં આવી કહેવા લાગ્યો.

**નગરની શુન્યતા.**

હે તાત! વિશ્વાસુ થઈ નિશ્ચિંતની માફક તમે કેમ બેસી રહ્યા છો?

આ સર્વ નગર તો હાલક હુલક થઇ રહ્યું છે.

તે સાંભળી પિતાએ કહ્યું,

હે પુત્ર! એમ વ્યાકુલ થવાનું શું કારણ? તું કંઇ જાણે છે?

**ચંદન** બોલ્યો.

હે તાત! આપણા નગરમાં તો એવી વાત ચાલી છે કે; **કનકપ્રભરાજા** પોતાની વિદ્યાના બળથી શ્રી જિનેંદ્રભગવાનના મંદિરને ઉલ્લંઘન કરી ચાલ્યો ગયો. તેથી ધરણેંદ્રે તેની ઉપર બહુ કોપાયમાન થઈ તેની વિદ્યાઓનો અપહાર કર્યો છે.

તેમજ **જ્વલનપ્રભ** રાજાને રોહિણી નામે વિદ્યા આજે સિદ્ધ થઇ છે, તે જાણી તેના ભયથી તે **કનકપ્રભરાજા** અહીંથી નાઠો છે અને શ્રી **ગંધવાહન** વિદ્યાધરેંદ્રના શરણે તે ગયો છે.

તેના વિરહને લીધે આ સર્વે નગરના લોકો પણ વ્યાકુલ થયા છે; તેમજ **જ્વલનપ્રભ** રાજાના ભયથી

ડરીને સર્વ નાગરિકો પણ પલાયમાન થાય છે, વળી આ નગર તથા ધનમાલને છોડી તેઓ અન્ય અન્ય નગરોમાં ચાલ્યા જાય છે;

માટે હે તાત! આપણે વિશેષ કરીને અહીંથી નાસવું જોઈએ, કારણ કે **કનકપ્રભા** રાજાના આપ મુખ્ય મંત્રી છો,

**ગંગાવર્ત્ત નગર**

એ પ્રમાણે પોતાના પુત્રનું વચન સાંભળી **અશનિવેગ** રાજાએ પોતાના પુરુષોને આજ્ઞા કરી,

આપણે જલ્દી પ્રયાણની તૈયારી કરો.

ત્યારબાદ મારા પિતાશ્રીએ વિદ્યા વડે એક દિવ્ય વિમાનને પ્રગટ કર્યું, એટલે તેની અંદર પુરુષોએ ઘરની સર્વસાર વસ્તુઓ સ્થાપન કરી.

હે પ્રિયતમ! એ પ્રમાણે **ધારિણી** નામે મારી સખીએ મને સર્વ હકીકત કહી. એટલે હું પણ મારા પરિજન સહિત તે વિમાનમાં બેસી ગઈ.

ત્યાર પછી તે વિમાન ખડ્ગ સમાન શ્યામ એવા ગગનમંડળમાં ઉડવા લાગ્યું. બહુ વેગને લીધે અનુક્રમે તે **ગંગાવર્ત્ત** નગરમાં જઈ પહોંચ્યું. જ્યાં **કનકપ્રભરાજાનો** આવાસ હતો, ત્યાં તે વિમાન ઉતર્યું.

ત્યાં **ગંધવાહન** રાજાએ તેનો યોગ્ય સત્કાર કર્યો.

પછી તે ગંગાવર્ત્ત નગરમાં મારા કેટલાક દિવસો ચાલ્યા ગયા.

પરંતુ હે પ્રિયતમ ! મારા હૃદયમાં ચિંતવન થતું હતું.

તમારું દર્શન હવે મને ક્યારે થશે ? અને તેના માટે મારે કયો ઉપાય કરવો જોઇએ ? ઉપાય કર્યા સિવાય કોઇપણ કાર્ય સિદ્ધ થતું નથી. ઉપાયની આગળ પરાક્રમ પણ વૃથા છે. કહ્યું છે—

આ જગતની અંદર ઉપાયથી જે કાર્ય બને છે, તે પરાક્રમોથી પણ સિદ્ધ થતું નથી.

કાગડીએ સુવર્ણના હાર વડે કાળા નાગનો પ્રાણ લીધો હતો.

માટે મારે પણ આ સંબંધી ઉપાય કરવો જોઈએ. વળી હું મારા પ્રિયને ક્યારે દેખીશ ? અથવા તેનો સમાગમ મને ક્યારે થશે ? અને તે કનકમાલાનો લગ્નદિવસ ક્યારે આવશે ?

એમ અનેક પ્રકારના વિકલ્પ કરવામાં અહર્નિશ ચિંતાતુર બની હું દિવસો વ્યતીત કરવા લાગી.

હે નાથ ! તમારા વિરહને લીધે રાત્રીએ પણ મને નિદ્રાએ ત્યજી દીધી.

## અમિતગતિ વિદ્યાધર.

એક દિવસ ચંપકમાલા નામે મારી માતાનો ભાઇ

**અમિતગતિ** નામે વિદ્યાધર કોઇ એક રાજકાર્યને માટે તે નગરમાં આવ્યો હતો.

ત્યાં **અશનિવેગને** જોઇ તે બહુ ખુશી થયો અને વિશેષમાં તેણે કહ્યું કે; **શ્રીગંધવાહન** રાજાએ બહુ માન પૂર્વક **નભોવાહન** રાજાને માટે આજે **કનકમાલાની** માગણી કરી છે.

હે ભદ્ર ! મેં પણ બહુ આનંદપૂર્વક તને આ કન્યા આપવી એમ કબુલ કર્યું છે. તેમજ આવતી પાંચમે તેણીનું લગ્ન રાખ્યું છે. માટે પોતાના બંધુજન સહિત તમારે એ લગ્ન પ્રસંગે જરૂર આવવું.

તે સાંભળી **અશનિવેગ** બોલ્યો.

હે રાજન્ ! અમારે પોતે જ તમારે ત્યાં વિના આમંત્રણે પણ આવવું જોઇએ.

પરંતુ હાલમાં આપના કહેવાથી તો વિશેષે કરીને આવવું જોઈએ. તથાપિ હાલમાં અમારાથી આવી શકાય તેમ નથી. એવું એક કારણ બન્યું છે.

અમારા **કનકપ્રભ** રાજાની બહુ દુર્દશા થઈ પડી છે. એક તો તેની દરેક વિદ્યાઓનો લોપ થયો છે, બીજું રાજ્યનો નાશ થયો છે. તેમજ પોતાની રાજધાનીનો પણ ત્યાગ થયો છે. તેથી તે અમારો સ્વામી મહાકષ્ટમાં આવી પડયો છે. તો અમારાથી ત્યાં કેવી રીતે આવી શકાય ?

વળી કદાચિત્ આવા વિવાહ પ્રસંગે હું ત્યાં આવું, તો મારા અવિનયમાં કંઇ પણ બાકી રહે નહીં; અને અવિનીત ભૃત્યને જોઇ રાજાઓને બહુ ત્રાસ થાય છે. કહ્યું છે કે—

આ જગત્‌માં વિનય રહિત અપકાર કરવામાં તત્પર એવા ભૃત્યલોકો તેમજ, મિષ્ટવાણી વડે કોઈપણ સમયે દાન આપવામાં અદક્ષ એવા રાજા.

શઠ બુદ્ધિવાળા મિત્રો અને વિનય રહિત સ્ત્રી;

એ ચારે જણ મસ્તકને શૂલસમાન દુઃખદાયક થઇ પડે છે.

હે રાજન્ ! આવી સ્થિતિમાં મારે ત્યાં આવવું તે કેવળ અવિનય ગણાય. વળી પોતાના સ્વામીનું દુઃખ જોઈ જેઓ દુઃખીયા થતા નથી અને આપત્તિને પ્રાપ્ત થયે છતે જેઓ ભય પામતા નથી, તેવા સેવકોને ધૂર્ત્ત જાણવા.

માટે આ કાર્યમાં હવે તમારે ઘણો આગ્રહ કરવાની જરૂર નથી. તેમ છતાં તમારી બ્હેનને જો ત્યાં આવવાની ઇચ્છા હશે, તો તેને લગ્નના દિવસે અહીંથી મોકલી દઇશું.

ત્યારપછી **અમિતગતિએ** કહ્યું;

હાલમાં **પ્રિયંગુમંજરીને** મારા સાથે તમે મોકલો કારણ કે; **કનકમાલા** એની ઉપર બહુ ઉત્કંઠિત થયેલી છે. તે સાંભળી મારા પિતાએ મારા મામાની સાથે મને

મોકલી. અનુક્રમે હું પણ અહીં આવી અને **કનકમાલાને** મળી.

**લગ્નદિવસ.**

હે પ્રિયતમ ! હું મારા મામાના ઘેર આવ્યા બાદ ચિંતવન કરવા લાગી;

મારા પુણ્યો વડે તે લગ્ન દિવસ હવે ક્યારે આવશે ? કારણ કે; જો તે લગ્ન દિવસ વહેલો આવે તો મારા પ્રાણથી પણ અધિકપ્રિય એવા તે મારા સ્વામીનું મને દર્શન થાય.

એમ ચિંતવન કરતાં તે પંચમી તિથિ પણ આવી પહોંચી. અનુક્રમે પાણિગ્રહણનો વિધિ પૂર્ણ થયો.

ત્યારપછી **નભોવાહન** રાજાની આગળ મોટા આડંબર સાથે નાટારંગનો પ્રારંભ થયો.

તે સમયે મને વિચાર થયો કે;

સર્વ સખીઓની મધ્યમાં બેઠેલી આ **કનકમાલા** દેખાય છે. પરંતુ મારો તે પ્રાણવલ્લભ કોઈપણ અહીં દેખાતો નથી. તેનું શું કારણ ?

મારા અપુણ્યને લીધે શ્રીકેવલીભગવાનનું તે વચન શું વૃથા થશે ? ના ના ! એવું તો કોઇ દિવસ બને જ નહીં.

સૂર્ય પણ કદાચિત્ પશ્ચિમ દિશામાં ઉગે,

મેરૂપર્વત જો કે ચલાયમાન થાય.

સર્વે સમુદ્રો પ્રલયને પામે, અર્થાત્ સુકાઇ જાય.

પરંતુ શ્રીકેવલીભગવાને કહેલા ભાવાર્થ અન્યથા થાય નહીં.

માટે શું આ કનકમાલા છે? કિંવા તે મારો પ્રાણપ્રિય છે?

એ નિશ્ચય કરવા માટે મારી મુદ્રિકા બતાવીને એને હું નિઃશંક કરૂં.

એમ વિચાર કરી હું તમારી પાસે આવી અને મુદ્રિકાથી સુશોભિત એવો મારો હાથ મેં તમને બતાવ્યો.

હે પ્રિયતમ! પછી તમોએ પણ મુદ્રારત્ન સહિત પોતાનો હાથ મને બતાવ્યો. એટલે મને એકદમ વિશ્વાસ બેઠો, આ તે મારો સ્વામી છે.

જુઓ તો ખરા! આવી કપટવૃત્તિ કરીને પણ આ સુભગ કેવો નિઃશંકપણે રહ્યો છે! **નભોવાહન** રાજકુમારથી કિંચિત્ માત્ર પણ આ કેમ ભય પામતો નથી? પરંતુ એને અહીંથી મુક્ત કરવાનો કોઈ પણ ઉપાય હું કરૂં.

એમ વિચાર કરી ત્યાં રહેલા સર્વ સખીજનને છેતરીને કપટવૃત્તિ વડે હું આ અશોકવાટિકામાં આપને લાવી.

હે સ્વામિન્! આપે જે મને પૂછ્યું, તે સર્વ મેં મારૂં વૃત્તાંત આપને કહી સંભળાવ્યું.

હે પ્રિયતમ! જો કે; કન્યા ભય અને લજ્જાથી ભરપુર હોય છે. જેથી તે પોતાના પતિની આગળ એકપણ વચન બોલવાને માટે કોઈપણ પ્રકારે શકિતમાન્ થતી નથી; છતાં પણ મેં જે આપની આગળ વિસ્તારપૂર્વક પોતાનું ચરિત્ર કહી સંભળાવ્યું, તેનું કારણ તો એ જ છે કે; જાતિસ્મરણના ગુણને લીધે તમને હું પરિચિતની માફક સમજુ છું.

## ચિત્રગતિને જાતિસ્મરણ.

હે **ચિત્રવેગ**! એ પ્રમાણે તેણીનું વચન સાંભળી એકદમ મારી મૂર્છા શાંત થઇ ગઇ અને મને પણ જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. જેથી પૂર્વભવમાં આચરેલું. સર્વ પોતાનું ચરિત્ર મને સ્મરણ ગોચર થયું.

ત્યારપછી તેણીએ મને કહ્યું કે;

હે સ્વામિન્! હવે આપણે અહીં શું કરવું?

ત્યારપછી મેં તેને કહ્યું,

હે સુતનુ! મેં તારા પિતાનું ઘર જાણ્યું છે. માટે તું તારા પિતાને ઘેર જા અને હું પણ અહીંથી પલાયન થાઉં છું.

વળી આ વાવની અંદર કનકમાલાએ બહુ સાહસ કરી બલાત્કારે ઝંપાપાત કર્યો, એમ પોકાર પાડીને સમગ્ર

લોકોને તારે કહેવું. એમ કરવાથી **ચિત્રવેગની** ઉપર કોઇને પણ શંકા થશે નહીં કે; તે **કનકમાલાને** લઈ ગયો છે.

વળી એમ જાણવાથી **નભોવાહન** રાજાથી પણ તે મારો મિત્ર મુક્ત થશે. અર્થાત્ કોઇ પ્રકારે તેને હરકત આવશે નહીં.

વળી હે સુંદરી! મારા સાંભળવામાં આવ્યું છે કે,

*સુરનંદન* નગરમાં આવીને **જ્વલનપ્રભ** રાજાએ ફરીથી પણ પોતાનું રાજ્ય પોતાના સ્વાધીન કર્યું છે... અહો! આ દુનિયામાં ઉદ્યમવડે કયો પદાર્થ સિદ્ધ થતો નથી? કહ્યું છે કે;—

ઉદ્યમ કરવાથી દરેક કાર્યો સિદ્ધ થાય, છે પરંતુ કેવલ મનોરથ વડે સિદ્ધ થતાં નથી. કારણ કે, નિરૂદ્યોગી પુરૂષની માનસિક કલ્પનાઓ વારંવાર ઉત્પન્ન થાય છે અને તરત જ તે લય પામે છે. કહ્યું છે કે;—

ઉદ્યોગ કરવાથી કોઈ પણ દિવસ દરિદ્રપણું આવતું નથી.........

તેમજ તત્ત્વવિદ્યાનું અધ્યયન કરવાથી પાપ થતું નથી.........

મૌનવ્રત ધારણ કરવાથી કોઈ પણ સમયે કલેશનો સંભવ રહેતો નથી.

હંમેશાં જાગ્રત્ રહેવાથી કોઇ પ્રકારનો ભય રહેતો નથી........

આ ઉપરથી અહીં સાર લેવાનો એટલો જ છે.

**જ્વલનપ્રભરાજા** હંમેશાં પોતાના ધર્મમાં જાગ્રત્, ઉદ્યમી અને સદ્વિદ્યાનો ઉપાસક હોવાથી દરિદ્રતાને દૂર કરીને પુનઃ રાજ્યભોક્તા થયો, અને તેણે પોતાનું તે નગર પણ પોતાને સ્વાધીન કર્યું છે. તેમજ તે નગરવાસી લોકોનું તે રાજાએ બહુ સન્માન કર્યું છે.

હે સુંદરી! હું ત્યાં જઈને તારા પિતાને ત્યાં બોલાવરાવીશ. **જ્વલનપ્રભરાજા** પણ બહુ આદરપૂર્વક સન્માન કરશે અને ત્યાં આગળ માતાપિતાની આજ્ઞા વડે હું તારી સાથે લગ્ન કરીશ.

એમ કરવાથી હે મૃગાક્ષી! આપણું સર્વકાર્ય લોકમાં બહુ વખાણવા લાયક થશે. કદાચિત્ આપણે એથી વિપરીત આચરણ કરીએ તો આપણાં બન્ને કુલ મલીન થાય.

ત્યારબાદ તેણીએ કહ્યું,

જેમ આપ આજ્ઞા કરશો તેવી રીતે વર્તવાને હું તૈયાર છું. પરંતુ હે પ્રિયતમ! આપ એક મારી વિનતિ સાંભળો......

હે નાથ! આપના વિરહને લીધે મારા જીવિતનો પણ સંદેહ હતો, છતાં મહામુશીબતે આજે આપનું

દર્શન થયું છે. જેથી હાલમાં આપને મૂકીને કોઇપણ પ્રકારે એકલી જવા માટે હું સમર્થ નથી.

જ્યાં સુધી આપ મારી દૃષ્ટિગોચર રહ્યા છો, ત્યાં સુધી જ આ મારું જીવિત રહ્યું છે. ક્ષણ માત્ર પણ આપના દર્શનથી હું દૂર થાઉં તો મારા પ્રાણો મને તરત જ ત્યજી દેશે. જો કે, મ્હારાં નેત્રો મીચાય છે તેટલી વખત પણ મને બહુ દુઃખદાયક થઈ પડે છે. તો વળી હે નાથ! બહુ દિવસના વિરહમાં હું કેવી રીતે રહી શકું?

માટે હે સ્વામિન્! જ્યાં આપ પધારશો ત્યાંજ હું પણ આપની પાછળ પાછળ આવીશ.

હે નાથ! આ પ્રમાણે મેં જે મારી સત્ય હકીકત હતી તે આપને નિવેદન કરી.

હવે આપનો જે વિચાર હોય તે કહો.

વળી હે પ્રિય! આપે જે કહ્યું પોતાના સ્થાનમાં ગયા પછી મારૂં પ્રાણિગ્રહણ થશે, એવી આશાથી જો હું મારા ઘેર જાઉં અને **જ્વલનપ્રભ** રાજાના કહેવાથી પણ મારા પિતા **કનકપ્રભરાજા**ને મૂકીને કોઈપણ રીતે પોતાના નગરમાં ન આવે તો, મારી શી ગતિ થાય?

મારા મનને આનંદ આપનાર એવું પાણિગ્રહણ તો દૂર રહ્યું, પરંતુ આપનું દર્શન પણ ન થાય. માટે હે વલ્લભ! હવે બહુ કહેવાથી શું? હવે હું આપનો

હાથ છોડીશ નહીં. તે સિવાય અન્ય જે કંઈ કરવાનું હોય તે સંબંધી આપ મને આજ્ઞા કરો.

હે ચિત્રવેગ ! એ પ્રમાણે તેણીએ કહ્યું એટલે મેં પણ કહ્યું,

હે સુંદરી ! જો એવો જ તારો નિશ્ચય હોય તો જલદી તું તૈયાર થા; જ્યાં સુધી રાત્રી ન ચાલી જાય અને નભોવાહન વિગેરે સર્વ લોકો અહીં નાટચ જોવામાં આસક્ત થયેલા છે તેટલામાં; હે સુતનુ ! આપણે અહીંથી ચાલ્યા જઈએ.

તેણીએ કહ્યું હે નાથ ! મારે કંઈ પરવારવાનું નથી. હું તો આપની આગળ આ તૈયાર છું.

ત્યારપછી તેણીની સાથે હું એકદમ આકાશ માર્ગે ચાલતો થયો. તે વલ્લભાની સાથે હું કેટલોક ભાગ ચાલ્યો એટલે તેણીએ મને કહ્યું કે; મારા ઉદરમાં બહુ પીડા થાય છે. મારૂં શરીર હવે થાકી ગયું છે. મારા હૃદયમાં શૂલની વેદના બહુ ભારે થાય છે.

માટે હે સ્વામિન્ ! મારી કંઈ સારવાર તમે કરો તો ઠીક. હવે મારાથી કોઈ પ્રકારે ચલાય તેમ નથી.

ત્યારબાદ મેં કહ્યું, હે સુંદરી ! તારૂં શરીર બહુ સુકોમલ છે. રાત્રીનો તને ઉજાગરો થયો છે. વળી બહુ ઠંડો પવન વાય છે. તેથી તારા ઉદરમાં પીડા થયેલી છે. માટે તારે કોઈપણ પ્રકારનો ખેદ કરવો નહીં. હું આ વન-

નિકુંજમાં નીચે ઉતરીને જલદી તને સ્વસ્થ કરૂં છું. કંઈ હરકત નથી.

એમ કહી હું તરત જ આ વનનિકુંજમાં ઉતરી પડ્યો. અહીંયાં પવનનો પણ પ્રવેશ ન થઈ શકે તેવા આ કદલીગૃહમાં મેં મારી દયિતાનો પ્રવેશ કરાવ્યો.

પછી અરણીનાં કાષ્ઠ ઘસીને મેં અગ્નિ સળગાવ્યો અને તેણીના શરીરની બહુ સેવા કરી.

પછી મેં કહ્યું, હે સુંદરી! હવે તારૂં શરીર સ્વસ્થ થયું છે, માટે ચાલો આપણે આપણા સ્થાનમાં જઈએ.

ત્યારપછી તેણીએ કહ્યું કે; હે પ્રિયતમ! ભલે ચાલો હવે મને કંઈ હરક્ત નથી. એમ કહી અમે બન્ને જણ કદલીગૃહમાંથી બહાર નીકળ્યાં.

તેટલામાં હે **ચિત્રવેગ**! એકદમ તમારૂં અહીં દર્શન થયું. વળી હે મિત્ર! **આ કનકમાલાની** બ્હેન છે અને તેનું નામ **પ્રિયંગુમંજરી** છે. એની જે મને પ્રાપ્તિ થઈ છે, તે તારા ઉપકારનું જ ફલ છે.

હે **સુપ્રતિષ્ઠ**! તેં જે મને પૂછયું, તેની સર્વ હકીકત મેં તને કહી.

આ પ્રમાણે **ચિત્રગતિના** કહ્યા બાદ મેં કહ્યું;

હે મિત્ર! મારા સરખો નિર્દય હૃદયવાળો બીજો કોઈ નથી. કારણકે; પોતાના કાર્યમાં લુબ્ધ થઈને મેં તને મહાકષ્ટમાં મોકલ્યો. ઉદારભાવથી પરકાર્ય કરવામાં

રસિક એવા તારા પોતાના પુણ્યપ્રભાવથી તારો મનોરથ સિદ્ધ થયો છે.

માટે હે મિત્ર! તારા સરખો આ જગતમાં નિષ્કારણ પરોપકારી બીજો કોઈ નથી. અતિ દુર્લભ એવો પણ તે સ્ત્રીનો સમાગમ મને તેં કરી આપ્યો. તેમજ આ કાર્ય કરવાથી અને જીવિતદાન પણ તેં આપ્યું.

માટે હે મિત્ર! તારા સિવાય આ દુનિયામાં અન્ય કોઈ ઉપકારી હું જોતો નથી. કારણકે; જીવિતદાન સમાન અન્ય કોઈ ઉપકાર કહ્યો નથી.

ત્યારપછી **ચિત્રગતિ**એ કહ્યું.

હે મિત્ર! મેં તારો શો ઉપકાર કર્યો છે? ખરો ઉપકાર તો આ જગતમાં તેજ કહેવાય કે; જેનું પરિણામ સુંદર દેખવામાં આવે.

પ્રારંભમાં સુંદર અને પરિણામમાં દારૂણ એવા ઉપકારને ક્ષુધાતુરને વિષમિશ્રિત ભોજનના દાનની માફક સજ્જન પુરૂષો કોઇ પણ રીતે વખાણતા નથી.

હે સુંદર! આ કાર્યનો પણ પરિણામ મને સારો લાગતો નથી. કારણકે; વિદ્યાના બળથી ગર્વિષ્ઠ થયેલો **નભોવાહન** રાજા બહુ પ્રચંડ છે. વળી આ લોકમાં સ્ત્રીહરણ સમાન બીજું કોઇ વૈર મોટું ગણાતું નથી.

માટે હે ભદ્ર! તું પોતે વિચાર કર. આ રાજા થકી કેવી રીતે તારો છુટકારો થશે?

ત્યારપછી મેં કહ્યું,

જે થવાનું, હતું તે થઈ ગયું. હવે અહીં બહુ વિચાર કરવાથી શું થવાનું? જે કંઈ મારા પુણ્યમાં હશે તેમ થશે.

હે મિત્ર! જેમ આ સ્ત્રીનો સમાગમ બહુ દુર્લભ હતો, છતાં પણ એની પ્રાપ્તિ થઈ, તેવી રીતે ભવિતવ્યતાને લીધે અન્ય પણ સારૂં થશે.

તે સાંભળી ચિત્રગતિ બોલ્યો.

હે મિત્ર! નિશ્ચયમત વડે તો તારૂં કહેવું એકંદર સત્ય છે. પરંતુ આ પ્રમાણે પગ પ્હોળા કરી બેસી રહેવું, તે કોઇ પણ રીતે યોગ્ય નથી.

ત્યારપછી મેં કહ્યું.

આ પ્રમાણે આ કાર્યની અવ્યવસ્થા છે, છતાં હવે હાલમાં જે કરવાનું હોય તેની વ્યવસ્થા તારે પોતે જ મુકરર કરવી જોઇએ.

હવે ચિત્રગતિ બોલ્યો. હાલમાં અહીંથી પ્રયાણ કરવું ઉચિત છે. પરંતુ પોતાના નગરમાં નહીં જતાં કોઇ અન્ય સ્થલે જવું.

હે મહાભાગ! આ સ્થાનમાં આવે આપણને બહુ સમય થઈ ગયો છે, માટે હાલમાં આપણે અહીં કાલક્ષેપ કરવો નહીં.

વળી હે મિત્ર! જેમ આપણા શરીરની હાનિ ન

થાય તેવી રીતે વર્તવું, જેથી કોઇપણ પ્રકારની અડચણ આવે નહીં.

હું પણ અહીંથી સુરનંદનનગરમાં જાઉ છું અને **જવલનપ્રભની** સાથે **અશનિવેગની** મૈત્રી કરીને તેણે આપેલી આ મારી પૂર્વભવની દયિતાને હું પરણીશ.

# અધ્યાત્મિક તથા કથા સાહિત્ય

## વાંચો____વંચાવો____વસાવો_____

| પુસ્તક નું નામ | કિંમત | રચયિતા |
|---|---|---|
| ૧ કર્મયોગ ભા-૧-૨-૩ | ૬૦-૦૦ | પૂ.આ શ્રીમદ્ બુધ્ધિસાગર સૂરિ·મ.સા. |
| ૨ આનંદઘન પદ ભાવાર્થ ભા.૧.૨.૩ | ૭૫-૦૦ | " " |
| ૩ ભજન પદસંગ્રહ | ૫-૦૦ | " " |
| ૪ શ્રાવક ધર્મ સ્વરૂપ | ૫-૦૦ | " " |
| ૫ ષડ્ દ્રવ્ય વિચાર | ૫-૦૦ | " " |
| ૬ પરમાત્મ જ્યોતિ | ૧૧-૦૦ | " " |
| ૭ પરમાત્મ દર્શન | ૨૧·૦૦ | " " |
| ૮ તત્વ અને દ્રવ્ય | ૧૦-૦૦ | " " |
| ૯ પાથેય | ૫-૦૦ | " " |
| ૧૦ જિનસ્તુતિ ચતુર્વિંશતિકા | ૧૦-૦૦ | પૂ.આ.શ્રીમદ્ અજીતસાગર સૂરિ.મ.સા. |
| તથા ઐન્દ્રસ્તુતિ | | " " |
| ૧૧ લઘુસ્તોત્ર રત્નાકર | ૫-૦૦ | " " |
| ૧૨ તરંગવતી (પ્રત) સંસ્કૃત | ૨૦-૦૦ | " " |
| ૧૩ ગીત રત્નાકર | ૫-૦૦ | " " |
| ૧૪ ગીત પ્રભાકર | ૫-૦૦ | " " |
| ૧૫ આંબાની આગ [ભીમસેન ચરિત્ર] | ૨૦-૦૦ | " " |
| ૧૬ સુરસુંદરી ચરિત્ર-ભા-૧-૨ | ૪૦·૦૦ | " " |
| ૧૭ ઘંટાકર્ણ-કલ્પ [સંસ્કૃત-ગુજરાતી] | ૨૦-૦૦ | પૂ.આ શ્રીમદ્ શાન્તિચન્દ્રોપાધ્યાય સૂરિ.મ.સા |

## પ્રાપ્તિસ્થાન

- મહુડી જૈન શ્વે.મૂ.પૂ.ટ્રસ્ટ મહુડી તા.(વિજાપુર) ફોન.નં-૫૬
- શ્રી બુધ્ધિસાગર સૂરિ જૈન સમાધિ મંદિર, સ્ટેશન રોડ, વિજાપુર (ઉ.ગુ.) ૩૮૨૮૭૦, ફોન-૨૦૯
- શ્રી બુધ્ધિ-કીર્તિ-જ્ઞાન-પ્રકાશન ટ્રસ્ટ. ફોન.નં.૪૧૨૨૨૮.
  'સુલક્ષણા' નવપદ સોસાયટી, નવા વિકાસગૃહ સામે, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
- નવનીત જે. મહેતા. સાગર પ્રીન્ટર્સ પાદશાહ ની પોળ, અમદાવાદ-૩૮૦૦૦૧.